Shree Jain Kala-Sahitya Samshodhana Series 17

શ્રીજૈન કલા-સાહિત્ય સંશોધન પુષ્પ ૧૭મું

# ષડાવશ્યક બાલાવબોધ

(ગુજરાતી ભાષામાં ૧૪૭ ચિત્રો સહિત)

મૂલ્ય એકાવન રૂપિયા

: સંપાદક :

સારાભાઈ મણિલાલ નવાબ • અમદાવાદ-૩૮૦૦૦૧

**Shree Jain Kala-Sahitya Shansodhan Series 17**

શ્રીજૈન કલા-સાહિત્ય સંશોધન પુષ્પ ૧૭મું

તપાગચ્છીય શ્રીવિજયસેનસૂરિસંતાનીય મુનિ શ્રીજયવિજયજી વિરચિત

# ષડાવશ્યક બાલાવબોધ

[[redacted]પ્રતિક્રમણ સૂત્ર]

સૂત્રોનો મૂળપાઠ, ગુજરાતી બાલાવબોધ, કથાઓ તથા મુંબાઈમાં ચીતરાએલાં
એકસો સુડતાલીસ ચિત્રો સહિત

—: સંપાદક તથા સંશોધક :—

**સારાભાઈ મણિલાલ નવાબ**



—: પ્રકાશક અને વિક્રેતા :—

**મેસર્સ સારાભાઈ મણિલાલ નવાબ • અમદાવાદ—૧**

વિ. સં. ૨૦૩૩] [ઈ. સ. ૧૯૭૭

ગ્રંથ સ્વામિત્વના સર્વહક્ક પ્રકાશકને સ્વાધીન

પ્રથમ સંસ્કરણ પ્રતિ ૧૦૦૦

મૂલ્ય : [illegible] રૂપિયા

| |
|---|
| આ ગ્રંથમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા સઘળાંયે ચિત્રો પ્રથમ વખત જ અહીં પ્રસિદ્ધ કરવામાં આવેલાં છે. |

પ્રકાશક : સારાભાઈ મણિલાલ નવાબ, માંડવીની પોળમાં, છીંપા માવજીની પોળ, અમદાવાદ–૩૮૦૦૦૧
મુદ્રક : કાંતિલાલ ડાહ્યાભાઈ પટેલ, મંગલ મુદ્રણાલય, રતનપોળ, ફતેહભાઈની હવેલી, અમદાવાદ–૧
ચિત્રફલક તથા મુખપૃષ્ઠ વગેરેના મુદ્રક : જયંતિલાલ રાવત, દીપક પ્રિન્ટરી, ૨૭૭૬/૧, રાયપુર, અમદાવાદ–૧

શ્રી પંચપરમેષ્ટિ ચિત્રાવલિ



ચિત્ર ૧ શ્રી અરિહંતરૂપ પાનું ૨

श्रीनमस्कार महामन्त्र

॥ णमो अरिहंताणं ॥

॥ णमो सिद्धाणं ॥

॥ णमो आयरियाणं ॥

॥ णमो उवज्झायाणं ॥

॥ णमो लोए सव्वसाहूणं ॥

॥ एसो पंचणमुक्कारो ॥

सव्वपावप्पणासणो ।

मंगलाणं च सव्वेसिं

पढमं हवइ मगलं ॥


ચિત્ર ૨ શ્રીસિદ્ધરૂપ પાનું ૩


ચિત્ર ૩ શ્રીઆચાર્ય રૂપ પાનું ૪



ચિત્ર ૪ શ્રીઉપાધ્યાય રૂપ પાનું ૪



ચિત્ર ૫ શ્રીસાધુરૂપ પાનું ૫

# પ્રકાશકનું નિવેદન

શ્રીજૈન કલા-સાહિત્ય સંશોધન સિરીઝનાં સોલમા પુષ્પ તરીકે **શ્રીબારસાસૂત્ર** રંગબેરંગી, ૧૬૮ ચિત્રો સહિત (મૂલ્ય એકસો પાંત્રીસ રૂપિયા) પ્રસિદ્ધ કરતી વખતે, મારા નિવેદનમાં સૂચવ્યા મુજબ, સત્તરમા પુષ્પ તરીકે માત્ર છ મહિનાના ટૂંકા સમયમાં **ષડાવશ્યક બાલાવબોધ** એકસો સુડતાલિસ એકરંગી તથા વિવિધરંગી ચિત્રો સહિત (મૂલ્ય માત્ર પીસતાલીસ રૂપિયા), જૈન જનતા સમક્ષ મૂકતાં મને અનહદ આનંદ થાય છે; અને તે પુસ્તકની અડધી ઉપરાંત નકલો પૂજ્ય મુનિમહારાજો, સાધ્વીજી મહારાજો અને જૂદા જૂદા ગ્રંથભંડારના વહીવટદારો અને સાહિત્ય તથા કલાપ્રેમી ગૃહસ્થોએ ખરીદ કરીને, મને આ અમૂલ્ય અને નિત્યોપયોગી પ્રકાશન પ્રસિદ્ધ કરવા માટે ઉત્તેજિત કર્યો છે, તે માટે તે સઘળાનો આભાર માનવાની આ તક લઉં છું અને ઈચ્છું છું કે મારા હવે પછીના પ્રકાશનોની પણ નકલો ખરીદ કરીને બીજાં વધુ કલાત્મક પ્રકાશનો જાહેર પ્રજા સમક્ષ મૂકવા માટે તેઓ મને વધુ તક આપશે.

મારા તરફથી ઈ. સ. ૧૯૩૨માં શરૂ કરવામાં આવેલ શ્રીજૈન પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રંથાવલિના પ્રથમ પુષ્પ તરીકે જૈન સાહિત્યરૂપી વિશાળ મહાસાગરના ઉદરમાં છૂપાયેલાં ૧૧૦ અપૂર્વ સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં રચાયેલા સ્તોત્ર મૌક્તિકોનો સંગ્રહ કરી જૈનસ્તોત્રસંદોહના પ્રથમ વિભાગ (મૂલ્ય પંદર રૂપિયા) અને ઈ. સ. ૧૯૩૬માં જૈનસ્તોત્ર સંદોહ બીજો વિભાગ (અપ્રાપ્ય), ઈ સ. ૧૯૩૭માં શ્રીભૈરવપદ્માવતીકલ્પ (અપ્રાપ્ય), ઈ. સ. ૧૯૩૮માં મહાપ્રાભાવિક નવસ્મરણ પ્રથમ આવૃત્તિ, અપ્રાપ્ય થઈ જવાથી ઈ. સ. ૧૯૬૧માં બીજી આવૃત્તિ ૪૧૨ ચારસોને બાર યંત્રાકૃતિઓ સાથે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે (મૂલ્ય સાઠ રૂપિયા), જેની માત્ર થોડી જ નકલો સિલકમાં છે; આ પ્રકાશનો તરફ વાંચકોનું ધ્યાન ખેંચવાની રજા લઉં છું.

પ્રસ્તુત **ષડાવશ્યક બાલાવબોધ**ની સચિત્ર પ્રત સ્વર્ગસ્થ **શ્રીપ્રીતિચંદ્રસૂરીશ્વરજી**ના શિષ્યો પૂજ્ય **શ્રીરંજનવિજયજી** તથા **શ્રીકંચનવિજયજી** તરફથી, મને મારા સંગ્રહમાં સુરક્ષિત રાખવા માટે અને તેમાં આપવામાં આવેલાં અમૂલ્ય કલામય ચિત્રો જગત સમક્ષ છપાવીને મૂકવા મને નિઃસ્વાર્થભાવે આપવા માટે હું તેમનો સદાનો ઋણી છું.

આ હસ્તપ્રત મેં મારા પરમ ઉપકારી પ્રાતઃસ્મરણીય પૂજ્ય ગુરૂદેવ ઉપાધ્યાયજી શ્રીધર્મસાગરજીના પરમ વિનેય શિષ્ય અને નવકાર મહામંત્રના પરમ ઉપાસક પન્યાસજી શ્રીઅભયસાગરજીને મારા અમદાવાદના નિવાસસ્થાને બતાવી હતી. પ્રતમાંનાં સુંદર ચિત્રો જોતાં જ આ ચિત્રોને સુંદર રીતે છપાવીને જગત સમક્ષ મૂકવાની વારંવાર પ્રેરણા તેઓશ્રીએ કરવાથી જ મારી આ ઉમ્મરે આ પ્રકાશન પ્રકાશિત કરવા હું પ્રેરાયો છું; અને તેથી જ આ ભયંકર મોંઘવારીના સમયમાં આ પ્રકાશનનાં બધાયે બ્લોકો નવા બનાવરાવીને, માત્ર પીસતાળીસ રૂપિયાની કિંમતે વેચાણ આપવાનું મેં સાહસ કર્યું છે.

આ હસ્તપ્રતમાંનો પ્રાચીન ગુજરાતી બાલાવબોધ, બાલજીવોની જાણ માટે વિ. સં. ૧૭૫૧ના દીપાવલીના દિવસે સૂરતમાં ચાતુર્માસ રહેલા તપાગચ્છીય શ્રીવિજયસેનસૂરિશ્વરજીના સંતાનીયા પૂજ્ય મુનિશ્રીજયવિજયજીએ કર્યાનો ઉલ્લેખ, અને આ પ્રત વિ. સં. ૧૮૮૨ના ચાતુર્માસમાં મુંબાઈ રહેલા શ્રીબૃહત્ખરતરગચ્છીય મહોપાધ્યાય શ્રીરત્નશેખરની પરંપરાના શ્રીઅમરચંદ્રગણિના ઉપદેશથી શ્રેષ્ટિ શ્રીપુરુષોત્તમ સુંદરજીએ લખાવ્યાનો ઉલ્લેખ પણ પૃષ્ઠ ૧૪૩ના અંતભાગમાં કરેલો છે.

આ રીતે, જૈન સમાજના દરરોજના ઉપયોગમાં આવતા પ્રચલિત **ષડાવશ્યક** એટલે **પ્રતિક્રમણસૂત્રનો** મૂળપાઠ દેવનાગરી લિપિમાં તથા તે તે સૂત્રોને લગતી કથાઓ અને કથાપ્રસંગોને લગતાં એકસો બેંતાલીસ ચિત્રો

પ્રથમ જ વખત અહીં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. વળી મારા સંગ્રહના **નવકાર મંત્ર બાલાવબોધની** પાંચ સોનેરી ચિત્રોવાળી પ્રતનો મૂળપાઠ અને પાંચેપાંચ સોનેરી ચિત્રો, મૂળરંગમાં આ ગ્રંથની શરૂઆતમાં છપાવવામાં આવેલ છે, તે માટે તે પૂજ્ય મુનિ મહારાજોનો પણ આભાર માનું છું.

આ પુસ્તકમાં છાપવામાં આવેલા ચિત્રોનાં પ્રકાશનના સર્વહક્ક પ્રકાશકને સ્વાધિન હોવાથી પ્રકાશકની લેખિત મંજુરી વિના કોઈપણ સંસ્થા અગર વ્યકિતએ નહિ છપાવવા આગ્રહભરી વિનંતી છે. વળી, આ અતિદુર્લભ ચિત્રો પૂજનીય અને વંદનીય છે, તેમજ જ્ઞાન સ્વયંપણ પૂજ્ય છે એટલે વાંચક અને દર્શક બંને પ્રત્યે નમ્ર વિનંતી છે કે તેઓ કૃપા કરીને તેની જરા પણ અવગણના ના કરે.

પ્રસ્તુત સંગ્રહમાં પૂર્વાચાર્ય વિરચિત **'નવકારમંત્ર બાલાવબોધ'** પૃષ્ઠ ૧ થી ૭ સુધી, પૃષ્ઠ ૮ થી ૧૪૩ સુધી **ષડાવશ્યક બાલાવબોધ** આપેલ છે. તે પૈકી ૮ થી ૧૫ સુધી નવકાર બાલાવબોધ, પૃષ્ઠ ૧૬ થી ૨૭ સુધી, શ્રીપંચિંદિય સૂત્ર અને તેનો વિસ્તારાર્થ, પૃષ્ઠ ૨૭ શ્રીનવકાર મંત્રનો મહિમા પૃષ્ઠ ૨૭ થી ૩૨ સુધી, નવકારમંત્રના ઈહલોકના ફલ ઊપર, સતી શ્રીમતી, શિવકુમાર અને શ્રીજિણદાસ શેઠની ત્રણ કથાઓ, તે તે પ્રસંગને અનુરૂપ સાત ચિત્રો સાથે, પૃષ્ઠ ૩૨ થી ૪૦ સુધીમાં, નવકાર મંત્રના પરલોકનાં ફલ ઊપર, ચંડપિંગલ ચોર, હુંડિક ચોર અને રાજ-સિંહકુમારની કથાઓ, તે તે પ્રસંગોને અનુરૂપ વીસ ચિત્રો સાથે, પૃષ્ઠ ૪૧ થી ૪૮ સુધીમાં ખમાસમણ ઈરિયાવહી, અને તસ્સઉત્તરીસૂત્ર અને તેનો વિસ્તારાર્થ અને ઈરિયાવહી પડિકમવા ઊપર અઈમુત્તાની કથા, ચિત્ર નં. ૪૧ થી ૫૭ સુધીનાં સત્તર ચિત્રો સહિત; પૃષ્ઠ ૪૮ થી ૬૦ સુધીમાં શ્રીઅન્નત્થ તથા શ્રીલોગસ્સસૂત્ર અને તેનો વિસ્તારાર્થ અને ચોવીશે તીર્થંકરોનું ટૂંકું વર્ણન, ચિત્ર નં. ૫૮ થી ૮૧ સુધીમાં. દરેક તીર્થંકરોનાં ચિત્રો સહિત; પૃષ્ઠ ૬૦ થી ૬૨ સુધી શ્રીજગચિંતામણિ ચૈત્યવંદનસૂત્ર અને તેમાં આવતાં તીર્થોનાં ચિત્ર નં. ૮૨ થી ૯૧ સુધીમાં શત્રુંજય, ગીરનાર, આબૂ વગેરેનાં ચિત્રો સહિત, પૃષ્ઠ ૬૨ અને ૬૩માં, શ્રીજંકિંચિસૂત્ર અને મારવાડની મોટી પંચતીર્થીનાં પાંચ, મેરુ પર્વત અને શાશ્વતા જિનપ્રસાદને લગતાં ચિત્ર નં. ૯૨ થી ૯૮ સુધીનાં ચિત્રો સહિત; પૃષ્ઠ ૭૩ થી ૭૫ સુધી, શ્રીનમુત્થુણંસૂત્રથી શ્રીસિદ્ધાણંબુદ્ધાણં સૂત્ર સુધીનાં સૂત્રો અને તેનો વિસ્તારાર્થ અને ચિત્ર નં. ૯૯ કે જેમાં ગીરનારતીર્થની તળેટીમાં શ્વેતાંબર અને દિગંબર સંઘો વચ્ચે તીર્થની માલિકી સંબંધીનો વાદવિવાદ થએલ હતો તે પ્રસંગ આપેલો છે અને ચિત્ર ૧૦૦–૧૦૧માં અષ્ટાપદ પર્વત ઊપર લબ્ધિના બળથી ચડતા ગણધર દેવ શ્રીગૌતમસ્વામી અને પ્રભુ શ્રીમહાવીરસ્વામીના સમવસરણનાં ચિત્રો રજૂ કરેલાં છે. પૃષ્ઠ ૭૫માં શ્રીવૈયાવચ્ચગરાણં સૂત્રની સાથે શાસનદેવતાનાં બે ચિત્રો ચિત્ર ૧૦૨–૧૦૩માં રજૂ કરેલાં છે. પૃષ્ઠ ૭૫ થી ૮૦ સુધી, શ્રીકલ્લાણકંદંસ્તુતિ, શ્રીસંસારદાવાનલની સ્તુતિ અને શ્રીસુગુરુ વંદના સૂત્ર સુધીનાં સૂત્રો અને તેનો ભાવાર્થ અને ચિત્ર ૧૦૪માં દ્વાદશાવર્ત્ત વંદન કરતાં શ્રાવકનું ચિત્ર રજૂ કરેલું છે. પૃષ્ઠ ૮૧ અને ૮૨માં ભાવપૂર્વક ગુરુવંદન કરવા ઊપર શ્રીકૃષ્ણમહારાજ અને વીરાસાળવીની કથા તેને લગતા ચિત્ર નં. ૧૦૫–૧૦૬માં ચિત્ર પ્રસંગો રજૂ કરેલાં છે.

પૃષ્ઠ ૮૨ થી ૮૫ સુધીમાં, 'સામાયિક કરેમિભંતે સૂત્ર, સવ્વસ વિ, દેવસિઅં સૂત્ર, અતિચાર ગાથા સૂત્ર, દેવસિઅં આલોઉ સૂત્ર તથા ઈચ્છામિઠામિસૂત્ર આપેલાં છે. પૃષ્ઠ ૮૬ થી ૧૨૪ સુધી, 'શ્રીવંદિત્તુસૂત્ર', તેને લગતી કથાઓ. વિસ્તૃત સમજુતી તથા ચિત્ર ૧૦૭ થી ૧૪૦ સુધીનાં તે તે પ્રસંગોને લગતાં સુંદર અને ભાવવાહી ચોત્રીશ ચિત્રો આ પ્રકાશનમાં પ્રથમ જ વખત પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

પૃષ્ઠ ૧૨૪ થી ૧૨૫માં 'શ્રીઅબ્ભુટ્ઠિઓ સૂત્ર' મૂળ તથા ભાવાર્થ સાથે અને એકબીજાના અપરાધ ખમાવવા ઊપર શ્રીચંડરૂદ્રાચાર્ય અને તેમના નૂતન શિષ્યની કથા તથા તેને લગતાં સુંદર બે ચિત્રો નં. ૧૪૧–૧૪૨ સહિત આપવામાં આવેલ છે.

પૃષ્ઠ ૧૨૫ થી ૧૨૭ સુધીમાં 'શ્રીઆયરિય ઉવજ્ઝાએ સૂત્ર', 'શ્રુતદેવતાની સ્તુતિ', 'ક્ષેત્રદેવતાની સ્તુતિ,' 'કમલદલ સ્તુતિ,' ભુવનદેવતાની સ્તુતિ અને વરકનકસૂત્ર, અઢ્ઢાઈજ્જેસુ સૂત્ર' અને ભકિતભાવ ઊપર, જીરણશેઠની કથા, પૃષ્ઠ ૧૨૭ થી ૧૨૯ ઊપર, તેને લગતાં બે સુંદર ચિત્રો નં. ૧૪૩-૧૪૪ સહિત આપવામાં આવેલ છે.

પૃષ્ઠ ૧૨૯ થી ૧૩૫ સુધીમાં 'શ્રીપચ્ચક્ખાણસૂત્ર' તથા પૃષ્ઠ ૧૩૫ થી ૧૩૭ સુધીમાં, ચઉક્કસાયસૂત્ર, સામાયિક પારવાનું સૂત્ર તથા પોસહ પારવાનું સૂત્ર અનુક્રમે આપવામાં આવેલ છે. વળી, ચિત્ર ૧૪૫ અને ૧૪૬માં સાગરચંદ્ર તથા ચંદ્રાવતંસક રાજાના કાઉસગધ્યાનમાં ઊભા રહેલા સુંદર ભાવવાહી ચિત્રો અને ચિત્ર ૧૪૭માં પ્રતિક્રમણની ક્રિયા કરતાં મુનિ મહારાજ તથા શ્રાવક સમુદાયનો ભાવવાહી પ્રસંગ રજૂ કરેલ છે.

પૃષ્ઠ ૧૩૭ થી ૧૪૩માં અનુક્રમે 'શ્રીકલ્લાણકંદસ્તુતિ, સ્નાતસ્યાનીસ્તુતિ અને 'સંથારાપોરિસીસૂત્ર' તેના ભાવાર્થ સહિત અને ગ્રંથકારની પ્રશસ્તિ તથા આ સુંદર ચિત્રવાળી હસ્તપ્રત સંવત ૧૮૮૨ના વરસમાં મુંબાઈ જેવી અલબેલી નગરીમાં લખાવનાર ગૃહસ્થોનાં તથા તે લખાવતી વખતે મુંબાઈમાં પાંચમું ચાતુર્માસ કરનાર ખરતરગચ્છીય મુનિ મહારાજનું નામ આપવામાં આવેલ છે.

આ રીતે, આવશ્યકસૂત્રના બાલાવબોધની ભારતભરમાં અદ્વિતીય ભાવવાહી ચિત્રોવાળી એક માત્ર હસ્તપ્રતનાં સઘળાંએ ચિત્રો, પ્રથમ વખત જ બ્લોકો બનાવરાવી જાહેર જનતા સમક્ષ મૂકવાનો અવર્ણનીય લાભ મને પ્રાપ્ત થયો છે.

આ પુસ્તકના ટાઈટલનું, બ્લોકો છાપવાનું કામકાજ સુંદર બનાવવા માટે વખતોવખત સૂચનો કરવા માટે 'દીપક પ્રિન્ટરી'ના માલિક શ્રીયુત્ જયંતીલાલ રાવતનો, મૂળ સંસ્કૃત તથા ગુજરાતી ભાષાંતરનું છાપકામ કરી આપવા માટે 'મંગલ મુદ્રણાલય'ના માલિક શ્રીકાંતિલાલ ડાહ્યાભાઈ પટેલનો અને બ્લોકો ગુજરાત પ્રોસેસ સ્ટુડિયોમાં બનાવી આપવા માટે દેવુભાઈનો અત્રે આભાર માનું છું.

મારા આ પ્રકાશનના અગાઉથી ગ્રાહક થઈને મને ઉત્તેજન આપનાર મુનિ મહારાજો તથા ગૃહસ્થોનો, આભાર માનવાની આ તક લઉં છું, સાથે સાથે વિદ્વાન વાંચકોને વિનંતી કરું છું કે મારા દૃષ્ટિદોષથી અથવા પ્રેસદોષથી જે કાંઈ ભૂલો રહી જવા પામી હોય તે મને સૂચવવા મહેરબાની કરશે તો હું તેઓનો ઉપકાર માનીશ; વળી આ ગ્રંથમાં જે કોઈ આગમ વાકયથી વિરુદ્ધ મારાથી અજાણપણે લખાઈ ગયું હોય તે માટે મિથ્યાદુષ્કૃત દઉં છું.

વિક્રમ સંવત ૨૦૩૩
કાર્તિક સુદી પંચમી રવીવાર
તા. ૨૭-૧૦-૭૬

**સારાભાઈ મણિલાલ નવાબ**
પદ્માવતી એસ્ટેટ, દરિયામહેલ,
મ્યુનિસિપલ કોર્પોરેશન સામે,
**સૂરત-૧ (૩૯૫૦૦૧)**

# ચિત્રવિવરણ

ચિત્ર ૧. શ્રીઅરિહંતરૂપ ( પાનું ૨ ). ચિત્રમાં શ્રીપાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ, અરિહંતના સ્થાને રજૂ કરેલી છે. પ્રતનાં પાનાં ૧ ઊપરથી.

ચિત્ર ૨. શ્રીસિદ્ધિરૂપ ( પાનું ૩ ). આભૂષણ સહિત, જિનમૂર્તિ ચિત્રમાં સિદ્ધના સ્થાને રજૂ કરેલી છે. જિનમૂર્તિની નીચે સિદ્ધશિલાની આકૃતિ ચીતરેલી છે. પ્રતનાં પાનાં ૫ ઊપરથી.

ચિત્ર ૩. શ્રીઆચાર્યરૂપ ( પાનું ૪ ). ચિત્રમાં આભૂષણ સહિત જિનમૂર્તિ, આચાર્યના સ્થાને રજૂ કરેલી છે. પ્રતનાં પાનાં ૬ ઊપરથી.

ચિત્ર ૪. શ્રીઉપાધ્યાયરૂપ ( પાનું ૪ ). આ ચિત્રમાં પણ અભૂષણ સહિત જિન-મૂર્તિ, ઉપાધ્યાયના સ્થાને રજૂ કરેલી છે. જિનમૂર્તિની બંને બાજુએ એકેક ભક્ત શ્રાવક બેઠેલ છે; બંને ભક્તોની વેશભૂષા આ પ્રતનો સમય નક્કી કરવાનું પ્રબલ સાધન છે. પ્રતનાં પાનાં ૮ ઊપરથી.

ચિત્ર ૫. શ્રી સાધુરૂપ ( પાનું ૫ ). શ્રીગૌતમ ૨. ચિત્રમાં શ્રીગૌતમસ્વામીની મૂર્તિ, સાધુના સ્થાને રજૂ કરેલી છે. પ્રતનાં પાનાં ૧૧ ઊપરથી.

આ પાંચે ચિત્રોની પૃષ્ઠભૂમિ ઘેરા રાતા રંગની છે, અને દરેક મુખ્યમુખ્ય આકૃતિઓમાં સુવર્ણનો ઉપયોગ કરેલો છે.

શાસ્ત્રોય રીતે, શ્રીઅરિહંત પ્રભુનો રંગ ધોળો, શ્રીસિદ્ધ ભગવંતનો રંગ રક્ત, શ્રીઆચાર્ય ભગવંતનો રંગ પીળો, શ્રીઉપાધ્યાય ભગવંતનો રંગ લીલો અને શ્રીસાધુ ભગવંતનો રંગ શ્યામ હોવો જોઈએ.

ચિત્ર ૬. સિદ્ધચક્ર ( પાનું ૬ ). ચિત્રની મધ્યમાં શ્રીઅરિહંત પ્રભુ સફેદ વર્ણના, ઊપરના ભાગમાં શ્રીસિદ્ધ ભગવંત રક્ત વર્ણના, ચિત્રની ડાબીબાજુએ શ્રીઆચાર્ય ભગવંત પીળા વર્ણના, નીચેના ભાગમાં શ્રીઉપાધ્યાય ભગવંત લીલા વર્ણના અને ચિત્રની જમણી બાજુએ શ્રીસાધુ ભગવંત કાળા વર્ણના રજૂ કરેલા છે; જ્યારે ચિત્રની ડાબી બાજુથી ચારે વિદિશાઓમાં અનુક્રમે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ પદની સ્થા-પના કરવામાં આવેલી છે. આ સિદ્ધચક્રજીને જૈનધર્મમાં શ્રીનવપદજીના નામથી ઓળખવામાં આવે છે. પ્રતનાં પાનાં ૧ ઊપરથી.

ચિત્ર ૭. પ્રસન્નચંદ્ર રાજરૂષિ રૂપમિદં ( પાનું ૨૧ ). ચિત્રમાં ડાબી બાજુએ ટેકરી ઊપર શ્રીપ્રસન્નચંદ્ર રાજર્ષિ કાઉસગ્ગમાં ઊભેલા છે, અને જમણી બાજુએ ઘોડેસવાર થએલા સુમુખ અને દુર્મુખ નામના બે સુભટો છે. પ્રતનાં પાનાં ૧૮ ઊપરથી.

ચિત્ર ૮. સાધુનઈ ૨૨ પરીસહ મધ્યે સ્ત્રી પરીસહ ( પાનું ૨૬ ). ચિત્રમાં કાઉ-

સગ્ગમાં ધોતી તથા ઉત્તરાસન ખભે નાખીને એક પુરુષ ઊભો છે. તેની આગળ અને પાછળ જંગલી વાઘ અને મસ્તકના ઊપરના ભાગમાં તથા આગળ અને પાછળ અણીદાર ચાંચવાળા શિકારી પક્ષીઓ, ઉપસર્ગ કરતાં દેખાય છે. આ ચિત્રમાં કોઈ સ્ત્રી કે સાધુનાં ઉપકરણો દેખાતાં નથી. ચિત્રના રંગો નયન મનોહર છે. પ્રતનાં પાનાં ૨૪ ઊપરથી.

ચિત્ર ૯. ૨૨ પરીસહ મધ્યે સાધુને યાતના પરીસહ (પાનું ૨૬). ચિત્રમાં કાઉસગ્ગમાં માત્ર ધોતી પહેરીને ઊભેલા પુરુષના ગળે તથા મસ્તકના ઊપરના ભાગમાં અને પગની આગળ અને પાછળ ઝેરી સર્પો વીંટળાયેલા અને કરડવા માટે મોં ફાડીને તૈયાર થએલા દેખાય છે. વળી, વીંછી, નોળીયો તથા એક પુરુષ પણ આ દ્રશ્ય વિસ્મિત નજરે જોઈ રહેલા દેખાય છે. રંગ સંવિધાન ઉચ્ચ કોટિનું છે. પ્રતનાં પાનાં ૨૪ ઊપરથી.

## નમસ્કાર મહામંત્રની કથાઓના ચિત્ર પ્રસંગો

ચિત્ર ૧૦. શ્રીમતી સતી નવકારતો સર્પાત્પુષ્પમાલા (પાનું ૨૭). ચિત્રમાં ડાબી બાજુએ એક સન્યાસી ઊભેલો છે. મધ્ય ભાગમાં શ્રીકૃષ્ણની મૂર્તિ, ગોખલામાં સ્થાપન કરેલી છે અને સતી શ્રીમતીની સાસુ, પૂજનનાં વાસણો લઈને શ્રીકૃષ્ણની પૂજા કરવાની તૈયારી કરતી દેખાય છે અને છેલ્લે જમણી બાજુએ સતી શ્રીમતી ઘડામાંથી નવકાર મંત્રના પ્રતાપે સર્પના બદલે ફૂલની માળા બહાર કહાડતી દેખાય છે. પ્રતનાં પાનાં ૨૭ ઊપરથી.

ચિત્ર ૧૧. યોગી મંત્ર જપૈ. શિવકુમાર યોગીનાં પગ મસલૈ. ચિત્રમાં ઊપરના ભાગમાં શિવકુમાર યોગીને અગ્નિમાંથી સુવર્ણપુરુષ તરીકે બહાર કહાડતો દેખાય છે. નીચેના ભાગમાં મડદાનાં પગનાં તળીયાં મસલતો શિવકુમાર બેઠેલો છે. જમણી બાજુએ વ્યાઘ્રચર્મ ઊપર હાથમાં માળા લઈને જાપ કરતો યોગી બેઠેલો છે. પ્રતનાં પાનાં ૨૯ ઊપરથી.

ચિત્ર ૧૨. રાજાને બીજૌરાનૌ ફલ કોટવાલ નિજરાણૈ કીધૌ. જિણદાસ શેઠ બીજોરાનાં ફલ વાડી લેવા ગયો. જક્ષને ઉપદેશ દીધૌ (પાનું ૩૧). ચિત્રમાં ઊપરના ભાગમાં ડાબી બાજુએ બેઠેલા રાજાને, જિનદાસ શેઠ બીજોરાનું ફલ ભેટ આપતા દેખાય છે; જમણી બાજુએ, લીલી પાઘડી પહેરીને, કોટવાલ બેઠેલો છે.

નીચેના ભાગમાં જમણી બાજુએ, જિનદાસ શેઠ નવકાર મંત્ર ગણીને નદીમાં ઝંપલાવીને, નદીના કાંઠેથી નવકાર મંત્રનો ઉચ્ચાર કરીને; વાડીમાં પ્રવેશ કરતો દેખાય છે. વાડીમાં દાખલ થતાં જ નવકાર મંત્રના સાંભળવાથી પ્રગટ થએલા યક્ષને જિનદાસ શેઠ ધર્મનો ઉપદેશ આપતા ઊભેલા છે. યક્ષની બાજુમાં જ, યક્ષનું મંદિર છે. પ્રતનાં પાનાં ૩૧ ઊપરથી.

ચિત્ર ૧૩. ચંડપિંગલ સૂલી દીધૌ (પાનું ૩૨). ચિત્રમાં ડાબી બાજુએ ચંડપિંગલ ચોરને શૂળીએ ચડાવેલો છે. ચંડપિંગલની બાજુમાં એક શ્રાવક તેને પાણી આપતો દેખાય છે. શૂળીની નીચેના ભાગમાં નીસરણી આડી પડેલી છે. જમણી બાજુએ

રાજાનો સિપાઈ આ બધું જોતો ઊભો છે. પ્રતનાં પાનાં ૩૩ ઊપરથી ડાબી બાજુનો પ્રસંગ.

ચિત્ર ૧૪. રાજાનો પુરંદર કુમાર થઈ (ચંડપિંગલ) રાજા થયો (પાનું ૩૨). જમણી બાજુના ચિત્રનાં ચાર પ્રસંગો છે. ઊપરના પહેલા પ્રસંગમાં ભદ્રારાણી પલંગમાં સૂતેલી છે, તેણીના પગ આગળ પરિચારિકા ઊભેલી છે. બીજા પ્રસંગમાં રડતા પુરંદર કુમારને, કલાવતી રમાડે છે. નીચેના ત્રીજા પ્રસંગમાં કલાવતી વેશ્યા, ચંડપિંગલને થતી કદર્થના જોઈ રહી છે. ચોથા પ્રસંગમાં રાજા જિતશત્રુ તથા તેના દરબારીઓ બેઠેલાં છે. પ્રતનાં પાનાં ૩૩/૧ ઊપરથી જમણી બાજુનો પ્રસંગ.

ચિત્ર ૧૫, હુંડક ચોરે ચોરી કરી. શૂલી ચઢાયો, શેઠે પાણી પાયો. મરી વ્યંતર થયો, શિલા રચી (પાનું ૩૪). ચિત્રમાં ડાબી બાજુ હુંડક ચોરને શૂલી પર ચઢાવેલો છે. તેની બાજુમાં તેને પીવા પાણી આપતો જિનદત્ત શ્રાવક ઊભેલો છે. જમણી બાજુએ મથુરા નગરી ઊપર શિલા વિકૂર્વીને, હુંડકનો જીવ મરીને, યક્ષ તરીકે ઉત્પન થયો હતો તે, મધ્યમાં બંને હાથ જોડીને ઊભેલા શત્રુમર્દન રાજાને તથા નગરજનોને કહેવા લાગ્યો કે :– 'હે રાજા ! તથા નગરના લોકો, આ દયાવાન શેઠને શા માટે કદર્થના કરો છો ? તમો તેની ક્ષમા માંગો અને તેનું બહુમાન કરો તો જ આ શિલા સંહરી લઉં.' પ્રતનાં પાનાં ૩૪ ઊપરથી.

ચિત્ર ૧૬. સાધુ પર્વતે રહ્યા, ભીલ ભીલડીને ઉપદેશ દીધો ધર્મનો (પાનું ૩૪). ચિત્રમાં ડાબી બાજુએ, પર્વતની ટેકરી ઊપર બેઠેલા સાધુ મુનિરાજ, સામે બીજી ટેકરી ઊપર બેઠેલા ભીલ અને ભીલડીને ધર્મનો ઉપદેશ આપે છે. ટેકરીની નીચેના ભાગમાં સિદ્ધવટ ગામ આવેલું છે. પ્રતનાં પાનાં ૩૫ ઊપરથી

ચિત્ર ૧૭. રાજસિંઘ, સુમતિ વનમૈ ગયા. પંથી જનનઈ કૌતક પૂછ્યૌ (પાનું ૩૫). ચિત્રમાં બંને મિત્રો ઘોડા ઊપર બેસીને વનમાં જાય છે. રસ્તામાં એક મુસાફર ભેગો થાય છે, તેને જો કાંઈક કૌતુક પરદેશમાં જોયું હોય તો તેની, પૂછપરછ કરે છે. મુસાફર જમણી બાજુએ બંને ઉંચા કરેલા હાથમાં કાંઈક ભેટની વસ્તુ બંનેની સન્મુખ ધરીને, પોતે દેખેલા કૌતુકનું વર્ણન કરે છે. પ્રતનાં પાનાં ૩૬/૧ ઊપરથી.

ચિત્ર ૧૮. સર્વ પ્રજાલોક મિલી રાજા પાસે પુકાર કરવા આવ્યા (પાનું ૩૬). ચિત્રમાં રાજગાદી ઊપર બેઠેલા મૃગાંક રાજાને, પ્રજાજનો ફરીયાદ કરે છે કે :– 'હે કૃપાનાથ ! આપ રાજકુમારને કૃપા કરીને નગરમાં ફરતો અટકાવો.' પ્રતનાં પાનાં ૩૭ ઊપરથી. ચિત્રનું રંગ વિધાન સ્વચ્છ અને સુંદર છે.

ચિત્ર ૧૯. રાજસિંઘકુમર અને સુમતિ મંત્રી પરદેશે નીકળ્યા (પાનું ૩૬). ચિત્રમાં બંને મિત્રો ઘોડા ઊપર બેસીને પરદેશ જતાં દેખાય છે. પ્રતનાં પાનાં ૩૮/૧ ઊપરથી.

ચિત્ર ૨૦. માણસ રોવતો સુંણી રાજસિંઘજી તિણ દિસ ગયૌ. રાક્ષસ પુરષ પુરષને ભીંચૈ છે (પાનું ૩૬). ચિત્રમાં રાજસિંઘકુમાર હાથમાં તલવાર પકડીને જે બાજૂથી કોઈના રડવાનો અવાજ આવતો હતો તે તરફ ચાલ્યો. ત્યાં જતાં જ એક વિકરાળ રાક્ષસના પંજામાં સપડાએલો અને રૂદન કરતો એક પુરુષ રાજકુમારના જોવામાં આવ્યો. પ્રતના પાનાં ૩૮ ઊપરથી.

ચિત્ર ૨૧. કુમર સત્ત્વપણો ધર પર ઉપગાર નિમિત્તે આપરૈં હાથૈં ખડ્ગસું માંસ કાપવા લાગ્યૌ (પાનું ૩૭). ચિત્રમાં કુમાર રાક્ષસને કહે છે કે:–'જો તું એને મૂકી દે તો, હું તને મારૂં ઉત્તમ માંસ આપું.' એમ કહી તલવાર કહાડી, પોતાનું માંસ કાપવા લાગ્યો. પ્રતનાં પાનાં ૩૯/૧ ઊપરથી.

ચિત્ર ૨૨. વિદ્યાધરૈ રાજસિંઘનો સ્ત્રીનો રૂપ કીધું. સુમતિ મિત્ર ફૂલ ચૂંટતાં દેખઈ છઈ (પાનું ૩૭). ચિત્રમાં જમણી બાજુએ સુમતિ મિત્ર ઊભો છે, અને ડાબી બાજુએ ઝાડની નીચે સૂતેલા રાજસિંહકુમારના કપાળમાં વિદ્યાધર તિલક કરે છે. પ્રતનાં પાનાં ૪૦/૧ ઊપરથી.

ચિત્ર ૨૩. વિદ્યાધરીયૈ રાજસિંઘને મુલગૌ પુરૂષનો રૂપ કીધો જડીનાં પ્રભાવૈ (પાનું ૩૭). ચિત્રમાં ડાબી બાજુએ, ઝાડની નીચે સૂતેલા રાજસિંહકુમારના કપાળમાં વિદ્યાધરી ઔષધિથી તિલક કરે છે, જેથી સ્ત્રીરૂપે થઈ ગએલો કુમાર મૂળરૂપે પ્રગટ થાય છે. પ્રતનાં પાનાં ૪૦/૧ ઊપરથી.

ચિત્ર ૨૪. શ્રીઋષભદેવને દેહરે પૂજા કરિવા રત્નવતી આવી. કુંવર મિત્ર સ્ત્રીનૌ રૂપ કરી ઊભા છઈ (પાનું ૩૮). ચિત્રમાં પદ્મપુર નગરની બહાર આવેલા શ્રીઋષભદેવ ભગવાનના જિનપ્રાસાદમાં રાજકુમારી રત્નવતી, પોતાની સખીની સાથે દર્શન કરવા આવેલી છે. તે વખતે કુંવર તથા મિત્ર સ્ત્રીનું રૂપ કરીને બહાર ઊભા રહ્યા છે. પ્રતનાં પાનાં ૪૦ ઊપરથી.

ચિત્ર ૨૫. કુમર મિત્રૈ સ્ત્રીનો રૂપ કીધું (પાનું ૩૮). ચિત્રમાં કુંવર તથા મિત્ર બંને જણા સ્ત્રીનું રૂપ કરીને ઊભા રહેલા છે. પ્રતનાં પાનાં ૪૧/૧ ઊપરથી.

ચિત્ર ૨૬. રત્નવતી કન્યા, કુમર મિત્રને આપરૈ મંદિર આણ્યાં (પાનું ૩૮). ચિત્રમાં રાજકુમારી રત્નવતી, સ્ત્રીરૂપે રહેલા, રાજકુંવર તથા મિત્રને; પોતાની સાથે, પોતાના આવાસે લઈ જાય છે. રાજકુમારીના રક્ષણ માટે બે પહેરેગીરો પણ સાથે ચાલતા દેખાય છે. પ્રતનાં પાનાં ૪૧ ઊપરથી.

ચિત્ર ૨૭. રાજસિંઘકુમાર, રત્નવતીનો લગન થયો (પાનું ૩૯). ચિત્રમાં લગ્નની સુંદર ચોરીમાં રાજસિંહકુમાર અને રાજકુમારી રત્નવતી, બંને જણા ખુરશીમાં બેઠેલાં છે. તેમની બાજુમાં જ લગ્નવિધિ કરાવનાર બ્રાહ્મણો લગ્નવિધિ કરાવતાં બેઠેલા છે.

ચોરીની એક બાજુ પુરુષો બેઠેલા છે અને બીજી બાજુ લગ્નગીતો ગાતી સ્ત્રીઓ ઊભેલી છે. આ દૃશ્ય ખૂબ ભાવવાહી છે અને આધુનિક લગ્નમંડપને હૂબહૂ મળતું આવે છે. રંગોની જમાવટ પણ પ્રેક્ષનીય છે. પ્રતનાં પાનાં ૪૨ ઊપરથી.

ચિત્ર ૨૮. રાજસિંઘ રત્નવતી પરણ આપણે નગરે આવતાં, પિતાઈં સાંભેલી કીધી (પાનું ૩૯). ચિત્રમાં જમણી બાજુએ રાજસિંહકુમાર અને રત્નવતી રથમાં બેસીને, નગર તરફ આવતાં દેખાય છે. રાજમહેલમાં મૃગાંક રાજા તથા રાણી વિજયાદે બેસીને, પુત્ર તથા પુત્રવધૂને આવતાં જોઈ રહેલાં છે. આ પ્રસંગની રજૂઆત ખૂબ પ્રશંસનીય છે. પ્રતનાં પાનાં ૪૩/૧ ઊપરથી.

ચિત્ર ૨૯. મૃગાંક રાજા શ્રીગુણસાગરસૂરિ ગુરાંને વાંદી ધર્મસુણિને દીક્ષા લીધી (પાનું ૩૯). ચિત્રમાં મૃગાંક રાજા, રાજસિંહકુમારને ગાદીએ બેસાડીને રાજતિલક કરતાં દેખાય છે. રાજ્યાભિષેકના મહોત્સવની ઉજવણીમાં, ચિત્રના ઊપરના ભાગમાં નર્તકી નૃત્ય કરી રહી છે અને તેની પડખેની સ્ત્રીઓ વાદ્યો વગાડીને મંગલગીતો ગાઈ રહી છે. દરબારીઓ પણ આનંદમગ્ન ચહેરે મહોત્સવમાં ભાગ લઈ રહ્યા છે. ચિત્ર સંયોજન ખૂબ સુંદર છે. પ્રતનાં પાનાં ૪૩ ઊપરથી.

ચિત્ર ૩૦. રાજસિંઘનો પિતા ગુરાં પાસે દીક્ષા લેવે છે (પાનું ૪૦). રાજસિંહકુમારને ગાદીએ બેસાડીને મોટા મહોત્સવપૂર્વક મૃગાંક રાજાએ ગુણસાગરજી પાસે દીક્ષા અંગીકાર કરી. ચિત્રમાં મૃગાંક રાજાને ગુણસાગરજી દીક્ષા આપે છે. પાછળ રાજસિંહ રાજા બે હસ્તની અંજલિ જોડીને ઊભો રહેલો છે. પ્રતનાં પાનાં ૪૪/૧ ઊપરથી.

ચિત્ર ૩૧. ગુરુ પાસે રાજસિંઘ રાજા, રત્નવતી રાણી (પાનું ૪૦). ચિત્રમાં રાજસિંહરાજા અને રત્નવતી રાણી ગુરૂ મહારાજ પાસે શ્રાવકધર્મનાં બાર વ્રતનો ઉપદેશ સાંભળતાં બેઠેલાં છે. ગુરુ મહારાજની પાછળના ભાગમાં ચામર ધરનાર રાજસેવક ઊભો છે. પ્રતનાં પાનાં ૪૪ ઊપરથી.

ચિત્ર ૩૨. રાજસિંઘ રાજા મરી બ્રહ્મેંદ્ર થયો (પાનું ૪૦). ચિત્રમાં દેવવિમાનમાં રાજસિંહ રાજાનો જીવ, શુદ્ધ ચારિત્ર પાળી, કાળધર્મ પામીને, પાંચમા દેવલોકમાં, બ્રહ્મેંદ્ર નામના ઈંદ્ર તરીકે ઉત્પન્ન થએલો દેખાડ્યો છે. પ્રતનાં પાનાં ૪૫/૧ ઊપરથી.

ચિત્ર ૩૩. વેલ જાત (પાનું ૪૨). વેલીઓ રસ્તાને છોડીને, વૃક્ષની ઊપર જ ચડે છે. આ ઓઘસંજ્ઞાનો ભાવ જાણવો. પ્રતનાં પાનાં ૫૪/૧ની ડાબી બાજુ ઊપરથી.

ચિત્ર ૩૪. અગ્નિકાય, વાઉકાયાદિ (પાનું ૪૩). ચિત્રમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિરૂપ પાંચ પ્રકારનાં સ્થાવર જીવો બતાવેલાં છે. પ્રતનાં પાનાં ૪૯/૧ ઊપરથી.

ચિત્ર ૩૫. સંખ, કૌડી (પાનું ૪૩). ચિત્રમાં શંખ, છીપ વગેરે બેઈંદ્રિય જીવો બતાવેલા છે. પ્રતનાં પાનાં ૫૪/૧ ની જમણી બાજુ ઊપરથી.

ચિત્ર ૩૬. વિછૂ. ગોગા ગાવડી ( પાનું ૪૩ ). ચિત્રમાં વીંછી તથા ગોગાગાવડી ચઉરિંદ્રિય જીવો બતાવેલા છે. પ્રતનાં પાનાં ૫૪/૧ ની જમણી બાજુ ઊપરથી.

ચિત્ર ૩૭. જલચર મગર મચ્છાદિક જીવ ( પાનું ૪૩ ). ચિત્રમાં મત્સ્ય, મગરમચ્છ, કાચબાદિક પંચેંદ્રિય જીવો બતાવેલા છે. પ્રતનાં પાનાં ૫૪ની ડાબી બાજુ ઊપરથી.

ચિત્ર ૩૮. થલચરમૈ ચતુષ્પદ હાથી, સિંહ, વગેરે ( પાનું ૪૩ ). ચિત્રમાં વાઘ, ગાય, હાથી વગેરે સ્થલચર જીવો બતાવેલા છે. પ્રતનાં પાનાં ૫૪ની જમણી બાજુ ઊપરથી.

ચિત્ર ૩૯. ઉંદરાદિ ભુજપરિ, ગુલ ચમચેડ રૂપ', રોમ પંખી મયૂરાદિ( પાનું ૪૩ ). ચિત્રમાં ભુજપરિ સર્પ તરીકે ઉંદર, ચર્મપંખી તરીકે ચામાચીડીયું અને રોમપંખી તરીકે મોર અને કબૂતરની રજૂઆત કરેલી છે. આ બધાં પંચેંદ્રિય તિર્યંચનાં ભેદો છે. પ્રતનાં પાનાં ૫૪/૧ ઊપરથી.

ચિત્ર ૪૦. અસંખ્યાતા દ્વીપ સમુદ્રાંતે' અરુણવર સમુદ્ર ( પાનું ૪૫). ચિત્રમાં જંબૂદ્વીપથી અસંખ્યાતા દ્વીપ સમુદ્રના છેડે અરુણવર સમુદ્રની રજૂઆત કરેલી છે.

ચિત્ર ૪૧, જંબુદ્વીપ ( પાનું ૪૫ ). ચિત્રમાં સુંદર રંગોમાં જંબૂદ્વીપની રજૂઆત કરેલી છે. પ્રતનાં પાનાં ૫૫ ઊપરથી.

ચિત્ર ૪૨. લવણુ સમુદ્રની બંને બાજુની દાઢાઓ ( પાનું ૪૫ ). ચિત્રમાં અત્યોત્તમ રંગોમાં રજૂ કરેલી આ ચિત્રાકૃતિની અંદર સોનાની શાહીથી ચીતરેલી લવણસમુદ્રની બંને બાજુની દાઢાઓ ચિત્રકારની નિપુણતાની ખાત્રી આપે છે; તેથી જ ચિત્ર નં ૪૧ અને ૪૨ની મૂળ રંગોમાં રજૂઆત કરેલી છે. પ્રતનાં પાનાં ૫૬/૧ ઊપરથી.

ચિત્ર ૪૩. યુગલ નિવાસ રૂપાંકિતમિદં ( પાનું ૪૫ ). ચિત્રમાં કાળા રંગની પૃષ્ઠભૂમિ ઊપર કલ્પવૃક્ષની નીચે સ્ત્રી તથા પુરૂષની રજૂઆત અદ્વિતીય પ્રકારની છે. પ્રતનાં પાનાં ૫૭ ઊપરથી.

ચિત્ર ૪૪. સાત નરકે વેદના સ્વરૂપ ( પાનું ૪૫ ). ચિત્રમાં ઊપર અને નીચે થઈને, સાત ભાગોની અંદર પરમાધામી દ્વારા નારકીના જીવોની કરવામાં આવતી વેદનાઓનાં ભાવો દર્શાવ્યા છે. પ્રતનાં પાનાં ૬૦ ઊપરથી.

ચિત્ર ૪૫. અસુરકુમાર, ૧, નાગકુમાર ૨, સુવર્ણકુમાર ૩ ( પાનું ૪૫ ). ચિત્રમાં ભુવનપતિના દશ પ્રકારો પૈકી અસુરકુમાર વગેરે આઠ ઈંદ્રાની રજૂઆત કરેલી છે. પ્રતનાં પાનાં ૬૧/૧ ઊપરથી.

ચિત્ર ૪૬. વાયુકુમાર ૯ અને સનતકુમાર ૧૦ ( પાનું ૪૫ ). ચિત્રમાં ભુવનપતિના છેલ્લા બે ઈંદ્રો રજૂ કરેલા છે. પ્રતના પાનાં ૬૧નાં ઊપરના ભાગ પરથી.

ચિત્ર ૪૭. હિમવંતશૈલ પદ્મદ્રહે શ્રીદેવીરૂપ (પાનું ૪૫). ચિત્રમાં શ્રીદેવી પદ્મદ્રહની મધ્યમાં આવેલા કમલફુલ ઊપર સુંદર રીતે બેઠેલાં છે. શ્રીદેવીની બંને બાજુએ

સૂંઢ ઉંચી કરીને, અભિષેક કરતા એકેક હાથીની રજૂઆત અદ્વિતીય પ્રકારની છે. પ્રતનાં પાનાં ૬૧ ઊપરથી.

ચિત્ર ૪૮. પિશાચેંદ્ર ૧ વગેરે આઠ વ્યંતરેંદ્રો (પાનું ૪૫). ચિત્રમાં ઊપર અને નીચે મળીને, પિશાચેંદ્ર વગેરે આઠ વ્યંતરેંદ્રોની રજૂઆત કરેલી છે. પ્રતનાં પાનાં ૬૨/૧ ઊપરથી.

ચિત્ર ૪૯ અણુપન્ની ઇંદ્ર વગેરે આઠ વાણવ્યંતરેંદ્રો (પાનું ૪૬). ચિત્રમાં ઊપર અને નીચે મળીને, અણુપન્ની ઇંદ્ર વગેરે આઠ વાણવ્યંતરેંદ્રોની રજૂઆત કરેલી છે. પ્રતનાં પાનાં ૬૨ ઊપરથી.

ચિત્ર ૫૦ શ્રીસૂર્યેંદ્ર દિવાપતિ, ચંદ્રેંદ્ર નિશાપતિ ૨ (પાનું ૪૬). ચિત્રમાં સૂર્ય ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા, એ પાંચે જ્યોતિષેંદ્રોની રજૂઆત કરેલી છે. પ્રતનાં પાનાં ૬૩/૧ ઊપરથી.

ચિત્ર ૫૧. ચવદૈરાજ લોકનાલયંત્રં (પાનું ૪૬). ચિત્રમાં ચૌદ રાજલોકનું સુંદર ચિત્ર રજૂ કરેલું છે. પ્રતનાં પાનાં ૬૫ ઊપરથી.

ચિત્ર ૫૨. સમવસરણ (પાનું ૪૬). ચિત્રના મધ્યભાગમાં સુવર્ણવર્ણવાળા પ્રભુ શ્રીમહાવીરસ્વામી બિરાજમાન છે. તેઓશ્રીની બંને બાજુ એકેક ભક્ત શ્રાવક ઊભેલો છે. ફરતા રૂપાનો, સોનાનો અને રત્નોનો ફરતો એકેક ગઢ છે. પ્રતનાં પાનાં ૬૬/૧ની ડાબી બાજુ ઊપરથી.

ચિત્ર ૫૩. શ્રીગૌતમસ્વામી ગોચરી પધાર્યા. ઐમત્તે કુમર આવી પૂછ્યૌ કુણ છૌ (પાનું ૪૭). ચિત્રમાં શ્રીગૌતમસ્વામીજીને ગોચરી વહોરવા નીકળેલા જોઈને, રાજકુમાર અઈમુત્તો, શ્રીગૌતમસ્વામીજીને પૂછે છે કે, આપ કોણ છો અને આપ કેમ આવ્યા છો? પ્રતના પાનાં ૬૬/૧ની જમણી બાજુ ઊપરથી.

ચિત્ર ૫૪. શ્રીગૌતમસ્વામી આહાર લે, ઐમત્તેને સાથ લે, શ્રીવીરસ્વામી પાસૈ આયા (પાનું ૪૭). ચિત્રમાં ગોચરી વહોરીને જતાં શ્રીગૌતમસ્વામીની સાથે, રાજકુમાર અઈમુત્તો પ્રભુ મહાવીરને વંદન કરવા જાય છે. પ્રતનાં પાનાં ૬૬ની જમણી બાજુ ઊપરથી.

ચિત્ર ૫૫. સમવસરણ (પાનું ૪૭). ચિત્રમાં ફરતા ત્રણ ગઢની મધ્યમાં બિરાજમાન થએલા પ્રભુ શ્રીમહાવીરસ્વામી, અઈમુત્તાને ધર્મદેશના આપે છે. સમવસરણની બહાર ચારે ખુણાઓમાં પાણીની વાવ, વૃક્ષો સાથે રજૂ કરેલી છે. પ્રતનાં પાનાં ૬૬ની ડાબી બાજુ ઊપરથી.

ચિત્ર ૫૬. મેઘવૂઠાનંતર શ્રીગૌતમસ્વામી ઐમત્તૌ સાથે લે ગયા. પાણીથી જલક્રીડા કરૈ છઈ (પાનું ૪૭). ચિત્રમાં ડાબી બાજુએ બાળકમુનિ અઈમુત્તો, કાચલીની નાવડી

બનાવીને, તે નાની તલાવડીમાં નાવડી મૂકીને બાલક્રીડા કરતા દેખાય છે. જમણીબાજુએ ઊભેલા ગૌતમસ્વામી તે વખતે, આ પ્રમાણે બાલક્રીડા કરતા બાળક અઈમુત્તા મુનિને કહે છે કે, હે વત્સ! આ શું કરે છે? સચિત્ત જલનો સંઘટ્ટો સાધુએ ન કરવો જોઈએ. તેં કેમ કર્યો. આ પાપક્રિયા કરવાથી સાધુ ધર્મને દોષ લાગ્યો. પ્રતનાં પાનાં ૬૮/૧ ઊપરથી.

ચિત્ર ૫૭. અઈમત્તેને પ્રભુ પાસે ગૌતમજી લાયા (પાનું ૪૮). તારી નાની ઉંમરના લીધે, કૌતુકથી તલાવમાં કાચલી મૂકી રમતાં, મારી નાવડી તરે છે, એમ જે કહ્યું તે તારે ન કહેવું જોઈએ. એમ કહી અઈમુત્તાને પ્રભુ મહાવીર પાસે લઈ જાય છે. પ્રતનાં પાનાં ૬૮/૧ ઊપરથી.

ચિત્ર ૫૮. પહેલા શ્રીઋષભદેવ (પાનું ૫૦). ચિત્રમાં વૃષભનું લંછન અને સુવર્ણ-વર્ણવાળા શ્રીઋષભદેવ પ્રભુ બિરાજમાન છે.

ચિત્ર ૫૯. બીજા શ્રીઅજિતનાથજી (પાનું ૫૦). ચિત્રમાં હાથીનું લંછન અને સુવર્ણવર્ણવાળા શ્રીઅજિતનાથજી બિરાજમાન છે.

ચિત્ર ૬૦. ત્રીજા શ્રીસંભવનાથજી (પાનું ૫૦). ઘોડાનું લંછન અને સુવર્ણવર્ણવાળા શ્રીસંભવનાથજી બિરાજમાન છે.

ચિત્ર ૬૧. ચોથા શ્રીઅભિનંદનસ્વામી (પાનું ૫૦). ચિત્રમાં વાંદરાનું લંછન અને સુવર્ણવર્ણવાળા શ્રીઅભિનંદનસ્વામી બિરાજમાન છે,

ચિત્ર ૬૨. પાંચમા શ્રીસુમતિનાથજી (પાનું ૫૧). ચિત્રમાં ક્રૌંચ પક્ષીનું લંછન અને સુવર્ણવર્ણવાળા શ્રીસુમતિનાથજી બિરાજમાન છે.

ચિત્ર ૬૩. છઠ્ઠા શ્રીપદ્મપ્રભુજી. (પાનું ૫૧). ચિત્રમાં કમલના લંછનવાળા અને રક્તવર્ણવાળા શ્રીપદ્મપ્રભુજી બિરાજમાન છે.

ચિત્ર ૬૪. સાતમા શ્રીસુપાર્શ્વનાથજી (પાનું ૫૨). ચિત્રમાં સ્વસ્તિકનું લંછન અને સુવર્ણવર્ણવાળા શ્રીસુપાર્શ્વનાથજી બિરાજમાન છે,

ચિત્ર ૬૫. આઠમા શ્રીચંદ્રપ્રભુસ્વામી (પાનું ૫૨). ચિત્રમાં ચંદ્રનું લંછન અને શ્વેત-વર્ણવાળા શ્રીચંદ્રપ્રભુસ્વામી બિરાજમાન છે.

ચિત્ર ૬૬. નવમા શ્રીસુવિધિનાથજી (પાનું ૫૩). ચિત્રમાં મગરમચ્છનું લંછન અને શ્વેતવર્ણવાળા શ્રીસુવિધિનાથજી બિરાજમાન છે.

ચિત્ર ૬૭. દશમા શ્રીશીતલનાથજી (પાનું ૫૩). ચિત્રમાં શ્રીવત્સનું લંછન અને સુવર્ણવર્ણવાળા શ્રીશીતલનાથજી બિરાજમાન છે.

ચિત્ર ૬૮. અગિયારમા શ્રીશ્રેયાંસનાથજી (પાનું ૫૩). ચિત્રમાં ખડગીનું લંછન અને સુવર્ણવર્ણવાળા શ્રીશ્રેયાંસનાથજી બિરાજમાન છે.

ચિત્ર ૬૯. બારમા શ્રીવાસુપૂજ્યસ્વામી (પાનું ૫૪). ચિત્રમાં પાડાનું લંછન અને રક્તવર્ણવાળા શ્રીવાસુપૂજ્યસ્વામી બિરાજમાન છે.

ચિત્ર ૭૦ તેરમા શ્રીવિમલનાથજી (પાનું ૫૪). ચિત્રમાં સૂઅરનું લંછન અને સુવર્ણવર્ણવાળા શ્રીવિમલનાથજી બિરાજમાન છે.

ચિત્ર ૭૧. ચૌદમા શ્રીઅનંતનાથજી (પાનું ૫૫). ચિત્રમાં સિંચાણાનું લંછન અને સુવર્ણવર્ણવાળા શ્રીઅનંતનાથજી બિરાજમાન છે.

ચિત્ર ૭૨. પંદરમા શ્રીધર્મનાથજી (પાનું ૫૫). ચિત્રમાં વજ્રનું લંછન અને સુવર્ણ-વર્ણવાળા શ્રીધર્મનાથજી બિરાજમાન છે.

ચિત્ર ૭૩. સોલમા શ્રીશાંતિનાથજી (પાનું ૫૬). ચિત્રમાં હરણનું લંછન અને સુવર્ણવર્ણવાળા શ્રી શાંતિનાથજી બિરાજમાન છે.

ચિત્ર ૭૪. સત્તરમા શ્રીકુંથુનાથજી (પાનું ૫૬). ચિત્રમાં બોકડાનું લંછન અને સુવર્ણવર્ણવાળા શ્રીકુંથુનાથજી બિરાજમાન છે.

ચિત્ર ૭૫. અઢારમા શ્રીઅરનાથજી (પાનું ૫૬). ચિત્રમાં નંદ્યાવર્ત્તનું લંછન અને સુવર્ણવર્ણવાળા શ્રીઅરનાથજી બિરાજમાન છે.

ચિત્ર ૭૬. ઓગણીશમા શ્રીમલ્લિનાથજી (પાનું ૫૭). ચિત્રમાં કુંભનું લંછ-ન અને નીલવર્ણવાળા શ્રીમલ્લિનાથજી બિરાજમાન છે.

ચિત્ર ૭૭. વીશમા શ્રીમુનિસુવ્રતસ્વામી (પાનું ૫૭). ચિત્રમાં કાચબાનું લંછન અને શ્રીકૃષ્ણવર્ણવાળા શ્રીમુનિસુવ્રતસ્વામી બિરાજમાન છે.

ચિત્ર ૭૮. એકવીશમા શ્રીનમિનાથજી (પાનું ૫૭). ચિત્રમાં કમલનું લંછન અને સુવર્ણવર્ણવાળા શ્રીનમિનાથજી બિરાજમાન છે.

ચિત્ર ૭૯. બાવીશમા શ્રીઅરિષ્ટનેમિપ્રભુ (પાનું ૫૮). શંખનું લંછન અને શ્યામ વર્ણવાળા શ્રીઅરિષ્ટનેમિપ્રભુ બિરાજમાન છે.

ચિત્ર ૮૦. ત્રેવીશમા શ્રીપાર્શ્વનાથજી (પાનું ૫૮). ચિત્રમાં સર્પનું લંછન અને નીલવર્ણવાળા શ્રીપાર્શ્વનાથજી બિરાજમાન છે.

ચિત્ર ૮૧. ચોવીસમા શ્રીમહાવીરસ્વામીજી (પાનું ૫૯). ચિત્રમાં સિંહનું લંછન અને સુવર્ણવર્ણવાળા શ્રીમહાવીરસ્વામી બિરાજમાન છે.

ચિત્ર ૮૨. શ્રીશત્રુંજયતીર્થ ( પાનું ૬૧ ). ચિત્રમાં ડાબી બાજુથી, શ્રી મૂલનાયકનું દેરાસર, શ્રી ચૌમુખજીનું દેરાસર અને શ્રીશત્રુંજયગીરી કે જે જૈનસમાજમાં ગીરીરાજના નામથી પ્રસિદ્ધ છે, તેનો ભાવ એટલે દેખાવ રજૂ કરેલો છે. પ્રતનાં પાનાં ૮૬ ઉપરથી.

ચિત્ર ૮૩. શ્રીગીરનાર પર્વતે નેમિનાથ (પાનું ૬૧). ચિત્રમાં ડાબી બાજુએ શ્રીનેમિનાથ પ્રભુ, ગીરનાર પર્વતના સહસામ્રવનમાં આંબાના ઝાડની નીચે પંચમુષ્ટિલોચ કરતાં, સોનાના સિંહાસન ઊપર બિરાજમાન થએલા છે, તેઓશ્રી સન્મુખ બે હસ્તની અંજલિ જોડીને શ્રીકૃષ્ણ વાસુદેવ સ્તુતિ કરતાં ઊભેલા છે. ચિત્રની જમણી બાજુએ, શ્રીનેમિનાથજીની પહેલી ટૂંકમાં શ્યામવર્ણવાળા, શ્રીનેમિનાથજી બિરાજમાન છે. શ્રીનેમિનાથજીની બાજુમાં જ ગુફાની અંદર રહનેમિ કાઉસગ્ગ ધ્યાનમાં ઊભેલા છે, તે જ ગુફામાં મહાસતી રાજુલ ઊભેલાં છે. અહીંઆં ચિત્રકારે રાજુલને સાધ્વી તરીકે રજૂ કરવા જોઈએ, તેના બદલે, ગૃહસ્થ–સ્ત્રી–રૂપે રજૂ કરેલાં છે, તે તેની ભૂલ છે. ગીરનાર પર્વત ઊપર યોગીઓની ઘણી ગુફાઓ આવેલી છે, તેના પ્રતીક તરીકે, રહનેમિની ગુફા કે જે બીજી ટૂંક તરીકે પ્રસિદ્ધ છે, તેના ઊપરના ભાગમાં એક યોગી દર્શાવ્યો છે. ચિત્રની જમણી બાજુએ ઊપરના ભાગમાં અનુક્રમે, પહેલી તથા બીજી ટૂંક બતાવવા, એકેક ખાલી દેરી રજૂ કરેલી છે. ત્રીજી ટૂંક કે જે અંબાજીની ટૂંક તરીકે ઓળખાય છે, તેમાં સિંહ ઊપર સવારી કરેલી ચાર હાથવાળી અંબિકાદેવી બિરાજમાન છે. ચોથી દેરીમાં પણ દેવી બિરાજમાન છે. પાંચમી દેરીમાં વરદત્ત ગણધરનાં પગલાં મૂકેલાં છે, જે હિંદુઓમાં દત્તાત્રયનાં પગલાં તરીકે પ્રસિદ્ધ છે. પ્રતનાં પાનાં ૮૭/૧ ઊપરથી.

ચિત્ર ૮૪. મહાવીર સ્વામી સાચોર નગરે (પાનું ૬૧). ચિત્રમાં ડાબી બાજુ સાચોર નગરનો સુંદર દેખાવ રજૂ કરેલો છે. જમણી બાજુ સુંદર ભવ્ય જિનમંદિરમાં પ્રભુ મહાવીર સ્વામી બિરાજમાન છે. પાછળના ભાગમાં જંગલનો દેખાવ છે. પ્રતનાં પાનાં ૮૭ ઊપરથી.

ચિત્ર ૮૫. ભરૂચ નગરને વિષે શ્રીમુનિસુવ્રતસ્વામી (પાનું ૬૧). ચિત્રમાં ડાબી બાજુએ નર્મદા નદી, અને તેના કિનારે વસેલું ભરૂચ શહેર રજૂ કરેલું છે અને જમણી બાજુએ, ઉંચા શિખરબંધ જિનમંદિરમાં શ્રીમુનિસુવ્રતસ્વામીની સુંદર મૂર્તિ બિરાજમાન છે. જિનમંદિરની આજુબાજુ પણ ભરૂચ શહેરની સુંદર હવેલીઓ બતાવેલી છે. ચિત્રના ઊપરના ભાગમાં પણ ભરૂચ શહેરના જૂદા જૂદા વિસ્તારોનાં સુંદર આવાસો રજૂ કરેલા છે. ઊપરના ભાગમાં શાંત રીતે વહેતી નર્મદા નદી અને તેના કાંઠા પર આવેલા જંગલો અને આસમાની રંગમાં આકાશતલની પણ રજૂઆત કરેલી છે. ભરૂચ શહેરની મધ્યમાં પણ સુંદર વનરાજી વિકસેલી બતાવેલી છે. પ્રતનાં પાનાં ૮૮/૧ના પ્રથમ ભાગ ઊપરથી.

ચિત્ર ૮૬. મુહરિ ગામને વિષે શ્રીપાર્શ્વનાથ (પાનું ૬૧). ચિત્રમાં ડાબીબાજુએ નીલવર્ણવાળા શ્રીપાર્શ્વનાથ પ્રભુનું દેરાસર અને બાજુમાં જ, બીજી દેરીમાં પ્રભુશ્રી-પાર્શ્વનાથજીની ચરણ પાદુકા રજૂ કરેલી છે. પ્રતનાં પાનાં ૮૮/૧ ઉપરથી.

ચિત્ર ૮૭. શ્રીબાંભણવાડે મહાવીર (પાનું ૬૨). ચિત્રમાં ડાબીબાજુએ મારવાડમાં આવેલા શ્રીબ્રાહ્મણવાડા નામના તીર્થમાં શ્રીમહાવીરસ્વામીની મૂર્તિ બિરાજમાન છે. શ્રીબ્રાહ્મણવાડા તીર્થ જંગલમાં આવેલું છે. તે બતાવવા પ્રભુજીના મંદિરના પગથીયા ચડતો વિકરાળ વાઘ રજૂ કરેલો છે. વળી, પ્રભુની છત્રછાયામાં પ્રાણીઓ પોતાનો વૈરભાવ ભૂલી જાય છે તે દર્શાવવા, વાઘની બાજુમાં જ ગાય અને તેની નજીકમાં જ રમતાં વાછરડાં રજૂ કરેલાં છે. જિનમંદિરની આજુબાજુ ઝાડોની હારો રજૂ કરીને જંગલનો દેખાવ કરેલો છે. પ્રતનાં પાનાં ૮૮/૨નાં પ્રથમ ભાગની ડાબી બાજુ ઉપરથી.

ચિત્ર ૮૮. માલવે દેશમે શ્રીમગસી પાર્શ્વનાથ (પાનું ૬૨). ચિત્રમાં માલવામાં આવેલા શ્રીમગસીપાર્શ્વનાથજીનું સુંદર દેરાસર અને તેની આજુબાજુ આવેલાં રળિયામણા જંગલની રજૂઆત કરેલી છે. પ્રતનાં પાનાં ૮૮/૨ના પ્રથમ ભાગની જમણી બાજુ ઉપરથી.

ચિત્ર ૮૯. તારંગૈજી (પાનું ૬૨). ચિત્રમાં ઉત્તર ગુજરાતમાં આવેલ તારંગા પર્વત ઉપરના શ્રીઅજિતનાથજી પ્રભુના જિનમંદિર અને તે જ પર્વત ઉપર આવેલી તારણ માતાની દેરીની, પર્વત ઉપર આવેલી જૈનધર્મશાળાની અને એક જટાધારી સંન્યાસી તથા શ્રાવક, શ્રાવિકાની રજૂઆત સુંદર રીતે ચિત્રકારે કરેલી છે. પ્રતનાં પાનાં ૮૮/૨ ઉપરથી.

ચિત્ર ૯૦. શ્રીઆબુજી તીર્થૈ વિમલમંત્રીથૈ ૫૬, ક્રોડ ચૌબુંણાં રૂપક ખરચી દેહરા કરાવ્યા (પાનું ૬૨). ચિત્રના મધ્યભાગમાં આવેલા વિશાલ જિનમંદિરમાં શ્રીઆદિશ્વર ભગવાન બિરાજમાન છે. આ દેરાસર બંધાવતી વખતે, આ જગ્યા હિંદુ બાવાઓની માલિકીની હોવાથી, તેઓએ તે વખતના મંત્રી વિમલશાહ પાસે આ દેરાસરની જમીનના માપોમાપ રૂપાનાણાંની માંગણી કરી હતી. તે વખતે કોઈપણ ધર્મના માણસને કલેશ ન થાય તે માટે, વિમલ મંત્રીએ ચોખંડા રૂપાના સિક્કા બનાવરાવીને, તે જમીન ઉપર પથરાવી દીધા અને તે રૂપાના સિક્કા, જમીનના માલિકોને આપી, તેમને રાજી કર્યા. ચિત્રમાં જમણી બાજુએ ઘોડેસ્વાર થયેલા વિમલ મંત્રી અને તેના અંગરક્ષકો પણ ઘોડા ઉપર બેઠેલા છે. ચિત્રમાં ડાબી બાજુએ હાથી ઉપર ગૂર્જરેશ્વર ભીમદેવ છે. જે વિમલ મંત્રીએ બંધાવેલ દેરાસરનાં દર્શને આવેલ છે. વિમલ મંત્રીએ, જિનમંદિરની જમીન ખરીદતાં અને બંધાવતાં, તે વખતનું છપ્પન ક્રોડ નાણું ખર્ચ કર્યું હતું એમ કહેવાય છે તે વાતનો ચિત્રકારે ઉલ્લેખ કરેલો છે. પ્રતનાં પાનાં ૮૮/૩નાં, પ્રથમ ભાગ ઉપરથી

ચિત્ર ૯૧. શ્રીસમ્મતશિખરજીરી વીસ ટૂંક તિહાં વીસ તીર્થંકર મુક્તિ પહુતા તલૈ મધુવન છે (પાનું ૬૨). ચિત્રમાં મધ્યભાગમાં, સમેતશિખર પર્વત ઉપર આવેલા શ્રીપાર્શ્વનાથજીનું દેરાસર તથા તેની, બાજુમાં એક દેરીમાં વીસ તીર્થંકરોની ચરણ-પાદુકાઓ છે. વળી, જુદીજુદી વીસ ટેકરીઓમાં જુદીજુદી ચરણપાદુકાઓ જૂર કરીને,

આ પર્વત ઊપર વીસ તીર્થંકરો મોક્ષે ગએલાની સ્થાપના કરેલી છે. તળેટીની જગ્યા મધુવનના નામથી આજે પણ પ્રસિદ્ધ છે. પ્રતનાં પાતાં ૮૮/૩ ઊપરથી.

ચિત્ર ૯૨. વરકાણાતીર્થ (પાનું ૬૩). ચિત્રની ડાબી બાજુએ, વરકાણા તીર્થના મૂળનાયક શ્રીમહાવીરસ્વામી દેરાસરમાં બિરાજમાન છે. પ્રતના પાનાં ૧૦૪/૧ ઊપરથી.

ચિત્ર ૯૩. નાડોલતીર્થ (પાનું ૬૩). ચિત્રની મધ્યમાં, નાડોલ તીર્થના મૂળનાયક શ્રીપદ્મપ્રભુ દેરાસરમાં બિરાજમાન છે. પ્રતનાં પાનાં ૧૦૪/૧ ઊપરથી.

ચિત્ર ૯૪. નાડલાઈ તીર્થ (પાનું ૬૩). ચિત્રની જમણી બાજુએ, નાડલાઈ તીર્થના મૂળનાયક શ્રીઋષભદેવ પ્રભુ દેરાસરમાં બિરાજમાન છે. પ્રતનાં પાનાં ૧૦૪/૧ ઊપરથી.

ચિત્ર ૯૫. શ્રીરાણકપુરતીર્થ (પાનું ૬૩). ચિત્રની ડાબી બાજુએ, રાણકપુર તીર્થના મૂળનાયક શ્રીઋષભદેવ પ્રભુ ત્રણે માળમાં બિરાજમાન છે. રાણકપુરનું મૂખ્ય દેરાસર ત્રણ મજલાનું હોવાથી, ચિત્રકારે ત્રણ મજલા ચીતરેલા છે. નીચેના ભાગમાં બંને બાજુએ ગોરા અને કાળા ભૈરવની રજૂઆત કરેલી છે. પ્રતનાં પાનાં ૧૦૪ ઊપરથી.

ચિત્ર ૯૬. મૂછાળામહાવીર (પાનું ૬૩). ચિત્રની જમણી બાજુએ, મૂછાળા મહાવીરતીર્થના મૂળનાયક શ્રીમહાવીરસ્વામી દેરાસરમાં બિરાજમાન છે. પ્રભુની બંને બાજુએ ઊભેલા શ્રાવકો અને બેઠેલી શ્રાવિકાઓ, પ્રભુની સ્તુતિ કરે છે. આ દેરાસર ઘાણેરાવ શહેરની નજીકનાં જંગલમાં આવેલું હોવાથી, દેરાસરની પાછળના ભાગમાં વૃક્ષોની હાર રજૂ કરેલી છે. પ્રતનાં પાનાં ૧૦૪ ઊપરથી. ચિત્ર નં. ૯૨થી૯૬ સુધીનાં તીર્થો, જૈનોમાં મારવાડની પંચતીર્થી તરીકે પ્રસિદ્ધ છે.

ચિત્ર ૯૭. મેરુપર્વત (પાનું ૬૩). ચિત્રમાં પર્વત ઊપર ચૌમુખજીનું દેરાસર અને ચારે બાજુ જંગલ દેખાડેલું છે. પ્રતનાં પાનાં ૧૦૫/૧ ઊપરથી.

ચિત્ર ૯૮. શાશ્વતાજિનપ્રાસાદ (પાનું ૬૩.) ચિત્રમાં રજૂ કરેલા સુંદર જિનમંદિરમાં શાશ્વતા શ્રીઋષભદેવ પ્રભુ બિરાજમાન છે. પ્રતનાં પાનાં ૧૦૭/૧ ઊપરથી.

ચિત્ર ૯૯. દરબાર સભા. ગીરનારતીર્થ. શ્વેતાંબર સંઘ. દિગંબર સંઘ (પાનું ૭૨). ચિત્રમાં ડાબીબાજુએ દરબાર રાજગાદી ઊપર બેઠેલા છે, તેઓશ્રીને શ્વેતાંબર સંઘ વિનંતી કરે છે. મધ્યમા ગીરનારતીર્થ છે. જમણી બાજુએ ઊપરના ભાગમાં શ્વેતાંબર સંઘ અને નીચેના ભાગમાં દિગંબર સંઘ, તળેટીમા તંબૂમાં પડાવ નાંખીને રહેલા છે. પ્રતનાં પાનાં ૯૬ ઊપરથી.

ચિત્ર ૧૦૦. શ્રીઅષ્ટાપદજી (પાનું ૭૪). ચિત્રમાં ડાબીબાજુએ ઊપરના ભાગમાં દશ મસ્તકવાળો રાવણરાજા પ્રભુની ભક્તિ કરી રહ્યો છે, અને રાણી મંદોદરી પ્રભુ સન્મુખ નૃત્ય કરી રહી છે. મધ્યમાં ચોવીશ તીર્થંકરોની, બે, ચાર, આઠ અને દશ-અનુક્રમે સ્થાપના

કરેલી છે. જમણી બાજુએ, સૂર્યના કિરણોનું અવલંબન લઈને ગણધરદેવ શ્રીગૌતમસ્વામી, અષ્ટાપદપર્વત ઊપર ચડી રહ્યા છે, જે દૃશ્ય પહેલા, બીજા અને ત્રીજા પગથીયે બેઠેલા તાપસો જોઈ રહ્યા છે. અષ્ટપદ પર્વતની તળેટીમાં, પોતાના હાથમાં ખીરનું પાત્ર રાખીને, પંદરસો તાપસોનું તપસ્યાનું પારણું ગૌતમસ્વામી કરાવી રહ્યા છે. પર્વત ફરતી પાણીની ખાઈ બનાવવા સગર ચક્રવર્ત્તીના પુત્રો ભાગીરથી-ગંગા-નદીને ત્યાં લાવ્યા હતા, તેનું દૃશ્ય ખૂબ ભાવવાહી રીતે, ચિત્રકારે આ ચિત્રમાં રજૂ કરેલું છે. પ્રતનાં પાનાં ૯૭ ઊપરથી.

ચિત્ર ૧૦૧. શ્રીગૌતસ્વામી સમવરણુ મૈ આયા (પાનું ૭૫). ચિત્રમાં સમવસરણના ત્રણ ગઢના મધ્યભાગમાં પ્રભુ મહાવીરસ્વામી અશોક વૃક્ષની નીચે બિરાજમાન થયેલા છે, તેઓશ્રીની જમણી બાજુએ બેહસ્તની અંજલિ જોડીને ઇંદ્ર ઊભા છે; અને ડાબીબાજુએ ગણધરદેવ શ્રીગૌતમસ્વામીજી ઊભેલા છે. પ્રતનાં પાનાં ૯૮ ઊપરથી.

ચિત્ર ૧૦૨. જિનશાસનોન્નતકારક દેવરૂપ (પાનું ૭૫). ચિત્રમાં ગેંડાના વાહન ઊપર ચારહાથ વાળા શાસનદેવ બેઠેલ છે. પ્રતનાં પાનાં ૯૯ની ડાબીબાજુ ઊપરથી.

ચિત્ર ૧૦૩. શાસનદેવી ધર્મ્મોન્નતિકારકા દેવરૂપ (પાનું ૭૫). ચિત્રમાં જમણી બાજુએ, કેસરીસિંહના વાહનવાળી, ચાર હાથવાળી શાસનદેવી બેઠેલી છે. પ્રતનાં પાનાં ૯૯ ઊપરથી.

ચિત્ર ૧૦૪. ગુરાંને શિષ્ય દ્વાદશાવર્ત્ત વાંદણાં વિનયપૂર્વકે દે વૈછૈ (પાનું ૭૮). ચિત્રમાં ડાબીબાજુ ગુરુ મહારાજ બેઠેલા છે. તેઓશ્રીની સન્મુખ શ્રાવક વિનયપૂર્વક દ્વાદશાવર્ત્ત વંદન કરે છે. પ્રતનાં પાનાં ૧૧૩ ઊપરથી.

ચિત્ર ૧૦૫. શ્રીકૃષ્ણજી નેમજીને વાંદવા જાય છે (પાનું ૮૧). ચિત્રમાં ડાબીબાજુએ, શ્રીનેમિનાથ ભગવાન ચૈત્યવૃક્ષની નીચે, સમવસરણની મધ્યમા બેઠેલા છે. સમવસરણના ચાર ખુણાઓમાં ચાર વાપિકાઓ છે. શ્રીકૃષ્ણ વાસુદેવ, બીજા યાદવો સાથે ઘોડા ઊપર સવાર થઈને, જમણી બાજુથી આવી રહેલા દેખાય છે. પ્રતનાં પાનાં ૧૨૨/૧ ઊપરથી.

ચિત્ર ૧૦૬. શ્રીકૃષ્ણ મહારાજ, વીરૌકોલી સાધાંને વાંદછૈ (પાનું ૮૧-૮૨). ચિત્રમાં ડાબીબાજુએ, શ્રીનેમિનાથજીનાં સાધુઓને, વંદન કરીને; શ્રીકૃષ્ણ વાસુદેવ અને વીરો સાળવી, બંને હસ્તની અંજલિ જોડીને ઊભેલા છે. પ્રતનાં પાનાં ૧૨૨ ઊપરથી.

ચિત્ર ૧૦૭. શ્રીમહાવીરસ્વામી (પાનું ૮૯). ચિત્રમાં સુવર્ણવર્ણવાળા પ્રભુ શ્રીમહાવીરસ્વામીજી બિરાજમાન છે. પ્રતનાં પાનાં ૧૨૯ની ડાબીબાજુ ઊપરથી.

ચિત્ર ૧૦૮. રાજા શ્રેણિક (પાનું ૮૯). ચિત્રની મધ્યમાં રાજા શ્રેણિક, ઊપરના ભાગમાં રાજગાદી ઊપર બેઠેલો છે. નીચેના ભાગમાં દરબારીઓ બેઠેલા છે. પ્રતનાં પાનાં ૧૨૯ ઊપરથી.

ચિત્ર ૧૦૯. શ્રીપદ્મનાભ આગામિક ભાવી તીર્થંકર (પાનું ૮૯). આવતી ચોવીશીમાં રાજા શ્રેણિકનો જીવ, પદ્મનાભ નામના તીર્થંકર થવાના છે, તેની રજૂઆત, ચિત્રની જમણી બાજુએ કરેલી છે. પ્રતનાં પાનાં ૧૨૯ ઉપરથી

ચિત્ર ૧૧૦. અત્ર બ્રાહ્મણ હોય સિદ્ધ રૂપ (પાનું ૮૯). ચિત્રમાં જમણી બાજુએ, વ્યાઘ્રચર્મ ઉપર સિદ્ધ પુરૂષ બેઠેલા છે; અને ડાબી બાજુએ બે બ્રાહ્મણો બેઠેલા છે. પ્રતનાં પાનાં ૧૩૧/૧ ઉપરથી.

ચિત્ર ૧૧૧. ધારાદેવી રૂપ. નદી બ્રાહ્મણ રૂપ. ચામુંડા દેવીરૂપ (પાનું ૮૯). ચિત્રમાં ડાબી બાજુએ, ધારાદેવી બેઠેલાં છે. મધ્યમાં નદી અને તેમાં પડેલો બ્રાહ્મણ છે. જમણી બાજુએ, ચામુંડા દેવી બેઠેલાં છે. પ્રતનાં પાનાં ૧૩૧ ઉપરથી.

ચિત્ર ૧૧૨. દેવ સંબંધી નાટક હુવૌ ગુરુ દેખે છે (પાનું ૯૦). ચિત્રમાં ડાબી બાજુએ સાધુ મુનિરાજ ઊભા રહીને, દેવીઓનું નાટક જોઇ રહેલા છે. પ્રતનાં પાનાં ૧૩૨ ઉપરથી.

ચિત્ર ૧૧૩. ગુરુ આગીનૈવિદ્યા હુઆ. છ કુંવર વિણાસ્યા (પાનું ૯૦). ચિત્રમાં જમણી બાજુએ, મધ્યભાગમાં ગુરૂ મહારાજ ઊભેલા છે અને એકેક પછી એકેક બાળકને હણતા હોય એવો દેખાવ રજૂ કરેલ છે. પ્રતનાં પાનાં ૧૩૨ ઉપરથી.

ચિત્ર ૧૧૪. શ્રાવકે આચાર્યરી ઝોલીમૈ હાથ ઘાલી પાતરો ગાંહણાં ભર્યો કાઢ લીયો (પાનું ૯૦). ચિત્રમાં સાધુ મહારાજની ઝોળીમાંથી, શ્રાવક ઘરેણાં ભરેલું પાતરૂં કહાડી લેતો દેખાય છે. પ્રતનાં પાનાં. ૧૩૩/૧ ઉપરથી.

ચિત્ર ૧૧૫. અયવંતી પાર્શ્વનાથ પ્રાસાદ (પાનું ૯૧). ઉજ્જૈન શહેરમાં આવેલી ક્ષિપ્રા નદીના કાંઠા ઉપર શ્રીઅવંતી પાર્શ્વનાથજીનું દહેરાસર આવેલું છે, તેની અહીં રજૂઆત કરેલી છે. પ્રતનાં પાનાં ૧૩૭ ઉપરથી.

ચિત્ર ૧૧૬. શ્રીગોડેચા પાર્શ્વનાથ પ્રાસાદ (પાનું ૯૧). ચિત્રમાં વરખડીના ઝાડ ઉપર શ્રીગોડી પાર્શ્વનાથજીની મૂર્તિ બિરાજમાન છે. પ્રતનાં પાનાં ૧૩૭ ઉપરથી.

ચિત્ર ૧૧૭. શ્રીસંખેશ્વરા પાર્શ્વનાથ (પાનું ૯૧). ચિત્રમાં ડાબી બાજુએ, શ્રી-શંખેશ્વર પાર્શ્વનાથની સુંદર મૂર્તિ બિરાજમાન છે. પ્રતનાં પાનાં ૧૩૮/૧ ઉપરથી.

ચિત્ર ૧૧૮. શ્રીધુલેવા ગઢ ઋષભદેવ કેસરીઆનાથ (પાનું ૯૧). ચિત્રમાં જમણી બાજુએ, ઉદેપુર (મેવાડ)ની નજીક આવેલા, ધૂલેવા નગરમાં, અઢારે વર્ણથી પૂજાતા શ્રીઋષભદેવની મૂર્તિ કે જે, કેસરીઆનાથના નામથી જગતભરમાં પ્રસિદ્ધ છે, તેની અહીં રજૂઆત કરેલી છે. પ્રતનાં પાના ૧૩૮/૧ ઉપરથી.

ચિત્ર ૧૧૯. ચંદ્રકુમરે ગુરુ પાસે વ્રત લીધૌ (પાનું ૯૨). ચિત્રમાં ગુરુમહારાજ,

વ્યાખ્યાનની પાટ ઊપર બેસીને, સન્મુખ ઊભા રહેલા ચંદ્રકુમારને વ્રત ઉચ્ચરાવે છે. પ્રતનાં પાનાં ૧૪૪ ઊપરથી.

ચિત્ર ૧૨૦. સૂઅર ચીતરાનો સંગ્રામ (પાનું ૯૩). ચિત્રમાં ડાબી બાજુએ, ઊપરના ભાગમાં સૂઅર અને ચીત્તો પૂર્વ ભવનાં વૈરને લીધે લડી રહેલાં છે. પ્રતનાં પાનાં ૧૪૫/૧ ઊપરથી.

ચિત્ર ૧૨૧. બે સૂઅર રૂપ (પાનું ૯૩). ચિત્રમાં મધ્ય ભાગમાં બે સૂઅરો, પૂર્વ ભવનાં વૈરને લીધે લડી રહેલાં છે. પ્રતનાં પાનાં ૧૪૫/૧ ઊપરથી.

ચિત્ર ૧૨૨. બે મૃગ રૂપ (પાનું ૯૩). ચિત્રમાં જમણી બાજુએ બે હરણો, પૂર્વ ભવનાં વૈરને લીધે લડી રહેલાં છે. પ્રતનાં પાનાં ૧૪૫/૧ ઊપરથી.

ચિત્ર ૧૨૩. દોય હાથી રૂપ (પાનું ૯૩). ચિત્રમાં ડાબી બાજુના નીચેના ભાગમાં બે હાથી, પૂર્વ ભવનાં વૈરને લીધે લડી રહેલાં છે. પ્રતનાં પાનાં ૧૪૫/૧ ઊપરથી.

ચિત્ર ૧૨૪. ચંદરાજારૈ નજરાણૈ હાથી આણ્યો (પાનું ૯૩). ચિત્રમાં ડાબી બાજુએ, સિંહાસન ઊપર બેઠેલા ચંદ્રરાજાને, ભીલ હાથી ભેટમાં આપે છે. પ્રતનાં પાનાં ૧૪૫ ઊપરથી.

ચિત્ર ૧૨૫. રાજા કેવલગ્યાંની ગુરાંનૈ પૂછૈ (પાનું ૯૩). ચિત્રની જમણી બાજુ, વૃક્ષની નીચે બેસીને ધર્મનો ઉપદેશ આપતાં કેવલજ્ઞાની ગુરૂ મહારાજને ચંદ્રરાજા હાથી માંહોમાંહે કેમ લડી મરે છે, એમ પૂછે છે. પ્રતનાં પાનાં ૧૪૫ ઊપરથી.

ચિત્ર ૧૨૬. વસુરાજાયૈ નારદ આગૈ જૂઠ બોલ્યૌ (પાનું ૯૪). ચિત્રમાં રાજ-સિંહાસન ઊપર બેઠેલો વસુરાજા નારદઋષિ પાસે જૂઠું બોલવાથી, દેવતાએ વસુરાજાને સિંહાસન ઊપરથી ઉંધો પાડી દીધેલ છે. પ્રતનાં પાનાં ૧૪૬ ઊપરથી.

ચિત્ર ૧૨૭. નાગિલ વિદ્યાધરી રૂપ (પાનું ૯૯). ચિત્રમાં પલંગ ઊપર નાગિલ શ્રાવક અને નંદાનું રૂપ લઈને આવેલી વિદ્યાધરી પલંગ ઊપર બેઠેલાં છે. ભૂલથી ચિત્ર ૧૨૧ છપાઈ ગયેલ છે. ભાગ્યવશાત્, પિયેર ગયેલી નંદા તે વખતે ત્યાં આવી ચડે છે. પ્રતના પાનાં ૧૪૯ ઊપરથી.

ચિત્ર ૧૨૮. નાગિલ, નંદા દીક્ષા લીધી, શાસનદેવતાયૈ વેસ આપ્યૌ (પાનું ૯૯). ચિત્રમાં નંદા શ્રાવિકાને, શાસનદેવતા સાધ્વીના કપડાં તથા રજોહરણ આપતી દેખાય છે. પ્રતનાં પાનાં ૧૫૦/૧ ઊપરથી. ભૂલથી ચિત્ર ૧૨૨ છપાઈ ગએલ છે.

ચિત્ર ૧૨૯. શ્રીભદ્રબાહુ ગુરાંને સૂરસેન અને મહસેન બે ભાઈએ વાંદ્યા ભાવૈ (પાનું ૧૦૮). ચિત્રમાં વૃક્ષની નીચે બેઠેલા શ્રીભદ્રબાહુસ્વામીને વંદન કરીને, સૂરસેન અને મહસેન બે ભાઈઓ ધર્મોપદેશ સાંભળતાં બેઠેલા છે. પ્રતનાં પાનાં ૧૫૯ની ડાબી બાજુ ઊપરથી. ભૂલથી ચિત્ર ૧૨૩ છપાઈ ગએલ છે.

ચિત્ર ૧૩૦. ધીર, વીર ભાઈયે સાધુને સર્પે ડસ્યા જાણ્યા (પાનું ૧૦૯). ચિત્રમાં જમણી બાજુએ, સાધુને સર્પ કરડવા આવતો દેખાડેલો છે. અને સામે ઊભેલા ધીર અને વીર નામના બે ભાઈઓ, તે જૂએ છે. પ્રતના પાનાં ૧૫૯ ઊપરથી. ભૂલથી ચિત્ર ૧૨૪ છપાઈ ગએલ છે.

ચિત્ર ૧૩૧. સામાયિક કરતા શ્રાવક રૂપ (પાનું ૧૦૯). ચિત્રમાં બાજોઠ ઊપર સ્થાપનાજીની સ્થાપના કરીને, તેની સન્મુખ બેઠેલો શ્રાવક સામાયિક કરતો દેખાય છે. પ્રતનાં પાનાં ૧૬૧/૧ ઊપરથી. ભૂલથી ચિત્ર ૧૨૫ છપાઈ ગએલ છે.

ચિત્ર ૧૩૨. તારાપીડ રાજા, સુમતિ મંત્રિ (પાનું ૧૧૨). ચિત્રમાં સાધુ થએલા સુમતિ મંત્રિ, સન્મુખ બેઠેલા તારાપીડ રાજાને ધર્મનો ઉપદેશ આપે છે. પ્રતનાં પાનાં ૧૬૩ ઊપરથી. ભૂલથી ચિત્ર ૧૨૬ છપાઈ ગએલ છે.

ચિત્ર ૧૩૩. પોસહ સામાયકધારી શ્રાવક (પાનું ૧૧૩). ચિત્રમાં ગુરુ મહારાજ પાસે પોસહ અને સામાયિક લઈને શ્રાવકો બેઠેલા છે. પ્રતનાં પાનાં ૧૬૫ ઊપરથી.

ચિત્ર ૧૩૪. પોસહ સામાયકધારી શ્રાવિકા (પાનું ૧૧૩). ચિત્રમાં સાધવીજી પાસે પોસહ અને સામાયિક લઈને શ્રાવિકાઓ બેઠેલી છે. પ્રતનાં પાનાં ૧૬૫ ઊપરથી.

ચિત્ર ૧૩૫. ચુલણીપિતાને દેવે ચુકાવ્યો, માતાયે ધર્મને વિષે દૃઢ કીધો (પાનું ૧૧૪). ચિત્રમાં ચુલણીપિતાને, દેવે પોસહમાંથી ચલિત કરવાથી સન્મુખ બેઠેલી તેની માતા ઊપદેશ આપીને, ધર્મમાં દૃઢ કરતી દેખાય છે. પ્રતનાં પાનાં ૧૬૭ ઊપરથી.

ચિત્રમાં ૧૩૬. શ્રીમહાવીરસ્વામીને ચુલણીપિતાયે વાંદ્યા, પોસહ ચૂકયાની આલોયણ લીધી (પાનું ૧૧૪). ચિત્રમાં ચૈત્યવૃક્ષની નીચે બિરાજમાન થએલા શ્રીમહાવીરસ્વામી પાસે, ચૂલણીપિતા પોસહમાં ચલિત થયાનું પ્રાયશ્ચિત માગે છે. પ્રતનાં પાનાં ૧૬૭ ઊપરથી.

ચિત્ર ૧૩૭. ધન્નૈ મારગમેં સાધુને દાન દીધૌ (પાનું ૧૧૬). ચિત્રમાં મુસાફરી કરતાં, રસ્તામાં માસખમણ કરેલા મુનિ મહારાજનો યોગ મલવાથી, ધન્નાએ પોતાની પાસેના ભાથાનું દાન દીધું. પ્રતનાં પાનાં ૧૭૧ ઊપરથી.

ચિત્ર ૧૩૮. ધન્નૌ ઘરે આયો. સુપાત્રદાન પ્રભાવે ધનવંત થયો. શાસનદેવતાયે દરસણ દીધઉ (પાનું ૧૧૬). ચિત્રમાં મુનિ મહારાજને રસ્તામાં આપેલા સુપાત્ર દાનના પ્રભાવે, ધન્નાને ખૂબ લક્ષ્મીની પ્રાપ્તિ થઈ અને પોતાની પત્ની સાથે સુખ ભોગવતો દેખાડ્યો છે. વળી, તેના ઘેર હમેશાં મુનિમહારાજ વહોરવા આવે છે, તે દેખાડવા તેના ઘર તરફ વહોરવા આવતા મુનિમહારાજ દેખાડેલા છે. પ્રતનાં પાનાં ૧૭૧ ઊપરથી.

ચિત્ર ૧૩૯. દશારણભદ્રની અસવારી. વીર સમવસરણ. ઇંદ્રરી અસવારી. (પાનું ૧૧૯). ચિત્રમાં ડાબી બાજુએ, ઊપરના ભાગમાં દશાર્ણભદ્ર રાજા પ્રભુ મહાવીરસ્વામીનું

ખૂબ ધામધૂમ પૂર્વક સામૈયુ કરવા જતો દેખાય છે. મધ્યભાગમાં પ્રભુ મહાવીર સમવસરણમાં બિરાજમાન થએલા છે. જમણી બાજુએ, ઇંદ્ર રાજા દશાર્ણભદ્રનો ગર્વ ઉતારવા માટે ઐરાવત હાથીઓ અને દેવતાઈ નાટકો વગેરેની રચના કરીને મહામહોત્સવપૂર્વક પ્રભુ મહાવીરનું સામૈયું કરવા આવતો દેખાય છે. તે દેખીને દશાર્ણભદ્ર રાજાનો ગર્વ ઉતરી જવાથી, ચિત્રની ડાબી બાજુએ નીચેના ભાગમાં રાજા દશાર્ણભદ્ર સાધુ પણું અંગીકાર કરેલું અને ઇંદ્ર, તેમને વંદન કરતો બતાવેલ છે. ચિત્રનું સંયોજન ઉત્તમ પ્રકારનું છે. પ્રતનાં પાનાં ૧૭૩ ઉપરથી.

ચિત્ર ૧૪૦. ગુરુ આગે ઉભો શ્રાવક પડિકમણાંમે તસધમ્મસ્સ ચિંતવે-કહે (પાનું ૧૨૨). ચિત્રમાં ગુરુ મહારાજની સન્મુખ ઊભેલો શ્રાવક પ્રતિક્રમણમાં તસ્સધમ્મસ્સ કહે છે. પ્રતનાં પાનાં ૧૭૭ ઊપરથી.

ચિત્ર ૧૪૧. શિષ્યે ગુરુને કાંધે ચઢાવ્યા (પાનું ૧૨૫). ચિત્રમાં અંધારી રાત્રે નવદીક્ષિત શિષ્યની કાંધ ઊપર ચંડરુદ્રાચાર્ય બેઠેલા છે, અને શિષ્ય જંગલમાં સીધેસીધો ચાલ્યો જાય છે. પ્રતનાં પાનાં ૧૭૯ ઊપરથી.

ચિત્ર ૧૪૨. દોથાં ગુરુચેલે કેવલગ્યાન પામ્યૌ (પાનું ૧૨૫). ચિત્રમાં શિષ્યને અંધારી રાતે, કોઈપણ જાતની સ્ખલના વગર ચાલી જતો જોઈને ચંડરુદ્રાચાર્ય પૂછે છે કે, તને શું જ્ઞાન ઉત્પન્ન થયું છે કે તું સીધેસીધો ચાલ્યો જાય છે. શિષ્યે હા પાડવાથી અને શિષ્યને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે તેમ જાણવાથી, કાંધ ઊપરથી ઊતરીને, શિષ્યની ક્ષમા માગતાં, ચંડરુદ્રાચાર્યને પણ કૈવલ્યજ્ઞાન ઊત્પન્ન થાય છે. ગુરુ અને શિષ્ય બંને જણાં શાસનદેવતાએ રચેલા સુવર્ણકમલ ઊપર બિરાજમાન થએલા છે. ચિત્રમાં જમણી બાજુએ ઊપરના ખૂણામાં અંતરીક્ષમાં રહેલા દેવ વિમાનથી ઊતરતા શાસનદેવતાની પણ ચિત્રકારે રજૂઆત કરેલી છે. પ્રતનાં પાનાં ૧૭૯ ઊપરથી.

ચિત્ર ૧૪૩. જીરણ સેઠ ઘર દ્વારે ભાવના ભાવે (પાનું ૧૨૮). ચિત્રમાં ડાબી બાજુએ, જીરણ સેઠ પોતાના ઘરના દરવાજે જ, પ્રભુ મહાવીર પારણું કરવા માટે, પોતાને ત્યાં વહોરવા પધારશે, તેવી ભાવના ભાવતા બેઠેલાં છે. ઘરની અંદર તેમનાં પત્ની રસોઈ કરતાં બેઠેલાં છે. પ્રતનાં પાનાં ૧૮૨ ઊપરથી.

ચિત્ર ૧૪૪. પ્રભુજી અભિનવ સેઠને ઘર દ્વારે પારણૌ કીધૌ (પાનું ૧૨૮). ચિત્રમાં પ્રભુ મહાવીર ગોચરી માટે ફરતાં ફરતાં, અભિનવ શેઠના ઘરનાં દરવાજા આગળ આવીને પારણું કરે છે. પ્રભુને અભિનવ શેઠની દાસી પારણું કરાવે છે. મકાનના ઊપરના ભાગના ગોખમાં અભિનવ શેઠ બેઠો છે, પ્રતનાં પાનાં ૧૮૨ ઊપરથી.

ચિત્ર ૧૪૫. સાગરચંદ્રે પોસો લીધૌ, નભસેને તેહને માથૈ અગ્નિ મુંકી કાંઠામૈ (પાનું ૧૩૬). ચિત્રમાં સાગરચંદ્ર કુમાર પૌષધ લઈને કાઉસગ્ગમાં ઊભેલા છે, અને

બાજુમાં ઊભેલો નલસેન કુમાર, કુટેલા ઘડાનો કાંઠલો સાગરચંદ્રના મસ્તક ઊપર મૂકીને અંદર કોલસા ભરતો દેખાય છે. પ્રતનાં પાનાં ૧૮૨ ઊપરથી.

ચિત્ર ૧૪૬. ચંદ્રાવતંસકે દીપકનૌ અવગ્રહ કીધૌ દાસીયે તેલ પૂર્યૌં (પાનું ૧૩૭). ચિત્રમાં ચંદ્રાવતંસકે દીપકમાં તેલ હોય ત્યાંસુધીનો અવગ્રહ રાખીને, કાઉસગ્ગ કર્યો. દાસી રાજા અંધારામાં અથડાઈ ન પડે તે માટે; વારે વારે દીપકમાં તેલ પૂરવા લાગી. પ્રતનાં પાનાં ૧૮૨ ઊપરથી.

ચિત્ર ૧૪૭. અથ શ્રીધર્માચાર્યાગ્રે સાધુ, શ્રાવક પ્રતિક્રમણરૂપ મંડલી (પાનું ૧૩૭). ચિત્રમાં આચાર્ય મહારાજ આસન ઊપર બેઠેલા છે; અને તેમની બાજુમાં તથા સન્મુખ સાધુ મુનિરાજો તથા શ્રાવકો પ્રતિક્રમણ કરી રહ્યા છે. પ્રતનાં પાનાં ૨૦૫ ઊપરથી.

# ચિત્રાનુક્રમ


| ચિત્ર | વિષય | પાનું |
|---|---|---|
| ૧ | શ્રી અરિહંત | ૨ |
| ૨ | શ્રી સિદ્ધ | ૩ |
| ૩ | શ્રી આચાર્ય | ૪ |
| ૪ | શ્રી ઉપાધ્યાય | ૪ |
| ૫ | શ્રી સાધુ | ૫ |
| ૬ | શ્રી સિદ્ધચક્ર | ૯ |
| ૭ | શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિ | ૨૧ |
| ૮-૯ | સાધુનાં પરીસહ | ૨૬ |
| ૧૦ | સર્પ ફુલની માળા થયો | ૨૭ |
| ૧૧ | મંત્ર જપતો યોગી અને મડદાનાં પગ મસલતો શિવકુમાર | ૨૯ |
| ૧૨ | જિનદાસ શ્રાવક બીજોરાનું ફલ લેવા વાડીમાં જાય છે. | ૩૧ |
| ૧૩ | ચંડપિંગલ શૂળી ઉપર | ૩૨ |
| ૧૪ | રાજકુમાર પુરંદરનો જન્મ | ૩૨ |
| ૧૫ | હુંડક ચોરને શૂળીએ ચઢાવ્યો અને મરી વ્યંતર થઈ શિલા વિકૂર્વી. | ૩૪ |
| ૧૬ | સાધુ, પર્વત ઉપર ભીલ, ભીલડીને ઉપદેશ આપે છે. | ૩૫ |
| ૧૭ | રાજસિંહકુમાર વનમાં જાય છે. | ૩૫ |
| ૧૮ | પ્રજા રાજા પાસે પોકાર કરવા આવે છે. | ૩૬ |
| ૧૯ | રાજસિંહકુમાર અને સુમતિ મંત્રી પરદેશ જવા નીકળે છે. | ૩૬ |
| ૨૦ | રાજસિંહકુમાર અને રાક્ષસનો સંવાદ | ૩૬ |
| ૨૧ | રાજસિંહકુમાર પોતાનું માંસ કાપીને આપવા લાગ્યો | ૩૭ |
| ૨૨ | રાજસિંહના કપાળમાં વિદ્યાધરે તિલક કર્યું. | ૩૭ |
| ૨૩ | વિદ્યાધરી રાજસિંહને કપાળમાં તિલક કરે છે. | ૩૭ |
| ૨૪ | બંને મિત્રો સ્ત્રીરૂપમાં આદીશ્વરના દેરાસર બહાર | ૩૮ |
| ૨૫ | સ્ત્રી રૂપમાં બંને મિત્રો ઊભા છે. | ૩૮ |
| ૨૬ | રત્નવતી, સ્ત્રીરૂપે રહેલા બંનેને પોતાની સાથે લઈ જાય છે. | ૩૮ |
| ૨૭ | રાજસિંહ અને રત્નવતીનાં લગ્ન | ૩૯ |
| ૨૮ | રાજસિંહ અને રત્નવતીનું સામૈયું | ૩૯ |
| ૨૯ | રાજસિંહકુમારનો રાજ્યાભિષેક | ૩૯ |
| ૩૦ | મૃગાંક રાજા દીક્ષા લે છે. | ૪૦ |
| ૩૧ | રાજસિંહકુમાર અને રાણી રત્નવતી ઉપદેશ સાંભળે છે. | ૪૦ |
| ૩૨ | રાજસિંહરાજા મરણ પામી બ્રહ્મેંદ્રપણે ઉત્પન્ન થયો. | ૪૦ |
| ૩૩ | વૃક્ષ અને વેલડી | ૪૨ |
| ૩૪ | વાઉકાય વગેરે એકેંદ્રિય જીવો | ૪૩ |
| ૩૫ | શંખ, છીપ વગેરે બેઇંદ્રિય જીવો | ૪૩ |
| ૩૬ | વીંછી, ગોગા ગાવડી વગેરે ચઉરિંદ્રિય જીવો | ૪૩ |
| ૩૭ | મગરમચ્છ, કાચબાદિક જલચર જીવો | ૪૩ |
| ૩૮ | સિંહ, હાથી, વાઘ વગેરે સ્થલચર જીવો | ૪૩ |
| ૩૯ | હંસ, મયૂરાદિક ખેચર જીવો | ૪૩ |
| ૪૦ | અંતર્દ્વીપોની આકૃતિ | ૪૫ |
| ૪૧-૪૨ | જંબૂદ્વીપની બંને બાજુએ વિસ્તરેલી લવણ સમુદ્રની દાઢાઓ | ૪૫ |
| ૪૩ | યુગલિક મનુષ્યો | ૪૫ |
| ૪૪ | નારકીના જીવોને વિવિધ જાતિની વેદના ઉપજાવતા પરમાધામીઓ | ૪૫ |
| ૪૫ | અસુરકુમાર વગેરે ૮ ભુવનપતિનું ચિત્ર | ૪૫ |
| ૪૬ | વાયુકુમાર અને સનતકુમારનું ચિત્ર | ૪૫ |
| ૪૭ | શ્રીદેવીનું ચિત્ર | ૪૫ |
| ૪૮ | પિશાચ વગેરે આઠ વ્યંતરનું ચિત્ર | ૪૫ |
| ૪૯ | અણપન્ની વગેરે આઠ વાણવ્યંતરનું ચિત્ર | ૪૬ |
| ૫૦ | ચંદ્રમા વગેરે જ્યોતિષી દેવોનું ચિત્ર | ૪૬ |

| ચિત્ર | વિષય | પાનું |
|---|---|---|
| ૫૧ | ચૌદરાજલોકનું ચિત્ર | ૪૬ |
| ૫૨ | પ્રભુ મહાવીરનું સમવસરણ | ૪૬ |
| ૫૩ | શ્રીગૌતમસ્વામીજી અને અઈમુત્તાકુમાર | ૪૭ |
| ૫૪ | અઈમુત્તો, ગૌતમસ્વામીની સાથે | ૪૭ |
| ૫૫ | પ્રભુ મહાવીર દેશના આપતાં | ૪૭ |
| ૫૬ | તલાવડીમાં નાવડી ચલાવતા અઈમુત્તા મુનિ | ૪૭ |
| ૫૭ | પ્રભુ મહાવીર પાસે અઈમુત્તા મુનિ | ૪૮ |
| ૫૮ | શ્રી ઋષભદેવજી | ૫૦ |
| ૫૯ | શ્રી અજિતનાથજી | ૫૦ |
| ૬૦ | શ્રી સંભવનાથજી | ૫૦ |
| ૬૧ | શ્રી અભિનંદનસ્વામી | ૫૦ |
| ૬૨ | ,, સુમતિનાથજી | ૫૧ |
| ૬૩ | ,, પદ્મપ્રભુસ્વામી | ૫૧ |
| ૬૪ | ,, સુપાર્શ્વનાથજી | ૫૨ |
| ૬૫ | ,, ચંદ્રપ્રભુસ્વામી | ૫૨ |
| ૬૬ | ,, સુવિધિનાથજી | ૫૩ |
| ૬૭ | ,, શીતલનાથજી | ૫૩ |
| ૬૮ | ,, શ્રેયાંસનાથજી | ૫૩ |
| ૬૯ | ,, વાસુપુજ્યસ્વામીજી | ૫૪ |
| ૭૦ | ,, વિમલનાથજી | ૫૪ |
| ૭૧ | ,, અનંતનાથજી | ૫૫ |
| ૭૨ | ,, ધર્મનાથજી | ૫૫ |
| ૭૩ | ,, શાંતિનાથજી | ૫૬ |
| ૭૪ | ,, કુંથુનાથજી | ૫૬ |
| ૭૫ | ,, અરનાથજી | ૫૬ |
| ૭૬ | ,, મલ્લિનાથજી | ૫૭ |
| ૭૭ | ,, મુનિસુવ્રતસ્વામીજી | ૫૭ |
| ૭૮ | ,, નમિનાથજી | ૫૭ |
| ૭૯ | ,, નેમિનાથજી | ૫૮ |
| ૮૦ | ,, પાર્શ્વનાથજી | ૫૮ |
| ૮૧ | ,, મહાવીરસ્વામીજી | ૫૯ |
| ૮૨ | ,, શત્રુંજયગીરીરાજ | ૬૧ |
| ૮૩ | શ્રીગીરનારજી તીર્થ | ૬૧ |
| ૮૪ | સાચોર નગરે મહાવીર | ૬૧ |
| ૮૫ | ભરૂચનગરે મુનિસુવ્રત | ૬૧ |
| ૮૬ | મુહરી ગામે શ્રીપાર્શ્વ | ૬૧ |
| ૮૭ | બ્રાહ્મણવાડે મહાવીર | ૬૨ |
| ૮૮ | માલવા દેશમાં મગસીજી | ૬૨ |
| ૮૯ | શ્રી તારંગાજી તીર્થ | ૬૨ |
| ૯૦ | ,, આબુજી તીર્થ | ૬૨ |
| ૯૧ | ,, સમેતશીખરજી તીર્થ | ૬૨ |
| ૯૨ | ,, વરકાણાતીર્થ | ૬૩ |
| ૯૩ | ,, નાડોલ તીર્થ | ૬૩ |
| ૯૪ | ,, નાડલાઈ તીર્થ | ૬૩ |
| ૯૫ | રાણકપુર તીર્થ | ૬૩ |
| ૯૬ | મૂછાળા મહાવીર | ૬૩ |
| ૯૭ | મેરુ પર્વત | ૬૩ |
| ૯૮ | શાશ્વતા જિનપ્રાસાદ | ૬૩ |
| ૯૯ | ગીરનાર તીર્થની તળેટીમાં શ્વેતાંબર દિગંબર સંઘ | ૭૨ |
| ૧૦૦ | શ્રી અષ્ટાપદ તીર્થ | ૭૪ |
| ૧૦૧ | પ્રભુ મહાવીરનું સમવસરણ | ૭૫ |
| ૧૦૨ | શાસનદેવનું રૂપ | ૭૫ |
| ૧૦૩ | શાસનદેવી અંબિકા | ૭૫ |
| ૧૦૪ | દ્વાદશાવર્ત વંદન | ૭૮ |
| ૧૦૫ | શ્રી કૃષ્ણ, નેમિનાથજીને વંદન કરવા જાય છે. | ૮૧ |
| ૧૦૬ | શ્રી કૃષ્ણ અને વીરો સાળવી સાધુઓને વંદન કરે છે. | ૮૨ |
| ૧૦૭ | શ્રી મહાવીરસ્વામી | ૮૯ |
| ૧૦૮ | રાજા શ્રેણિક | ૮૯ |
| ૧૦૯ | શ્રી પદ્મનાભ તીર્થંકર | ૮૯ |
| ૧૧૦ | સિદ્ધપુરુષ અને બે બ્રાહ્મણો | ૮૯ |
| ૧૧૧ | ધારાદેવી અને ચામુંડાદેવી | ૮૯ |
| ૧૧૨ | દેવતાનું નાટક જોતાં આચાર્ય | ૯૦ |
| ૧૧૩ | ગુરુ અને ૭ બાળકો | ૯૦ |

| ચિત્ર | વિષય | પાનું |
|---|---|---|
| ૧૧૪ | ગુરુની ઝોળીમાંથી પાતરૂં કાઢતો શ્રાવક | ૯૦ |
| ૧૧૫ | શ્રી અવંતી પાર્શ્વનાથજી | ૯૧ |
| ૧૧૬ | શ્રી ગોઠીપાર્શ્વનાથજી | ૯૧ |
| ૧૧૭ | શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથજી | ૯૧ |
| ૧૧૮ | શ્રી કેસરીયાનાથજી | ૯૧ |
| ૧૧૯ | ગુરુ પાસે વ્રત લેતો ચંદ્રકુમાર | ૯૨ |
| ૧૨૦ | ચીતડા અને ભીલપુત્રનું યુદ્ધ | ૯૩ |
| ૧૨૧ | બે સૂઅરોનું યુદ્ધ | ૯૩ |
| ૧૨૨ | બે હરણોનું યુદ્ધ | ૯૩ |
| ૧૨૩ | બે હાથીઓનું યુદ્ધ | ૯૩ |
| ૧૨૪ | ચંદ્ર રાજાને હાથી ભેટમાં આપતો શિકારી | ૯૩ |
| ૧૨૫ | ગુરુમહારાજ અને ચંદ્રરાજા | ૯૩ |
| ૧૨૬ | વસુરાજાના દરબારમાં નારદ અને પર્વત | ૯૪ |
| ૧૨૭ | નાગિલ અને વિદ્યાધરી | ૯૯ |
| ૧૨૮ | નાગિલને સાધુનો વેષ આપતી શાસનદેવતા | ૯૯ |
| ૧૨૯ | ગુરુનો ઉપદેસ સાંભળતા બંને રાજપુત્રો | ૧૦૮ |
| ૧૩૦ | બંનેએ દીક્ષા લીધી | ૧૦૯ |
| ૧૩૧ | સામાયિક કરતો શ્રાવક | ૧૦૯ |
| ૧૩૨ | સુમતિ સાધુનો ઉપદેશ સાંભળતો તારાપીડ રાજા | ૧૧૨ |
| ૧૩૩ | સામાયિક-ધારી શ્રાવક | ૧૧૩ |
| ૧૩૪ | સામયિકધારી શ્રાવિકા | ૧૧૩ |
| ૧૩૫ | ચૂલણીપિતાને માતા ધર્મમાં દઢ કરે છે | ૧૧૪ |
| ૧૩૬ | પ્રભુ મહાવીર પાસે ચૂલણીપિતા | ૧૧૪ |
| ૧૩૭ | સાધુને વહોરાવતો ધન શેઠ | ૧૧૬ |
| ૧૩૮ | ધન શેઠ હવેલીમાં બેઠેલ છે | ૧૧૬ |
| ૧૩૯ | દશાર્ણભદ્ર રાજાનું સામૈયું | ૧૧૯ |
| ૧૪૦ | ગુરુસન્મુખ તસ્સધમ્મસ્સ બોલતો શ્રાવક | ૧૨૨ |
| ૧૪૧ | શિષ્યની કાંધ ઊપર બેઠેલા ચંડરૂદ્રાચાર્ય | ૧૨૫ |
| ૧૪૨ | ગુરુ-શિષ્ય બંનેને ઉત્પન્ન થએલું કેવલજ્ઞાન | ૧૨૫ |
| ૧૪૩ | પ્રભુની રાહ જોઈને ઊભેલા જીરણુ શેઠ | ૧૨૮ |
| ૧૪૪ | અભિનવ શેઠને ઘેર પારણું કરતા શ્રીમહાવીર | ૧૨૮ |
| ૧૪૫ | સાગરચંદ્રને પૌષધમાં ઉપસર્ગ | ૧૩૬ |
| ૧૪૬ | ચંદ્રાવતંસક રાજા કાઉસગ્ગમાં | ૧૩૭ |
| ૧૪૭ | આચાર્ય મહારાજ પાસે સાધુ તથા શ્રાવક સમૂહમાં પ્રતિક્રમણ કરતાં | ૧૩૭ |


## વિષયાનુક્રમ


શ્રી નવકાર મંત્ર બાલાવબોધ પ્રાચીન ૧–૭

ષડાવશ્યક બાલવબોધ

૧ શ્રી નવકાર સૂત્ર–બાલવબોધ ૮–૧૫

૨ શ્રી પંચિંદિય સૂત્ર બાલાવબોધ ૧૬–૨૭

નમસ્કાર મહામંત્રના ગુણ ઊપર ૬ કથાઓ

સતી શ્રીમતીની કથા–૧ ૨૭–૨૯

શિવકુમારની કથા–૨ ૨૯–૩૦

જિણદાસ શ્રાવકની કથા–૩ ૩૧–૩૨

ચંડપિંગલ ચોરની કથા–૪ ૩૨–૩૩

હુંડિક ચોરની કથા–૫ ૩૩–૩૪

રાજસિંહકુમારની કથા–૬ ૩૪–૪૦

ચૈત્યવંદનાધિકાર ૪૦

૩ ખમાસમણ અથવા પ્રણિપાત સૂત્ર ૪૧

૪ ઇરિયાવહિયં સૂત્ર ૪૧–૪૩

૫ તસ્સઉત્તરી સૂત્ર ૪૪–૪૬

ઇરિયાવહિ ઊપર અતિમુક્તકની કથા ૪૬–૪૮

૬ અન્નત્થ ઊસસિએણં સૂત્ર ૪૮–૪૯

૭ શ્રી લોગસ્સ-નામસ્તવ-સૂત્ર ૪૯–૬૦

૮ શ્રી જગચિંતામણિ ચૈત્યવંદન સૂત્ર ૬૦–૬૨

૯ શ્રી જંકિંચિ સૂત્ર ૬૨–૬૩

૧૦ શ્રીનમુત્થૂણં–શક્રસ્તવ ૬૩–૬૪

૧૧ શ્રી જાવંતિ ચેઈઆઈ સૂત્ર ૬૪

૧૨ શ્રી જાવંત કે વિ સાહૂ સૂત્ર ૬૫
૧૩ શ્રી ઉપસર્ગહર સ્તવન ૬૫–૬૭
૧૪ શ્રી જયવીયરાય સૂત્ર ૬૭–૬૯
૧૫ શ્રી અરિહંત ચેઇયાણું સૂત્ર ૬૯
૧૬ શ્રી પુક્ખરવરદી વડ્ઢે વા શ્રુતસ્તવ સૂત્ર ૭૦–૭૧
૧૭ શ્રી સિદ્ધાણું બુદ્ધાણું વા સિદ્ધસ્તવ સૂત્ર ૭૧–૭૫
૧૮ શ્રી વેયાવચ્ચગરાણું સૂત્ર ૭૫
૧૯ શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર ૭૫
૨૦ શ્રી કલ્લાણકંદં સ્તુતિ ૭૫–૭૬
૨૧ શ્રી સંસારદાવાનલની સ્તુતિ ૭૬–૭૭
૨૨ શ્રી સુગુરુવંદના સૂત્ર ૭૭–૮૨
ગુરુવંદન ઊપર વીરા સાળવીની કથા ૮૧–૮૨
૨૩ સામાયિક કરેમિભંતે સૂત્ર ૮૨
૨૪ સવ્વસ વિ દેવસિઅં સૂત્ર ૮૨
૨૫ અતિચાર ગાથા સૂત્ર ૮૨–૮૫
૨૬ દેવસિઅં આલોઉ સૂત્ર ૮૫
૨૭ ઇચ્છામિ ઠામિ સૂત્ર ૮૫
૨૮ શ્રી વંદિત્તુ-શ્રાવકનું પ્રતિક્રમણ સૂત્ર ૮૬–૧૨૪
શંકા ઊપર દૃષ્ટાંત ૮૯
કાંક્ષા ઊપર દૃષ્ટાંત ૮૯
વિચિકિત્સા ઊપર આષાઢાભૂતિનું દૃષ્ટાંત ૮૯–૯૦
૧ પ્રાણાતિપાત વિરમણવ્રત ઊપર સૂર અને ચંદ્રની કથા ૯૨–૯૩
૨ મૃષાવાદ વિરમણવ્રત ઊપર વસુરાજા અને નારદની કથા ૯૩–૯૪
૩ ત્રીજાવ્રત ઊપર વંચક શેઠની કથા ૯૬
૪ ચોથા વ્રત ઊપર નાગિલની કથા ૯૮–૯૯
૫ પાંચમા પરિગ્રહની અતૃપ્તિ ઊપર કુચિકર્ણ અને તિલક શેઠની કથા ૧૦૦–૧૦૧
નંદ રાજાની કથા ૧૦૧
પહેલા ગુણવ્રત ઊપર સિંહ શ્રેષ્ઠિની કથા ૧૦૨–૧૦૩
સાતમા ભોગોપભોગ વ્રત ઊપર ધર્મરાજાની કથા ૧૦૪–૧૦૫
સૂરસેનની કથા ૧૦૮–૧૦૯
સામાયિક ઊપર ડોકરીની કથા ૧૦૯–૧૧૦
સુમિત્ર મંત્રિની કથા ૧૧૧–૧૧૨
પોસહવ્રત ઊપર ચૂલણીપિતાની કથા ૧૧૩–૧૧૪
ધનશ્રેષ્ઠિની કથા ૧૧૬
ઋદ્ધિગૌરવ ઊપર દશાર્ણભદ્ર રાજાની કથા ૧૧૮–૧૧૯
રસગારવ ઊપર આર્યમંગુની કથા ૧૧૯–૧૨૦
શાતા ગારવ ઊપર શશિ રાજાની કથા ૧૨૦
મંત્રના મહિમા ઊપર એક ડોશીની કથા ૧૨૧
૨૯ શ્રી અબ્ભુટ્ઠિઓ સૂત્ર ૧૨૪–૧૨૫
અપરાધ ખમાવવા ઊપર કથા ૧૨૪–૧૨૫
૩૦ શ્રી આયરિય ઉવજ્ઝાએ સૂત્ર ૧૨૫–૧૨૬
૩૧ શ્રી શ્રુતદેવતાની સ્તુતિ ૧૨૬
૩૨ શ્રી ક્ષેત્રદેવતાની સ્તુતિ ૧૨૬
૩૩ શ્રી કમલદલ સ્તુતિ ૧૨૬
૩૪ શ્રી ક્ષેત્રદેવતાની સ્તુતિ ૧૨૭
૩૫ શ્રી ભુવનદેવતાની સ્તુતિ ૧૨૭
૩૬ શ્રી વરકનક સૂત્ર ૧૨૭
૩૭ શ્રી અડ્ઢાઇજ્જેસુ સૂત્ર ૧૨૭
ભક્તિભાવ ઊપર જીરણ શેઠની કથા ૧૨૭–૧૨૯
૩૮ શ્રી પચ્ચક્ખાણ સૂત્ર ૧૨૯–૧૩૫
૩૯ શ્રી ચઉક્કસાય સૂત્ર ૧૩૫
૪૦ સામાયિક પારવાનું સૂત્ર ૧૩૫–૧૩૬
૪૧ પોસહ પારવાનું સૂત્ર ૧૩૬–૧૩૭
૪૨ શ્રી કલ્લાણકંદં સ્તુતિ ૧૩૭–૧૩૮
૪૩ શ્રી સ્નાતસ્યાની સ્તુતિ ૧૩૮–૧૩૯
૪૪ શ્રી સંથારા પોરિસી સૂત્ર ૧૩૯–૧૪૨

# શ્રીનવકાર મંત્ર બાલાવબોધ

નમો અરિહંતાણં માહરુ નમસ્કાર અરિહંતનઈ હુ। જે અરિહંત ભગવંત, ચઉત્રીસ અતિશય સહિત, વિહરમાન પ્રગટ હુઇ, તે કેહા જાણિવા [:–]

શ્રીવીતરાગનું દેહ સદા રોગ મલ સ્વેદ રહિત હુઈ, પ્રથમાતિશય જાણિવઉ ॥૧॥ સ્વાસ સદાઇ કમલની પરિ સુગંધ (હુઇ) ॥૨॥ શરીરનું રુધિર માંસ ગાયનાં દૂધ સરીસું ઉજવલ હુઇ ॥૩॥ આહાર નીહાર લોકનઈ અદૃષ્ટ ॥૪॥ એ ચ્યારિ અતિશય જન્મ કાલ થિકી જાણવા.

જોયણ પ્રમાણ સમવસરણમાંહિં, મનુષ્ય દેવતા તિર્યંચની કોડાકોડિ બધા રહિત સમાઈ ॥૧॥ તીર્થંકરની વાણી યોજનગામિની આપ આપણી ભાષાઇ સર્વ જીવ પ્રીછઈ ॥૨॥ સ્વામીની પૂઠિઈ ભામંડલ સૂર્યપરિં ઝલહલઇ ॥૩॥ સવાસો જોયણ માહિં રોગ કિસિઉ ન ઊપજઈ ૧, વૈર ૨, ઇતિ ૩, મારિ ૪, અતિવૃષ્ટિ ૫, અનાવૃષ્ટિ ૬, દુર્ભિક્ષ ૭, સ્વચક્ર પરચક્ર ૮ એ આઠઇ બોલ ન હુઇ. એ ઇગ્યારઈ અતિશય, દીક્ષા ગ્રહણ પછી કર્મક્ષય હુતાં ઉપજઇ.

આકાશમઇ ચાલિ ધર્મચક્ર ૧, ચામર ૨, સિંહાસન ૩, છત્રત્રય ૪, ઇન્દ્રધ્વજ ૫, એ પાંચે રાજય ચિન્હ કરી શોભઈ. સુવર્ણમય નવકમલ ઊપરિ ચરણ ઠવઈ ૬, રત્નહેમ રૂપ મય શોભિત ત્રિણ ગઢ હુઈ ૭, સ્વામી ચતુર્મુખ ધર્મદેશના ૮, શ્રીસર્વજ્ઞના શરીર થકી ચારિ ગણો ઉંચઉ પુઠિઇ અશોકવૃક્ષ શોભઈ ૯, તીર્થંકર દેવ વિહારક્રમ (કર્મ) કરતાં કાંટા ઊંધા થાઈ ૧૦ વૃક્ષ પ્રણામ કરઈ ૧૧, આકાશમંડલિ દેવદંદુભિ વાજઈ ૧૨, સ્વામી વિહાર કરતાં વાયરો સાનુકૂલ વાઈ ૧૩, પંથિ સમસ્ત પંખીઆ પ્રદક્ષિણા દિઇ ૧૪, મેઘમાલી દેવતા ગંધોદક વરસઈ ૧૫, પંચવર્ણ પુષ્પ પરિમલની વૃષ્ટિ કરઇ ૧૬, દીક્ષા લીધા પછી શરીરના નખ, કેશ વાધઇ નહીં ૧૭, જઘનતઈ દેવતા એક કોડિ નિરંતર સેવા કરઇ ૧૮, છઇ ઋતુ પાંચઇ ઇંદ્રીના વિષય રૂડા જિ હુઇ ૧૯, એ ઉગણીસ અતિશય દેવતાના કીધા જાણીવા. સમસ્ત તીર્થંકરનઇ, એવંકારઈ ૩૪ ચઉત્રીસ અતિશય વિરાજમાન હુઇ. નિશ્ચય અતિશય સહિત પાંત્રીસ વચનાતિશય પરિકલિત.

અઢાર દોષ અદૂખિત તે ૧૮, દોષ કેહા :–

દાનાંતરાય ૧, લાભાંતરાય ૨, ભોગાંતરાંય ૩, ઉપભોગાંતરાય ૪, વીર્યાંતરાય ૫, હાસું ૬, રતિ ૭, અરતિ ૮, ભય ૯, સોગ ૧૦, કામ ૧૧, મિથ્યાત્વ ૧૨, અજ્ઞાન ૧૩, દુગંછા ૧૪, નિદ્રા ૧૫, અવિરતિ ૧૬, રોગ ૧૭, દ્વેષ ૧૮, રૂપ જે ૧૮ દોષા તે રહિત, અષ્ટ મહાપ્રાતિહાર્ય સહિત, કિસિયા તે પ્રાતિહાર્ય-બાર ગુણ-અશોકવૃક્ષ ૧, કુસુમની વૃષ્ટિ ૨, આકાશિ દેવદંદુભિ ચિહુંદિસિઇ, અણુવાઈ વાજઇ ૩. જોડી ચામર ઢાલઇ ૪. સુવર્ણમય સિંહાસન ૫ પૂંઠ વિભાગિ ૧૨ આદિત્ય થિકી અધિક તેજિં કરી, ભામંડલ ઝલહલઇ ૬. મસ્તક ઊપરિ

ભેર વાજઈ ૭. ઊપરા ઊપરિ ત્રિણિ ત્રિણિ છત્ર, એવંકારઈ બાર છત્ર ધરાઇ ૮. એ ઇસ્યા અષ્ટમહાપ્રાતિહાર્ય.

ત્રિણિ ગઢ-પહેલુ ગઢ રત્નમય, મણીમય કોસીસાં. બીજુ સુવર્ણમય ગઢ, રત્નમય કોસીસાં. ત્રીજુ ગઢ રૂપાનું. સુવર્ણમય કોસીસાં. સુવર્ણમય ભૂપીઠ બાંધિઉં. ઊંધે બીંટે પંચવર્ણ ફૂલપગર, બારઇ પરષદ પૂરાઈ. બારઇ પરષદ કહિવી તે કિસીઃ—

પહેલી પરષદ સાધુ, વૈજ્ઞાનિક દેવી, સાધ્વી, એ ત્રણિ પરષદ આગ્નેયકૂણિ, જયોતિષી, ભવનપતિ, વ્યંતર એ ત્રણિ દેવી નૈઋતકૂણિ. જ્યોતિષી, ભવનપતિ, વ્યંતર એ ત્રણિ દેવતા વાયવ્ય કૂણિ રહઇ. વૈજ્ઞાનિક દેવતા, મનુષ્યના પુરુષ, મનુષ્ય સ્ત્રી, એ ત્રિણિ ઇશાનિ કૂણિં રહઇં. અસી સહિસ પાવડીઆરે સહિત. તે ચિહું પાસે ત્રણિ ત્રણિ પોલિ. એવંકાર બાર પોલિ. અપૂરવ તોરણ ઝલકઇ. કલના (રચના?) ઇસિ સમોસરણ માહિં. ત્રિભુવન લક્ષ્મી સહિત. અંતરંગ વઇરી રહિત. વિશ્વાધીશ, પરમ જગદીશ. સુવર્ણમય કમલિં બઈઠા. સમસ્ત જીવ-રાશિ દીઠા. યોજનહારિણી વાણી. સર્વભાષાનું સારિણી. અનંત દુઃખ નિવારિણી, સકલ સૌખ્યકારિણી. ઇસી વાણીઈ ચિહું મુખે, ચિહુંપ્રકારે, ધર્મોપદેશ દેતા, કેવલજ્ઞાન ધરતાં ચઉદ-રાજના મસ્તક ઉપરિ, પંચતાલીસ લાખ યોજણ પ્રમાણ, મુક્તિ શિલા ઊપરિ તિહાં પુહુતા. અનંતબલ, અનંત ગુણ, અનંત જ્ઞાન, પુરુષમાંહિ ઊત્તમોત્તમ જે જિનનામ, તે નામ અરિહંત. જે ત્રિભુવનમાહિં, શ્રીવીતરાગની મૂર્ત્તિં તે સ્થાપના અરિહંત કહીઇ. જે શ્રેણિકાદિક મહા-પુરુષ તીર્થંકર પદવી યોગ્ય જીવ, તે દ્રવ્ય અરિહંત કહીઈ. યો વિહરમાન પરમેશ્વર શ્રીસીમંધર સ્વામિ, પ્રમુખ તીર્થંકર તે ભાવ અરિહંત કહીઈ. યે વિહરમાન પરમેશ્વર એહવા જે અરિહંત, અનંતાનંત હૌઆ, અનઇ હુસિઈ વલી હુઇ છઇ, તેહનું ધ્યાન પંચવર્ણ, અષ્ટદલ કમલ રૂપઇ ધ્યાઈઇ તેની પરિ સાંભલું. નાભિ કમલ તિહાં કમલનું નાલ, તિહાં હુંતું વૃદ્ધ પામિઉં. બ્રહ્મ પ્રદિશિ વિકાશ પામ્યઉં. અરિહંતા શ્વેતવર્ણ જિસિઉં મુક્તાફલનું હાર, જિસઉ વૈતાઢ્ય પર્વત, જિસઉ પૂર્ણિમાનું ચંદ્રમા, જિસઉ ક્ષીર સમુદ્રનું ફીણ, જિસિઉ સ્ફટિક રત્ન, જિસિઉ સિદ્ધિશિલા નિર્મલા, જિસિઉ શ્વેતતાત્ પત્ર, જિસિઉ ઐરાવણ ગજેંદ્ર, જિસિઉં દેવદૂષ્ય વસ્ત્ર, જિસિઉં દક્ષિણાવર્ત્ત શંખ, જિસ્યઉં કામધેનુનું દૂધ, તિસ્યા પરમેશ્વર નિર્મલ, દુષ્ટાષ્ટકર્મ અઠ્ઠાવન્નસુ પ્રકૃતિ રહિત, ઇસ્યા ઉજવલ જે જગ-ન્નાથ, આકાશની પરિ નિરાલંબ, પૃથ્વીની પરિ સર્વસહ, મેરુની પરિ નિપ્રકંપ, સમુદ્રની પરિ ગંભીર, ચંદ્રમાની પરિ સૌમ્ય, સૂર્યની પરિ તપતેજ, સીંહની પરિ અક્ષોભ, બાવના ચંદનની પરિ શીતલ, વાયુની પરિ અપ્રતિબદ્ધ, ભારંડપંખીની પરિ અપ્રમત્ત, જગત્ત્રય વંદનીક, મહા મુનિશ્વરનઈ ધ્યાયવા યોગ્ય, કેવલજ્ઞાનિ કરી ત્રિભુવન દિનકર, ઇસિયા શ્રીવી-તરાગ રહઈ. નમો અરિહંતાણું ઇણઇ પદિ માહરુ નમસ્કાર હુ ॥૧॥ (જુઓ ચિત્ર ૧).

नमो सिद्धाणं-માહરુ નમસ્કાર સિદ્ધનઇ હુ. જે સિદ્ધ સિદ્ધા તે પંનરે ભેદે ઓલીઇ.

તે કેહા ભેદ-તીર્થંકર સિદ્ધ ૧, અતીર્થંકર સિદ્ધ ૨, પુંડરીક ગણધરાદિ તીર્થ સિદ્ધા અનેક ગણધર ૩, અતીર્થ સિદ્ધા માતા મરુદેવ્યા ૪, ગૃહસ્થ લિંગે સિદ્ધા ભરતેશ્વરાદિ ૫ અન્યલિંગે સિદ્ધા વલકલચીરી આદિ ૬, સ્વલિંગ સિદ્ધા અનેક સાધુ ૭, સ્ત્રીલિંગ સિદ્ધા ચંદન બાલા ૮, પુરુષલિંગ સિદ્ધ અનંત ૯, નપુંસક લિંગ સિદ્ધ ગાંગેય ૧૦, પ્રત્યેક બુદ્ધ કરકંડુ ૧૧, સ્વયંસંબુદ્ધ સિદ્ધ ૧૨, બુદ્ધ બોધિત સિદ્ધ ૧૩, એક સિદ્ધ ૧૪, અનેક સિદ્ધ ૧૫. જિહાં એકસિદ્ધ તિહાં અનંતા સિદ્ધ રહઈછઇં, શરીર રહિત સંપૂર્ણ જ્ઞાન, દર્શન, ચારિત્ર ધરતાં કેવલજ્ઞાની કરી, સર્વ જીવના ભાવ જાણતા, અનંતગુણ, અનંતબલ, અનંત વીર્ય સહિત, જન્મ, જરા, મરણ, રોગ, સોગ, વિયોગ, આધિ, વ્યાધિ, પ્રમુખ સકલ દુઃખ થકી મૂંકાણા, ઇંદ્ર. ઉપેંદ્ર, સર્વ દેવતાનાં સુખ ચક્રવર્ત્તિ આદિ મનુષ્યનાં સુખ એકત્ર કીજઈ, તે પિંડ અનંત ગુણ કીજઈ, તુહઇ એક સિદ્ધનઇ અનંતમઈ ભાગિ નાવઇ, એહવાં સિદ્ધનાં સુખ આકાશ ન માઈ. સિદ્ધ હુઉઆ, બુદ્ધ હુઆ, ચઉદરાજ નઇ પરિસમઇ ૨, અનંતાનંત સુખ ભોગવતાં, જે સિદ્ધ રક્ત કાંતિ ધરતાં, જિસ્યુ ઉગતું સૂર્ય, જિસ્યું હીંગલોકનો વર્ણ, જિસ્યું દાડિમ જાસુદનું ફૂલ, જિસિઉં અર્ધ ગુંજારંગ, જિસિઉં નિષિધ પર્વત, જિસિઉં રક્તોત્પલ કમલ, જિમ મરકત રત્ન, જિસ્યઉં ચોલનું રંગ જિસિઉં કુંકુમનું રોલ, જિસિઉ ચૂના સહિત તંબોલ, ઇસ્યઇ રક્તવર્ણિ સિદ્ધની પાંખડીઇઇ, સંસ્થાન સંઘયણ, વર્ણ, ગંધ રસ, સ્પર્શ જે સિદ્ધ રહઇ નથી. પંચતાલીસ લાખ જોઅણ પ્રમાણ મુક્તિશિલા ઉપરિ જોઅનણઇં ચુવીસમઈ ભાગે અવસ્થાન કરતાં રહિત કેવલ તેજઃપુંજાકાર ત્રૈલોકયનું સાર એહવા શ્રી સિદ્ધ રહઈ. નમો સિદ્ધાણં ઈણઇ પદિઇ માહરુ નમસ્કાર હુ ॥૨॥ (જુઓ ચિત્ર ૨).

નમો आयरियाणं–માહરુ નમસ્કાર શ્રીઆચાર્ય પ્રતઇ હુ. જે આચાર્ય જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર. એવંવિધ પંચવિધ આચાર પ્રતિપાલઇ રાગ, દ્વેષ અંતઃકરણ થિકો ટાલઇ. સકલસિદ્ધાંત અર્થ જાણઈ, ભવ્યજીવ પ્રતિબોધી મારગિ આણઇ, દંભરહિત છત્રીસગુણ સહિત તે ગુણ કેહા–પાંચ ઇંદ્રી સંવરઇ, નવ બ્રહ્મચર્યની વાડિમાંહિ વસઈ, ક્રોધ, માન, માયા, લોભ એ ચ્યારિ કષાય પરિહરઈ, સર્વપ્રાણાતિપાત વિરમણ, સર્વ મૃષાવાદ વિરમણ વ્રત, સર્વ અદત્તાદાન વિરમણ, સર્વ મૈથુન વિરમણ, પરિગ્રહ પરિમાણ વિરમણ, એ પાંચ મહાવ્રત ધરઈ. ઈર્યાસમિતિ ૧, ભાષાસમિતિ ૨, એષણાસમિતિ ૩, આદાન નિક્ષેપણા સમિતિ ૪ પારિષ્ટાપનિકા સમિતિ ૫. મનોગુપ્તિ ૧, વચનગુપ્તિ ૨, કાયગુપ્તિ ૩, એ અષ્ટપ્રવચનમાતા પ્રતિ પાલઈ. એ છત્રીસ ગુણ ધારઇ. શુદ્ધ પ્રરૂપક, જ્ઞાન ક્રિયા સંયમના આધાર, સકલ વિદ્યા નિધાન, યુગ પ્રધાન, ગુણ ગણરત્નાકર મહિમા મહોદધિ, અતિશય સમુદ્ર, મહા ગીતાર્થ, જ્ઞાન પરમાર્થ સૂરિમંત્ર સ્મરણ કરણ તત્પર શ્રી સૂરિવર તેહનું વર્ણ જિસિ તપાવીઉ સુવર્ણ જિસિઉ હરિદ્રા રંગ જિસિઉ આકેલિનું ફુલ, જિસિઉ હરીઆલનુ થાન, જિસિઉ પરિપક્વ સહકાર ફલ, જિસિઉ

પીતવર્ણરત્ન તિસિયા શ્રીઆચાર્ય પીલી કાંતિ ધરતા નમો આયરીઆણું ઈણિ પદઈ શ્રીઆચાર્ય નઈ માહરુ નમસ્કાર હુ ॥૩॥ ( જુઓ ચિત્ર ૩)

**नमो उवज्झायाणं**–માહરુ **નમસ્કાર** શ્રીઉપાધ્યાયનઈ હુ. જે ઉપાધ્યાય શ્રીદ્વાદશાંગી સિદ્ધાંત ભણઈ. તે કિસ્યાં દ્વાદશાંગી–શ્રીઆચારાંગ ૧, શ્રીસુયગડાંગ ૨, શ્રીઠાણાંગ ૩, શ્રીસમવાયાંગ ૪, શ્રીવિવાહપ્રજ્ઞપ્તિ ૫, શ્રીજ્ઞાતાધર્મકથાંગ ૬, શ્રીઉપાસગદશાંગ ૭, શ્રીઅંતગડદશાંગ ૮, શ્રીઅનુત્તરોપપાતિકદશાંગ ૯, શ્રીપ્રશ્નવ્યાકરણાંગ ૧૦, શ્રીવિપાક શ્રુતાંગ ૧૧, એ ઈગ્યાર અંગ તથા ઉપપાતિક ઉપાંગ ૧, રાજપ્રશ્નીય ઉપાંગ ૨, જીવાભિગમ ઉપાંગ ૩, પન્નવણાઉપાંગ ૪, મહાપન્નવણાઉપાંગ ૫, જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ ૬, ચંદ્રપ્રજ્ઞપ્તિ ૭, સૂર્યપ્રજ્ઞપ્તિ ૮, દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ ૯, કલ્પવતંસિકા ૧૦, પુષ્પિકા ૧૧, પુષ્પચૂલિકા ૧૨ એ બાર ઉપાંગ.

ચૌદપૂર્વ–પહિલું **પૂર્વ तुलिखाई**—જુ અંબાડી સહિત હાથીયા જેવડુ મસિનું રેડ કીજઈ તેતલઇ ધોલિઈ ઉત્પાદઇ ઈસિઇ નામિ પહિલું પૂર્વ લિખાઇ ॥ ૧ ॥ બીજું अग्रायणीय પૂર્વ, તુલિખાઈજુ એહવા બે હાથીયા પ્રમાણ મસિ ॥ ૨ ॥ ત્રીજું वीर्यप्रवाद પૂર્વ, તુલિખાઇજુ ચ્યારિ હાથીયા ૩, ચઉથું પૂર્વ अस्तिप्रवाद પૂર્વ, તુલિખાઇજુ આઠ હાથીયા પ્રમાણ ૪, પાંચમું ज्ञानप्रवाद પૂર્વ, તુલિખાઈજુ સોલ હાથીયા ૫, છઠઉં सत्प्रवाद પૂર્વ, તુલિખાઈજુ બત્રીશ હાથીયા ૬, સાતમું आत्मप्रवाद પૂર્વ, ૬૪ હાથીયા ૭, આઠમું कर्मप्रवाद પૂર્વ તુલિખાઇજું એકસુ અઠાવીસ હાથીયા ૮, નવમું प्रत्याख्यान પૂર્વ. તુલિખાઈજુ બિસઈ છપ્પન્ન હાથીયા ૯, દસમું विद्याप्रवाद પૂર્વ. તુલિખાઈજુ પંચસઈ બારોત્તર હાથીયા ૧૦, ઈગ્યારમું कल्याणनामधेय પૂર્વ, તુલિખાઈજુ એક સહસનઈ ચુવીસ હાથીયા ૧૧, બારમું પ્રાણાવાય પૂર્વ, બિસહસ્ર અડતાલીસ હાથીયા ૧૨, તેરમું क्रियाविशाल પૂર્વ, તુલિખાઈજુ ચ્યારિસહસ છન્નૂ હાથીયા ૧૩, ચૌદમું लोकबिंदुसार પૂર્વ, લિખતા, આઠ સહસ એકસુ બાણું હાથીયા, જેવડુ મસિનું રેડ કીજઇ, એ ચૌદ પૂર્વધર તથા કુશલાનુબંધ ૧, આતુરપ્રત્યાખ્યાન ૨, મરણવિધિ ૩, તંદુલવેયાલીય ૪, ભક્તપ્રત્યાખ્યાન ૫, ચંદાવિજ્જય ૬, વીરસ્તવ ૭, દેવેંદ્ર સ્તવ ૮, ગણિવિદ્યા ૯, ગચ્છાચાર ૧૦ એ દસપયન્ના, છ છેદ ગ્રંથ, ચ્યાર મૂલ ગ્રંથ, અનુયોગદ્વાર, નંદી સૂત્ર. એ દ્વાદશાંગી સિદ્ધાંત, શિષ્યનઈ ભણાવઈ અનઈ આપણપઈ ગુણઈ. જે ગુણે કરી આચાર્યપદ યોગ્ય, નિર્વિકાર, વિદ્યાના શત્રૂકાર, શાંતાકારા, શ્રીઉપાધ્યાયનો વર્ણ જિસિઉ પાચિરત્ન, જિસિઉ નીલ પર્વત, જિસિઉં વસંત માસિ વનખંડ, જિસિઉં એ અશોકવૃક્ષ, જિસિઉં નીલોત્પલ કમલ. જિસિઉં નીલા નગીનાનું વર્ણ, જિસિઉ મેઘ વૂઠઈ મેદિની નવે અંકૂરે નીલવર્ણ, તિસિયા શ્રીઉપાધ્યાય નીલી કાંતિ કરી, દીપ્તિવંત હુંતા. નમો ઉવજ્ઝાયાણં, ઈણઈ પદિ શ્રીઉપાધ્યાયનઈ માહરુ નમસ્કાર હુ ॥૪॥ (જુઓ ચિત્ર ૪)



ચિત્ર ૬ શ્રીસિદ્ધચક્ર યંત્ર (પાનું ૯)



ચિત્ર ૭ શ્રીપ્રસન્નચંદ્ર રાજર્ષિ (પાનું ૨૧)



ચિત્ર ૮ સાધુનાં ૨૨ પરીસહ (પાનું ૨૬)




ચિત્ર ૯ સાધુનાં ૨૨ પરીસહ (પાનું ૨૬)



ચિત્ર ૧૦ શ્રીનવકાર મંત્રના પ્રભાવે શ્રીમતી સતીને
સર્પ ફૂલની માળા થઈ ગયો (પાનું ૨૭)



ચિત્ર ૧૧ મડદાંનાં પગ મસળતો શિવકુમાર
અને મંત્ર જપતો યોગી (પાનું ૨૯)



ચિત્ર ૧૨ જિનદાસ શ્રાવક બીજોરાનું ફલ લેવા વાડીમાં જાય છે (પાનું ૩૧)



ચિત્ર ૧૫ હુંડકચોરને શૂળીએ ચઢાવ્યો અને મરી વ્યંતર થઇ શિલા વિકૂર્વી (પાનું ૩૪)

**નમો લોए सव्वसाहूणं**–લોકમાંહિ સર્વ સાધુને માહરો નમસ્કાર હુ. જે સાધુ સોલ દોષ ઉદ્દગમના, સોલ દોષ ઉત્પાદના, દસ દોષ એષણાના, એવં બઈતાલીસ દોષ, વિશુદ્ધ આહાર લિઈ, સમસ્ત ઇંદ્રિય દમઈ, સંસારિ ન રમઈ. બાવીસ પરીસહ સહઈ, નવકલ્પિ વિહાર કરતાં રહઈ. જે સાધુ સંસાર થકા ઉપરાઠા ચાલઇ, તૂઠા થકા ભવિ જીવનઇ, મુક્તિસૌખ્ય હેલ માત્રિ આપઈ. જે મુનીશ્વર સત્તાવીસ ગુણ ધરઈ. તે કેહા :–વ્રત ષટ્ક ધરઈ, પાંચ ઇંદ્રી નિગ્રહઇ, ભાવ સત્ય ૧૨, કરણ સત્ય ૧૩, ક્ષમા ૧૪, નિર્લોભતા ૧૫, યથોક્ત ક્રિયા કરણ ૧૬, મન-વચન રોધ ૧૮, કષાય ષટ્ક ૨૪, સંયમ યોગ યુક્ત ૨૫, સીતાદિ વેદની સહન ૨૬, મરણાંત ઉપસર્ગ સહઇ ૨૭. એ સાધુ સત્તાવીસ ગુણ યુક્તે હુઈ. એહવા શાંત, દાંત, વૈરાગ્યના સમુદ્ર, સાહસીક શિરોમણિ, ગુણવંત માહિં મૂલગા, સવદન સદા પ્રસન્ન, જીવલોકના બાંધવ, કુગતી રૂપીયા સમુદ્રના સોસણહાર, કેઈ કેવલધર, કેઈ વિપુલમતિ, ઋજુમતિ, શ્રુતધર, ક્ષીરાશ્રવ, સર્પ્વાશ્રવ, સંભિન્ન શ્રોતા, કોષ્ઠ ગત. ચારણ શ્રમણ વૈક્રિય પદાનુસારિણી, આસીવિષા, આકાશગામિની, બહૂરૂપિની, અક્ષીણ મહાનસી લબધિ આદિ અઠાવીસ લબધિના ધારણહાર, મોહમાયા, માયા; સ્નેહના પ્રતિબંધ ખંડિયાં મહાંત ઉત્તમ સત્યપુરુષનાં ચિત્તનઈ; આપણઈ આચારિં કરી; હર્ષ ઊપજાવઇ, પંચ પ્રકારિ વિષય સુખ, શબ્દ ૧, રૂપ ૨, રસ ૩, ગંધ ૪, સ્પર્શ ૫, સોલ કષાય, નવ નો કષાય, એવં ૨૫ કષાય, અનેકિં ઘરબાર કુટુંબ પરિવાર, હર્ષ, વિખવાદ જેણે મુનીશ્વરે સર્વપરિહરિઉં. સર્વ સંગ પરિત્યાગ કરી, એક મોક્ષ માર્ગ સાધઈ, બિહું પ્રકારે યતિધર્મ, શ્રાવક ધર્મ બોલઈ. ત્રિણિરત્ન-જ્ઞાન, દર્શન, ચરિત્ર ધરઈ, વિકથા, રાજ કથા, દેશ કથા, ભક્ત કથા, સ્ત્રી કથા છાંડઈ. પાંચ નિદ્રા–પહિલી નિદ્રા, બીજી નિદ્રા નિદ્રા, ત્રીજી પ્રચલા ૩, ચઉથી પ્રચલા પ્રચલા, પાંચમી સ્ત્યીનધી–એ પાંચ નિદ્રા ટાલઇ. પાંચ સમિતિ ૫, પાંચ મહાવ્રત, પંચ પ્રકારિ સજઝાય–વાચના ૧, પ્રચ્છના ૨, પરાવર્ત્તના ૩, અનુપ્રેક્ષા ૪, ધર્મ કથા ૫–એ સજઝાય પાંચ. જ્ઞાન–મતિજ્ઞાન ૧, શ્રુતજ્ઞાન૨, અવધિજ્ઞાન ૩, મનઃ પર્યવ જ્ઞાન ૪, કેવલજ્ઞાન ૫–એ જ્ઞાન. પંચ પરમેષ્ટિ ધ્યાતા, પંચમ ગતિનઈ ઉત્કંઠ થયા હૂંતા. અનેકિદેવ, મનુષ્ય, તિર્યંચના કીધા ઉપસર્ગ સહઇ. છ બાહ્ય, છ અભ્યંતર—એ બાર ભેદે તપ કરઇ. ક્ષમાના ભંડારી, ધર્મતાટિ પુણ્યઇં કરી પવિત્ર ગાત્ર. સૂક્ષ્મ, બાદર સર્વજીવની રક્ષા કરઈ. આર્ત્ત, રૌદ્રધ્યાન દૂરિ છાંડઇ. ધર્મધ્યાન શુકલધ્યાન ધરતા, સર્વે સહુ સમ-તૃણ-મણિ, લોષ્ટ-કાંચન, કલ્પ સમાન, સમ શત્રુ-મિત્ર, પરમ બ્રહ્મસ્વરૂપ ભાવતા, કૃષ્ણ કાંતિ કરતા, જિસિઉં રિષ્ટરત્ન, જિસિઉં સ્યામવર્ણ ગજેંદ્ર, જિસઉં સજલ મેઘ, જિસઉં કૃષ્ણરાજિ વિમાન, તિસિયા શ્રી સાધુ ગિરૂયા સત્તરભેદે સંયમ સેવતા, સંસાર-માર્ગ રુંધતા, પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ વિદેહ, એ પંનર ક્ષેત્રમાંહિં, જે સાધુ તે રહઈ. નમો લોએ સવ્વસાહૂણં—ઇણઇ પદિ સર્વ સાધુનઈ માહરુ નમસ્કાર હુ. એક પદ કમલની વીચીઈ, ચ્યારિ પદચિંહું પાંખડી નઇ ઠામિ માંડીઈ (જુઓ ચિત્ર ૫). હવઈ ચૂલિકા કહઇ :–

**एसो पंच नमुक्कारो**—એ પંચ પરમેષ્ટિ નમસ્કાર. કિસિઉ છઈ, એ પાંખડી જિમણુઇ પાસઇ નિલાડનઈ—કાંનનઇ વિચાલઈ, રાતી પીલી કાંતિ ધરતી છઈ.

**सव्वपावप्पणासणो**—ઇણુઈ જીવિ અનંત ભવ પૂરતાં સાત વ્યસન સેવ્યાં, પનરકર્માદાન પોષિયાં, મિથ્યાત્વ પ્રવર્ત્તાવિવઈ, અધર્મનઈ કરિવઈ કરી શ્રીજિનધર્મની અવહેલના **કીધી**, ષટકશાલ અનેકિયંત્ર જોતરવઇ કરી, બ્રહ્મવ્રત ખંડવઇ, દીનોદ્ધાર, જીર્ણોદ્ધારનઇ **અંત અણુ**કરિવઇ, દાનનઈ અણુદેવઈ, ભવનાંસઈ, સહસ્ર, લાખ, કોડિ અનંતે ભવે કરમ બાંધ્યાં—તે કહેવાં—જ્ઞાનાવરણી પાંચ ભેદે—**તેહની** ઉત્કૃષ્ટી સ્થિતિ કોડાકોડિ સાગરોપમ **પ્રમાણ**. જિસિઉં ચક્ષુ આગલિ પડ સરીખું જ્ઞાનાવરણી કર્મ પહેલું જાણવું. ૧. બીજું દર્શનાવરણીનાં નવ ભેદ. ત્રીસ કોડા કોડિ સાગર ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રતીહાર સરીખું. ૨. ત્રીજું વેદની કર્મ ભેદના ભેદનાર ભેદ ત્રીસ કોડાકોડિ સાગર સ્થિતિ મધુલિપ્ત ખડ્ગધાર સદૃશ જાણિવુ. ૩. ચઉથઉ મોહની કર્મ સત્તરિ કોડાકોડિ સાગરોપમ પ્રમાણ તેહના. ૨૮, ભેદ. મદિરા સરીખું. જીવનઈ પરાભવઈ. ૪. પાંચમું આઊખુંકર્મ, ચિહું ભેદે, તેત્રીસ સાગર પ્રમાણ હેડિ સમાન ૫. છઠ્ઠું નામ કર્મ તેહનાં એકસો ત્રણ્ય ભેદ, વીસ કોડાકોડિ સાગર પ્રમાણ ચિત્રક સરીખું. ૬. સાતમું ગોત્રકર્મ બિ ભેદ, વીસ કોડાકોડિ સાગર પ્રમાણ કુંભકાર સરીખું ૭. આઠમું અંતરાયકર્મ ત્રીસ કોડાકોડિ સાગર સ્થિતિ તેહના ૫ ભેદ—ભંડારી સરીખું જાણિવું. ૮. એ આઠઈ કર્મ બદ્ધ બંધ ૧, સ્પષ્ટ બંધ ૨, નિધત્ત ૩, નિકાચિત ૪. તે કર્મની પ્રકૃતિ કેટલી એક બંધિ ૧. ઉદયી ૨, ઉદીરણા ૩, સત્તા ૪. એ ચિહું પ્રકારિં છઈ તેપન્ન પ્રકારે એકસું અઠાવન પ્રકૃતિના બંધ. સબલ તે પાપ જીવનઇ પોતઇછઈ તે સઘલાઈ પાપ ફેડણહારવઇ. એ પદ જિમણા કાન પાછલિ કોટ વિચિ પાંખડી, પીલી નીલી કાંતિ ધરઇ. વલી પંચ પરમેષ્ટિ કિસ્યઉં વર્ત્તઇ—

**मंगलाणं च सव्वेसिं, पढमं हवई मगलं**—સર્વમંગલીક માંહિં પ્રથમ માંગલિક હુઈ. તે માંગલિક ઘણાઇ બોલાઈ. દધિ, દૂર્વા, સિદ્ધાર્થ, અક્ષત, વિવાહ, ઉત્સવ, પગરણ, બિંબ પ્રતિષ્ઠા. પ્રાસાદ, સાધુ–સાધર્મિક વાત્સલ્ય, સંઘવીપદ, એહવા માંગલિક તે થકી, શ્રીનુકાર ઉત્કૃષ્ટ માંગલિક હુઇ. એ પાંખડી ડાબા કાન પાછલી નીલી રાતી કાંતિ ધરતી ધ્યાઈઈ.

જિમ પર્વતમાંહિ મેરુ પર્વત, જિમ ગજેન્દ્રમાંહિ ભદ્રજાતિયા, જિમ સમુદ્રમાંહિ સ્વયંભૂરમણ સમુદ્ર, જિમ દેવમાંહિ શ્રીવીતરાગદેવ. જિમ ગ્રહગણમાંહિ ચંદ્રમા, જિમ સરોવરમાંહિ માનસર, જિમ આભરણ માંહિ મુગટ પ્રધાન, જિમ અનેક તીર્થમાંહી શ્રીસિદ્ધક્ષેત્ર, જિમ વૃક્ષમાંહી કલ્પવૃક્ષ, જિમ કુસુમમાંહિ ચંપક, જિમ સ્ત્રીમાંહિ રંભા, જિમ વાજિંત્ર માંહિ, ભંભા, જિમ પર્વમાહિ શ્રીપર્યૂષણા પર્વ, જિમ વ્રતમાંહિ શીલવ્રત, જિમ રસમાંહિ અમૃત, તિમ મંત્રમાંહિ નવકાર, રાજાધિરાજ, જે નવકારનઇ પ્રભાવિ–શાકિની, ભૂત, પ્રેત પિશાચ, ઝોટીંગ, મોગા, વ્યંતર, યક્ષ, રાક્ષસ, સિંહ, વ્યાઘ્ર, અષ્ટાપદ, સર્પ, પ્રમુખ એતલા મોટા દોષ,

તથા મોટા ભયનું ફેડણહાર છિં. તે મોટા ભય કેહા–અગનિનો ભય, ઠાકુરનો ભય, ઈહલોકનો ભય, પરલોકનો ભય, નરગના ભય, નિગોદના ભય, તિર્યંચના ભય, દુઃખ, હીન જાતિ, હીન કુલ, દારિદ્ર, દૌર્ભાગ્ય, સર્વરોગનું શમાવણહાર, સમસ્ત વાંછિત, રાજ-રિદ્ધિ, ભોગ, સંયોગ, પરિવાર, ધન, ધાન્ય પ્રાપ્તિ, જેહ શ્રીનુકાર નવપદ, આઠ સંપ। અડસઠિં અક્ષર પ્રમાણ, તેહ માંહિ સાત અક્ષર ભારી, એકસઠ અક્ષર હલૂયા જાણિવા. ઈસિઉ પંચપરમેષ્ટિ મહામંત્રમાં હિઈ. આકાશગામિની વિદ્યા, પાતાલગામિની વિદ્યા, સુવર્ણસિદ્ધિ, રૂપ્યસિદ્ધિ, રસસિદ્ધિ છઈ, ઈસિઉ અષ્ટદલ કમલ, મન, વચન, કાયા, સહિત ભાવિં. એક નુકાર ગુણઈ, તુ લાખ નુકાર ગણ્યાનું ફલ પાંમીઈ. ઈસિઉં શ્રીપંચપરમેષ્ટિ મહામંત્ર નુકાર, જે જીવ સ્મરઈ ધ્યાઈ, ચીંતવઈ, સદૈવ નિરંતર આરાધઈ, તે જીવ સંસારમાંહિ ન ભમઈ. અનઈ સકલ વાંછિત ફલ પામઈ ॥૭॥

વાહિ જલ જલણ તક્કર, હરિ કરિ સંગામ વિસહર ભયાઈ;
નાસંતિ તક્ખણેણં, નવકાર પહાણ મંતેણ ॥૧॥

॥ ઇતિ શ્રીનવકાર મંત્ર બાલાવબોધ સમાપ્તઃ ॥ શ્રીઃ ॥ શ્રીઃ ॥

☆

## શ્રીષડાવશ્યકસૂત્ર બાલાવબોધ

॥ શ્રીગોડીપાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રીજયવિજય ગુરૂચરણયુગં સમ્યગ્ભાવેન.
આવશ્યક સૂત્રાર્થો વિતન્યતે બાલબોધાય ॥

### १ नवकार (नमस्कार) सूत्र.

[नमोअरिहंताणं १. नमोसिद्धाणं २, नमोआयरियाणं ३. नमोउवज्झायाणं ४. नमो लोए सव्वसाहूणं ५. एसो पंचनमुकारो ६. सव्वपावप्पणासणो ७. मंगलाणंच सव्वेसिं पढमंहवइ मंगलं ]

नमोअरिहंताणं-બારે ગુણે કરી સહિત શ્રીઅરિહંતને માહરો નસ્કાર હુવો.

नमो सिद्धाणं -જ્ઞાનાદિ ગુણ ક્ષાયિક આઠગુણે સહિત સર્વસિદ્ધોને માહરો નમસ્કાર હુવો.

नमो आयरिआणं-પંચાચાર પાલે, પલાવે અને અનેક છત્રીસી ગુણે સહિત શુદ્ધ પ્રરૂપક એહવા આચાર્યને માહરો નમસ્કાર હુવો.

नमो उवज्झायाणं-પચવીસ ગુણધારક ઉપાધ્યાયને માહરો નમસ્કાર હુવો.

नमो लोए सव्वसाहूणं-મનુષ્યલોક વર્ત્તી સત્તાવીસ ગુણે સહિત સર્વ સાધુને માહરો નમસ્કાર હુવો.

एसो पंच नमुकारो-એ પ્રત્યક્ષ પંચપરમેષ્ટી નમસ્કાર.

सव्व पावप्पणासणो-સર્વપાપનો ફેડણહાર છઇ.

मंगलाणंचसव्वेसिं, पढमं हवईमंगलं-સર્વ મંગલિક-લૌકીક, જે દધિ, ધરો તથા અક્ષત, ચંદનાદિક, લોકોત્તર-જે તપ, નિયમ, સંયમ પ્રમુખ સર્વમંગલિક માંહે પ્રથમ, ઉત્કૃષ્ટું મંગલિક હોઇ, એ ભાવ મંગલિકરૂપ છે. સંસારિક જન્મ મરણાદિક ઉપદ્રવ નિવારે તે માટે.

પદ નવ, આઠમા નવમા પદની સંપદા એક તે માટે સંપદા આઠ. એક માત્રા સહિત જે અક્ષર બોલે તે-હ્રસ્વ લઘુ અક્ષર કહીજે-એહવા લઘુ અક્ષર ઇકસઠ હોય. અક્ષર જે ભેગા તે ગુરુ અક્ષર કહીજે. એહવા ગુરુ અક્ષર સાત. એવં લઘુ અક્ષર, ગુરુ અક્ષર-સર્વ મેલતાં ૬૮ થાય.

હિવે પંચપરમેષ્ટી, મહામંત્ર નમસ્કાર, એકસો આઠ ગુણ સહિત, જપીયે, તે એકસો આઠ ગુણ વિવરીને લિખીજે છે-

वारस गुण अरिहंता, सिद्धा अट्ठेव सूरि छत्तीसं ।
उवज्झाया पणवीसं, साहूसगवीस अट्ठसयं ॥ १ ॥

એહ ગાથાનો અર્થ કહીયૈ છૈ-बारस गुण अरिहंता કહેતાં-અરિહંતનાં બારૈ ગુણ. सिद्धा अट्ठेवय, કહતાં,-સિદ્ધનાં આઠ ગુણ-सूरिछत्तीस, કહતાં-આચાર્યનાં છત્રીસ ગુણ. उवज्झाया पणवीसं કહતાં-ઉપાધ્યાયનાં પચવીસ ગુણ. साहू सगवीस, કહતાં-સાધૂનાં સત્તાવીસ ગુણ. अट्ठसयं, કહતાં-સર્વમિલીને એકસૌ આઠ ગુણ થાય. પ્રથમ અરિહંતનાં બારૈ ગુણ વિવરીને લિખીયૈ છૈ (જુઓ ચિત્ર ૬).

अशोकवृक्षः सुरपुष्पवृष्टिः, दिव्यध्वनिश्चामरमासनं च।
भामंडलं दुंदुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणां ॥ २ ॥

એહનૌ અર્થ લિખીજૈ છૈ—

अशोकवृक्षं-કહતાં ભગવંત અશોકવૃક્ષ તલૈ બૈસીનૈ બાર પરષદાનેં આગે ધર્મોપદેશ દેવૈ. અશોકવૃક્ષ, તે શ્યા માંટે કહીજૈ જેહનૈ તલૈ બૈઠાં દેવતાનાં, મનુષ્યનાં, તિર્યંચનાં શોક સંતાપ ટલૈ તે અશોક કહીજે. અશોકવૃક્ષ કેતલૌ ઉંચૌ હોઈ, વિદ્યમાન જિનેંદ્રનાં શરીરથી ચૈત્યવૃક્ષૌ સહિત, સાધિક બાર ગુણો ઉંચૌ, એક યોજન વિસ્તીર્ણ, એહવૌ અશોકવૃક્ષ સહચારી હોઇ. તે કિમ, શ્રીઋષભદેવની પાંચસૈ ધનુષની કાયા, તે બારે ગુણી કરીયૈ તિવારે, ચૈત્યવૃક્ષ સહિત, સાધિક છહજાર ધનુષ પ્રમાંણ, અશોકવૃક્ષ હોઈ, શ્રીમહાવીરને તૌ સાતહાથની કાયા, તે બાર ગુણી કરતાં, ચૌરાસી હાથનો, તે ઉપરિ ૪૪ હાથનાં ચૈત્યવૃક્ષ હોઇ. સર્વાંકે એકસૌ અઠ્ઠાવીસ હાથ હોઈ, અશોકવૃક્ષ જાણિવૌ, એતલો વિશેષ છૈ, ઈતિ તત્વં ॥૧॥

सुरपुष्पवृष्टि-કહતાં, દેવતા, જલનાં, થલનાં ઊપનાં સરીખા પંચવર્ણી ફૂલ તેહની વૃષ્ટિ યોજન સૂધી, ઢીંચણ પ્રમાંણૈ કરે ॥૨॥

दिव्यध्वनिः-કહતાં. દૂધ, સાકરથી મીંઠૌ ઉપદેશ કાલૈ, દેવતા અખંડસ્વર ભગવંતનો પૂરૈ, એહવૌ કહીયૈ પણ સ્વભાવૈ નિશ્ચૈ, પ્રાતીહારજ દેવતા કરૈ સાખી છૈ ॥૩॥

चामर-કહતાં, રતને કરી જડિત, સુવર્ણ ડાંડીયૈ સહિત, એહવા ધવલા ચામર, ભગવંતનેં દેવાનુંભાગૈ વીંઝાય ॥૪॥

आसणं च-કહતાં, રત્નજડિત સિંહાસણ સ્વર્ણનો, સદા ચલે સહચારી હોઈ ॥૫॥

भामंडलं च-કહતાં, સૂર્યનાં તેજથી અધિકૌ તેજ, એહવૌ ભગવંતને પૂઠૈ સહચારી, દેવકૃત ભામંડલ હોઈ ॥૬॥

दुंदुभिः -કહતાં, આકાસનેં વિષૈ, કોડે ગમે દેવતા, વાજિંત્ર દેવાનુભાવ વાજે ॥૭॥

आतपत्रं -કહતાં, ભગવંતનાં મસ્તક ઉપરિ, મુકતાફલે કરી વિરાજમાંન, રત્નેજડીત તીન છત્ર ધરાયૈ, સમવસરણની અપેક્ષાયૈ, ચ્યાર જોડા ચામરનાં, બારૈ છત્ર હુવૈ. ૮

सत्प्रातिहार्याणि जिणेश्वराणां –સત્કહતાં–પ્રધાન. પ્રાતિહાર્યાણિ–કહતાં, અષ્ટપ્રાતિહાર્ય. જિનેશ્વરાણાં–વીતરાગને ધારણ રૂપ હોઈ.

હિવૈ ચ્યાર મૂલાતિશય કહીયૈ છૈ–અપાયાપગમાતિશય ૧, જ્ઞાનાતિશય ૨, પૂજાતિશય ૩, વચનાતિશય ૪.

अपायापगमातिशय –તે કેહને કહીજૈ. अपाय–કહતાં, ઉપદ્રવ તે ભાવથી અંતરાયાદિક, અઢારૈ દોષ શ્રીઅરિહંતને ન હોઇ. તે અઢારૈ દોષ–કેહા–તે કહીયૈ છૈ–દાનાંતરાય ૧, લાભાંતરાય ૨, વીર્યાંતરાય ૩, ભોગાંતરાય ૪, ઉપભોગાંતરાય ૫, હાસ્ય ૬, રતિ ૭, અરતિ ૮, ભય ૯, શોક ૧૦, જુગુપ્સા ૧૧, કામ ૧૨, મિથ્યાત્વ ૧૩, અગ્યાન ૧૪, નિદ્રા ૧૫, અવિરતિ ૧૬, રાગ ૧૭, દ્વેષ ૧૮ એ અઢારૈ દોષ ક્ષય ગયા–તે અપાયાપગમાતિશય કહીજૈ. પરજીવ આશ્રી, અપાયાપગમાતિશય, તે કિમ કહીયૈ છૈ. ભગવંત જિહાં વિહાર કરૈ તિહાં, સવાસૌ યોજન સુધી પ્રત્યૈ–રોગ ૧, વૈર ૨, ઉંદર, તીડ પ્રમુખ ઈતિ ૩, મારિ મૃગી ૪ અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ ૫, દુર્ભિક્ષ ૬, પોતાના કટકનો ભય તથા પર કટકનો ભય ૭, એતલા વાનાં ન હોય, તે માટૈ, અપાયાપગમાતિશય કહીજૈ.

જ્ઞાનાતિશય–તે કેહને કહીજૈ. ભગવંત કેવલજ્ઞાંને કરીને, લોકાલોકનો સ્વરૂપ–સર્વ પ્રકારૈ જાણીઈ, સર્વપ્રકારે દેખૈ, તે જ્ઞાનાતિશય કહીઈ–૨

पूजातिशय–તે કેહને કહીયૈ–ભગવંતને, રાજા ૧, વાસુદેવ ૨, બલદેવ ૩, ચક્રવર્તી ૪, ભવનપતિ ૫, વ્યંતરદેવતા ૬, જ્યોતિષી દેવતા ૭, વૈમાંનિકદેવતા ૮, પ્રમુખ જગત્રયવાસી, ભવ્યજીવ પૂજા કરિવા વાંછૈ, તે पूजातिशय કહીજૈ ૩

वचनातिशय–તે કેહનેં કહીજઇ ભગવંતની સંસ્કારાદિ ગુણે સહિત, મનુષ્ય, તિર્યંચ દેવતાની ભાષાને, અનુસારઇ, એહવી ભલી શ્રીવીતરાગની વાંણી હોઇ, આપ આપની ભાષામાંહે સમજે. શ્રીજિનવાંણીનો અર્થ, તે वचनातिशय કહીજૈ. ઇહાં એક ભીલનૌ દ્રષ્ટાંત કહીયૈ છિયૈ.

## [ ભીલનું દ્રષ્ટાંત ]

એક ભીલનેં તીન સ્ત્રી હતી. તે ભીલ એકદા પ્રસ્તાવૈ, ત્રિણ સ્ત્રી સાથે લેઈનેં વનમાંહિ જાતાં, એક સ્ત્રી કહિવા લાગી–હે પ્રિય ! પ્રાણવલ્લભ મુજને તૃષા અત્યંત લાગી છે. પાંણી આંણી પાવૌ, બીજી સ્ત્રી કહિવા લાગી–મુજને હરિણ મારિનેં આંણી આલૌ. તીજી સ્ત્રી કહિવા લાગી–મુંજનેં, ગીત ગાઈ સંભલાવૌ. ભીલે મનમેં વિચારીનેં, એક ઉત્તર કહિયૌ, જે सरो नत्थि. એક સ્ત્રી સમજી, તે सर કહેતાં, સરોવર નથી. બીજી સ્ત્રી સમજી, તે सरो કહતા બાણ નથી. તીજી સ્ત્રી સમજી, જે सरो કહતાં મધુર સ્વર નથી. ઇમ એકૈ ઉત્તરૈ તીને સ્ત્રી સમજી. એ દ્રષ્ટાંતે દેવતા, મનુષ્ય, તિર્યંચનેં, આપ આપણી

બુદ્ધિને અનુસારે, જૂજૂઆ ઇષ્ટ અર્થનાં બોધ થાય. ઇહાં પ્રસંગથી, પૈત્રીસ વાંણીનાં ગુણ વિવરિયે છે, તેહનો વિસ્તાર લિખે છે. संसाकरवत्वं કહતાં, વ્યાકરણે શબ્દ સિદ્ધે સહિત, માગધી ભાષાયે વાણી હોઈ ૧ ઓदात्यं કહતા, હૃદયાકદિકને ઉચ્ચભાવે પ્રવર્ત્તે.૨. उपचारपरीतता કહતાં, કઠોર શબ્દે રહિત વાંણી હોઇ. ૩ मेघगंमीरघोषत्वं-કહતા, મેઘ ગર્જારવની પરેવાંણી ગહરી હોઈ. ૪. प्रतिनादविधायिता–કહતા, ગાજવાની પરે પડછંદે સહિત વાંણી હોઇ. ૫ दक्षिणत्वं કહતા, સુરાગ શબ્દે સહિત વાંણી હુઇ. ૬ रागत्वं च–કહતાં, ગુણોપેત માલવકૌશિક પ્રમુખ રાગે સહિત વાંણી હુઇ. ૭–એ સાત શબ્દાશ્રિત ગુણ જાંણિવા.

હિવે અર્થની અપેક્ષાયે ગુણ કહીયે–महार्थता, કહતાં, અર્થ ગૌરવે સહિત વાંણી હોઇ ૮. अव्यातत्वं, કહતાં પૂર્વાપર અર્થ બાધક વાંણી ન હોઇ. ૯ शिष्टत्वं, કહતાં, માર્ગી સર્વ ભવ્યને સંમત અર્થે સહિત વાંણી હુવે ૧૦. संशयानांमसंभव, કહતાં, પ્રાચીન સંશયાદિક દોષ નિવારક વાંણી હોઈ ૧૧. निराकृतान्योतरत्वं, કહતાં, પારકા દૂષણની બાધક વાણી હુઇ ૧૨. हृदयंगमतापि च. કહતાં, સર્વ શ્રોતાના મનને પ્રમોદદાયિ વાંણી હુંઇ ૧૩. सिद्धः साकांक्षता, કહતાં, માંહોમાંહિ પૂર્વાપર અર્થ સાપેક્ષ વાંણી હુઇ ૧૪. प्रस्तावौचित्यं, કહતાં, દ્રવ્ય, ક્ષેત્રાદિકને અનુસારૈ, ઉચિતવાણી, પ્રવર્ત્તૈ ૧૫– तत्त्वनिष्टता, કહતા, અનેક નયની અપેક્ષા કરતી વાંણી પ્રવર્તે, એકાંત વાંણી ન હોઇ. ૧૬ अप्रकीर्णप्रसृतत्वं, કહતાં, અર્થ વિસ્તાર સહિત વાંણી હોઇ ૧૭. अप्वश्लाघान्यनिंदिता, કહતાં, રાગદ્રેષ રહિત વાંણી હોઇ ૧૮. अभिजात्यं, કહતાં નિરૂપમ પંડિતાઇ સહિત વાણી હુઇ, એતાવતાં શાસ્ત્રાનુસારે વચન, કોઇ ઉથાપી શકે નહીં ૧૯. अतिस्निग्धमधुरत्वं, કહતાં, શ્રોતાના મનને વિષે,ઉચિતરાગની, ઉચિત રસની, ઉદ્દીપક વાંણી પ્રવર્ત્તે, અતઃ સર્વને આદેય વચન હુવૈ, तमेवसच्चंनिस्संकं ઇતિ વચનાત્ ૨૦. સ્વ સચ્ચંત ક૦ સર્વને વખાંણવા યોગ વાંણી હુઇ ૨૧. अमर्मवेदना, કહતા, દ્રોહે પરકીય ગુપ્ત દોષની સૂચનાંયે, મનને પીડાકારી વાંણી ન હોઇ. ૨૨. ओदार्यं, કહતાં, સંપૂર્ણ ઇષ્ટ અર્થ સહિત વાંણી હોઈ. ૨૩. धर्मार्थप्रतिबद्धता, કહતાં, ક્ષયોપશમાદિ દ્વારૈ, ધર્મસાધક વાંણી હોઈ. ૨૪ कारकाद्यविपर्यासो, કહતાં, અવિરોધકારકાલિંગ કાલવચને સહિત વાણી હોઈ. ૨૫. विभ्रमादिवियुक्तिता, કહતાં, શ્રોતાને અપૂર્વ સંશય ભ્રાંત મોહહેતુક વાણી ન હુંઇ ૨૬. चित्रकत्वं, કહતાં, શ્રોતાને આશ્ચર્યકારી વાંણી હુઈ. ૨૭. અદ્ભુતત્વં, કહતાં શોક, વિખવાદ, ઉદ્વેગ નિવારક વાંણી હુઇ. ૨૮. अन्यविलंचिता, કહેતાં પ્રવાહની પરિ અખંડિત વાંણી હુઇ. विविस्त्राभावि કહતા, વિવિસ્વાશ તો પિણ વીસામોં જાંણૈ નહી ૨૯. अनेकजाति, કહતાં, અનેક અલંકારારોપિત વાંણી હોઇ ૩૦. आरोपित विशेषता, કહતાં, આપ આપણા અભિપ્રાયને અનુસારૈ, અનેક અર્થાવબોધ વાંણી હુંઇ ૩૧ सत्वप्रधान, કહતા, ધર્મને વિષે ઉત્સાહ વર્ધક વાંણી હુવૈ, એતલે સંસાર હેતુથી, પરાઙ્મુખ ભવ્ય થાય ૩૨, वर्णपदवाक्यविवक्तता, કહતાં નિર્દોષપદ વાક્યોપેત વાંણી હુઈ ૩૩. अत्युच्छिन्त्त, કહતા, અસ્તોવસ્ત. અર્થસહિત વાંણી હુઈ ૩૪.

अखेवत्वं, કહતાં, શ્રમહેતુક વાંણી ન હુવે. ૩૫. એ પૈત્રીસ વચનાતિશય ભગવંતના કહ્યા. એવંચ્યાર મૂલાતિશય, અને આઠ મહાપ્રાતિહાર્ય, મિલિ એ બારે ગુણે સહિત, અર્થાત ચૌત્રીસ અતિશય સંયુક્ત, તે ચઉત્રીસ અતિશય કેહા, તે કહીયે છે.

અદ્ભુતરૂપ સુગંધ, તથા રોગ, સ્વેદ મલ રહિત શરીર હુઇ. ૧. શ્વાસ કમલની પરે સુગંધે ૨, માંસ, રૂધિર ગોદુગ્ધધારાની પરે ઉજ્વલ ૩. આહારનીહાર વિધિ અદ્રશ્ય હુવે ૪. એ ચ્યાર સહજાતિશય જન્મથી હુવે.


યોજન પ્રમાણે સમવસરણમાંહિ, મનુષ્ય, તિર્યંચ, દેવતાની કોડાનિકોડિ સમાયે ૧. યોજન ગાંમિની વાંણિ, જગન્નાથની હોય સ્વભાવે, મનુષ્ય, તિર્યંચ, દેવતા, આપ આપણી ભાષાયે, સમજે ૨, પૂંઠે ભામંડલ દીપે ૩. ભગવંત વિચરે તિહાં, સવાસે યોજનમાહિ નવા રોગ, ન ઉપજે, પૂર્વે ઉપના હોઈતે વિલય જાઇ. ૪. ભગવંત વિચરેતિહાં, સવાસે યોજન માંહે, સાતે ઇતિ ઉપસમેં ૫. વૈરીનાં વૈર વિલય જાય ૬. મરગી ઉપસમાઇ ૭. અતિવૃષ્ટિ ન હુવે ૮. અનાવૃષ્ટિ ન હુવે ૯. દુર્ભિક્ષ ન હુવે ૧૦. સ્વચક્રપરચક્રનો ભય ન હુવઇ ૧૧.એ ઇગ્યાર કર્મક્ષયથી ઉપના અતિશય. ધર્મચક્ર આકાસે ચાલે ૧. શ્વેત ચામર અહનિશિ વીંઝાય ૨. પાદપીઠ સહિત સિંહાસન સહચારી હુઇ ૩. છત્રત્રય મસ્તકે ધરે ૪. રત્નમય એક સહસ્રયોજન ઉંચી ધ્વજા લહકે ૫. એગ ઠવણે સુરસંચારિત સુવર્ણમય નવ કમલ હોઈ ૬. દેવતા ત્રિગડું રચે ૭. ચતુર્મુખે ધર્મ ઉપદેસે ૮. અશોકવૃક્ષ નવપલ્લવ હુવે ૯. માર્ગે કાંટા ઉંધા થાય ૧૦. બિહુ પાસે વૃક્ષ નમે ૧૧. દેવાનુભાવે એકકોડિ દેવ દુંદુભિ વાજા વાજે ૧૨. સુકુમાલ અનુકૂળ વાય વાજે ૧૩. પંખી પ્રદક્ષિણા દીયે ૧૪. યોજન પ્રમાણે સુગંધી પાણીની વર્ષા કરે ૧૫. જાનુ પ્રમાણ પંચવર્ણી ફૂલની વૃષ્ટિ કરે ૧૬. નખ, રોમાદિક વૃત લીધા પછે, શરીર શોભાથી અધિક વાધે નહી ૧૭. ભુવનપતિ પ્રમુખ ચાર નિકાયના દેવતા મિલી એકકોડિ પાસે રહે ૧૮. છત્રતુનાં ભાવ સમવસરણે પાંમીયે ૧૯. એ ઓગણીસ અતિશય દેવતાના કીધા હુઇ. એ સર્વ મિલી ચ્યાર જન્મનાં, ઇગ્યાર કર્મ ક્ષયથી ઊપનાં, ઓગણીસ દેવતાનાં કીધા. એવં ચઉત્રીસ અતિશય સંયુક્ત, શ્વેત વર્ણે અરિહંત ધ્યાઇયે ॥ ઈતિ શ્રી અરિહંત ગુણા ॥૧॥

હિવે સિદ્ધનાં આઠ ગુણ કહીજે છે

ગાથા—*नाणं च १ दंसणंचिय २, अव्वाबाहं ३, तहेव सम्मत्तं ४ ।*

*अक्खयठिई ५, अरूवी ६, अगुरुलघु ७, वीरियं ८, हवई ॥।१*

એ ગાથાનો અર્થ, આઠકર્મનોં સ્વરૂપ, આઠ કર્મ જાણીયે, તે માટે આઠકર્મનોં સ્વરૂપ ઓલખવાને પ્રકૃતિબંધ ૧. સ્થિતિ બંધ ૨, રસબંધ ૩. પ્રદેશબંધે ૪. કરી વિચારિયે છે. તિહાં પ્રકૃતિ બંધ બે ભેદે મૂલ પ્રકૃત બંધ ૧. ઉત્તર પ્રકૃત બંધ ૨, તિહાં મૂલ પ્રકૃતિ, આઠ કર્મ, તિહાં ૧. જ્ઞાનાવરણી–આંખના પાટા સરીખું. જિમ કોઈ પુરુષને આંખે પાટી



ચિત્ર ૧૩ ચંડપિંગલ શૂળી ઉપર


ચિત્ર ૧૪ રાજકુમાર પુરંદરનો જન્મ (પાનું ૩૨)



ચિત્ર ૧૬ સાધુ, પર્વત ઉપર ભીલ, ભીલડીને ઉપદેશ આપે છે (પાનું ૩૪)




ચિત્ર ૧૭ રાજસિંહકુમાર મિત્ર સાથે વનમાં જાય છે (પાનું ૩૫)




ચિત્ર ૧૮ પ્રજા રાજા પાસે પોકાર કરવા આવે છે (પાનું ૩૬)



ચિત્ર ૧૯ રાજસિંહકુમાર અને સુમતિ મંત્રી પરદેશ જવા નીકળે છે (પાનું ૩૬)



ચિત્ર ૨૦ રાજસિંહકુમાર અને રાક્ષસનો સંવાદ (પાનું ૩૬)



ચિત્ર ૨૧ રાજસિંહકુમાર પોતાનું માંસ કાપીને આપવા લાગ્યો (પાનું ૩૭)

આંધ્યૌ હુઈ, તે ઘટાદિ પદાર્થ સ્પષ્ટ પદાર્થ જાણી ન સકૈ, તિમ જ્ઞાનાવરણીકર્મનાં ઉદયથી જીવને તાદૃશ ભણતાં નાવડૈ. ભણ્યો હોઈ તે કિંચિત્ વીસરી જાય. તે જ્ઞાનાવરણી કર્મ કહીજે ૧. દર્શનાવરણીકર્મ–પૌલીયા સરીખૌ. જિમ કોઈ પુરુષ રાજાનૌ દરસણ કીયાં વાંછે. પિણ પૌલીયૌ મિલવા ન દીયૈ, તિમ દર્શનાવરણી કર્મનાં ઉદયથી, શ્રીતીર્થંકર દેવનાં ઉપદિશ્યા, તત્વ કાંઈ જાણે નહીં, તે દર્શનાવરણી કર્મ કહીજૈ ॥૨॥

વેદનીકર્મ–મધ્રૈ ખરડી ખડ્‌ગની ધારા, ચાટતાં, મીઠી લાગૈ, તિમ શાતાવેદની માંને અને જીભ કપાય, તિમ અશાતાવેદની માને એ વેદની કર્મ ૩.

મોહનીકર્મ–મદિરા પાન સરીખું. જિમ કોઈ ડાહ્યો પુરુષ હોઈ, તે મદિરા પીધા પછી ગહિલૌ થાય. તિમ જીવ, મોહનીકર્મનાં ઉદયથી તત્વાદિકનો સ્વરૂપ, વિપરીત પણે જાણી સાચો કરી માંને, તે મોહનીકર્મ ૪.

આઉખોકર્મ–હડ સરીખું. જિમ ખીલી હડિ સાથે પગને બાંધી રાખૈ, તિમ આઉખોકર્મ–જીવને ગતિ સાથે ખીલી રાખૈ. એતલે જે જીવે જે ગતિ સંબંધી, આઊખો ઉદય આવ્યૌ, તે ભોગવ્યાં વિનાં નહી નીકલી સકે, તે આયુકર્મ. ૫

નાંમકર્મ–ચીતારા સરીખું. જિમ ચીતારૌ રંગૈ કરી, વિવિધ રૂપ ચીતરૈ, તિમ જીવ નાંમકર્મનાં ઉદય થકી, એકેંદ્રિયાદિક અનેક પર્યાય નિપજાવૈ, તે નાંમકર્મ કહીજૈ. ૬

ગોત્રકર્મ–કુંભારનાં બે ઘડા સરીખૌ. જિમ એક ઘડૌ સુઘાટે ઘડાણો, ઘૃતાદિકે ભર્યૌ સચવાઇ, તિમ સુકુલાદિકને હેતુએ, ઉચ્ચૈ ગોત્રને ઉદયૈ, જીવ પૂજા સત્કાર પાંમે. તથા બીજો ઘડૌ, અસુભ ઘાટે ઘડાણોં, મદ્યાદિકૈ ભર્યૌ થકૌ ઉવેખી મુંકીયૈ, તિમ નીચ કુલાદિકને હેતુએ, નીચૈ ગોત્રને ઉદયૈ, નિંદા–અપમાન જીવ પાંમે, તે ગોત્રકર્મ કહીજે. ૭

અંતરાયકર્મ–રાજાનાં ભંડારી સરીખું જિમ રાજા કોઇ પુરુષ ઊપર, સંતુષ્ટમાંન થઇ, દ્રવ્ય અપાવૈ. પિણ ભંડારી તેતલૌ ન આપૈ. તિણૈ કરી પુરુષની ઇચ્છા ભંગ થાય, તે અંતરાયકર્મ કહીજૈ ૮. એ આઠ મૂલપ્રકૃતિ કહી.

હિવૈ એહનાં ઉત્તરભેદ તે ઉત્તરપ્રકૃતિ. આઠ કર્મની એક સો અઠ્ઠાવન કહીજે છે. પ્રથમ જ્ઞાનાવરણીનાં પાંચભેદ. મતિજ્ઞાંનાવરણ ૧, શ્રુતજ્ઞાનાંવરણ ૨, અવધિજ્ઞાનાવરણ ૩, મનઃપર્યવજ્ઞાનાંવરણ ૪, કેવલજ્ઞાનાંવરણ ૫–૧.

બીજા દર્શનાંવરણી કર્મનાં નવભેદ તે કેહા–ચક્ષુદર્શનાવરણ ૧, અચક્ષુદર્શનાવરણ ૨, અવધિદર્શનાવરણ ૩, કેવલદર્શનાવરણ ૪, એ દર્શનાવરણ ચતુષ્ક. નિદ્રા ૧, નિદ્રાનિદ્રા ૨, પ્રચલા ૩, પ્રચલાપ્રચલા ૪, થીણદ્ધી ૫. એ બે મિલીયૈ નવ પ્રકૃતિ ॥ ૨ ॥

ત્રીજું વેદનીકર્મ–દોય ભેદે. શાતાવેદની ૧, અશાતાવેદની ૨, ॥ ૩ ॥

ચોથો મોહનીયકર્મ-બે ભેદે-દર્શન મોહની ૧, ચારિત્ર મોહની ૨. તિહાં દર્શનમોહનીનાં તીન ભેદ-સમ્યક્ત્વ મોહની ૧, મિશ્રમોહની ૨, મિથ્યાત્વ મોહની ૩. હિવૈ ચારિત્રમોહની બે ભેદે. સોલ કષાય ૧, નવ નો કષાય ૨-સોલૈ કષાય કેહા-તે કહીયૈ છૈઃ-

અનંતાનુબંધી ક્રોધ ૧, અપ્રત્યાખ્યાની ક્રોધ ૨, પ્રત્યાખ્યાનીયો ક્રોધ ૩, સંજલનો ક્રોધ ૪-ઇમ માંનનાં ચ્યાર ભેદ, માયાનાં ચાર ભેદ, લોભનાં ચાર ભેદ. એવં સોલ કષાય.

હિવૈ નવ નો કષાય કહી જૈ છૈ. હાસ્ય ૧, રતિ ૨, અરતિ ૩, ભય ૪, શોક ૫, દુગંછા ૬, એ હાસ્યષટ્ક. વેદત્રિક-પુરુષવેદ ૧, સ્ત્રી વેદ ૨, નપુંસક વેદ ૩. એવં સર્વ મિલ્યાં અઠ્ઠાવીસ પ્રકૃતિ મોહનીય કર્મની ૪.

પાંચમાં આયુકર્મનાં ચાર ભેદ-દેવાયુ ૧, મનુષ્યાયુ ૨, તિર્યંચાયુ ૩, નરકાયુ ૪.

છઠ્ઠો નામકર્મ-તેહનાં એકસૌ તીન ભેદ, તે કિમ. ગતિ ચ્યાર. દેવગતિ ૧, મનુષ્ય-ગતિ ૨, તિર્યંચગતિ ૩, નરકગતિ ૪. જાતિ પાંચ એકેંદ્રિય ૧, બેઇંદ્રિય ૨, તેઇંદ્રિય ૩, ચઉરિંદ્રિય ૪, પંચેંદ્રિય ૫. શરીરપાંચ-ઔદારિક ૧, વૈક્રિય ૨, આહારક ૩, તેજસ ૪, કાર્મણ ૫. અંગોપાંગત્રિક, ઔદારિક અંગોપાંગ, વૈક્રિય અંગોપાંગ ૨, આહારક અંગોપાંગ ૩. બંધન પાંચ-ઔદારિક બંધન ૧, વૈક્રિય બંધન ૨, આહારક બંધન ૩, તેજસ બંધન ૪, કાર્મણ બંધન ૫. અથવા પનરૈ બંધન-ઔદારિક ઔદારિક બંધન ૧, વૈક્રિય વૈક્રિય બંધન ૨, આહારક આહારકબંધન ૩, ઔદારિક તેજસ બંધન ૪, વૈક્રિય તેજસ બંધન ૫, આહારક તેજસ બંધન ૬, ઔદારિક કાર્મણ બંધન ૭, વૈક્રિય કાર્મણ બંધન ૮, આહારક કાર્મણ બંધન ૯, ઔદારિક તેજસ કાર્મણ બંધન ૧૦, વૈક્રિય તેજસ કાર્મણ બંધન ૧૧, આહારક તેજસ કાર્મણ બંધન ૧૨, તેજસ તેજસ બંધન ૧૩, કાર્મણ કાર્મણ બંધન ૧૪, તેજસ કાર્મણ બંધન ૧૫. એવં ૧૫ બંધન. સંઘાતન પંચક-૫., ઔદારિક સંઘાતન ૧, વૈક્રિય સંઘાતન ૨, આહારક સંઘાતન ૩, તેજસ સંઘાતન ૪, કાર્મણ સંઘાતન ૫. સંઘયણષટ્ક-વજ્રઋષભનારાચ સંઘયણ ૧, ઋષભનારાચ ૨, નારાચ ૩, અર્ધનારાચ ૪, કીલિકા સંઘયણ ૫, છેવઠો સંઘયણ ૬. સંસ્થાનષટ્કં-સમચૌરસ સંસ્થાન ૧, નિગ્રોધ ૨, સાદિ ૩, કુબ્જ ૪, વામન ૫, હુંડક ૬. વર્ણ પંચક કૃષ્ણવર્ણ ૧, નીલવર્ણ ૨, પીલોવર્ણ ૩, રાતૌવર્ણ ૪, ધવલૌવર્ણ ૫. ગંધ બે ભેદે-સુરભિ ગંધ ૧, દુરભિગંધ ૨, રસપંચક ૩, તીખૌરસ ૧, કટુક રસ ૨, કસાયલૌ રસ ૩, ખારૌરસ ૪, મીઠૌરસ ૫. ફરસ આઠ-ગુરુફરસ ૧, લઘુફરસ ૨, મૃદુફરસ ૩, ખરફરસ ૪, શીતફરસ ૫, ઉષ્ણફરસ ૬, સ્નિગ્ધફરસ ૭, લૂખૌ ફરસ ૮. ચાર આનુપૂર્વી-નરકાનુપૂર્વી ૧, તિર્યંચાનુપૂર્વી ૨, મનુશ્યાનુપૂર્વી ૩, દેવાનુપૂર્વી ૪, પંખીગતિ બે ભેદે-શુભપંખીની પેરે ગતિ ૧, અશુભ ઉંષ્ટ્રની ખરાદિકની પરૈ ગતિ ૨. એ ચઉદૈ પિંડ પ્રકૃતિ કહી. તેહની ઉત્તર પ્રકૃતિ પઇસઠ, અને પનરૈ બંધનની ઉપેક્ષાયૈ,

પંચોતેર. હિવૈં આઠ પ્રત્યેક પ્રકૃતિ કહીછૈ-પરઘાત ૧, ઉસ્વાસ ૨, આતપ ૩, ઉદ્યોત ૪, અગુરુલઘુ ૫, તીર્થંકર ૬, નિર્માણ ૭, ઉપઘાત ૮.

ત્રશ દશક કહીજૈ છે-ત્રસ ૧, બાદર ૨, પર્યાપ્ત ૩, પ્રત્યેક ૪, સ્થિર ૫, શુભ ૬, સુભગ ૭. સુશ્વર ૮, આદેય ૯, જસ ૧૦. થાવર દશક કહીયૈ છે-થાવર૧, સૂક્ષ્મ ૨, અપર્યાપ્તિ ૩, સાધારણ ૪, અથિર ૫, અશુભ ૬, દુર્ભગ ૭, દુસ્વર ૮, અનાદેય ૯, અજસ ૧૦, એ સર્વ મિલી નામકર્મની એકસૌ તીન પ્રકૃતિ કહી.

સાતમૌ ગોત્રકર્મ-ગોત્ર બે-ઉચ્ચૈ ગોત્ર ૧, નીચૈ ગોત્ર ૨

આઠમો અંતરાયકર્મ-પાંચભેદે દાનાંતરાય ૧, લાભાંતરાય ૨, ભોગાંતરાય ૩, ઉપભોગાંતરાય ૪, વીર્યાંતરાય ૫. એ આઠકર્મની, એકસૌ અઠ્ઠાવન ઉત્તર પ્રકૃતિ કહી. ઇતિ પ્રકૃતિબંધ.

હિવૈ સ્થિતિ બંધ કહીયૈ છે-કર્મની સ્થિતિનો પરિમાણ તે સ્થિતિબંધ બે ભેદે-ઉત્કૃષ્ટૌ અને જઘન્ય. તિહાં જ્ઞાનાવરણીયકર્મ, અને દર્શનાવરણીય કર્મ-ઉત્કૃષ્ટી તેત્રીસ કોડાકોડિસાગરોપમ, જઘન્ય એક અંતર્મુહૂર્ત્ત.

વેદનીયકર્મ-ઉત્કૃષ્ટુ ત્રીસ કોડાકોડિ સાગરોપમ, જઘન્ય એક અંતર્મુહૂર્ત.

મોહનીયકર્મ-ઉત્કૃષ્ટૌ સિત્તેર કોડાકોડિ સાગરોપમ, જઘન્ય એક અંતર્મુહૂર્ત.

આયુકર્મ-ઉત્કૃષ્ટૌ તેત્રીસ કોડાકોડિ સાગરોપમ, જઘન્યથી ક્ષુલ્લક ભવગ્રહણરૂપ અંતર્મુહૂર્ત. નામકર્મ અને ગોત્રકર્મ-ઉત્કૃષ્ટૌ વીસ કોડાકોડિ સાગરોપમ, જઘન્ય એક અંતર્મુહૂર્ત.

અંતરાયકર્મ-ઉત્કૃષ્ટૌ તેત્રીસ કોડાકોડિ સાગરોપમની સ્થિતિ કહી. તેહ કર્મને તેતલા વર્ષ શત પ્રમાણ, બંધતૂટૈ ઉદય યોગ્ય ઠાનૌ. અંતરકાલરૂપ અબાધાકાલ હુઇ. તે કિમ-જ્ઞાનાવરણીયાદિક ત્રિણ અને અંતરાયપ્રતે, તીસસૈ વર્ષ, મોહનીકર્મને સાત હજારવર્ષ, નામ ગોત્રને બે હજાર વર્ષ, તથા આયુકર્મને, ઉત્કૃષ્ટૌ અબાધાકાલ પૂર્વકોડિનૌ તીજો ભાગ. આઠકર્મનો જઘન્યૌ અબાધાકાલ અંતર્મુહૂર્ત્ત. ઉત્તર પ્રકૃતિનૌ સ્થિતિ બંધ. અબાધાકાલ शतकादि ગ્રંથથી જાંણિવા. સર્વકર્મ અબાધાકાલ પૂઠૈ, ઉદય યોગ્ય થાય. એ સાંમગ્રી પાંમી યથાવસરૈ ઉદય આવૈ-ઇતિ शतकवृत्तौ ઇતિ સ્થિતિ બંધ. દ્રવ્યકર્મને વિષૈ વિવક્ષિત કષાય હેતુક કડૂઔ, તથા મીઠૌ રસ બાંધૈ, તે રસબંધ કહીયૈ. વિવક્ષિતદિશિની અપેક્ષાયૈ. આત્મપ્રદેશ સંઘાતેં, જે કર્મ પુદ્ગલનો સંયોગ તે પ્રદેશબંધ કહીયૈ. એ કર્મબંધનાં ચ્યારભેદ-મોદક દ્દષ્ટાંતે ભાવીયૈ. તે કિમ-જિમ કોઇક મોદક વિવક્ષિત દ્રવ્ય સંયોગે નીપનો, વાત, પિત્ત, શ્લેષ્મનેં જે સ્વરૂપે ટાલેં, તે સ્વભાવૈ કહીયૈ. તે માટે સિદ્ધ અરૂપી કહીયૈ. અગુરુલઘુ કહતા, કાર્મિક સન્માન-સત્કાર રહિત હોઈ. એતલૌ વિષયનાં સંબંધે કરી, *સ્વભાવૈ પૂજા સત્કારૈ સહિત છૈ. કૃતકૃત્ય થયાં માટૈ, તાદશ વીર્ય ફેરવૈ નહી. વીરિયં* કહતાં, સિદ્ધ સ્વાભાવિક અનંતૌ બલ હોઈ લોકને અલોકમાંહિ કરૈ, અલોકને લોકમાંહિ કરૈ ॥ ઇતિ સિદ્ધ ગુણા.

## २. पंचिंदिय सूत्र

[ पंचिदिअ संवरणो, तह नवविहबंभचेरगुत्तिधरो ।
चउविहकसायमुक्को, इअ अट्ठारस गुणेहिंसंजुत्तो ॥ १ ॥
पंचमहव्वयजुत्तो, पंचविहायारपालणसमत्थो ।
पंचसमिओ तिगुत्तो छत्तीसगुणो गुरू मज्झ ॥ २ ॥ ]

पंचिंदिय संवरणो એ બિં ગાથાયે છત્રીસ ગુણ વિવરીયે છે. પાંચ ઇંદ્રી સંવરે તે કહે છે-સ્પર્શનેંદ્રિય ૧, રસનેંદ્રિય ૨, ઘ્રાણેંદ્રી ૩, ચક્ષેંદ્રી ૪. શ્રોત્રિંદ્રી ૫. એ પાંચ ઇંદ્રીયનાં તેવીસ વિષય લિખિયે છે. પ્રથમ સ્પર્શનેંદ્રિયનો વિષય ફરસ આઠ ભેદે-ભારી ફરસ ૧, હલુઓ ફરસ ૨, સુહાલો ફરસ ૩, ખરસઠ ફરસ ૪, શીત ફરસ ૫, ઉષ્ણ ફરસ ૬, ચોપડ્યો ફરસ ૭, લૂખો ફરસ ૮. શરીરે કરી ભલા ફરસ ઉપર રાગ ધરે નહીં. એતલે રૂડાફરસ કાયાયે ફરસે, તે ફરસને રૂડો ન માને, માઠા ફરસ ઉપર દ્વેષ ન ધરે. એતલે પાંચ ઇંદ્રિયની વિષય તૃષ્ણાનાં સંવર. ભુંડા ફરસને ભુંડો ન માને ૧.

બીજી રસનેંદ્રિયનો વિષય રસ પાંચ ભેદે રહ્યા કહતાં, રસનાં કરણહાર, તીખો ૧, કડૂઓ ૨, કસાયલો ૩, ખારો ૪, મીઠોયે જીભે કરી ભલા રસ આસ્વાદતાં ગૃદ્ધ-લોલુપી ન હોઈ. पंचिंदिय संवरणो, રાગ ન ધરે, ભલો ન માંને, વલી આહાર કરતાં વખાંણે નહીં. મીઠા રસ ઊપરે પ્રેમ ન ધારે, ખાટા રસ ઉપર દ્વેષ ન ધરઈ. ૨.

ત્રીજું ઘ્રાણેંદ્રી-તે નાસિકા, તેહનો ગંધ વિષય, બે ભેદે-સુભગંધ ૧, દુરભિગંધ ૨. નાસિકાયે કરી, સુગંધ ઉપર રાગ ન ધરે, દુર્ગંધ ઉપરિ દ્વેષ ન ધરે. ભુંડું ન માને. ૩

ચૌથો ચક્ષેંદ્રિય-તેહનો રૂપ વિષય પાંચ ભેદે-કૃષ્ણવર્ણ ૧, નીલવર્ણ ૨, પીતવર્ણ ૩, રક્તવર્ણ ૪, શ્વેતવર્ણ ૫. આંખો કરી ભલો રૂપદેખી રાગ ન ધરે, માઠો રૂપ દેખી દ્વેષનધરે ૪.

પાંચમો શ્રોત્રેંદ્રિયનોં-શબ્દ વિષય, ત્રિણ ભેદે-જીવ શબ્દ તે ૧, મનુષ્ય, પશુ પ્રમુખનોં શબ્દ ૧, અજીવ શબ્દ તે-ઘટ, પટ, લકુટાદિકનો ૨, મિશ્ર શબ્દ તે-ભેરી, માંદલ, પ્રમુખનો ૩, એતલે કાંને કરી, ભલા શબ્દ સુણી રાગ ન ધરે, માઠા શબ્દને વિષે દ્વેષ ન ધરઈ. એતલે પંચેંદ્રિયનાં તેવીસ વિષય કહ્યા. તે માંહિલા પ્રીતકારીયા મિલે તો રાગ ન ધરે, અપ્રીત કારીયા મિલે તો દ્વેષ ન ધરે તે માટે પાંચ ઇંદ્રિયનાં સંવરી કહીજે.

નવવાડ સહિત બ્રહ્મચર્ય પાલે. તે નવવાડિ કહીયે છે-પહિલીવાડિ, જે વસતી, પશુ ગાય પ્રમુખ ૧, નપુંસક ૨, સ્ત્રી રહિત હુવે, તે સ્થાંનકે રહે-૧ तहनवविह बंभचेर गुत्ति धरो, चउविह कसाय मुक्को તિમહિજ નવવિહ કહતાં નવપ્રકારે, એતલે નવવાડિ સહિત, બંભચેર ગુત્તિ કહતાં બ્રહ્મચર્યની ગુપ્તિ તેનાં ધરો કહતાં ધારણહાર. ચઉવિહ કસાય ચતુર્વિધ-ચ્યાર ક્રોધ ૧, માન ૨, માયા ૩, લોભ ૪ એ ચાર કષાયથી મુકકો કહતાં મુકાણા છે.

બીજીવાડિ- સ્ત્રીની કથા, વાર્ત્તા, સરાગપણાંની ન કરે. ૨.

ત્રીજીવાડિ-જે આસણેં-પાટલે, તથા માંચે, સ્ત્રી બેઠી હુવ, તિહાં બિઘડી સુધી, બ્રહ્મચારી ન બૈસે. જે આસણે પુરુષ બેઠો હુવે, તિહાં બારે મુહૂર્ત્ત લગે સ્ત્રી ન બૈસે. ૩.

ચઉથીવાડિ-સ્ત્રીનાં અંગોપાંગ સરાગપણે નિરખે નહીં ૪.

પાંચમી વાડિ-ભિંત તથા પરીછને આંતરે, સ્ત્રી ભર્ત્તાર સૂતા હોઇ તિહાં ન રહે. ૫

*છઠ્ઠીવાડિ-પૂર્વલી કામક્રિડા સ્ત્રી સંઘાતે કીધી હુવે, તે સંભારે નહીં ૬.*

સાતમી વાડે-સરસ, સ્નિગ્ધ આહાર ન લેવો ૭.

આઠમી વાડે-નિરસ આહાર પિણ અતિ માત્રાયે નહીં લેવો, ભોજન ઉપરાંત ન લેવો ૮.

નવમીવાડિ-શરીરની વિભૂષા-શોભા ન કરવી ૯. એ નવવાડિ સહિત, બ્રહ્મચર્ય મન, વચન, કાયાઈ, ત્રિકરણ શુદ્ધ પાલે ૯.

કષાયનો અધિકાર વિચારિયે છે. ચારિત્રનાં ઘાતિક પરિણામ તે કષાય કહીજે. તે મધ્યે અનંતાનુબંધીયા ચ્યાર. અપ્રત્યાખ્યાનાવરણ ૪, પ્રત્યાખ્યાનાવરણ ૪, સંજલણા ૪. એહનો સ્વરૂપ કહીજે છે. આયખા સુધી ઉદય છે, જેહનો નરક ગતિનો હેતુ, સમ્યક્ત્વ સહિત ચાર, ચારિત્રનાં અંકૂરા રૂપ, ઉપાસનાદિ ગુણરોધક સુભાવ સહાઈ, એહવા કષાયને અનંતાનુબંધી કહીછે. ૧

વરસ સુધી ઉદય છે જેહનો, તિર્યંચ ગતિનાં હેતુ, દેશવિરતીનાં રોધક, એહવા કષાય તે અપ્રત્યાખ્યાનાવરણી કહીજઈ. ૨

ચ્યારમાસ સુધી ઉદય છે જેહનો, મનુષ્ય ગતિનાં હેતુ, સર્વવિરતિનાં રોધક, એહવા કષાયને પ્રત્યાખ્યાનાવરણ કહીજે ૩.

પખવાડીયા આગે ઉદય છે જેહનો, સૂરગતિનો હેતુ, યથાખ્યાતચારિત્રનો રોધક એહવો કષાય તે સંજલણી કહીજે ૪.

અનુભાગની વિચિત્રાઈ કરી, એ અર્થ પ્રાયિક જાણિવો.

હિવે અનાનુપૂર્વીયે સોલે કષાય ઉપમાન વિવરિયે છે-જલરેણું કહંતા પાણીમાંહિની રેખા સરીખો સંજલણી ક્રોધ હોય ૧. એતલે જિમ જલમાંહિ લકીરી, તતકાલ પોતાની મેલે લોપાઈ, તિમ સંજલનો ક્રોધ ઉદય પામી, ક્ષણેક પોતાથી નિવર્ત્તે. ૧

રેએઈરાઇ-કહતાં, રેતમાંહિલી રેખા સરિખો પ્રત્યાખ્યાનીયો ક્રોધ સ્વલ્પ ઉપાયે નિવર્ત્તે. ૨

પુઢવિરાઈ-કહતાં માટીની રાય તેડ સરિખો અપ્રત્યાખ્યાનીયો ક્રોધ, એતલે જિમ

માટીની રાય, પાણીને સંયોગે માટી મિલી ગઈ એક થાય, તેમ અપ્રત્યાખ્યાનીયો ક્રોધ, ઉદય પામી સફલ થયો હુતો ઉપાયે નિવર્ત્તે. ૩

પવ્વયરાઇયિ–કહતાં, પર્વતની તેડ રાય સરિખો, અનંતાનુબંધીયો ક્રોધ, ઉદય પાંમી સફલ થયો હુતો નિવર્ત્તે નહીં. ૪.

હિવૈ ચ્યાર માંનનો ઉદય પરમાંણે કરી નિરૂપીયે છે. तिणसलया કહતાં, નેત્રનીકાંબ સરિખો, સંજલનો માંન, એટલે જિમ કાંબ, વાયુ મનુષ્યાદિકને સંયોગે પોતાને મેલે નમેં, તિમ સંજલનો માંન, શુભ ભાવનાઈ કરી પોતાથી નિવર્ત્તે. ૧

ઈડ કહતાં, કાષ્ટનાં થંભ સરીખો, પ્રત્યાખ્યાનીયો માંન, એતલે જિમ કાષ્ટનો થંભનો કઠણ પણો. પરથી થોડે ઉપાયે ટલે. ૨ अप्रत्याख्यानीयो માંન એતલે જિમ હાડનાં થાંભાનોં કડણ પણોં, બહુ ઉપાયેં ટલે, તિમ અપ્રત્યાખ્યાનીયો માંન બહુ ઉપાયે નિવર્ત્તે ૩. શેલથંભો કહતાં, પાષાણનાં થાંભા સરીખો અનંતાનુબંધીયો માંન, ઉપાયાંતરે નિવર્ત્તે નહીં ૪.

અથ માયા ઉપમાંને કરી નિરૂપીયે છે अवलेहि કહતા ધતૂરાદિકની છાલ સરિખી માયા. એતલે જિમ ધતૂરાની છાલ, વાંકાઇ હસ્તાદિકે કરી પ્રયાસ વિના ટલે. તિમ સંજલની માયા, ઉદય પામી શુભ ભાવનાયે પોતાથી નિવર્ત્તે. ૧. गोमुत्तक કહતા, ગોમૂત્રિકા સરીખી प्रत्यारव्यानकी માયા એતલે ગૌમુત્રિકાની વાંકાઇ, ગમનાગમનાદિકે પ્રસંગે ટલે. તિમ એ માયા પરોપદેશાદિકે નિવર્ત્તે. ૨. मिढ सिंघ કહતા, ઘેટાનાં સીંગ સરીખી प्रत्याख्यांनकी માયા. એતલે ઘેટાનાં સીંગની વાંકાઇ, ઘણે ઉપાયે નીવર્ત્તે. તિમ એ માયા ભયાદિક, તીવ્ર ઉપાયે નિવર્ત્તે ૩. घणवंशमूल કહતાં, નિવિડ વંશના મૂલ સરીખી, अनंतानुबंधी માયા, એતલે જિમ વાંસના મૂલની વાંકાઈ, કાંઇ ઉપાયે ટલે, તિમ એ માયા ઉપાયાંતરે પિણ નિવર્ત્તે નહીં ૪. હિવે લોભ ઉપમાને કરી નિરૂપીયે છે. हलद કહતાં, હલદરનાં રંગ સરીખો લોભ. એતલે જિમ હલદરનો રંગ પોતાને મેલે ઉવટે તિમ સંજલનો લોભ ઉદય પામી શુભ ભાવનાંયે નિવર્ત્તે ૧. अंजन કહેતાં, વસ્ત્રે લાગે દીવાનો કાજલ, તે સરીખો પ્રત્યાખ્યાનીયો લોભ. એતલે જિમ કાજલ સહિત વસ્ત્રનો રંગ ઉપાયે ટલે, તિમ એ લોભ ઉદેશે ટલે ૨. कर्दम કહતા કાદવે ખરડયો, વસ્ત્ર તે સરીખું, એતલે જિમ કાદવનો રંગ બહુ ઉપાયે ટલે તિમ ભયાદિકે એ લોભ ટલે ૩. किमराग કહતા, રાતા હીરના રંગ સરીખો, अनंतानुबंधीयो લોભ. એતલે જિમ હીરનો રંગ ટાલ્યો ન ટલે, તિમ લોભ ઉપાયાંતરે ન ટલે, ગુણઠાંણાની અવધટલે ઇતિ ભાવ. ૪

એહવા કષાયથી મુકાંણાં છે. તેણં ५ મહાવ્રતનો વિસ્તાર કહીયે છે. सव्वाओ पाणायवायाओ वेरमणं કહતાં, ઉત્સર્ગથી મન, વચન, કાયાએ કરી, છક્કાયનાં જીવને પોતે હણે નહીં. અને જે બીજો હણતો હોઈ, તે પ્રતે અનુમોદે નહીં. મન, વચન કાયાયે કરી ભલો ન કહે.

પૃથવીકાય—ખાંણુ સંબંધી-હરમજી, ગેરૂ, હરતાલ, પારો, મનસિલ, હીંગ, મીઠો પ્રમુખ, ખરલઈ વાટે નહીં. પોતાને અર્થે વાટયો હુય તે લીયૈ નહીં. ૧

इय अट्ठारस गुणेहिंसंजुत्तो. १ पंचमहव्वय जुत्तो–એ પૂર્વે કહ્યા તે અઢારે ગુણે કરી સંયુકત કહતાં સહિત હોઈ. પંચ મહાવ્રત કરી યુકત સહિત હોઈ ભલા.

અપ્પકાય-તે પાંણી, સચિત્ત પાંણી વાવરૈ નહીં. તથા પોતાને અર્થે ઉષ્ણ કીયે હોઈ તેહ લીયઇ નહીં. પરનઇ લિવરાવઇ નહીં. અનેરો કોઈ લેતો હોઇ તે અનુમોદે નહીં. લેતો હોઇ તે ભેલો રહૈ નહીં. ૨

તેઉકાય-તે અગનિ. દીવો, ફાનસ તથા અગન ઉખેવવું. ઈત્યાદિ કરૈ નહીં. કરાવૈ નહીં. અનેરા બીજા કોઈ કરતાં પ્રતે અનુમોદૈ નહીં. આદરતો હોઈ તે ભેલો બૈસૈ નહીં. ૩

વાયુકાય-તે વાયરો, મોરપીછે તથા લૂગડે, તથા વીઝણે પ્રમુખે, વાયરો ઘાલૈ નહીં, ઘલાવૈ નહીં, વાયરો ઘાલતા પ્રતે અનુમોદઈ નહીં. વાયરો ઘાલવો આદરે, તે ભેલો બૈસૈ નહીં. ૪

વનસ્પતિકાય-તે નીલ ફૂલ, તથા ઝાડૂઆ ઉપરિ હીંડે નહીં, સંઘટે નહીં, સંઘટ્ટાવૈ નહીં, સંઘટ્ટા પ્રતે અનુમોદે નહીં. સચિત નીલવણાદિક લીયૈ નહીં. ૫

ત્રસકાય-બેંદ્રિય, તેંદ્રિય, ચઉરેંદ્રિય, જીવની યતના કરતો હીંડે. બૈસૈ, બોલૈ, આહાર કરૈ, પ્રતિક્રમણ કરે. એ પ્રથમ મહાવ્રત કહ્યો. ૧

सव्वाओ मुसावायाओ वेरमणं કહતાં, ક્રોધ ૧, લોભ ૨, ભય ૩, હાસ્યાદિકથી, દ્રવ્ય ૧, ક્ષેત્ર ૨, કાલ ૩, ભાવ ૪, સંબંધી, મન ૧, વચન ૨ કાયાયૈ કરી જૂઠો બોલૈ નહીં. જૂઠું બોલાવૈ નહીં. જૂઠું બોલતા પ્રતે અનુમોદૈ નહીં. એ બીજો મહાવ્રત કહ્યો. ૨

હિવઇ ત્રીજો મહાવ્રત કહૈ છે. सव्वाओ अदत्तादाणाओ वेरमणं કહતાં, પારકો ત્રિણ સરખો અદત્ત લીયૈ નહીં. પર પાસે પાપનો ઉપદેશ દે લિવરાવૈ નહીં. આહાર, તથા વસ્ત્ર વસ્તી પ્રમુખ માંગીને તે લિયૈ.

હિવૈ ચૌથા મૈથુન મહાવ્રત કહીયૈ છે. सव्वाओ मैथुणाओ वेरमणं-સર્વ મૈથુન વિરમણ વ્રત. અઢાર ભેદે બ્રહ્મચર્ય પાલૈ. તે અઢારે ભેદ લિખીયૈ છે. ઔદારિક કામ, તે મનુષ્યની સ્ત્રી સંબંધી તથા તિર્યંચની સ્ત્રી સંબંધી, મન, વચન, કાયાયૈ સેવૈ નહીં, પર પાસે સેવાવૈ નહીં, અનેરા બીજો કોઇ મૈથુન સેવતો હોઇ, તેહ પ્રતે અનુમોદે નહીં એ નવભેદ થયા.

ઇમ વૈક્રિય તે દેવતાની સ્ત્રી સંબંધી મૈથુન, મન, વચન, કાયાયૈ સેવે નહીં, સેવાવૈ નહીં. સેવતાને ભલા માણે નહીં. અનુમોદે નહીં. એ નવ, એમ અઢારે ભેદે બ્રહ્મચર્ય પાલે. સ્ત્રી સાથે સરાગપણે આલાપ સંલાપ ન કરૈ, તથા ઘણો પરિચય ન કરે. વાડનો ભંગ

થાય તે માટે, અનેરો કોઇ દેખે તો જિનશાસનની હીલણા કરે, ઘણો દ્વેષી હોય તો ઉડ્ડાહ કરે. એ ચોથો મૈથુનવ્રત કહ્યો. ૪

હિવે પાંચમો પરિગ્રહ વિરમણવ્રત કહે. सव्वाओ परिग्गाहाओ वेरमणं—સર્વ પરિગ્રહ વેરમણું વ્રતં, નવવિધ પરિગ્રહ તથા ધાતુમાત્ર મૂર્છારૂપ ધારે નહીં. ધર્મ સહાઈ ઉપગરણથી અધિક ઉપગરણ રાખે નહીં, તે ઉપગરણ લિખી જૈ છે. લૂગડાં ૨, એક કાંબલી ૩, ઓઘો ૪. મુહપત્તી ૫, લોટો ૬, એક સાધારણ પાતરૂં ૭.

હિવે સાત પાતરાનાં ઉપગરણ લીખી જૈ છે. પાત્રાનોં એક ઉપગરણ ૧, પાત્રાનો બંધન તે ઝોલી ૨, પાતરા વીંટવાનો રજસ્ત્રાણ ૩, પારઠાવણીયો જે ઝોલી હેઠલિ રહે. ઝોલી અણપડલેહી ન થાય તે માટે ૪, પાય કેસરીયા તે ચલવલી, તથા મુંહપત્તીયે પાત્ર પડલેહીયે તે ૫, પડલા ઉષ્ણકાલો ત્રિણ હુઈ ૬, સીયાલે ચ્યાર ૭, વરસાલે પાંચ ૮, પુજ્છો તે ઝોલી ઉપર બાંધવાનઉ, એ ચવદ ઉપગરણ ઔધિક જાંણિવા, ઊપગ્રહિક સંથારિઉ, ઉત્તરપટ્ટું, ડાંડો પ્રમુખ રાખે અને ગ્રહસ્થને ઘરતો પ્રાયે ગાંઠડી બાંધીને ન મુકે, જે બાંધીમુકે તેહને પાંચ મહાવ્રતાં માંહિલો એક મહાવ્રત હીંન હુવે હોઈ તો ભાગે એતલે તેહમેં સાધુ ન કહિયે.

**પંચવિહાયાર પાલણ સમત્થો**–પાંચ પ્રકારનો આચાર પાલવાને, પલાઈવાનેં સમર્થવાન હોઈ નિશ્ચે તે પાંચ આચાર કેહા–જ્ઞાનાચાર ૧, દર્શનાચાર ૨, ચારિત્રાચાર ૩, તપાચાર ૪, વીર્યાચાર ૫. જ્ઞાનાચાર તે કેહને કહીયે. જ્ઞાન પોતે ભણિવો પરને ભણાવવો, પોતે લિખવો પરને લિખાવવો પોતે જ્ઞાનભંડાર કરવો પર પાસે કરાવવો જ્ઞાન ભણતો હોઈ તેહને દેખીને રાગ ધરવો. ઇત્યાદિક ન્યાયે ગુણ કહ્યા તે ज्ञानाचार કહીયે. ૧

દર્શનાચાર તે કેહને કહીએ–પોતે સમકિત પાલે, બીજાને સમકિત પમાડે. સમકિતથી પડતી સ્થિર કરે. ઇમ निस्संकिय निक्कंखीय. એ ગાથાયે કહ્યા, જે આચાર તે दर्शनाचार કહીયે–૨


ચારિત્રાચાર તે કેહને કહીએ–ચારિત્ર પાલે, બીજાને ચારિત્ર પલાવે, શુદ્ધ ચારિત્રીને અનુમોદે. ઇમ पणिहाण जोगजुत्तो, એ ગાથાયે કહ્યા, જે આચાર તે चारित्राचार કહીયે–૩

તપાચાર તે કેહને કહીએ–પોતે બારે ભેદે તપ કરે, પરને બારે ભેદે તપ કરાવે, બારે ભેદે તપ અનુમોદે. ઇમ अणसणमुणोअरिआ, એ ગાથાયે તપ કહ્યા તે તપાચાર કહીયે.–૪

વીર્યાચાર તે કેહને કહીએ–એ ચ્યાર આચારને વિષે, શકિત ફેરવે, પડિકમણું, પડિલેહણ, ધર્મઅનુષ્ટાનને વિષે, બલવીર્ય ગોપવે નહીં, ઇમ अणुगूहिअबलवीरीओ એ ગાથાયે કહ્યા જે આચાર, તે वीर्याचार કહીજે.–૫



ચિત્ર ૨૨ રાજસિંહના કપાળમાં વિદ્યાધરે તિલક કર્યું ચિત્ર ૨૩ વિદ્યાધરી રાજસિંહને કપાળમાં તિલક કરે છે (પાનું ૩૭)



ચિત્ર ૨૪ શ્રીઋષભદેવના દેરાસર બહાર બંને મિત્રો સ્ત્રીરૂપે ઊભેલા છે (પાનું ૩૮)




ચિત્ર ૨૫ સ્ત્રીરૂપમાં બંને મિત્રો ઊભા છે (પાનું ૩૮)




ચિત્ર ૨૬ રત્નવતી, સ્ત્રીરૂપે રહેલા બંનેને પોતાની સાથે લઇ જાય છે (પાનું ૩૮)




ચિત્ર ૨૭ રાજસિંહ અને રત્નવતીના લગ્ન (પાનું ૩૯)



ચિત્ર ૨૮ રાજસિંહ અને રત્નવતીનું પરણીને આવતાં સામૈયું (પાનું ૩૯)



ચિત્ર ૨૯ મૃગાંકરાજા રાજસિંહકુમારનો રાજ્યાભિષેક કરે છે (પાનું ૩૯)




ચિત્ર ૩૦ મૃગાંકરાજા ગુરુ પાસે દીક્ષા લે છે (પાનું ૪૦)

એ પાંચ આચાર પાલવા, પલાવવાનેં વિષે ઉજમાલ હુઈ.

**पंचसमिओ तिगुत्तो, छत्तीस गुणेहिं गुरु मज्झ–२**

તીન ગુપ્તિ સહિત પાંચ સમિતિ પાલૈ, એ પૂર્વે કહ્યા તે છત્રીસ ગુણ લે આચાર્ય ગુરૂમેં હોઈ. એ ગાથા દોયનાં પદ આઠ છે. ગાથા. ૨, પદ આઠ.

હિવૈ પાંચ સમિતિ કહે છે, ઈર્યાસમિતિ ૧, ભાષા સમિતિ ૨, એષણા સમિતિ ૩ આદાંનનિક્ષેપણા સમિતિ ૪, ઉચ્ચાર પારિષ્ટાપનિકા સમિતિ ૫. ઈર્યાસમિતિ તે કેહને કહીજે. સાઢા તીન હાથ ધૂંસરા પ્રમાણ દષ્ટિ જોયનેં, સર્વદિશિ ઉપયોગથી ચાલૈ, પિણ આડૌ અવલૌ જોતૌ ન ચાલે, ઈહાં ઉપલક્ષણથી યતનાપૂર્વક ચાલૈ, બૈસે, સુવૈ, અંગોપાંગ હલાવૈ, તે ઈર્યાસમિતિ કહીજૈ. ૧

ભાષા સમિતિ તે કેહને કહીજૈ–ક્રોધ, માન, ભય, હાસ્ય, વિકથાદિકનેં સંબંધે રહિત, નિરવદ્ય વચન બોલૈ, સાવદ્ય વચન સર્વથા ન બોલૈ મુખે મુહપત્તી રાખી, નિરવદ્ય વાણી બોલૈ, સાંભલતાં અપ્રીતિ ન ઊપજૈ, એહવી વાણી બોલૈ, જ્યોતિષ, ઔષધ, નિમિત્તાદિકને હેતૈ વાણી ન બોલે, તેહને ભાષા સમિતિ કહીજૈ. ૨

એષણા સમિતિ કેહનેં કહીજે–આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, વસતી પ્રમુખનેં વિષે આધાકર્માદિક બૈતાલીસ દોષ ટાલૈ, તથા આહાર પ્રમુખ કરતાં અંગારાદિ દોષ ટાલૈ, માંડલાનાં પાંચ દોષ ટાલૈ, તે એષણા સમિતિ કહીએ. ૩

આદાંનનિક્ષેપણા સમિતિ કેહનેં કહીજે–જે કાંઈ વસ્ત્ર પાત્રાદિક વાવરવૌ, તે દષ્ટિએ જોઇ, પૂંજી, યતનાપૂર્વક લેવું, મૂકવું, તે આદાનનિક્ષેપણા સમિતિ કહીજે. ૪

પારિષ્ટાપનિકા સમિતિ, તે કેહને કહીજે–તે મલ, મૂત્ર, શ્લેષ્મ, કફ પરઠવૈ, તે દષ્ટે જોઈ, અચિત્ત ભૂમિકા પડિલેહી, अणुजाणहजसग्गो કહીનેં, પછી વારતીન વોસિરૈ વોસિરૈ કહી, માતરૌ પ્રમુખૈ ભૂમિ ઊપર પરઠવે, એ પારિષ્ટાપનિકા સમિતિ કહીજૈ. ૫

ઈહાં સઘલી સમિતિનેં કાલે, આપ આપણી સમિતિ સંબંધી, ઉપયોગ તે શુદ્ધ સમિતિ કહીજૈ.

દેશથી અથવા સર્વથી, યોગ નિવૃત્તિ તે ગુપ્તિ કહીજૈ. તે ત્રિણે પ્રકારે મનોગુપ્તિ, ૧ વચનગુપ્તિ, ૨ કાયગુપ્તિ ૩. તે મધ્યે ત્રિણે પ્રકારે અસત્કલ્પના વિયોજની ૧, સમતા ભાવિની ૨, આત્મારાંમતા ૩, તે મધ્યે આર્ત્તરૌદ્રનેં અનુયાઇ, શત્રુ રોગાદિક, માઠી વસ્તુનેં અપેક્ષી, હિંસાદિક આરંભ સંબંધી, મનોયોગ નિવર્ત્તને અસત્કલ્પના વિયોજની, મનો ગુપ્તિ કહીજે. પ્રસન્નચંદ્રાદિક (જૂઓ ચિત્ર ૭). સાધુની પરૈ, અશુભ ધ્યાંનથી, અશુભ ભાવનાથી, મનનેં નિવર્ત્તાવવાનેં પ્રસ્તાવૈ, એ ગુપ્તિ હોઇ. સિદ્ધાંતનેં અનુસારૈ, ધર્મ ધ્યાંનને અનુયાઈ, ભાવનાયૈ સહિત, પરલોક સાધક, એહવી સમતા પરિણાંમ રૂપ, મનો-

યોગની નિવર્તિ તે, સમતાભાવની મનોગુપ્તિ કહીજૈ, ૧ એ ગુપ્તિનોં અવકાસ, શુભભાવ ભાવિવાને તથા શુભ ધ્યાનને અભિમુખ કાલે હોઈ ૨. શૈલેષીકરણ કાલે, સકલ મનોયોગની નિવર્ત્તે તે, આત્મારામતા મનોગુપ્તિ કહીજે ૩-ઇતિ મનોગુપ્તિ.

વચનગુપ્તિ બે ભેદઇ-એક મૌનાવલંબની ૧, બીજી વાગ્નિયમનની ૨. તે મધ્યે સંજ્ઞા હુંકારૈ, પાષાણ કાષ્ટનૌ નાંખવૌ, નેત્રપલ્લવી, કરપલ્લવી પ્રમુખનઈ છોડવઈ કરી મઉન પુરિવઉ. તે અથવા વાક્યોગને રુંધિવું, તે મૌનાવલંબની ભાષાગુપ્તિ કહીજે. ધ્યાન, પૂજા કાલે ગુપ્તિ હોઈ. ૧. ભણવું, ભણાવવું, પૂછવું, પૂછવાનોં ઉત્તર, ધર્મોપદેશ, પરાવર્તના પ્રમુખના કાલે, યતનાપૂર્વક લોકને તથા શાસ્ત્રને ઉપરોધે, મુખે વસ્ત્રાદિક દેઈ બોલતાં સાવદ્યયોગની નિવૃત્તિ, તે વાગ્નિયમનની ભાષાગુપ્તિ કહીજે ૨. ઇતિ ભાષાગુપ્તિ.

કાયગુપ્તિ બે ભેદે-ચેષ્ટાનિવૃત્તિરૂપા ૧, યથાસૂત્ર ચેષ્ટા નિયમિત તે મધ્યે, કાયોત્સર્ગાવસ્થાયે કાયયોગની સ્થિરતા અથવા સકલ કાયયોગનો રૂંધવૌ, તે ચેષ્ટાનિવૃત્તિરૂપ કાયગુપ્તિ કહીજે ૧, શાસ્ત્રને અનુસારે સોયવું, બેસવું, લેવું, જાયવું, આયવું ઇત્યાદિક ઠાંમે કાયાયે પ્રવર્ત્તતાં પૌતાને છાંદે, ચેષ્ટા નિવર્તે તે, યથાસૂત્રચેષ્ટા નિયમની કાયગુપ્તિ ૨, તિહાં ગુપ્તિને કાલૈ શુદ્ધ ઉપયોગ, તે ભાવગુપ્તિ કહીજે. ઇતિ આચાર્ય ગુણ છત્તીસ. ૩

હિવૈ ઉપાધ્યાયજીના પચવીસ ગુણ લિખી જૈ છે. શ્રી આચારાંગ ૧, સૂયગડાંગ ૨, ઠાણાંગ ૩, સમવાયાંગ ૪, ભગવતીસૂત્ર ૫, જ્ઞાતાસૂત્ર ૬, ઉપાસકદશાંગ ૭, અંતગડદશાંગ ૮, અણુત્તરોવવાઈ દશાંગ ૯, પ્રશ્નવ્યાકરણ ૧૦, વિપાકસૂત્ર ૧૧, એ ઇગ્યારે અંગોનાં નામ. ઉવવાઈ ૧. રાયપસેણીર, જીવાભિગમ૩, પન્નવણા ૪, જંબૂદ્વીપ પન્નત્તી ૫, ચંદપન્નત્તી ૬, સુરપન્નત્તી ૭, કપ્પયા ૮, કપ્પવડિંસિયાં ૯, પુપ્ફિઆ ૧૦, પુપ્પચૂલિઆ ૧૧, વન્હિદશા ૧૨, એ બારે ઉપાંગનાં નામ એવં ૨૩, નંદી ૨૪, અનુયોગદ્વાર સૂત્ર ૨૫. એહનાં અર્થ, ભણૈ, ભણાવૈ. ચરણસિત્તરીના ૭૦ બોલ લીખીજૈ છે.

वय ५ समणधम्म १० संयम १७ वेयावच्चंच १० बंभगुत्तीओ ९।
नाणाइतिअं ३ तव १२ कोहनिग्गहाइ ४ चरणमेअं ॥१॥

વય કહતાં-પાંચ મહાવ્રત પાલે, સમણધમ્મ કહતા-દશભેદે યતીધર્મ પાલે, તે દશ પ્રકાર કેહા, તે કહીયે છે :-

खंती १ अज्जव २ मद्दव ३, मुत्ती ४ तव ५ संजमेय ६ बोधव्वे;
सच्चं ७ सोयं ८ अकिंचणं च ९ बंभं च १० जइधम्मो ॥१॥

खंती કહતાં-ક્રોધનો ક્ષય કરૈ તે ક્ષમા કહીજે ૧, मद्दव કહતાં-માંનનૌ જય કરૈ, અહંકાર ન કરૈ તે માર્દવ કહીજૈ ૨, अज्जव કહતાં-માયા-કપટ ન કરૈ તે, આર્જવ-સરલપણૌ કહીયે ૩, मुत्ती કહતાં-લોભને જીતેં, એતલે નિર્લોભિતા પણે રહે, ૪ तव કહતાં-બારૈ

ભેદે તપ કરે ૫. **संजमेय** કહતાં–સત્તરેભેદે સંયમ પાલે ૬. **सच्चं** કહતાં–સત્ય વચન બોલે ૭. **सोअं** કહતાં–અદત્ત પરિહાર, અદત્તાદાન ટાલે તથા પાંચ ઇંદ્રી જીતે, છઠો મન વશ કરે ૮. **अकिंचणंच** કહતાં–નિષ્પરીગ્રહી પણો, ધાતુમાત્ર ન રાખે ૯. **बंभंच** કહતાં–મૈથુન પરિહાર. બ્રહ્મચર્ય પણો ૧૦ એ દશ ભેદે યતીધર્મ પાલે.

સત્તરેભેદે સંયમ પાલે, તે કહે છે. પાંચ આશ્રવ થકી વિરમે. તે પાંચ આશ્રવ કેહા પ્રાણાતિપાતનો અભિલાષ ૧, મૃષાવાદ–જૂઠા બોલવાનો અભિલાષ ૨, અદત્તાદાન–અણદીધી વસ્તુ લેવાનો અભિલાષ ૩, મૈથુન સેવવાનો અભિલાષ ૪, પરિગ્રહ ધારિવાનો અભિલાષ ૫. એ પાંચ આશ્રવ થકી વિરમે એતલે પાંચમહાવ્રત પાલે. તથા **पंचेंद्रियनिग्गहो** કહતાં–પંચેંદ્રિયોનો નિગ્રહ કરે. તથા **कषाय जयश्च** કહતાં–ચાર કષાય જીપે. **त्रिदंडविरमितिश्चेति** કહતાં–મનોદંડ ૧, વચનદંડ ૨, કાયદંડ ૩. એ ત્રિણ દંડ થકી નિવર્તે, એતલે મન, વચન, કાયાનો રોધ કરે. એ સત્તરે ભેદે સંયમ પાલે.

**वेआवच्चं** કહતાં–વૈયાવચ્ચ કરવું. વૈયાવચ્ચ તે સું કહીઇ. અન્ન ૧, પાંન ૨, વસ્ત્ર ૩, પાત્ર ૪, ઔષધ ૫ તે, એક કિરીઆતું, સૂંઠ તથા પીપરિ તથા મિરી તથા લવિંગ પ્રમુખ ભેષજ તે ઘણાં કિરીઆણું, એકઠા મિલે તે ગોલી, ચૂરણ પ્રમુખ તે, પથ્ય ભોજન ૬, શય્યા તે પાટિ ૭ પિબ તે, બાજોઠ ૮, ફલક તે પાટિઉ ૯, સંથારો–દાભ પ્રમુખનો ૧૦ ઇત્યાદિ. ધર્મબાધકને નિવારવા સહાય દેવું. ઉપસર્ગની નિવારણા કરવી. ઇત્યાદિકે કરી વૈયાવચ્ચ કરવું, તે વૈયાવચ્ચ કરવું, તે કહિએ છઇ. આચાર્યનું વૈયાવચ્ચ ૧, ઉપાધ્યાયનું વૈયાવચ્ચ કરવું ૨, તપસ્વીનું વૈઆવચ્ચ ૩, નવદીક્ષિત શિષ્યનું વૈઆવચ્ચ કરવું ૪, રોગીઆનું વૈઆવચ્ચ કરવું ૫, થિવર કહેતાં–વૃદ્ધ તેહનો વિઆવચ્ચ કરવું ૬, જે સાધુની એક સામાચારી હુઈ તે, સાહમ્મીનું વિઆવચ્ચ કરવું ૭, ચતુર્વિંધિ સંઘ–સાધુ ૧, સાધ્વી ૨, શ્રાવક ૩, શ્રાવિકા ૪ નું વૈયાવચ્ચ કરિવું ૮, એક સાધુનો પરિવાર તે કુલ કહીજે, તેહનું વૈયાવચ્ચ કરિવું ૯, ઘણાં સાધુનો પરિવાર તે ગણ કહતાં–ગચ્છનો વૈયાવચ્ચ કરવો ૧૦. એ દશનો વૈયાવચ્ચ કરિવો.

**बंभगुत्तिओ**–કહતાં નવવાડ સાહિત બ્રહ્મચર્યવ્રત પાલે ૫. જ્ઞાન ૧, દર્શન ૨, ચારિત્ર ૩ પાલે. **तव** કહતાં–બારે ભેદે તપસ્યા કરે. તે તપનાં બાર ભેદ. કાઉસગ્ગના આઠ ભેદ. **कोह निग्गहाइ** કહતાં-ક્રોધ ૧, માન ૨, માયા ૩, લોભ ૪, તે નિગ્રહ કરે, વસ કરે. એ ચરણ–સિત્તરીનાં સિત્તોર બોલ પાલે.

**पिंडविसोही** કહતાં–ચ્યાર પ્રકારનો પિંડ–આહાર ૧, વસતી ૨, વસ્ત્ર ૩, પાત્ર ૪. **विसोही** કહતાં–તે શુદ્ધ દોષ રહિત લીયે **समइ** કહતાં, ઇર્યાસમિતિ પ્રમુખ પાંચ સમિતિ પાલે. ભાવણ કહતાં, અનિત્યાદિક બારે ભાવના ભાવે. તિ બારે ભાવનાનો થોડોસો વિસ્તાર

લિખે છે. લોકનો સ્વરૂપ જોવતા, ઇંદ્રધનુષ સંધ્યા રાત્રીની પરે, શરીર યૌવનાદિક વય, પરિગ્રહાદિ, ચિંતન પર્યાય સાદિ શાંતિ સ્થિતિ કરી વિનાશી છે, ઇત્યાદિક વિચારિવું તે અનિત્યભાવના ૧.

જીવને મરણ ભય ૧ ઈહલોકભય ૨, પરલોકભય ૩, ઇત્યાદિક સાત ભયને સંભરે, બાહ્યશરણ પરમાર્થે, અલીક, શરણે રહિત એ જીવ. એ બીજી અશરણ ભાવના. ૨

જીવને ચોરાસી લાખ જીવાયોની, વિશેષગતિ, આગતિનો ચિંતવવું, તે ભવભાવના. ૩.

એકલો જીવ કર્માનુંસારે, વિવક્ષિત યોનિને વિષે ઉપજે, તથા ગતિને અનુસારે, નવું કર્મ ઉપાજે, તથા શુભાશુભ કર્મને ભોગવે, પુણ ભાગે સહાઇ ન હોઈ, એહવું વિવેચનાપૂર્વક ચિંતવવું, તે એકત્વભાવના. ૪.

જીવાજીવાદિ પદાર્થ, પરસ્પર લોકને વિષે, સંયોગ માત્રે કરી સંબંધ છે, પિણ સાંથે ભક્ષક સંખનો શ્વેતવર્ણ તે દૃષ્ટાંતે, અત્યંત ભેદે કરી, આપ આપને સ્વભાવને કોઈ ટાલે નહીં. અન્યથા લોકવ્યવસ્થા ભાગે, એહવો ચિંતવવો, તે અન્યત્વ ભાવના ૫.

લોકને વિષે સાતમયામય, અનેક પ્રકારે શ્રવતું પ્રાયે મલમૂત્રવસાદિકે નિંદનીક, એહવું ચિંતવવું, તે અન્યત્વ ભાવના. ૬.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય યોગાદિક, હેતુનું ગતિ ગુણઠાણાદિકને અનુસારે, વિવેચન પૂર્વક ચિંતવવું, તે આશ્રવભાવના ૭.

આશ્રવનારોધક, સમિતિ પૂર્વક સંવરનું વિવેચવું તે સંવરભાવના ૮.

ગતિ, ગુણઠાણાંદિકને અનુસારે, યથાકાલે, તથા જ્ઞાન સંયમાદિકને, તાપ, સીત, છેદન, ભેદન, ભૂખ, તૃષા કષ્ટથી સકામ અકામાદિકને નિર્જરાનું, મને કરી વિવેચવું, તે નિર્જરા ભાવના. ૯

કટિને વિષે થાપ્યો છે કર જેણે, તિરછા, પમાડયા છે પગ જેણે એહવા ઊભા પુરુષને આકારે, રહ્યો જે ષટ દ્રવ્ય રૂપ લોક તેહને, યથાસ્થિતિ પ્રમાણે, વિવેચવું તે લોકસ્વભાવ ભાવના. ૧૦

ધર્મસામગ્રીથી વિરૂદ્ધગતિ, દંડકાદિકને અનુસારે, ભવસ્થિતિ, કાયસ્થિતિ, ઈત્યાદિકને અનુબંધે કરી, મનુષ્યાદિકની શુભ સામગ્રીઇં પ્રાપ્ય જિન પ્રણીત, ધર્મની દુર્લભતાને ચિંતવવું, તે બોધિદુર્લભ ભાવના ૧૧.

શ્રીજિનવચનને અનુસારે, યતિ ધર્માદિકના પ્રભાવનું ચિંતવવું, તે ધર્મસ્વાખ્યાતા ભાવના. ૧૨

એ બારે ભાવના મધ્યે, અનિત્ય ભાવના ૧, અશરણ ભાવના ૨, અન્યત્વભાવના ૩, અશુચિ ભાવના ૪, એ ચ્યાર ભાવનાને અભ્યાસે, ધૈર્યની પુષ્ટતાધારે આર્ત્તધ્યાનનો બલ

ઓસરે, તથા સંસાર ભાવના ૧, એકત્વ ભાવનાને અભ્યાસે, ભવવૈરાગ્યની પુષ્ટતા ધારે, રૌદ્રધ્યાનનો બલ નિવર્ત્તે, તથા આશ્રવભાવનાને અભ્યાસે, નિર્વેદની પુષ્ટતા ધારે, સંવર, નિર્જરાને અભ્યાસે, સંવેગ પોષ ધારે, લોક ભાવનાને અભ્યાસે સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ ધારે, બોધિદુર્લભ ભાવનાને અભ્યાસે, સમ્યકત્વ વિશુદ્ધ ધારાઈ, મિથ્યાજ્ઞાનનો બલ નિવર્ત્તે. એ કારણે શુભ ધ્યાનની, પ્રયોજક ભાવના જાણવી તથા ભાવનાને અભ્યાસે, સમ્યગ્જ્ઞાનની વિશુદ્ધિરૂપ, સામાન્ય ફલ હોઇ. ઇહાં ભય નિક્ષેપા પાઠભંગી, માર્ગશુદ્ધિક ભાવનાનો વિશેષ, વિસ્તાર પ્રવર્ત્તે તે તથાવિધ ગીતાર્થનાં ઉપદેશમાંથી પાંમીયે. ઈહાં બાદર વિસ્તાર યોગે, શાસ્ત્રબુદ્ધિથી, તથા ભાવના વૃત્તિથી જોજ્યો.

पडिमाइ કહતાં-સાધુની બારે પ્રતિમા વહે. इंदियनिरोहो કહતાં-પાંચ ઇંદ્રિયનો રોધ કરે. पडिलेहण કહતાં-પચવીસ પડિલેહણ કરે. गुत्तिओ કહતાં-ત્રણ ગુપ્તિ પાલે. अभिग्गहा કહતાં-દ્રવ્ય ૧, ક્ષેત્ર ૨, કાલ ૩, ભાવ ૪ ચાર પ્રકારે અભિગ્રહ કરે. चेव કહતાં-નિશ્ચે. करणंतु કહતાં-ચરણસિત્તરીના સિત્તેર બોલપાલે ૧. એ પચવીસ ગુણ ઉપાધ્યાયજીનાં કહ્યાં. ૪

હિવે સાધુજીનાં સત્તાવીસ ગુણ કહે છે.

छव्वय छकाय रक्खा, पंचिंदियलोह निग्गहो खंती ।
भाव विसोही पडिलेहणाइ, करणे विशुद्धिय ॥१॥

અર્થ :— छव्वय કહતાં-પાંચ મહાવ્રત, છઠું રાત્રિભોજન વેરમણ વ્રત, એ છ વ્રત પાલે. छकाय रक्खा કહતાં-પોતાનાં આત્માની પરે છક્કાયની રક્ષા કરે. पंचिंदियलोहनिग्गहो કહતાં-પાંચ ઈન્દ્રિયને છઠો લોભ, તેહનો નિગ્રહ કરે, વસ કરે. खंती કહતાં-ક્ષમા કરે. भावविसोही કહતાં-શુભ પરિણામની વૃદ્ધિ કરે. पडिलेहणाइकरणेविशुद्धिय કહતાં-બાહ્ય ઉપગરણાદિકની પડિલેહણા ઉપયોગ સહિત કરે ૧.

संयमयोगजुत्तो, कुशलमनवयण काय संरोहो ।
सी आइ पीडसहणं, मरणं उवसग्ग सहणं च ॥२॥

અર્થ-संयम योग जुत्तो કહતાં-સંયમના યોગ.

તેણે સહિત, એતલે સંયમને અનુકૂલ, સમિતિ, ગુપ્તિ આદિ રૂપ યોગનો આદરવો. कुशलमणवयणकायसंरोहो કહતાં-અવિવેક, વિકથા, નિદ્રાદિક પ્રમાદ યોગનો છાંડવો, એતલે ખોટે ઠામે, મન, વચન, કાયા જાતા હોઇ, તિહાં થિર રાખે. सीआइपीडसहणं કહતાં, શીતાદિક બાવીસ પરીસહ સહે. ઈહાં પરીસહ અધિકાર કહીયે છે. ત્રિણ ઘાતીકર્મને ઉદયે, તથા વેદનીયકર્મને ઉદયે કરી, સાક્ષાત્ અથવા શરીર દ્વારાઈ, પોતાથી અને અપરથી, ઉપનીજે આત્માની વ્યાકુલતા રૂપ પીડા, તે ભાવ પરીસહ કહીયે. તેહનો બાહ્યનિમિત્ત તે, દ્રવ્ય પરીસહ કહીયે. તે માટે ઈહાં દ્રવ્ય, બાહ્યનિમિત્ત પરીસહ જાંણ્યાં વિના, પરીસહનો વિજય જણાઇ નહીં. એ કારણે પ્રથમ દ્રવ્ય પરીસહનાં ભેદ બે ગાથાયે કરી દેખાડીયે છે.

खुहा १ पिपासा २ सी ३ उण्हं ४ दंसा ५ चेला ६ रइ ७ ।
त्थिओ ८ चरिया ९ निसीहिआ १० सिज्जा ११ अक्कोस १२ वह १३ जायणा १४ ॥
अलाभ १५ रोग १६ तणफास १७ मल १८ सक्कार १९ परीसहा २० ।
पन्ना २१ अन्नाण सम्मत्तं २२ इय बावीस परीसहा ॥२॥

એ ગાથાનો અર્થ કહીયે છે: તથા खुहा કહતાં, ક્ષુધાવેદનીયથી ઊપની, અન્નની ઇચ્છારૂપ, આત્માની પીડા તે ક્ષુધા પરીસહ. ૧

પિપાસા કહતાં, તિમહીજ વેદનીયથી ઊપની, જલ પીવાની ઇચ્છારૂપ, આત્માની પીડા તે, પિપાસા પરીસહ કહીજૈ. ૨

सी કહતાં, શીતસ્પર્શે કરી, શરીર દ્વારાઇ, વેદની રૂપ આત્મપીડા તે, શીત પરીસહ. ૩

उण्हं કહતાં, ઊષ્ણસ્પર્શે કરી, વેદનારૂપ શરીર, વિશિષ્ટ આત્મપીડા તે, ઉષ્ણપરીસહ. ૪

दंसा કહતાં, ડાંસ, મચ્છરાદિકને યોગે, વેદનારૂપ આત્મપીડા તે, દંસ પરીસહ. ૫

अचेल કહતાં, જીર્ણવસ્ત્રનાં પ્રસંગથી, અવસ્થા વિશેષૈ, વસ્ત્રનાં અભાવથી, ઊપની જે દુગંછારૂપ, આત્મપીડા તે, અચેલ પરીસહ. ૬

अरइ કહતાં, સંયમને વિષૈ, અધીર્યથી ઊપની અરતિ કહતાં, આત્મપીડા તે, અરતિ પરીસહ. ૭ (જૂઓ ચિત્ર ૮ અને ૯).

इत्थिओ કહતાં, સ્ત્રીથકી ઊપની જે ભોગની ઉત્કંઠા રૂપ આત્મપીડા તે, સ્ત્રી પરીસહ, ઉપલક્ષણથી સાધ્વીને, એ રીતે પુરુષ પરીસહ ૮.

चरिआ કહતાં, વિહારથી શરીર દ્વારાઈ, ઉપની શુભાશુભ વેદનારૂપ આત્મપીડા તે, ચર્યાપરીસહ ૯.

निसीहिआ કહતાં, મસાણાદિક શય્યાથી ઊપની, વ્યાઘ્રાદિક ભયંકર શબ્દ દ્વારાએ, ભયરૂપ આત્મપીડા તે, નિષેધકી પરીસહ. ૧૦

सिज्जा કહતાં, શુભાશુભ વસ્તીથી ઊપની, સુખદુઃખરૂપ આત્મપીડા તે, વસતી સધા પરીસહ. ૧૧

अक्कोस કહતાં, પરનિંદા રૂપ કઠણ વચનથી ઊપની, ક્રોધરૂપ આત્મપીડા તે, અક્રોસ પરીસહ. ૧૨

वह કહતાં, લાકડી પ્રમુખના પ્રહારથી, શરીર દ્વારાઈ ઊપની, વેદનારૂપ આત્મપીડા તે, વધ પરીસહ. ૧૩

जायणा કહતાં, યાચનાથી ઊપની સૂગરૂપપીડા, તે યાચના પરીસહ ૧૪.

अलाभ કહતાં, જેહ થકી, વિશુદ્ધ આહારાદિક પામિવો અથવા અણપાંમિવો, તે અલાભ પરીસહ. ૧૫

रोग કહતાં, રોગથી ઊપની શરીર દ્વારાઈ, વેદનારૂપ આત્મપીડા તે, રોગ પરીસહ. ૧૬

तणफास કહતાં, ડાભ પ્રમુખ તણુખલાનાં સ્પર્શથકી શરીર, છેદવૈ કરી ઊપની વેદનારૂપ આત્મપીડા તે, તૃણુસ્પર્શ પરીસહ. ૧૭

मल કહતાં, વર્ષાકાલે મૈલાવસ્ત્ર, વર્ષાનેં વરસવૈ, મલાવસ્ત્ર કુત્સિતનૈ વાસૈ, તેહની દુગંછા ન કરૈ તે, મલપરીસહ. ૧૮

सक्कार કહતાં, વસ્ત્ર, પાત્ર, ફૂલણાદિક પ્રમુખની, પૂજાથી ઊપની, ઋદ્ધિગારવરૂપ આત્મપીડા તે, સત્કાર પરીસહ. ૧૯

पन्ना કહતાં, બુદ્ધિના ઉત્કર્ષથી, સર્વજ્ઞપાણાનો પોતાનેં વિષે આરોપ તે, પ્રજ્ઞા પરીસહ. ૨૦

अन्नाण કહતાં, અવિવેકજ્ઞાનથી તપ, સંયમનોં કષ્ટ એકાંત નિરર્થક જાંણિવું તે, અજ્ઞાન પરીસહ ૨૧.

सम्मत्तं કહતાં, તીર્થંકરપ્રણીત તત્વથકી, તથા વિધિ ચમત્કાર અણુદેખી, ઊપની જે નાસ્તિક બુદ્ધિરૂપ, આત્મપીડા તે, સમ્યક્ત્વ પરીસહ. ૨૨

इय बावीस परीसहा કહતાં, એ બાવીસ પરીસહ જાંણિવા.

એતલૈ સાધુનાં ૨૭ ગુણ કહ્યા ૫. ઇમિ સર્વ મિલી પંચપરમેષ્ટીનાં ૧૦૮ ગુણ કહ્યા.

શ્રીનવકાર મંત્રનો મહિમા કહીયૈ છે.

नवकार इक अक्खर, पावं फेडेइ सत्त अयराणं ॥
पन्नास च पएणं, सागर पणसय समग्गेणं ॥१॥
जो गुणइ लक्खमेगं, पूएइ विहीइं जिण नमुकारं ॥
तित्थयर नाम गोअं, सो बंधइ नत्थि संदेहो ॥२॥
अट्ठेव य अट्ठसया, अट्ठसहस्सं च अट्ठ कोडीओ ॥
जो गुणई भत्तिजुत्तो, सो पावइ सासयं ठाणं ॥३॥

અર્થ-એ શ્રી નવકાર મંત્રનો ભાવ સહિત, શ્રી ગુરુદત્ત આમ્નાયે વિધિપૂર્વક અને વિસિષ્ટ શ્રદ્ધાએ જાપ કરવામાં આવે તો, આ લોક અને પરલોકમાં સઘળા મનોવાંછિત પ્રાપ્ત થાય.

## અત્ર સતી શ્રીમતીની કથા-૧

આ લોકમાં શ્રીમતી સતીને, નવકારના પ્રભાવથી સર્પ પણ ફૂલની માલા થઈ ગયો (જૂઓ ચિત્ર ૧૦). તે શ્રીમતી સતીની કથા આ પ્રમાણે:-

આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં અમરાપુરી સમાન પોતનપુર નામનું એક અદ્વિતીય શહેર હતું. આ નગરમાં સુગુપ્ત નામનો એક શ્રાવક રહેતો હતો. ઉત્તમ ગુણવતી શ્રીમતી નામની તેને એક પુત્રી હતી.

આ શ્રીમતીના અનુપમ સૌંદર્ય ઉપર તે જ ગામનો એક અન્યધર્મી યુવાન મોહ પામ્યો. તે યુવાને નિર્લજ્જ થઈ શ્રીમતીના વિવાહની માંગણી પોતાના પિતા મારફતે સુગુપ્ત શ્રાવક પાસે કરી.

પોતાની ધર્મિષ્ટ અને ગુણવાન પુત્રીનો વિવાહ અન્યધર્મી સાથે કરવાની સુગુપ્તે ના પાડી. શ્રીમતી તરફ અનુરાગવાળા તે યુવાને કપટ કરી, ચતુરાઇથી પોતે જૈનધર્મ અંગીકાર કર્યો છે, તેવો દેખાવ કરીને; સુગુપ્તનું મન પ્રસન્ન કરી, શ્રીમતી સાથે વિવાહ કર્યો.

શુભ દિવસે અને શુભ મુહૂર્તે બંનેનાં લગ્ન થયાં. પંચ સમક્ષ લગ્ન કરીને શ્રીમતી પોતાના સાસરે આવી. શ્રીમતી પોતાના સાસરે આવીને, ઘરકામમાં લાગી ગઇ અને પોતાનો જૈનધર્મ પાળવા લાગી.


શ્રીમતીને આ પ્રમાણે જૈનધર્મ પાળતી જોઈને, તેણીની સાસુ તથા નણંદ શ્રીમતીને ઘણો ત્રાસ ઉપજાવવા લાગ્યાં. અને તેણીનું પગલે પગલે અપમાન કરવા લાગ્યાં. શ્રીમતી પોતાના કર્મની નિંદા કરવા લાગી. કોઈના ઉપર પણ દ્વેષ રાખ્યા વિના જૈનધર્મ પાળવા લાગી. આ પ્રમાણેનું શ્રીમતીનું વર્ત્તન જોઈને, તેણીનો પતિ પણ તેણીના તરફ દ્વેષ ધારણ કરવા લાગ્યો; અને શ્રીમતીને કોઈપણ રીતે મારી નાંખીને, બીજી સ્ત્રી પરણવાની ઇચ્છાવાળો થયો.

એક વખતે, તેણીના પતિએ એક ઘડામાં મહાવિકરાળ સર્પ ઘાલી, ઉપર ઢાંકણું ઢાંકીને પોતાના સૂવાના ઓરડામાં તે ઘડો રાખ્યો. રાત્રિએ સૂવાના વખતે, જ્યારે શ્રીમતી આવી ત્યારે તેણીના પતિએ કહ્યું કે : 'હે પ્રિયે! તું જલદીથી જઈને પેલા સામે ખૂણામાં પડેલા ઘડાની અંદર સુગંધિત ફૂલોની માળા છે તે લાવ અને મારા કંઠસ્થળમાં તે માળાનું આરોપણ કર.'

મહાવિનીત અને ચતુર એવી શ્રીમતી તરત જ તે ઘડા પાસે ગઇ. ઘડા પાસે જઇને સ્વસ્થ ચિત્તે ઊભી રહીને, નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરીને, ઘડા પરનું આવરણ દૂર કરીને શ્રીમતીએ ઘડામાં પોતાનો જમણો હાથ ઘાલ્યો. તે વખતે, નમસ્કાર મહામંત્રના સ્મરણના પ્રતાપે, તે સર્પની જગ્યાએ અલૌકિક સુગંધવાળી ફૂલની માળા થઇ ગઈ.

તે અલૌકિક ફૂલની માળા લઇને, શ્રીમતીએ પોતાના પતિને આપી. આવી અલૌકિક ફૂલની માળા જોઇને, તેણીનો પતિ મનમાં વિચાર કરવા લાગ્યો કે, આ શું થયું ?


પછી તપાસ કરતાં ઘડામાં સર્પને નહીં જોવાથી, તેણીના પતિને ખાત્રી થઈ કે આ




ચિત્ર ૩૧ રાજસિંહ રાજા અને રત્નવતી રાણી ગુરુનો ઉપદેશ સાંભળે છે (પાનું ૪૦)



ચિત્ર ૩૨ રાજસિંહ રાજા મરીને બ્રહ્મેંદ્ર તરીકે ઉત્પન્ન થયો (પાનું ૪૦)




ચિત્ર ૩૩ વૃક્ષ અને વેલડી (પાનું ૪૨) ચિત્ર ૩૫ શંખ, કોડી વગેરે બે ઇંદ્રિય જીવો (પાનું ૪૩)
ચિત્ર ૩૬ વીંછી, ગોગા ગાવડી વગેરે ચઉરિંદ્રિય જીવો (પાનું ૪૩)




ચિત્ર ૩૪ અગ્નિકાય, વાઉકાયાદિ એકેંદ્રિય જીવો (પાનું ૪૩)



ચિત્ર ૩૯ હંસ, મયૂરાદિક ખેચર જીવો (પાનું ૪૩)




ચિત્ર ૩૮ સિંહ, હાથી વગેરે સ્થલચર જીવો (પાનું ૪૩)




ચિત્ર ૩૭ મગરમચ્છ કાચબાદિક જલચર જીવો પાનું (૪૩)



ચિત્ર ૪૦ અસંખ્યાતાદ્વીપોની આકૃતિ (પાનું ૪૫)



ચિત્ર ૪૧ અઢીદ્વીપ (પાનું ૪૫)



ચિત્ર ૪૨ જંબૂદ્વીપ (પાનું ૪૫)

સતી સ્ત્રી નિર્દોષ છે, અને તેણીના ધર્મ પ્રતાપે જ આ ફૂલની માળા, દેવોએ સર્પના બદલે બનાવી હોય એમ લાગે છે. પોતાનાં સ્વજનોને એકઠાં કરીને, આ બધી વાતથી વાકેફ કર્યા અને શ્રીમતીનાં પ્રત્યે સઘળાં સ્નેહભાવ ધારણ કરવા લાગ્યાં.

એક વખતે, અવસર પામીને, શ્રીમતીએ પોતાના પતિને જૈનધર્મ સમજાવ્યો. તેણીનાં ગુણોથી ચમત્કાર પામેલા તેણીના પતિએ, ગુરુ મહારાજ પાસે જઈને શ્રાવકનાં બારવ્રત ઉચ્ચર્યાં.

કેટલોક સમય શ્રાવકધર્મ પાળી, બંને જણાએ દીક્ષા લીધી. યાવજ્જીવન સાધુધમ આરાધી, અંતે અનશન કરીને બંને કાળધર્મ પામીને મોક્ષે ગયા.

## ઇતિ શ્રીઇહલોક ઊપરે શ્રીમતીની કથા-૧ ॥

## અત્ર શિવકુમારની કથા-૨

તથા વલી નવકારને પ્રભાવે, અનેક સંકટ દૂર થાય અને શિવકુમારની માફક લક્ષ્મીની પ્રાપ્તિ થાય.

રત્નપુર નામના નગરમાં યશોભદ્ર નામનો એક શ્રાવક રહેતો હતો. તે યશોભદ્રને સાતે વ્યસનોમાં આસક્ત શિવકુમાર નામનો એક પુત્ર હતો. યશોભદ્રે પોતાના પુત્રને વ્યસનો છોડવા માટે ઘણું સમજાવ્યો, છતાં પણ તે પુત્રે વ્યસનો છોડ્યાં નહીં.

અનુક્રમે, પોતાનો અંતસમય નજીક જાંણી યશોભદ્રે પોતાના પુત્રને પોતાની નજીક બોલાવી અને કહ્યું કે :-' હે પુત્ર ! જે વખતે તને ઓચિંતું સંકટ ઉપસ્થિત થાય ત્યારે, શ્રીનમસ્કાર મહામંત્રનું સ્મરણ કરજે.' શિવકુમારે પિતાની દાક્ષિણ્યતાથી તે શિખામણ માન્ય રાખી. યશોભદ્ર શ્રાવક નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતો કરતો દેવલોક પામ્યો.

પિતાના મરણ પછી, શિવકુમારે પોતાને વારસામાં મળેલી સઘળી લક્ષ્મી જુગાર વગેરે વ્યસનોમાં ગુમાવી દીધી. એક વખત એક ધૂર્ત્તયોગી શિવકુમારને મલ્યો. શિવકુમારે ભોળા ભાવે પોતાની નિર્ધનાવસ્થાની તેણે વાત કરી.

તે યોગીએ ભોળા શિવકુમારને કહ્યું કે :-' જો તું મારા કહેવા પ્રમાણે કરે તો તને ક્ષણમાં ધનવાન બનાવી દઉં.'

શિવકુમારે યોગીના કહેવા પ્રમાણે કરવાની તત્પરતા બતાવી. કેટલોક સમય વીતી ગયા પછી, તે યોગીએ શિવકુમાર પાસે એક મડદું મંગાવ્યું, અને તે મડદાં સાથે કાળી ચૌદશની મધ્યરાત્રિએ બંને જણા સ્મશાનભૂમિમાં ગયા.

યોગીએ સ્મશાનમાં જઇને એક ગોળ કુંડાળું બનાવ્યું. મડદાના હાથમાં એક તલવાર આપી, અને યોગીએ શિવકુમારને કહ્યું કે :-' આ મડદાનાં પગનાં તળીયાં તું ઘસ.' એમ કહી યોગીએ મંત્રનો જાપ તથા હોમવિધિ શરૂ કરી ( જૂઓ ચિત્ર ૧૧ ).

આ દૃશ્ય જોઈને શિવકુમાર વિચારવા લાગ્યો કે :-'આ ધૂર્તયોગીએ, મને મારી નાંખવાનો સંકલ્પ કર્યો હોય એમ લાગે છે. મરણાંત સંકટમાં આવી પડેલા શિવકુમારને પિતાજીની અંત સમયની શિખામણ યાદ આવી. તેથી શુદ્ધ અંતઃકરણથી એકાગ્રચિત્તે તે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવા લાગ્યો.

યોગીના મંત્ર જાપના બળથી મડદું જરાજરા સળવળીને ઊભું થવા લાગ્યું, પરંતુ નમસ્કાર મહામંત્રના જાપના પ્રભાવથી પાછું પડી ગયું.

આ પ્રમાણે મડદું પાછું પડવાથી યોગી વિચારવા લાગ્યો કે, મારા જાપમાં કાંઈક ઉણપ રહી હોય તેમ લાગે છે. તેથી એકાગ્રચિત્તે ફરીને મંત્રનો જાપ કરવા લાગ્યો. જાપના બળથી મડદું ફરી ઊભું થવા લાગ્યું, અને પાછું પડી ગયું.

તે વખતે યોગી ભય પામીને, શિવકુમારને કહેવા લાગ્યો કે :-'હે શિવકુમાર! તને કાંઈ મંત્ર આવડે છે?' શિવકુમારે ના કહી અને પોતાના હૃદયમાં નમસ્કાર મહામંત્રનું સ્મરણ ચાલુ રાખ્યું.

યોગીના જાપના બળથી વૈતાલથી અધિષ્ઠિત થએલું તે મડદું ઊભું થયું, પરંતુ નમસ્કાર મહામંત્રના જાપના પ્રતાપે, ક્રોધિત થએલા તે મડદાંએ, શિવકુમારના બદલે તે યોગીનું મસ્તક છેદી નાંખ્યું.

મંત્રના પ્રભાવે, તે યોગી ફીટીને સુવર્ણપુરુષ થઈ ગયો. તે સુવર્ણપુરુષને સ્મશાનમાં છૂપાવી સવાર થતાં, નગરમાં આવીને, આ સઘળી બીના શિવકુમારે દમિતારિ રાજાને કહી.

રાજાનો હુકમ મેળવીને, શિવકુમાર તે સુવર્ણપુરુષને ધામધૂમપૂર્વક પોતાના ઘેર લાવ્યો. તે સુવર્ણપુરુષનું મસ્તક અને ગરદનનો ભાગ બાકી રાખીને શિવકુમાર દરરોજ બીજા અંગોપાંગનું સોનું કાપીને સદ્‌માર્ગે વાપરવા લાગ્યો. રોજ સવારે દેવના પ્રભાવથી, તે સુવર્ણપુરુષનાં અંગોપાંગ નવા થઈ જતાં હતાં. આ પ્રમાણે કરતાં શિવકુમાર મોટી સમૃદ્ધિવાળો થઈ ગયો. વળી, તે દિવસે દિવસે ધર્મનું વધારે ઉત્સાહપૂર્વક સેવન કરવા લાગ્યો.

અનુક્રમે, ગુરુ મહારાજના ઉપદેશથી, શિવકુમારે સુવર્ણમય જિનમંદિર કરાવીને, તેમાં શ્રીપાર્શ્વનાથ પ્રભુની મણિમય મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. ચિરકાળ ધર્મની આરાધના કરીને, અંત સમયે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતો કરતો, શિવકુમાર દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને મનુષ્ય જન્મ પામીને મોક્ષસુખને પામ્યો.

### ॥ ઇતિ શ્રીઇહલોક ઊપરે શ્રીશિવકુમારની કથા ॥ ૨ ॥

તથા વળી, શ્રીનવકારને પ્રભાવે, મરણાંત સંકટથી છૂટે. જેમ જિણદાસ શ્રાવક છૂટયો.

## અથ જિણદાસ શ્રાવકની કથા-૩.

ભરતક્ષેત્રમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં બલરામ નામનો રાજા રાજ્ય કરતો હતો. એક વખતે નગરની પાસેથી નદીના પ્રવાહમાં તણાતું આવતું, એક સુંદર બીજોરાનું ફળ કોટવાલના જોવામાં આવ્યું. એટલે નદીમાં પડીને, તે ફળ લઈને, કોટવાળે મહારાજાને ભેટ આપ્યું. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી સુંદર, એવું તે ફળ જોતાં જ રાજા આનંદ પામ્યો.

પછી કોટવાલને સન્માન આપીને, રાજાએ પૂછ્યું કે :–"આ ફળ તને ક્યાંથી પ્રાપ્ત થયું ?" કોટવાલે કહ્યું કે :–'હું નદીના પ્રવાહમાંથી એ લઈ આવ્યો.' તે વખતે રાજાએ કહ્યું કે :–'તે ફળ જ્યાં ઉત્પન્ન થયું હોય, તે સ્થળની તપાસ કરો.' તપાસ કરતાં નગરથી દૂરના ભાગે, નદીના કિનારે તે બીજોરાનું વૃક્ષ તેના જોવામાં આવ્યું. તે ફળ લેવા જે જાય, તે મરણ પામે, એમ કોટવાલના જાણવામાં આવ્યું. એ હકીકત કોટવાલે રાજાને નિવેદન કરી. એટલે રાજાએ કોટવાલને હુકમ કર્યો કે :–'ત્યાં વારાફરતી, દરરોજ એક એક પુરુષને, પ્રવેશ કરાવીને તારે દરરોજ એકએક ફળ લાવીને, મને આપવું.' એમ તે ફળ લાવવામાં દરરોજ એકએક પુરુષનો નાશ થવા લાગ્યો.

જે પુરુષનો ફળ લાવવાનો વારો આવતો તે, ધ્રૂજતો, કાંપતો, વાડીએ જઈ, ઝાડ ઊપરથી બીજોરૂં લઈ, નદીમાં વહેતું મૂકી દેતો અને ત્યાંજ મરણ પામતો; અને કોટવાલ નદી કાંઠે ઊભો રહીને તે લઈ લેતો, અને રાજાને આપતો. આ રીતે ઘણાં લોકોનો નાશ થયો.

આ પ્રમાણે, એક વખતે જિણદાસ શ્રાવકનો વારો આવ્યો. જિણદાસ શ્રાવક, મહાનિર્ભયપણે, સ્નાન કરી, ધોએલાં પવિત્ર વસ્ત્ર પહેરી, ઘેર તથા દેરાસરમાં જિનેશ્વરદેવની પૂજા કરીને, સર્વકુટુંબને તથા ચોરાશી લાખ જીવાયોનિને ખમાવી, સાગારી અનશન કરી, નમસ્કાર મંત્ર મોટા અવાજે બોલીને નદીમાં બીજોરાનું ફળ લેવાને પડયો. અનુક્રમે વાડીએ પહોંચ્યો. વાડીમાં પ્રવેશ કરતાં, ફરીથી મોટા અવાજે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતો જિણદાસ ફળ લેવા વાડીમાં દાખલ થયો.

વાડીનો અધિષ્ઠાયક વ્યંતર, નમસ્કાર મહામંત્ર સાંભળીને પૂર્વભવે કરેલી વ્રતની વિરાધના કરતાં તે વાડીનો અધિષ્ઠાયક થએલો વ્યંતર, ચિંતવવા લાગ્યો કે, આ અક્ષર મેં કાંઈ પણ સાંભળેલા છે. જ્ઞાનનો ઉપયોગ મૂકતાં, પોતાનો પૂર્વભવ તે દેખવા લાગ્યો. પૂર્વભવમાં કરેલી વ્રતની વિરાધના યાદ કરતાં તે વાડીનો અધિષ્ઠાયક વ્યંતર પ્રતિબોધ પામ્યો. જેથી પ્રત્યક્ષ થઇ, તે શ્રાવકને વ્યંતર હર્ષપૂર્વક કહેવા લાગ્યો કે :–'તારા સ્થાન પર રહેતાં જ તને હું દરરોજ એકએક ફળ આપતો રહીશ (જૂઓ ચિત્ર ૧૨). એટલે તે શ્રાવકે નગરમાં આવીને, આ વાત રાજાને જણાવી. રાજા આ સાંભળીને જિણદાસ ઊપર પ્રસન્ન થયો. નગરનાં લોકો પણ મરણાંત કષ્ટથી બચી ગયાં. નગરમાં નમસ્કાર મહામંત્રનો ઘણો મહિમા વધ્યો. જિણદાસ શ્રાવકે ઘણાં વરસ સુધી ધર્મ પાળ્યો અને અનુક્રમે મોક્ષે ગયો.

## ઇતિ શ્રીજિણુદાસ શ્રેષ્ઠીની કથા-૩

ઇહલોકનાં ફલ ઊપર ત્રણ દ્દષ્ટાંત કહ્યા; હવે પરલોકનાં ફલ ઉપર ત્રણ દ્દષ્ટાંત કહે છે.

પરલોકે પણ નવકારના પ્રભાવથી રાજાની પદવી પામે. જેમ **ચંડપિંગલ ચોર** રાજા થયો.

## અત્ર ચંડપિંગલ ચોરની કથા-૪.

વસંતપુર નામના નગરમાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને ભદ્રા નામની રાણી હતી. તે નગરમાં ચંડપિંગલ નામે એક ચોર નગરમાં ચોરીઓ કરીને નગરજનોને બહુ જ ત્રાસ આપતો હતો. એક વખત તે ચંડપિંગલ ચોરે રાજાના રાજમહેલમાંથી રાણીના કીંમતી હારની ચોરી કરી. તે ચોરે, તે ચોરેલો હાર કલાવતી નામની વેશ્યા કે જેના પ્રત્યે તે સ્નેહ રાખતો હતો, તેને પહેરવા આપ્યો. આ વેશ્યામાં થોડા ઘણા જૈનધર્મના સંસ્કારો હતા.

કેટલોક સમય વીતી ગયા પછી, મદન તેરશના ઉત્સવમાં તે કલાવતી કીંમતી વસ્ત્રાભૂષણો તથા ચંડપિંગલે આપેલો અમૂલ્ય હાર પહેરીને ક્રીડા કરવા ગઈ. ક્રીડા કરતાં કરતાં રાણીની દાસીઓની નજરે કલાવતીએ પહેરેલો હાર પડ્યો. દાસીઓએ જઇને હારની વાત રાણીને કહી. રાણીએ રાજાને વાત કરી. રાજાએ સેવકો દ્વારા તપાસ કરાવી. ચંડપિંગલ ચોરને કલાવતીના ઘેરથી પકડીને મહાવિડંબના પૂર્વક સૂળીએ ચડાવ્યો (જૂઓ ચિત્ર ૧૩).

આ વાત કલાવતીના જાણુવામાં આવી, તે ત્યાં પહોંચી ગઇ. ચંડપિંગલને સૂળી ઊપર ચડેલો જોઇ તે વિચારવા લાગી કે :–'મારા લીધે તેને આવી કદર્થના સહન કરવી પડી, માટે મારે આજથી તેના સિવાયના બધા પુરુષો ભાઈ સમાન છે. આ પ્રમાણે વિચાર કરીને, નમસ્કાર મહામંત્ર ચંડપિંગલ ચોરને શીખવાડ્યો, અને ચોરને એવું નિયાણું કરવાનું કહ્યું કે :–'તું એવું ચિંતવન કર કે આ નમસ્કાર મહામંત્રના પ્રતાપે હું મરીને રાજાના પુત્ર તરીકે ઉત્પન્ન થાઉં.'

ચોરે પણ તે પ્રમાણે નિયાણું કર્યું. સૂળીની વેદનાથી મૃત્યુ પામીને, ચંડપિંગલ નમસ્કાર મહામંત્રના સ્મરણના પ્રતાપે રાજાની પટરાણીની કુક્ષિથી પુત્રપણે ઉત્પન્ન થયો. રાજા રાણીએ પુત્ર જનમનો મોટો મહોત્સવ કર્યો. પછી સ્વજનોને ભેગા કરીને રાજપુત્રનું પુરંદર નામ પાડ્યું (જૂઓ ચિત્ર ૧૪).

આ વાત કલાવતીના જાણુવામાં આવી. રોજ રાજમહેલમાં જતી અને પુરંદર કુમારને વહાલથી રમાડતી હતી. જયારે રાજપુત્ર રૂદન કરતો ત્યારે તે કહેતી કે ચંડપિંગલ રોઈશ નહીં. કલાવતીના આ વચનોથી પુરંદર કુમારને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું.

રાજકુમારને પૂર્વભવમાં કલાવતીના મુખથી સાંભળેલા નમસ્કાર મહામંત્રના પ્રભાવ ઊપર અનન્ય શ્રદ્ધા ઉત્પન્ન થઇ.

કેટલોક સમય વીતી ગયા પછી જિતશત્રુ રાજા મરણ પામ્યો. પુરંદરકુમાર રાજગાદીએ બેઠો. રાજા થયા પછી પુરંદર રાજા, પોતાના પૂર્વભવની ઉપકારી કલાવતીનો ઘણો જ ઉપકાર માનવા લાગ્યો. દરરોજ નિયમિત શુભ ભાવપૂર્વક નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવા લાગ્યો. ઘણો વખત ન્યાયથી રાજ્ય પાળીને, અંત સમયે સર્વજીવોને ખમાવીને, મરણ પામીને ઉત્તમ ગતિ પામ્યો.

વળી, નવકારના પ્રભાવે, મહાપાપનો કરનારો એવો હુંડિક ચોર દેવતાની ગતિ પામ્યો.

## અત્ર હુંડિક ચોરની કથા—૫

મથુરા નગરીમાં શત્રુમર્દન નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં એક હુંડિક નામે ચોર નિરંતર ચોરી કરતો હતો. એક વખતે તે ચોર એક શેઠના ઘરમાં ખાતર પાડીને સોનાના પુષ્કળ દાગીનાની ચોરી કરીને પાછા ફરતા ઘરના માણસો જાગી ગયા. ખૂબ કોલાહલ થયો. કોટવાલ વગેરે આવી પહોંચ્યા. ચોરને દાગીના સાથે પકડીને, સવારમાં રાજા સમક્ષ હાજર કર્યો.

રાજાએ હુકમ કર્યો કે આ ચોરને આખા નગરમાં ફેરવો. અને જેટલો બને તેટલો ત્રાસ આપીને ફાંસીએ ચડાવી દો. આખા ગામમાં હુંડિકને ફેરવવામાં આવ્યો. તેની સાથે દાંડી પીટનારો દાંડી પીટીને બોલતો હતો કે: 'હે લોકો ચોરી કરનારના આવા બૂરા હાલ થાય છે, માટે કોઇએ ચોરી કરવી નહીં. કોઇએ આ ચોરને કાંઇ પણ આપવું નહીં.'

પછી રાજાએ ફાંસી દેનારાઓને કહ્યું કે, આ ચોરની સાથે કોઇ વાતચીત પણ કરે તો, તેના સમાચાર મને પહોંચાડવા. રાજાના માણસોએ તે હુંડિક ચોરને ખરે બપોરે તડકામાં ઊભો રાખ્યો. તડકામાં ઊભો રહેતાં પાણીની તરસ લાગવાથી, જે કોઈ ત્યાંથી પસાર થતું તેની પાસે તે પાણી માંગવા લાગ્યો. રાજાના ભયથી કોઈએ તેને પાણી આપ્યું નહીં.

આ વખતે જિનદત્ત નામનો એક દયાળુ શ્રાવક તે રસ્તે થઈને જતો હતો. તેને દેખીને ભયથી હુંડિકે તેની પાસે પાણીની માંગણી કરી. જિનદત્તને દયા આવવાથી તેણે કહ્યું કે, 'હે ભાઇ ! હું પાણી લઇને આવું ત્યાંસુધી તું નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરજે.' એમ કહી નમસ્કાર મહામંત્ર શીખવાડી, જિનદત્ત પાણી લેવા ગયો.

અહીં હુંડિક પાણી પાણી કરતો મૃત્યુ પામ્યો. મરણ વખતે તેનું ચિત્ત નમસ્કાર મહામંત્રમાં તલ્લીન હોવાથી તે ચોર મોટી ઋદ્ધિવાળો વ્યંતર દેવતા થયો.

અહીં રાજાના માણુસોએ આ બધો વૃત્તાંત રાજાને કહ્યો. રાજાએ જિનદત્ત શેઠને પણ શૂળીએ ચડાવવાનો હુકમ ફરમાવ્યો. સેવકો પણ રાજાનો હુકમ થતાં જ જિનદત્ત શેઠને શૂળીના સ્થાને લઈ ગયા.

હવે પેલો હુંડિકનો જીવ જે યક્ષ તરીકે ઉત્પન્ન થએલો હતો, તેણે અવધિજ્ઞાનથી પોતાના પરમ ઉપકારી જિનદત્ત શેઠની આ દશા જોઈને, તે આકાશમાં રહીને આ પ્રમાણે કહેવા લાગ્યો કે : 'હે રાજા! તથા નગરના લોકો આ દયાવાન જિનદત્તને ખોટી વિડંબના શા માટે આપો છો? જો તમે તેને છોડી દઈને તમારા અપરાધની ક્ષમા તેની પાસે નહીં માગો તો હું તમને બધાને આ શિલા તળે ચગદી નાંખીશ (જૂઓ ચિત્ર ૧૫).'

આ પ્રમાણે આકાશમાં શિલા દેખીને, ભયથી ગભરાઈ રાજા વગેરે નગરજનો, યક્ષને નમસ્કાર કરીને કહેવા લાગ્યા કે :-"હે યક્ષરાજ! અમોએ અજાણતાં જે કાંઈ અપરાધ કર્યો હોય તેની ક્ષમા આપો, ને અમને જીવતા રાખો."

યક્ષે કહ્યું કે:-'તમે બધાં જિનદત્ત શેઠને શરણે જાઓ, તો જ તમને રહેવા દઉં.'

રાજા વગેરે બધાં જિનદત્ત શેઠને શરણે ગયા. યક્ષે શિલા પાછી સંહરી લીધી. રાજા તથા નગરજનોએ જિનદત્ત શેઠને, હાથી ઊપર બેસાડી વાજતેગાજતે નગરમાં પ્રવેશ કર્યો. રાજાએ જિનદત્ત શેઠને આદરપૂર્વક નગરશેઠની પદવી આપી, અને મૂલ્યવાન વસ્ત્રાભૂષણો આપીને જિનદત્ત શેઠનું બહુમાન કર્યું. યક્ષ પોતાના સ્થાને ગયો, અને નગરજનો જિનદત્ત શેઠની પ્રશંસા કરવા લાગ્યા.

**ઇતિ શ્રીહુંડિક ચોરની કથા ॥ ૫ ॥**

તથા શ્રીનવકારના પ્રભાવે, રાજસિંહ કુમારની માફક મોક્ષ સુખ પ્રાપ્ત કરે.

## રાજસિંહકુમારની કથા-૬

ત્રીજા પુષ્કરવરદ્વીપમાં આવેલા ભરતક્ષેત્રમાં સિદ્ધવડ નામના નગરની પાસે એક મોટો પર્વત આવેલો છે. તે પર્વતની ગુફામાં, એક વખત શ્રીદમસાર નામના એક મુનિ મહારાજ ચાર મહિનાના ઉપવાસ કરીને ચોમાસું રહ્યા. એક વખત તેઓશ્રીની પાસે નજીકના જંગલમાં રહેતા એક ભીલ અને ભીલડી આવી પહોંચ્યાં.

આ દંપતીને ભદ્રિક પરિણામી જોઈને, સર્વ વિઘ્નોનો નાશ કરનાર અને મહામંગલકારી એવો નમસ્કાર મહામંત્ર શીખવ્યો. અને કહ્યું :-'તમે બંને જણા સાવધાન થઈને આ મહામંત્રનો ત્રણે કાળ જાપ કરજો.' મુનિ મહારાજનો ઉપદેશ ગ્રહણ કરીને, તે બંને જણા ત્રણે કાળ તે, નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં મૃત્યુ પામ્યા (જૂઓ ચિત્ર ૧૬).

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં આવેલા મણિમંદર નામના નગરના મૃગાંક નામના રાજાની, વિજયાદે નામની રાણીની કુક્ષિમાં ભીલનો જીવ પુત્રપણે ઉત્પન્ન થયો. રાણીએ સ્વપ્નમાં

સિંહને દેખ્યો. નવ માસ પૂર્ણ થતાં, માતાપિતાએ મહોત્સવપૂર્વક રાજકુમારનું નામ રાજસિંહ પાડ્યું.

રાજસિંહ અનુક્રમે યૌવનાવસ્થાને પામ્યો. રાજસિંહને, મતિસાગર નામના પ્રધાનના સુમતિ નામના પુત્ર સાથે મિત્રતા થઈ. એક વખત બંને મિત્રો જંગલમાં શિકાર કરવા ગયા (જૂઓ ચિત્ર ૧૭).

શિકાર કરતાં કરતાં થાક લાગવાથી એક આંબાના ઝાડની નીચે બંને મિત્રો વિશ્રામ લેવા બેઠા. એ વખતે એક મુસાફર તેમના જોવામાં આવ્યો. કુમારે તે મુસાફરને પૂછ્યું કે :-'હે મુસાફર! તમે ક્યાંથી આવો છો? અને ક્યાં જાવો છો? તમે મુસાફરીમાં કાંઈ આશ્ચર્ય ઉત્પન્ન થાય તેવું કાંઈક દેખ્યું હોય તો અમને કહો.'

મુસાફરે કહ્યું કે :-'હું પદ્મનગરથી આવું છું અને શ્રીશત્રુંજય તીર્થની યાત્રા કરવા જાઉં છું. વળી, રસ્તામાં મેં જે આશ્ચર્ય જોયું છે, તે તમે સાંભળો. પદ્મપુર નગરના પદ્મરથ રાજાની હંસી નામની રાણીની કુક્ષિથી ઉત્પન્ન થએલી, રત્નવતી નામની રાજપુત્રી, ચોસઠે કળામાં નિપુણ સ્વરૂપવાન અને યૌવનાવસ્થાને પામેલી છે.

રાજપુત્રીની યુવાવસ્થાને જોઈને પદ્મરથ રાજાને, તેણીને લાયક વર શોધવાની ચિંતા ઉત્પન્ન થઈ. એક વખતે પ્રસંગ પ્રાપ્ત થતાં રાજાએ પોતાના પ્રધાનને પૂછ્યું કે :-'પ્રધાનજી! આ રાજકુંવરીને યોગ્ય વર ક્યારે મળશે?' પ્રધાને કહ્યું કે :-'હે સ્વામી! ચિંતા કરશો નહીં. તેણીના ભાગ્યયોગે તેણીને લાયક પતિ સ્વયમેવ મળશે.'

એક વખત એક નટને ભીલનો વેશ લઈને નાચતો જોઈને, રત્નવતીને મૂર્છા આવી અને તેણીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. જ્યારે મૂર્છા વળી ત્યારે તેણીના પિતાએ પૂછ્યું કે :-'હે પુત્રી! તને આ શું થયું?' તે વખતે તેણીએ કહ્યું કે :-'હે પિતાજી! પૂર્વભવમાં હું ભીલડી હતી, ને મારો પતિ ભીલ હતો. મને જો મારો તે પતિ પ્રાપ્ત થશે તો જ હું પરણીશ, નહીં તો હું કુંવારી રહીશ.'

મુસાફરના મુખમાંથી આ વૃત્તાંત સાંભળતાં જ રાજસિંહ કુમારને મૂર્છા આવી અને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પોતાનો પૂર્વભવ યાદ આવતાં જ રત્નવતી ઊપર રાગ ધરતો બોલ્યો કે :-'હે મુસાફર! પછી તેણીનું શું થયું?'

મુસાફર કહેવા લાગ્યો કે :-'કન્યાની પ્રતિજ્ઞાની આ વાત ગામેગામ ફેલાઈ ગઈ. કેટલાએ રાજકુમારો આ સૌંદર્યવાન રાજકન્યાની સાથે લગ્ન કરવા માટે જૂઠું બોલીને કહેવા લાગ્યા કે :-'અમે પૂર્વભવમાં ભીલ તરીકે હતા.'

રાજકુમારી તેઓને પૂછતી કે, તમે જો ભીલ હતા તો, તમે કયા પુણ્યયોગે અહીં ઉત્પન્ન થયા છો? તેઓ તેનો ખુલાસો આપી શકવાને અસમર્થ હોવાથી તેમનું જૂઠ

પકડાઈ જતું. આ પ્રમાણે ઘણીવાર બનવાથી, રત્નવતી પુરુષદ્વેષિણી બની ગઈ છે. પુરુષો માત્ર જૂઠું બોલનાર જ હોય છે, તેમ માનીને, તે સ્ત્રીઓના સંસર્ગમાં જ રહે છે. કોઇ પણ પુરુષ સાથે વાત કરતી નથી. હે રાજકુમાર ! તમે પુરુષોમાં રત્ન સમાન છો, અને રત્નવતી સ્ત્રીઓમાં રત્ન સમાન છે. તેથી જો તમારો બંનેનો સમાગમ થાય તો, રામ અને સીતાની માફક તમે શોભો તેમ મારું માનવું છે.'

મુસાફરના મુખમાંથી આવાં વચનો સાંભળીને રાજસિંહકુમાર આનંદિત થયો. તે આનંદમાંને આનંદમાં, પોતાના બધા દાગીના તે મુસાફરને બક્ષીસમાં આપી દીધા. પછી રાજસિંહકુમાર પોતાના મિત્ર સહિત પોતાના નિવાસસ્થાને આવ્યો. ઘેર આવી રત્નવતીને કઈ રીતે પ્રાપ્ત કરવી તે વિચારમાં ને વિચારમાં રાજકુમાર નગરની શેરીઓમાં અને ચૌટામાં આમતેમ ફરવા લાગ્યો.

રાજકુમારને આવી રીતે ફરતો જોઇને, રાજકુમારના સૌંદર્યમાં મુગ્ધ થએલી સ્ત્રીઓનાં ટોળાં પોતાનાં બાળકોને રડતાં મૂકીને, કુમારના સૌંદર્યથી આકર્ષાઈને કુમારની પાછળ પાછળ ફરવા લાગ્યાં. નગરજનોએ રાજાની પાસે ફરીયાદ કરી કે :–'હે કૃપાનાથ ! આપ રાજકુમારને કૃપા કરીને નગરમાં ફરતો અટકાવો. (જૂઓ ચિત્ર ૧૮).'

રાજાએ પોતાના સેવક પાસે કુમારને કહેવડાવ્યું કે :–'તારે નગરમાં ફરવા નહીં જતાં હંમેશાં રાજમહેલમાં જ રહેવું.' પિતાનો આવો હુકમ સાંભળીને, કુમાર વિચારવા લાગ્યો કે, પિતાજીના આ હુકમથી મને લાગે છે કે, પિતાજીના મનમાં મારો કાંઇક અપરાધ આવ્યો હોવો જોઇએ. આ પ્રમાણે વિચાર કરીને, પોતાના સુમતિ નામના મિત્રને આ વાત પૂછતાં, તેનું કારણ કુમારના જાણવામાં આવી ગયું.

આ બધું જાણીને કુમારે મિત્રને કહ્યું કે, 'હે મિત્ર ! પિતાજીની આવી આજ્ઞા પાળવી બહુ જ મુશ્કેલ છે. આખો દિવસ ઘરમાં શી રીતે પસાર કરી શકાય ? વળી મારો વિચાર પદ્મનગરના રાજાની કુંવરી રત્નવતીને પણ જોવાનો છે, માટે ચાલો આપણે દેશાંતર જઈએ.'

આ પ્રમાણે નિશ્ચય કરીને, બંને મિત્રો હાથમાં તલવાર લઇને નગરમાંથી બહાર નીકળી પડયા (જૂઓ ચિત્ર ૧૯). માર્ગમાં અનેક ગામો જોતાંજોતાં એક વખત એક શૂન્ય જંગલમાં આવી ચડયા. તે વખતે એક પુરુષને દીન વદને રડતો સાંભળીને, રાજકુમાર હાથમાં તલવાર પકડીને જે બાજુથી રડવાનો અવાજ આવતો હતો તે તરફ ચાલ્યો, ત્યાં જતાં જ એક વિકાળ રાક્ષસના પંજામાં સપડાએલો અને આક્રંદ કરતો એક પુરુષ રાજકુમારના જોવામાં આવ્યો (જૂઓ ચિત્ર ૨૦).

આ દશ્ય જોઈને રાજસિંહે રાક્ષસને પૂછયું કે :–'આ માણસે તારૂં શું બગાડયું છે?' રાક્ષસ બોલ્યો કે :–'આ માણસ મને વશ કરવા સાધના કરતો હતો, તે વખતે મેં એને કહ્યું કે, જો તું તારા શરીરમાંથી માંસ કાપીને આપે તો હું તારે વશ થાઉં.' પરંતુ તે પ્રમાણે



ચિત્ર ૪૩ અકર્મભૂમિના યુગલિક મનુષ્યો (પાનું ૪૫)



ચિત્ર ૪૪ નારકીના જીવોને વિવિધ જાતિની વેદનાઓ ઉપજાવતા પરમાધામીઓ (પાનું ૪૫)




ચિત્ર ૪૫ અસુરકુમાર વગેરે આઠ ભવનપતિનાં રૂપો (પાનું ૪૫)



ચિત્ર ૪૬ વાયુકુમાર અને સનતકુમારનાં રૂપો (પાનું ૪૫)




ચિત્ર ૪૭ પદ્મદ્રહમાં રહેવાવાળી શ્રીદેવીનું રૂપ (પાનું ૪૫)




ચિત્ર ૪૮ પિશાચેંદ્ર વગેરે આઠ વ્યંતરેંદ્રોનાં રૂપો (પાનું ૪૫)




ચિત્ર ૪૯ અણપન્ની વગેરે આઠ વાણવ્યંતરેંદ્રનાં રૂપો (પાનું ૪૬)




ચિત્ર ૫૦ ચંદ્ર વગેરે જ્યોતિષેંદ્રનાં રૂપો પાનું (૪૬)

તે પોતાનું માંસ આપી શક્યો નહીં અને હું ભૂખ્યો છું તો, હવે મારા હાથમાં આવેલા ભક્ષ્યને શા માટે છોડી દઉં ?'

કુમારે કહ્યું કે:-'જો તું એને મૂકી દે તો, હું તને મારું ઉત્તમ માંસ આપું.' એમ કહી તલવાર કહાડી, પોતાનું માંસ કાપવા લાગ્યો (જૂઓ ચિત્ર ૨૧). કુંવરની આવી સાહસિકતા જોઇને તે રાક્ષસ કુંવર ઊપર પ્રસન્ન થયો અને બોલ્યો કે:-'હે પરોપકારી પુરુષ ! હું તારું સાહસ જોઈને, તારા ઊપર પ્રસન્ન થયો છું, માટે તારે જે વરદાન માગવું હોય તે માગ.' તે વખતે કુંવરે કહ્યું કે, 'જો તું તુષ્ટમાન થયો હોય તો; આ પુરુષનાં મનોવાંછિત પૂર્ણ કર.'

રાક્ષસ બોલ્યો કે, તમારા કહેવાથી હું એને જીવતો છોડી દઉં છું. અને જે કંઈ તમને આપવું છે, તે હું તમને આપું છું. એમ કહીને, તે રાક્ષસે રાજકુમારને ચિંતામણી રત્ન આપ્યું. રત્ન આપીને રાક્ષસ અદૃશ્ય થઈ ગયો.

પછી રાજકુમાર અને તેનો મિત્ર-બંને જણા-આગળ ચાલવા લાગ્યા. રસ્તામાં રાજકુમારે પોતાના મિત્રને, પોતાના પૂર્વભવનો-ભીલ અને ભીલડીનો-બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે વખતે રાજકુમારનો મિત્ર હસીને કહેવા લાગ્યો કે-'હે મિત્ર ! તું જે કન્યાને પરણવા ચાહે છે, તે તો પુરુષ દ્વેષિણી છે, તેથી પુરુષ વેશે રત્નવતીને કેવી રીતે જોઇ શકશો ? વળી, તેણીની સાથે વાતચીત કેવી રીતે કરશો ?'

મિત્રની આ વાત સાંભળીને રાજકુમારે કહ્યું કે, 'હે મિત્ર ! ચિંતા કરવા જેવું કાંઈ નથી.' કારણ કે, સદૈવભાગ્યંફલતિ એક વખત જંગલમાં આંબાના ઝાડની નીચે સૂતેલા રાજસિંહકુમારને એક વિદ્યાધરે જોયો. કુંવરનું આવું સુંદર રૂપ જોઇને વિદ્યાધરે વિચાર્યું કે, મારી પાછળ મારી સ્ત્રી આવે છે, તે જો આ પુરુષને જોશે તો મારા સ્નેહને પડતો મૂકીને આ પુરુષ ઊપર સ્નેહ કરવા લાગશે. એ પ્રમાણે વિચાર કરીને તે જ વનમાંથી એક ઔષધિ લાવીને પાણીમાં ઘસીને, રાજસિંહકુમારના કપાળમાં તિલક કર્યું (જૂઓ ચિત્ર ૨૨). એટલે તરત જ તે કુમાર મટીને કુમારી થઈ ગયો.

વિદ્યાધર આગળ ગયો. થોડો વખત આ વાતને પસાર થયા પછી, તે વિદ્યાધરની સ્ત્રી આવી પહોંચી. તેણીએ આવું સુંદર સ્ત્રીનું રૂપ દેખીને વિચાર્યું કે, પાછા વળતી વખતે મારો પતિ જો આ સુંદર સ્ત્રીને દેખશે તો, તેણીના ઊપર સ્નેહ કરશે અને મને ત્યજી દેશે, એમ વિચારીને, તે જ વનમાંથી બીજી ઔષધિ લાવીને, પાણીમાં ઘસીને કુમારના કપાળમાં તિલક કર્યું. એટલે કુમાર મૂળ રૂપે થઈ ગયો. વિદ્યાધરી પોતાના રસ્તે આગળ ચાલી ગઈ (જૂઓ ચિત્ર ૨૩).

કુમારનો મિત્ર સુમતિ પાસેના વનમાં ફૂલ ચૂંટવા ગએલો હતો, તેણે આ બધો બનાવ વૃક્ષની ઓથે છૂપાઇને જોયો હતો. તેથી તે બંને ઔષધીઓ વનમાંથી લઈને

વસ્ત્રના છેડે બાંધીને, કુંવરને જગાડી સર્વ વાત કહી સંભળાવી. બંને મિત્રો ચાલતાં ચાલતાં પદ્મપુર નગરે પહોંચ્યા. તે પદ્મપુર નગરની બહાર આવેલા સુવર્ણમય શ્રીઋષભદેવ ભગવાનના જિનપ્રાસાદ પાસે બંને મિત્રો બેઠા. તે વખતે સ્ત્રી સમૂહથી પરવરેલી સુખાસનમાં બેઠેલી રત્નવતી રાજકુમારી તે જિનમંદિરમાં દર્શન કરવા માટે આવી (જૂઓ ચિત્ર ૨૪).

આ વખતે, બંને મિત્રો ઔષધિથી સ્ત્રીનું રૂપ ધારણ કરીને, જિનમંદિરમાં આવીને બાજુ ઊપર ઊભા રહ્યા (જૂઓ ચિત્ર ૨૫). થોડી વારમાં, રાજકુમારી રત્નવતી ઋષભદેવ પ્રભુની પૂજા કરીને પાછી વળી. તે વખતે, દેવાંગનાઓ જેવી આ બે કન્યાઓને જોઈને, આનંદિત થએલી રત્નવતી પૂછવા લાગી કે, તમે બંને કયાંથી આવો છો ? રત્નવતીનો આ પ્રશ્ન સાંભળતાં જ મિત્ર સ્ત્રીએ (સુમતિ મિત્રે) કહ્યું કે, આ મારી સખી મણિમંદિર નામના નગરથી આવી છે.

રત્નવતીએ કહ્યું કે, તમારી સખીને જોઈને મારું મન બહુ જ ઉલ્લાસ પામે છે. તમે બંને જણીઓ મારા ઘેર જ પરોણા તરીકે રહો. એમ કહીને, પોતાની સાથે પોતાના મહેલે તેડી ગઈ. બંનેની બહુ પ્રકારે રાજકુમારી ભક્તિ કરવા લાગી (જૂઓ ચિત્ર ૨૬).

આ પ્રમાણે કેટલાક દિવસ વીતી ગયા પછી, કુમાર સ્ત્રીએ, રત્નવતીને પૂછયું કે તમારું લગ્ન હજુ સુધી કેમ નથી થયું ? રત્નવતીએ કહ્યું કે, મારે મારા પૂર્વભવના પતિ સાથે જ લગ્ન કરવું છે. તે વખતે, કુમાર સ્ત્રીએ કહ્યું કે, તમારો પૂર્વભવનો પતિ હજુ કાંઈ જણાતો નથી, તો પછી, સ્વયંવર મંડપ તૈયાર કરાવીને, કોઈ પણ મનગમતા પુરુષની સાથે કેમ લગ્ન કરતાં નથી ?

રત્નવતી કહેવા લાગી કે, પોતાના મનને સંતોષ થાય તે જ પતિની સાથે લગ્ન કરીએ છિએ, તેવો સંતોષ તો મને તમારા સામું જોતાં જ ઉપજે છે, માટે મારે બીજા કોઇ વરની સાથે લગ્ન કરવાનું કાંઇ કામ નથી.

રાજકુમારીનો આ પ્રમાણેનો જવાબ સાંભળીને, કુમાર સ્ત્રીએ પૂછયું કે, તમારા પૂર્વભવના પતિને તમે શી રીતે ઓળખી શકો. રત્નવતીએ કહ્યું કે, મેં પૂર્વભવમાં જે પુણ્ય ઉપાર્જન કરેલું છે, તે જે જાણતો હોય, તે જ મારો પૂર્વભવનો પતિ સમજવો. તે વખતે કુમાર સ્ત્રીએ કહ્યું કે, હું એટલું જાણું છું કે, તમને પાછલા ભવમાં શ્રીહમસાર નામના મુનિશ્રીએ નમસ્કાર મહામંત્ર શીખવાડ્યો હતો, તેના જ સ્મરણના પ્રભાવથી તમે મરીને, અહીં રાજકુમારી તરીકે ઉત્પન્ન થયા છો.

આ વૃત્તાંત જાણીને રત્નવતી મનમાં ચમત્કાર પામીને, પોતાની સખી ચંદ્રલેખાને કહેવા લાગી કે, હે સખી ! મારા પૂર્વભવની વાત એણે કેવી રીતે જાણી. ચંદ્રલેખાએ કહ્યું કે એની ચેષ્ટા, ચાલ, વચન વગેરે પુરુષના જેવાં જ દેખાય છે. વળી, તેને દેખીને તને

આનંદ થાય છે. તેથી જણાય છે કે, એ જ તારો પૂર્વભવનો પતિ છે. પરંતુ કોઈક કારણથી પોતાનું મૂળ સ્વરૂપ છૂપાવીને, સ્ત્રી રૂપે ફરે છે.

પછી ચંદ્રલેખા કુમાર સ્ત્રીને કહેવા લાગી કે, હે સ્વામી! મહેરબાની કરીને આપનું મૂળરૂપ અમને દેખાડો. આ પ્રમાણેની વિનંતિ સાંભળીને, બંને મિત્રો ઔષધિનો પ્રયોગ કરીને, પોતાના મૂળરૂપે પ્રગટ થયા.

પછી ચંદ્રલેખાએ તે કુમારને કહ્યું કે, હે સ્વામી! તમોએ જેવી રીતે પોતાનું રૂપ પ્રગટ કર્યું, તેવી જ રીતે પોતાનું કુલ, તથા ગોત્ર પણ પ્રકાશો. તે વખતે સુમતિ મિત્રે, કુંવરનો દેશ, નગર, માતા-પિતા કુલ ગોત્રાદિનું નામ કહ્યું અને પોતાના વતનમાં મળેલા મુસાફરનો તથા રસ્તે ચાલતાં, ચિંતામણી રત્નની તથા ઔષધિની પ્રાપ્તિનો સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો.

રત્નવતીએ આ બધો વૃત્તાંત, પોતાના પિતાને જણાવ્યો. આ વૃત્તાંત સાંભળીને રાજા મનમાં હર્ષ પામ્યો. શુભ દિવસે અને શુભ મુહૂર્તે રાજકુમારી રત્નવતીના લગ્ન રાજકુમાર રાજસિંહ સાથે મોટા મહોત્સવ પૂર્વક કરવામાં આવ્યાં (જુઓ ચિત્ર ૨૭). પહેરામણીમાં અનેક હાથી, ઘોડા તથા અરધું રાજ આપ્યું. રાજસિંહકુમાર પણ રાજકુમારી રત્નવતી સાથે આનંદથી કાળ નિર્ગમન કરવા લાગ્યો.

એક વખત રાજસિંહકુમારના પિતા મૃગાંક રાજાનો દૂત પત્ર લઈને ત્યાં આવ્યો. તેમાં લખ્યું હતું કે, હે પુત્ર! હવે હું વૃદ્ધ થયો છું, તેથી રાજ્ય છોડીને દીક્ષા લેવાની ઇચ્છા રાખું છું, તેથી આ પત્ર વાંચીને તરત જ મને આવીને મલ.

પોતાના પિતાનો આ પત્ર વાંચતાં જ, પોતાના સસરાની અનુમતિ લઈને, રત્નવતી સહિત, સસરાએ આપેલા મહામૂલ્ય દાયજા અને ચતુરંગી સૈન્ય સહિત રાજસિંહકુમાર મણિમંદિર નગરે ઘણી જ ઉતાવળથી આવી પહોંચ્યો.

મૃગાંક રાજાએ ભારે મહોત્સવપૂર્વક રાજકુમાર રાજસિંહ અને રાજકુમારી રત્નવતીનો પૂર પ્રવેશ કરાવ્યો (જૂઓ ચિત્ર ૨૮). રાજકુમારે રાજમહેલમાં પેસતાં જ પિતાને પ્રણામ કર્યા અને બંને પિતા-પુત્ર ભેટી પડ્યા. સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો. આખું નગર પણ આનંદિત થયું.

મૃગાંક રાજા વિચારવા લાગ્યો કે, હવે રાજસિંહ કુમારને ગાદીએ બેસાડીને; હું દીક્ષા અંગીકાર કરું (જૂઓ ચિત્ર ૨૯). રાજા આ વિચાર કરતો હતો, તે જ વખતે વન-પાલકે વધામણી આપી કે, હે સ્વામી! ઉદ્યાનમાં ગુણસાગરસૂરિ ગુરુ મહારાજ પધાર્યા છે.

મૃગાંક રાજા આ સમાચાર સાંભળીને આનંદિત થયો. રાજસિંહ કુમારને ગાદીએ બેસાડીને, મોટા મહોત્સવપૂર્વક મૃગાંક રાજાએ ગુણસાગરજી પાસે દીક્ષા અંગીકાર

કરી (જૂઓ ચિત્ર ૩૦). દીક્ષા અંગીકાર કરીને, તીવ્ર તપ તપતાં મૃગાંક રાજર્ષિ અંત સમયે અનશન કરીને દેવલોક પામ્યા (જૂઓ ચિત્ર ૩૧).

રાજસિંહ રાજાએ પણ ગુરુ મહારાજ પાસે શ્રાવકનાં બારવ્રત ઉચર્યાં. શ્રાવકધર્મ પાળતાં અને નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં રાજસિંહ રાજાએ ઘણો સમય રાજ્યસુખ ભોગવ્યું. સંસાર સુખ ભોગવતા, રાણી રત્નવતીની કુક્ષિથી પ્રતાપસિંહ નામનો એક મહા-પ્રતાપી પુત્ર ઉત્પન્ન થયો.

રાજકુમાર પ્રતાપસિંહ યૌવનાવસ્થાને પામ્યો. એક વખતે રાજસિંહ રાજાને ભાગ્ય-યોગે કોઇ રોગ ઉત્પન્ન થયો. રોગ મટી જતાં જ, રાજપુત્ર પ્રતાપસિંહને ગાદીએ બેસાડીને, રાજસિંહ રાજાએ તથા રાણી રત્નવતીએ ભાગવતી દીક્ષા અંગીકાર કરી.

કેટલોક સમય સાધુપણામાં પસાર કરીને, નિરતિચાર ચારિત્ર પાળીને, અંત સમયે સમસ્ત જીવરાશિને ખમાવતાં અને નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા રાજર્ષિ રાજસિંહ મુનિ કાળધર્મ પામ્યા. કાળધર્મ પામીને, બ્રહ્મનામના પાંચમા દેવલોકમાં, દશ સાગરોપમનાં આયુષ્ય વાળા બ્રહ્મેંદ્ર નામના ઈંદ્ર તરીકે ઉત્પન્ન થયા (જૂઓ ચિત્ર ૩૨). રાણી રત્નવતી પણ તે જ દેવલોકમાં ઈંદ્ર સમાન ઋદ્ધિવાળા દેવ તરીકે ઉત્પન્ન થઈ.

"ઇમ નવકારના પ્રભાવ ઊપર, ત્રણ ઈહલોકની, ત્રણ પરલોકની, એમ છ કથાઓ કહી. ૬

## ॥ ઈતિ શ્રીનવકારનો બાલાવબોધ સંપૂર્ણ ॥

હિવ ચૈત્યવંદનાધિકાર–ચૈત્યવંદન સાતવાર સાધુએ દિન પ્રતિ કરવાં. તે કિમ–કુસુમિણ કાઉસગ્ગ કરી ચૈત્યવંદન કરિવું ૧. રાઈ પડિકમણાંને છેહડે પુરુષને **વિશાલલોચન,** સ્ત્રીને **સંસારદાવાની** તીન ગાથાની થોઈ ૨. દેરાસરે ૩, પચ્ચકખાણ પારતાં ૪, જીમ્યાં પૂંઠિ ૫, દેવસી પડિકમણાંને ધુરિ ૬, સંથારા પોરસી ભણતાં ૭. ઇમ સાધુને સદૈવ સાત ચૈત્ય-વંદન હોઈ, અને શ્રાવકોને સાત હોઈ, તથા પાંચ હોઈ, જઘન્યૈ તો તીન હોઈ. તે કિમ–ઉભયકાલ પડિકમણાનાં ૨ હોય, સૂતાં ઊઠયાં પછી ૩, સંથારા પોરસી ભણતાં ૪, ત્રિકાલ દેવ પૂજા કરતાં તીન, એવં સાત. એકવાર પડિકમણું કરૈ તેહને પાંચ. એકેવાર પડિકમણું ન કરૈ, ત્રિકાલ દેવપૂજા કરૈ, તેહને તીન હોઈ. જો ત્રિકાલ દેવપૂજા ન થાય તો, ત્રિકાલ ચૈત્યવંદન નિશ્ચૈ કરિવો, એવં ૩.

હિવૈ ઈરિયાવહી પડિકમ્યાં વિનાં, ચૈત્યવંદન, સજ્ઝાય, સામાયિક, પોસહ, પડિકમણું, ઇત્યાદિક મોટાં અનુષ્ટાંન કીધાં સૂઝે નહીં. યથાઉક્તં શ્રી આગમે–જે માટૈથી, મહાનિશીથ મેં કીયૌ છે. इरियावहियाए, अपडिक्कंता ए, नो कप्पइ, किंपि चेइअवंदण, सज्झायावस्सयाइकाउं । તે ભણી પ્રથમ ઈરિયાવહી સૂત્ર વખાણી યૈ છે; તિહાં, પ્રથમ ખમાસમણ દીજૈ તેહનો પાઠ લિખિઈ છે.

## [ ३ खमासमण अथवा प्रणिपात सूत्र ]

**ईच्छामि खमासमणो, वंदिउ जावणिज्जाए, निस्सिहीआए, मत्थएण वंदामि.** વાંદું છું હે ક્ષમાશ્રમણ કહતાં, ધર્મ પાલવાને સાવધાન, હે ગુણવાન, વાંદિવા ભક્તિ સહિત, નિષેધ પ્રાણાતિપાતાદિ નિવૃત્તિ રૂપ પ્રયોજને છે જેહનો નિષેધહી કહતાં શરીરે કરી એતલે ઊભા રહી, પછે સાડા પડિલેહી બીજાનો બિ હાંથે લલાટ પંચાંગે કરી ભૂમિકા ફરસતો મસ્થએણ વંદામિ કહે. મત્થ એણ કહતાં, વાંદું. પછે ઊભો થઈ, બિહુ પગને અંગુલ ચ્યારનો આંતરો, પાછલિ ૩ અંગુલ ઝાઝેરા, ચ્યાર આંગુલ માહેરા આંતરો, એહવી જિનમુદ્રા પગે સાચવતો, તથા બે હાથની આંગુલી, એકેક માંહિ ઘાલી, બે હાથ પદ્મ-કોશને આકારે કરી, મુખ આગલ દેઇ, બે હાથની કુહણી પેટ પર આંણી, એહવી યોગમુદ્રા સાચવતો इच्छापूर्वक એતલે માહરે બલાત્કારે તથા દાક્ષિણ્ય પણે રહી. અત્ર ગુરુ અક્ષર ૩, લઘુ અક્ષર ૨૫, સર્વ અક્ષર ૨૮.

## [ ४ इरियावहियं सूत्र ]

**इच्छाकारेण संदिसह भगवन् इरियावहिअं पडिक्कमामि, इच्छं, इच्छामि पडिकमिउ इरियावहिआए,** ઇચ્છા હુઈતી, **संदिसह** કહતાં–આદેસ ધો. **भगवन् इरणं** કહતાં, ઈર્યા ચાલવાનો માગ, અથવા ईर्यापथ સાધ્વાચાર–સાધુ, શ્રાવક આચાર સંબંધી, જે સૂક્ષ્મ પાપ તેહ થકી, **पडिकमिवो** કહતાં, નિવર્ત્તવા તિવારે ગુરુ કહે, **पडिक्कमह** શિષ્ય કહે, इच्छं ઇમિ જ पडिकमौ તુમ્હે આગ્યા દીધી તિમ પ્રમાણ. इच्छं કહતાં વાંછું છું, **पडिक्कमवा** નિવર્ત્તવા. પડિકમવાને ઉજમાલ–ઉદ્યમવંત થયો. તે માટે अभ्युवगमन સંપદા દોય પદની પહિલી, એતલે દોય પદે કરી સંપદા ૧ કહી, ચાલતાં–મારગમેં તથા, સાધુ આચાર ધ્યાન–મૌનાદિક તે સંબંધી. જેવાં કઈ નદ્યુત્તારણે કરી, તથા ઊપર ચાલતાં, શયનાદિકે કરી પ્રાણાતિપાતાદિક, સાધ્વાચારાદિક કરતાં વિરાધના થઈ તેહ નિમિત્તે.

**विराहणाए, गमणागमणे, पाणक्कमणे; बीयक्कमणे, हरियक्कमणे**

સંપદા દોય. વિરાધના લાગી તે, આલોચ ઇમિ કહીયો, તે માટે બે પદની સંપદા બીજી. गमन કહતાં સ્વસ્થાંનકથી પરસ્થાનકે જાવતાં, आगमन કહતાં પરસ્થાનકથી આપણે સ્થાનકે આવતાં, સામાન્ય હેતુ સંપદા તીન. વિરાધના લાગી, ઇમ વિશેષણ કહિ-ઓ તે માટે એક પદની સંપદા તીજી. प्रांण કહીયે એકેંદ્રી, बीज જે વાવીયો ઊગે, જેહને પગ ચાંપવે કરી. हरिअं કહતાં, નીલી વનસ્પતી તેહને ચાંપવે કરી, એ બિહું પદે કરી સરવબીજને અને સર્વ વનસ્પતીને જીવ ઘણું કહિયો, જે માટે જીવ ઘણો કહિયો. જે માટે જીવનાં લક્ષણ સંપૂર્ણ એહ માંહિ દેખીયે છે. તે કિમ મનુષ્યનાં શરીરની પરે વનસ્પતિનો શરીર. કોમલ બાલક, તરુણ, ઘરડો કહિવાય, તથા હાથ પગાદિકે,

મનુષ્યનો દેહ બાંધે, તિમ શાખાદિકે કરી, વૃક્ષ બાંધે, તથા પમાડ, આંમલી વૃક્ષ, ચંદ્રવિકાસી, સૂર્યવિકાસી, કમલ અંવાડાદિક પુષ્પાદિક માંહિ. નિંદ્રા, જાગરણાદિક દેખીયે છે. તથા આલપલાસાદિક વૃક્ષ ભૂમીગત નિધાંન આપણા મૂલનૈં જડે કરી વીંટે, તે લોભનો ભાવ. વર્ષાકાલે મેઘનો ગર્જારવ સાંભલી, શીતલ વાયુ ફરસે કરી, અંકૂરા ઊપજે તે હર્ષનો ભાવ. લજ્જાલુ વનસ્પતી, મનુષ્યનાં હાથ વગેરે અંગના સ્પર્શ થકી સંકોચાઈ જાય છે, એ લજ્જા તથા ભયનો ભાવ કહેવાય. અશોકવૃક્ષ, બકુલવૃક્ષ તથા તિલક વૃક્ષાદિક, નવયૌવના સ્વરૂપ, અલંકાર સહિત સ્ત્રીના પગની પાનીનાં પ્રહારે કરીને, તથા તેણીનાં મુખનાં તાંબૂલરસ છાંટવાથી તથા તેણીનાં કરેલાં સ્નેહાલિંગનથી તત્કાલ ફલતાં દેખાય છે, એ મૈથુનસંજ્ઞાનો ભાવ જાણવો. કોકનદ વૃક્ષનો કંદ, માણસનો પગ લાગવાથી હુંકારા કરે છે; એ ક્રોધનો ભાવ જાણવો. રૂદ્રદંતી વેલી, અહો હું છતાં આ લોકો દુઃખી કેમ થાય છે ? એવા અહંકારે કરીને, નિરંતર અશ્રુપાત કરે છે કેમકે, તેના યોગથી સુવર્ણસિદ્ધિ થાય છે, એ માનનો ભાવ જાણવો. મોટા ભાગે બધી વેલીઓ, પોતપોતાનાં ફૂલોને પાંદડાથી ઢાંકી રાખે છે, એ માયાનો ભાવ જાણવો. વળી ભૂમિ, જલાદિક આહારનાં યોગે વૃક્ષોની વૃદ્ધિ થાય છે. અને તે વિના દિવસે દિવસે કરમાઈ જાય છે. માણસની માફક નાગરવેલિ પ્રમુખને તિલવટ, ગોમય તથા દુધ વગેરેનાં દોહદ ઉપજે છે. તે પરિપૂર્ણ થયા પછી, પત્ર, ફલ, ફૂલ, રસની વૃદ્ધિ થાય એ પણ આહાર સંજ્ઞાનો ભાવ જાણવો. વળી, વૃક્ષને પાઠું, ગાંઠ, ઉદરવૃદ્ધિ, સોજો તથા દૂર્બલપણું વગેરે રોગે કરીને, ફલ, ફૂલ, પાન, ત્વચાનો વિકાર પણ થાય છે. તથા સર્વ વનસ્પતિનાં આયુષ્ય પોતપોતાનાં નક્કી જ હોય છે. ઇષ્ટ તથા અનિષ્ટ આહારની પ્રાપ્તિયે કરીને વૃક્ષો પુષ્ટ તથા દુર્બલ થાય છે. વેલીઓ રસ્તાને છોડીને, વૃક્ષની ઊપર જ ચડે છે (જુઓ ચિત્ર ૩૩). આ ઓઘસંજ્ઞાનો ભાવ જાણવો. ઇત્યાદિક યુક્તિયે કરી, શ્રીઆચારાંગસૂત્રનાં પહેલા અધ્યયનમાં સવિસ્તર જીવપણું સ્થાપન કરવામાં આવેલું છે. અહીં કોઈ પ્રશ્ન પૂછે કે, જો વનસ્પતિ જીવરૂપ હોય તો, છેદન-ભેદન કરતાં રોતાં કેમ દેખાતાં નથી ? અથવા નાશી કેમ જતાં નથી ? તેનો જવાબ એ છે કે, માણસની માફક વનસ્પતિને મુખ, પગ તથા હાથ વગેરે અંગોનો અભાવ છે અને સ્થાવરકર્મના ઉદયથી નાશી જવાનું બનતું નથી, તો પણ તેઓને અવ્યક્ત વેદના હોય જ છે. જેમ કોઇ એક આંધળો, બહેરો, બોબડો, હુંઠો, પાંગળો અને વિષમ વાયુના વિકારથી પીડાતો, સર્વ અંગોપાંગની ક્રિયાથી રહિત એહવો પુરુષ હોય, તેને કોઇ મારઝૂડ કરે, તે સહન ન થાય તો પણ, મુખાદિકના અભાવે રૂદન પણ ન કરી શકે, તથા નાશી પણ ન શકે, તથાપિ તેને વેદના તો થાય જ છે. તે માટે ખાસ કારણ વિના વનસ્પતિની વિરાધના કરવી નહીં.

**ओसा उत्तिंग पणगदग मट्टी मक्कडा संताणा संकमणे ॥४॥**

ओसा કહેતાં-સૂક્ષ્મ અપકાયના જીવ. उत्तिंग-કહતાં-ગર્દભાકાર જીવ વિશેષ. पणग

કહતાં-પંચવર્ણી નીલફૂલ. दग કહતાં-પાણી, અને मट्टी કહતાં-માટી. मक्कडा કહતાં-મર્કટ એટલે કોલીઆવડાના, संताणा કહતાં-સંતાન એટલે જાલ, એ કોલીયાવડાની જાલને મર્કટ સંતાન કહીએ. संकमणे કહતાં-પગથી પીડા ઉપજાવી હોય.

**जे मे जिवा विराहिया ॥५॥ જે કોઇ જીવોની મેં વિરાધના કરી હોય.**

**एगिंदिया बेइंदिया तेइंदिया चउरिंदिया पंचिंदिया ॥६॥**

एगिंदिया કહતાં-જેને શરીર રૂપ એક જ ઇંદ્રિય હોય તે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિરૂપ પાંચ પ્રકારનાં સ્થાવર જીવને એકેંદ્રિય કહે છે (જૂઓ ચિત્ર ૩૪). बेइंदिया કહતાં- જેને શરીર અને મુખ, એ બે ઈંદ્રિયો જ હોય. શંખ, છીપ, જલો, ગંડોલા, અલસીયા પ્રમુખ બેઇંદ્રિય જીવ જાણવા (જૂઓ ચિત્ર ૩૫). तेइंदिया કહતાં-શરીર, મુખ અને નાસિકા, એ ત્રણ જ ઇંદ્રિયો હોય. એવા ગદ્દહિયા, કુંથુઆ, જૂ, લીખ, માંકડ, કીડી, મંકોડા પ્રમુખ તેઇંદ્રિય જીવ જાણવા. चउरिंदिया કહતાં, શરીર, મુખ, નાસિકા અને આંખ, એ ચાર જ ઈંદ્રિયો હોય, એવા માખી, મચ્છર, ડાંસ, વીંછી, ગોગા ગાવડી, ચાંચડ, (જૂઓ ચિત્ર ૩૬). ભમરી, તીડ વગેરે ચતુરિંદ્રિય જીવ જાણવા. પંચિંદિયા કહતાં-શરીર, મુખ, નાસિકા, આંખ અને કાન, એ પાંચે ઈંદ્રિય હોય એવા જલચર તે મત્સ્ય, મગરમચ્છ, કાચબાદિક (જૂઓ ચિત્ર ૩૭). તથા સ્થલચર તે સિંહ, હાથી, વાઘ (જૂઓ ચિત્ર ૩૮). વગેરે અને ખેચર તે હંસ, મયૂરાદિક પક્ષીઓ એ તિર્યંચ જાણવા (જૂઓ ચિત્ર ૩૯). તથા મનુષ્ય, દેવતા અને નારકી એ સર્વ પંચેંદ્રિય જીવ જાણવા. એ પાંચ બોલમાં સર્વ સંસારી જીવ આવી ગયા.

**अभिहया, वत्तिया, लेसिया, संघाइया, संघट्टिया, परियाविया, किलामिया, उद्दविया, ठाणाओठाणं संकामिया, जिवियाओ, ववरोविया, तस्समिच्छामि दुक्कडं ॥७॥**

अभिहया કહેતાં-સામે આવતા જીવોને પગે કરીને હણ્યા. वत्तिया કહતાં-પૂંજનીયે કરીને એકઠા કીધા અથવા ઢાંકી દીધા. लेसिया કહતાં-જમીન સાથે ઘસ્યા અથવા ખરલમાં ઘૂંટ્યા. संघाइया, કહતાં-અંદરોઅંદર મેળવીને શરીર ભેગાં કર્યાં. संघट्टिया કહતાં-થોડો સ્પર્શ કરીને દુભાવ્યા. परियाविया કહતાં-સર્વ રીતે જીવોને પરિતાપ ઉપજાવ્યો. किलामिया કહતાં-ખૂબ કિલામણા ઉપજાવીને નિસ્તેજ કીધા, મૃતપ્રાય કીધા. उद्दविया કહતાં-ત્રાસ પમાડ્યા, હાલીચાલી ન શકે એવા કીધા. ठाणाओठाणं કહતાં-એક ઠેકાણેથી ઉપાડીને, બીજા ઠેકાણે. संकामिया કહતાં-સંક્રમાવ્યા. जिवियाओ કહતાં-જીવિતવ્ય થકી. ववरोविया કહતાં-ચૂકાવ્યા, જૂદા કીધા અથવા માર્યા. એ અભિહયા ઈત્યાદિકે કરી, જે એકેંદ્રિયાદિક જીવોની વિરાધના થઈ હોય. तस्स કહતાં-તે સંબંધી જે અતિચાર લાગ્યા, તેને दुक्कडं કહતાં-દુષ્કૃત એટલે પાપ કહિયેં, તે પાપ मि કહતાં મે એટલે મારૂં મન, વચન અને કાયાએ કરી, મિથ્યા એટલે નિષ્ફલ થાઓ.

## [ ५ तस्स उत्तरी सूत्र ]

**तस्स उत्तरीकरणेणं, पायच्छित्त करणेणं; विसोहीकरणेणं, विसल्लीकरणेणं पावा-णं कम्माणं निग्घायणट्ठाए, ठामि काउस्सग्गं ॥१॥**

એવી રીતે આલોવતાં-પડિક્કમતાં પણ જે કાંઇ પાપ સહિત આત્મા રહ્યો હોય. तस्स કહતાં-તેની જ વલી, વિશેષ શુદ્ધિને માટે જે કાંઇ આગળ કરવું, તેને उत्तरीकरणेणं કહતાં-ઉત્તરીકરણ એટલે વિશેષે કરીને શુદ્ધ તેને ઉત્તરીકરણ કહેવાય. હવે તો આગળ કાઉસગ્ગ કરવો છે માટે કાયોત્સર્ગ કરીને વિશુદ્ધિ કરું છું. એટલે જે અતિચારનું આલો-ચણ વગેરે આગળ કરેલું છે, તેની વિશેષ શુદ્ધિને માટે કાયોત્સર્ગ કરું છું. વળી, તે કાયોત્સર્ગ તો, पायच्छित्तकरणेणं કહતાં-શુદ્ધ પ્રાયશ્ચિત કરવાથી થાય. એટલે ગુરુની પાસે પાપ આલોવીયે, તેને પ્રાયશ્ચિત કહીયે. વળી, તે પ્રાયશ્ચિત પણ विसोहीकरणेणं કહતાં-વિશેષે શોધવું તેને વિશોધિકરણ કહે છે. વળી તે, વિશોધીકરણ પણ विसल्लीकरणेणं કહતાં-ગયા છે માયા વગેરે ત્રણ શલ્ય જેનાથી તેને વિશલ્ય કહીયે. એ ઉત્તરીકરણાદિક ચાર હેતુએ કરીને શું કરવું છે? તો કે, पावाणं कम्माणं કહતાં-સંસાર હેતુ જે જ્ઞાના-વરણી વગેરે કર્મો છે, તેઓને निग्घायणट्ठाए કહતાં-ઉચ્છેદન કરવા માટે काउसग्गं કહતાં-કાય વ્યાપાર ત્યાગરુપ કાયોત્સર્ગ પ્રત્યે ठामि કહતાં-એક ઠેકાણે કરું છું.

એ ઇરિયાવહીને શુદ્ધ પ્રકારે પડિક્કમતાં, અઢાર લાખ, ચોવીસ હજાર, એકસોને વીસ મિચ્છામિ દુક્કડં દેવાય છે. પ્રથમ પાંચસોને ત્રેંસઠ સ્થાનકે જીવ ઉપજે છે. તે આ પ્રમાણે :-પૃથ્વીકાય ૧, અપકાય ૨, તેઉકાય ૩ તથા વાઉકાય ૪ એ ચાર, તેને સૂક્ષ્મ અને બાદર કરતાં આઠ ભેદ થાય. અને પાંચમી વનસ્પતિકાયના ત્રણ ભેદ છે. એક સૂક્ષ્મ નિગોદરૂપ તથા બે પ્રકારની બાદર, એક પ્રત્યેક અને બીજી સાધારણ, એ પાંચ સ્થાવરના મલીને અગ્યાર ભેદ થયા. તથા બેઈંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિંદ્રિય, વિકલેંદ્રિય કહેવાય છે. એ બધા સમૂર્છિમ જ હોય છે. આ ત્રણ, પેલા અગિયારની સાથે ભેગા કરીએ, એટલે ચૌદ ભેદ થાય. તે ચૌદ પર્યાપ્તા તથા અપર્યાપ્તા મળી અઠાવીસ ભેદ થયા.

હવે પંચેંદ્રિય તિર્યંચના દશ ભેદ કહે છે. તેમાં માછલી, કાચબા, મગરમચ્છ વગેરે જલચરનો એક ભેદ. થલચરના ત્રણ ભેદ. તેમાં હાથી, ઘોડા, ગાય, સિંહ, વાઘ વગેરે ચાર પગવાળા પશુઓનો એક ભેદ, અને આશી વિષ પ્રમુખ ઉરઃપરિસર્પ, અને કોલ, ઉંદર વગેરે ભુજ પરિસર્પ, એ થલચરના ત્રણ ભેદ અને ચાર પ્રકારના ખેચર-વાગોળ, ચામાચીડીયું વગેરે, ચર્મપંખી. ભારંડ, મોર, કબૂતર વગેરે, ખેચરનો એક ભેદ. એ મલીને એ પાંચ ગર્ભજ અને પાંચ સંમૂર્છિમ મળી દશ ભેદ થાય. એ દશને




ચિત્ર ૫૧ ચૌદરાજલોકનું સ્વરૂપ (પાનું ૪૬)





ચિત્ર ૫૨ પ્રભુ શ્રીમહાવીરનું સમવસરણ (પાનું ૪૬) ચિત્ર ૫૩ શ્રીગૌતમસ્વામીજી અને અઈમુત્તાકુમાર (પાનું ૪૭)





ચિત્ર ૫૫ પ્રભુ શ્રીમહાવીર દેશના આપતા (પાનું ૪૭) ચિત્ર ૫૪ અઈમુત્તો ગૌતમસ્વામીની સાથે (પાનું ૪૭)



ચિત્ર ૫૬ તલાવડીમાં નાવડી ચલાવતા અઇમુત્તામુનિ (પાનું ૪૭)



ચિત્ર ૫૭ પ્રભુ શ્રીમહાવીર પાસે અઇમુત્તામુનિ (પાનું ૪૮)



ચિત્ર ૫૧ શ્રીઋષભદેવજી (પાનું ૫૦)



ચિત્ર ૫૯ ૨ શ્રીઅજિતનાથજી (પાનું ૫૦)



ચિત્ર ૬૦ ૩ શ્રીસંભવનાથજી (પાનું ૫૦)



ચિત્ર ૬૧ ૪ શ્રીઅભિનંદનસ્વામીજી (પાનું ૫૦)

પર્યાપ્તા તથા અપર્યાપ્તા ગણીએ ત્યારે વીસ ભેદ થાય. આ વીસમાં અગાઉના અઠાવીસ ઉમેરીએ, એટલે કુલ તિર્યંચના અડતાલીસ ભેદ થયા.

હવે નારકીના ભેદ કહે છે. રત્નપ્રભા ૧, શર્કરાપ્રભા ૨. વાલુકાપ્રભા ૩, પંકપ્રભા ૪, ધૂમપ્રભા ૫, તમપ્રભા ૬, અને તમતમાપ્રભા ૭, આ સાત નારકીના પર્યાપ્તા તથા અપર્યાપ્તા મલીને ચૌદ ભેદ થયા. તેમાં અગાઉના અડતાલીસ ઉમેરીએ, એટલે કુલ બાસઠ ભેદ થાય.

હવે મનુષ્યના ભેદ કહે છે : પાંચ ભરત, પાંચ ઐરવત તથા પાંચ મહાવિદેહ, એ કર્મભૂમિના પંદર ભેદ કહ્યા. પાંચ હૈમવંત, પાંચ હિરણ્યવંત, પાંચ હિરણ્યવર્ષ, પાંચ હરિવર્ષ, પાંચ રમ્યક્ તથા પાંચ ઉત્તરકુરુ, એ અકર્મભૂમિના ત્રીશ ભેદ અને છપ્પન અંતરદ્વીપો ( જૂઓ ચિત્ર ૪૦ ) કહેવાય છે. એ છપ્પનની સાથે પેલાં કર્મભૂમિનાં પંદર અને અકર્મભૂમિનાં ત્રીશ ભેગાં કરીએ તો એકસોને એક ભેદ મનુષ્ય જાતિના થાય. એમાં ગર્ભજ પર્યાપ્તા તથા અપર્યાપ્તા મળી, બસોને બે ભેદ થાય અને તેની સાથે એકસોને એક અપર્યાપ્તા સમૂચ્છિંમ મનુષ્યના ભેદ મેળવીએ તો ત્રણસોને ત્રણ ભેદ થાય, અને બાસઠ પ્રથમ તિર્યંચના કહ્યા, તે સર્વ એકઠા કરીએ તો, ત્રણસોને પાંસઠ ભેદ થાય.

તથા ભરતક્ષેત્રની સીમ–હદ બતાવે છે. પૂર્વમાં ક્ષુલ્લ હિમવંત પર્વત, પશ્ચિમે લવણ સમુદ્ર, વીંટળાયેલો છે. તેહનેં બબે દાઢા–પૂર્વ સમુદ્રે તથા પશ્ચિમ સમુદ્રે બંને બાજુ ખૂણાએ વિસ્તરેલી છે (જૂઓ ચિત્ર ૪૧–૪૨). તે એક એક દાઢા ઉપર સાતસાત દ્વીપ છે.

ત્રીસ અકર્મભૂમિમાં યુગલિક મનુષ્યો (જૂઓ ચિત્ર ૪૩ ) ઉત્પન્ન થાય છે, તેનું વિશેષ વૃત્તાંત જીવાજીવાભિગમ સૂત્રથી જાણી લેવું.

હવે દેવતાનાં એકસોને અઠાણું ભેદ કહિયે છેઃ–

પ્રથમ પરમાધામી પંદર, કે જેઓ પ્રથમની ચાર નરકમાં નારકીના જીવોને, ભાલા મારે, યંત્રમાં પીલે, વાઘ, સિંહ વગેરેથી પીડા ઉપજાવે, કરવતથી વેરે, અગ્નિમાં નાંખે, પક્ષીઓ વગેરેની અણીદાર ચાંચોથી લોહી તથા માંસનું ભક્ષણ કરાવે (જૂઓ ચિત્ર ૪૪) વગેરે વેદનાઓ ઉપજાવે. દશ ભુવનપતિ. અસુરકુમાર ૧, નાગકુમાર ૨, સુવર્ણકુમાર ૩, વિદ્યુત્ કુમાર ૪, અગ્નિકુમાર ૫, દ્વીપકુમાર ૬, ઉદધિકુમાર ૭, દિશિકુમાર ૮, વાયુકુમાર ૯ અને સનતકુમાર ૧૦ (જૂઓ ચિત્ર ૪૫–૪૬) જાણવા.

છપ્પન દિગ્કુમારીકાઓની જાતિ, તથા પદ્મદ્રહમાં રહેવાવાળી, શ્રીદેવી ૧, (જૂઓ ચિત્ર ૪૭), હ્રી ૨, ધૃતિ ૩, કીર્ત્તિ ૪, લક્ષ્મી ૫, બુદ્ધિ ૬ દેવીઓ ભુવનપતીની જાણવી.

આઠ વ્યંતર-પિશાચ ૧, ભૂત ૨, યક્ષ ૩, રાક્ષસ ૪, કિંન્નર ૫, કિંપુરુષ ૬, મહોરગ ૭ અને ગંધર્વ ૮–જાણવા (જૂઓ ચિત્ર ૪૮).

આઠ વાણવ્યંતર–અણપન્ની ૧, પણપન્ની ૨, ઇસિવાદી ૩. ભૂતવાદી ૪, કંદી ૫, મહાકંદી ૬, કોહંડી ૭, અને પતક ૮, જાણવા (જૂઓ ચિત્ર ૪૯).

દશ જ્યોતિષી–ચંદ્રમા ૧, સૂર્ય ૨, ગ્રહ ૩, નક્ષત્ર ૪, તારા ૫ આ પાંચે મનુષ્ય લોકમાં ફરે છે (જૂઓ ચિત્ર ૫૦), તે માટે ચર જ્યોતિષી કહેવાય છે, અને મનુષ્યલોકની બહાર જે જ્યોતિષી દેવતાઓ છે તે, સ્થિર રહેતા હોવાથી સ્થિર જ્યોતિષી કહેવાય છે.

કિલ્વિષિ દેવના ત્રણ ભેદ છે, દેવતાઓમાં નીચ જાતિના દેવતાઓને કિલ્વિષિયા કહેવાય છે. તિર્યક્‌જૃંભકદેવના દશ ભેદ છે, લોકાંતિક દેવ નવ પ્રકારના છે.

બાર દેવલોક–સૌધર્મ ૧, ઈશાન ૨, સનત્કુમાર ૩, માહેંદ્ર ૪, બ્રહ્મ ૫, લાંતક ૬ શુક્ર ૭, સહસ્રાર ૮, આણત ૯, પ્રાણત ૧૦, આરણ ૧૧ અને અચ્યુત ૧૨, એ વૈમાનિક દેવ જાણવા. નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના, એ સર્વ મળીને નવાણું ભેદ થયા. તે પર્યાપ્તા તથા અપર્યાપ્તા, એ બે મલી એકસોને અઠાણું ભેદ થયા. તેમાં પાછલા ત્રણ–સોને પાંસઠ ભેગા કરીએ ત્યારે, પાંચસોને ત્રેંસઠ સર્વ જીવોનાં ઉત્પત્તિ સ્થાનક થાય (જૂઓ ચિત્ર ૫૧).

તેને અભિહયા વગેરેથી દશ ઘણા કરીયે, ત્યારે પાંચ હજાર છસેંને ત્રીશ થાય. તે વળી, રાગને દ્વેષથી બમણા કરીએ, ત્યારે અગિયાર હજાર બસોને સાઠ થાય. તે વળી, મન વચન અને કાયાએ કરી, ત્રણ ઘણા કરીયે ત્યારે; તેત્રીશ હજાર, સાતસોને એંશી થાય. તે કરવા, કરાવવા અને અનુમોદવા એ કરી, ત્રણ ઘણા કરીએ ત્યારે, એક લાખ, એક-હજાર, ત્રણસોને ચાલીશ થાય. તે વળી, અતિત, અનાગત અને વર્ત્તમાન કાળે કરીને ત્રણ ઘણા કરીએ, ત્યારે ત્રણ લાખ, ચાર હજારને વીશ થાય. તે અરિહંતની શાખે, સિદ્ધની શાખે, સાધુની શાખે, દેવની શાખે, ગુરુની શાખે, તથા આત્માની શાખે, એ છ શાખે છ ઘણા કરીએ, ત્યારે અઢાર લાખ, ચોવીસ હજાર, એકસોને વીશ, મિચ્છામિદુક્કડં થાય. આવી રીતે સર્વ જીવને, ખમતખામણાં કીજે. ઇરિયાવહી પડિક્કમતાં શુભધ્યાને કરી, અનેક અઘોર પાપનો ક્ષય થાય.

ભાવ સહિત ઇરિયાવહી પડિકમતાં, કેટલાક જીવોને અઇમુત્તાની માફક કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે. અઇમુત્તાની કથા આ પ્રમાણેઃ—

## શ્રી અતિમુક્તકની કથા–૭

ભરતક્ષેત્રમાં આવેલા પોલાસપુર નામના નગરમાં વિજય નામે રાજા અને શ્રીદેવા નામની, તેની રાણી હતી. તેમને અઇમુત્તા નામનો રાજકુમાર હતો. એક વખત મહાવીર પ્રભુ પોલાસપુર નગરના ઉદ્યાનમાં સમોસર્યા હતા (જૂઓ ચિત્ર ૫૨). ગણધરદેવ શ્રીગૌતમસ્વામી બપોરના સમયે, છઠના પારણે, આહારપાણી વહોરવા માટે ફરતા હતા તે, છ વરસની ઉંમરનાં

રાજકુમાર અઈમુત્તાની નજરે રમતા રમતાં પડ્યા. ગજરાજની માફક આનંદથી આવતાં સમતાવંત તેજસ્વી અને સુંદર સ્વરૂપવાન શ્રીગૌતમસ્વામીને જોતાં જ રાજકુમાર અઈમુત્તો કે જે, પોતાની ઉંમરના નાનાં નાનાં બાળકોની સાથે રમતો હતો, તે પોતાની રમત બંધ કરીને, શ્રીગૌતમસ્વામીજીને પૂછવા લાગ્યો કે, આપ કોણ છો અને કેમ આવ્યા છો તથા આપને શું જોઈએ છે? તે મને કહો? (જૂઓ ચિત્ર ૫૩).

તે વખતે શ્રીગૌતમસ્વામીએ કહ્યું કે, વત્સ! હું સાધુ છું. ભિક્ષા લેવા માટે આવ્યો છું. આવી વાત સાંભળીને, અઈમુત્તો કુંવર બોલ્યો કે, તો આપ મારા ઘેર પધારો, જેથી હું આપને આહારપાણી વહોરાવું. પછી, શ્રીગૌતમસ્વામીની આંગળી પકડીને, પોતાના ઘેર લઇ ગયો. અને નિરવદ્ય મોદક વહોરાવ્યા. વહોરીને, પાછા વળતાં ગૌતમસ્વામીને પૂછવા લાગ્યો કે, આપ! ક્યાં જશો? શ્રીગૌતમસ્વામીએ કહ્યું કે, મારા ગુરુ ભગવાન્ મહાવીરસ્વામી ઉદ્યાનમાં સમોસર્યા છે, તેમની પાસે હું જઇશ.

આ પ્રમાણે સાંભળીને, આનંદિત થએલો અઈમુત્તો બોલ્યો કે, શું વળી, તમારે પણ ગુરુ છે? તો મને પણ આપણા ગુરુ બતાવો. તમારા ગુરુને જોવા, હું પણ તમારી સાથે આવું છું. એમ કહી, પ્રભુ મહાવીરને વંદન કરવા, અઈમુત્તો ગૌતમસ્વામીની સાથે ચાલ્યો (જૂઓ ચિત્ર ૫૪). પ્રભુએ, તેને યોગ્ય જાણી, ધર્મદેશના દીધી (જૂઓ ચિત્ર ૫૫). પ્રભુની દેશના સાંભળીને, અઈમુત્તો સંસારથી વિરકત થયો. દીક્ષા લેવા ઇચ્છા રાખતો, સ્વામીને કહેવા લાગ્યો કે, હે સ્વામી! માતા પિતાની આજ્ઞા લઈ, આપની પાસે દીક્ષા લઉં, ત્યાંસુધી આપ અહીંયાં જ રોકાજો. પછી માતાપિતાના ખૂબ આગ્રહથી, એક દિવસનું રાજ્ય ભોગવી, પ્રભુ મહાવીર પાસે અઈમુત્તા કુમારે દીક્ષા લીધી.

પ્રભુએ અઈમુત્તા કુમારને, સાધુની ક્રિયાનો અભ્યાસ કરવા માટે સ્થવિર સાધુઓને સોંપ્યો. એમ અઈમુત્તો સાધુ ધર્મની ક્રિયાનો અભ્યાસ શીખતો શીખતો, શ્રીગૌતમસ્વામીની પાસે જ રહેવા લાગ્યો. એક વખતે વર્ષાઋતુમાં, વરસાદ બંધ થઈ ગયા પછી, કેટલાક સાધુઓ સાથે, અઈમુત્તા મુનિને સાથે લઈને, ગૌતમસ્વામી સ્થંડિલ ભૂમિ ગયા. વનમાં સાથેના સાધુઓ એક વડના ઝાડની નીચે સ્થંડિલ ગયા. તે વખતે બાળક અઈમુત્તા મુનિ, પાણીનો પ્રવાહ વહેતો દેખીને, માટીની પાળ કરી, પાણીને રોકીને, પાણીનું નાનું તલાવ બનાવીને, પલાસપત્રની નાવડી બનાવીને, તે નાની તલાવડીમાં નાવડી મૂકીને બાલક્રીડા કરવા લાગ્યા અને બોલવા લાગ્યા કે, મારી નાવડી દરિયામાં ચાલે છે. એમ કહી હસવા લાગ્યા.

તે વખતે, ગૌતમસ્વામીજી આ પ્રમાણે બાલક્રીડા કરતા બાળક અઈમુત્તા મુનિને (જૂઓ ચિત્ર ૫૬) દેખીને, કહેવા લાગ્યા કે, હે વત્સ! આ શું કરે છે? સચિત્ત જલનો સંઘટ્ટો સાધુએ ન કરવો જોઇએ. તેં કેમ કર્યો? આ પાપ ક્રિયાથી સાધુ ધર્મને દોષ લાગ્યો. તારી, નાની ઉંમરના લીધે, કૌતુકથી તલાવમાં કાચલી મૂકી રમતાં, મારી નાવડી તરે છે,

એમ જે કહ્યું તે તારે ન કરવું જોઇએ. એમ કહી, અઇમુત્તાને પ્રભુ મહાવીર પાસે લઇ ગયા (જૂઓ ચિત્ર ૫૭).

પછી, ગૌતમસ્વામી વગેરે સાધુઓ પ્રભુને વિનંતી કરીને કહેવા લાગ્યા કે, હે સ્વામી! આપે છ વરસના અજ્ઞાન બાળકને દીક્ષા તો આપી પરંતુ એ છ કાયની રક્ષા કઇ રીતે કરશે. હમણાં જ તે વિરાધના કરીને આવ્યા છે. પ્રભુએ કહ્યું કે, હે ગૌતમ વગેરે સાધુઓ! આ નાનાં શિષ્યની નિંદા ન કરો. તેને ધીમેધીમે સાધુક્રિયા શીખવાડો. તમારા કરતાં તેને, પહેલું કેવલજ્ઞાન ઉપજવાનું છે. પછી મિચ્છામિદુક્કડં દેઇ, સાધુઓ પહેલાંની માફક જ સિદ્ધાંત વગેરેનો અભ્યાસ કરવા લાગ્યા. નાના સાધુ જાણી, બીજા સાધુઓ, અઇમુત્તા-ની વૈયાચ્ચ કરવા લાગ્યા. એમ ભણતાં ભણતાં અઇમુત્તા મુનિ બહુશ્રુત થયા. સોલ મહિનાનો ગુણ સંવત્સર તપ અઇમુત્તાએ કર્યો. અઇમુત્તા મુનિ જ્યારે નવ વરસના થયા ત્યારે, એક વખતે રસ્તે જતાં, બાળકોને ધૂળ અને પાણીની ક્રીડા કરતાં દેખીને, પોતે પહેલાં કરેલી સચિત પાણી અને માટીની વિરાધના સંભાળીને પશ્ચાતાપ કરતાં તત્કાલ કેવલજ્ઞાન પામ્યા. દેવતાઓ કેવલજ્ઞાનનો મહોત્સવ કરવા આવ્યા. પ્રભુએ સાધુઓને કહ્યું કે, લઘુકર્મી અઇમુત્તો કેવલજ્ઞાની થયો, તે તમે પ્રત્યક્ષ જૂઓ. પછી અઇમુત્તા કેવલી, અનેક ભવ્યજીવોને પ્રતિબોધ કરીને મોક્ષે પહોંચ્યા. આ પ્રમાણે ઇરિયાવહી પડિકમતાં અઇમુત્તા મુનિને કેવલજ્ઞાન પ્રાપ્ત થયાનું સંભવતુ નથી. પરંતુ ભરહેસર બાહુબલિવૃત્તિ અનુસારે અઇમુત્તા મુનિ ઇરિયાવહી પડિકમતાં કેવલજ્ઞાની થએલા જણાય છે.

### ઇતિ ઇરિયાવહી પ્રતિક્રમણે અઇમુત્તાની કથા–૭

હવે એક ઠેકાણે કાઉસગ્ગ કરું, એ પદે કરી એવી પ્રતિજ્ઞા કરી કે, કાયાનો વ્યાપાર ન કરું, તો હવે બીજો શરીરનો કોઇ પણ વ્યાપાર કરવાથી પ્રતિજ્ઞાનો ભંગ થાય, તે માટે કાઉસગ્ગમાં નીચે કહેલા આગારોની છૂટ રાખી છે, એ આગારોથી કાઉસગ્ગનો ભંગ ન થાય, તે કહે છે.

## [ ६ अन्नत्थ उससिएणं सूत्र ]

**अन्नत्थ उससिएणं, नीससिएणं, खासिएणं, छीएणं, जंभाइएणं, उड्डूएणं, वायनिसग्गेणं, भमलिए पित्तमुच्छाए ॥२॥**

અન્યત્ર મુખ અને નાસિકાયે કરીને ઉંચો શ્વાસ લેતાં મારા કાઉસગ્ગનો ભંગ ન થાય, નીચો શ્વાસ મૂકતાં મારા કાઉસગ્ગનો ભંગ ન થાય. ખાંસી આવવાથી, છીંક આવવાથી તથા બગાસું આવવાથી, જીવરક્ષા માટે મુખે હાથ રાખતાં મારો કાઉસગ્ગ ન ભાંગે. ઓડકાર આવવાથી, વાયુને સંચરવે કરીને અને ચકરી અથવા ફેર ઓચિંતા આવે અને પિત્તના પ્રકોપે કરીને મૂર્છા આવે, તે વખતે નીચે બેસવું પડે, તો પણ મારો કાઉસગ્ગ ન ભાંગે.

**सुहुमेहिं अंगसंचालेहिं सुहुमेहिं खेलसंचालेहिं, सुहुमेहिं दिट्ठिसंचालेहिं ॥२॥**

સૂક્ષ્મ જે અંગનો સંચાર થાય. સૂક્ષ્મ જે મુખમાં થૂંકનું ચગળવું તથા કફનું ગળવું થાય, સૂક્ષ્મ જે દૃષ્ટિનો સંચાર, આંખને હલાવવા થકી થાય.

**एवमाइएहिं, आगारेहिं, अभग्गो, अविराहिओ, हुज्ज मे काउसग्गो ॥३॥**

એવમાદિક જે પૂર્વોક્ત બાર આગાર કહ્યા તે, અને બીજા ચાર–વીજળી તથા દિપકાદિકનો પ્રકાશ આપણાં શરીર ઊપર પડે. ઓઢવાણું વસ્ત્ર વગેરે લેવું પડે અથવા બીજા સ્થાનકે જવું પડે, તેથી મારો કાઉસગ્ગ ન ભાંગે. બીજો–બિલાડી, ઉંદર વગેરે આગળ જતા, આવતા હોય, દોડતા હોય તથા પોતાની આગળ પંચેંદ્રિય જીવનું છેદન ભેદન થતું હોય અને બીજા સ્થાનકે જવું પડે તેથી કાઉસગ્ગ ન ભાંગે. ત્રીજો–ચોરની ધાડ આવી પડે અથવા રાજાદિકના ભયથી બીજા સ્થાનકે જવું પડે તેથી કાઉસગ્ગ ન ભાંગે. ચોથો–અગ્નિ લાગે અથવા ઘરની ભીંત પડવા માંડે અથવા સિંહ વગેરેનો ઉપદ્રવ ઊભો થાય, તે માટે પૂરો ન થએલો કાઉસગ્ગ પાળતાં પણ કાઉસગ્ગ ન ભાંગે. આ ચાર આગાર અપવાદ માર્ગે જાણવા. આ પ્રમાણે સોલ આગારે કરીને કાઉસગ્ગ ન ભાંગે.

**जाव अरिहंताणं, भगवंताणं, नमुक्कारेणं, न पारेमि ॥४॥**

જ્યાં લગી હું **નમો અરિહંતાણં** શબ્દનો ઉચ્ચાર ન કરૂં, ત્યાં સુધી મારો કાયોત્સર્ગ જાણવો.

**तावकायं, ठाणेणं, मोणेणं, झाणेणं, अप्पाणं वोसिरामि ॥५॥**

ત્યાં લગી, સ્થિરપણે ઊભી રાખીને, વચનનો સંયમ કરીને, ધર્મને વિષે સ્થિર મારી કાયાને વોસિરાવું છું.

## [ ૭ श्रीलोगस्स–नामस्तव सूत्र ]

**लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे ॥**
**अरिहंते कित्तइस्सं, चउवीसंपि केवली ॥ १ ॥**

लोगस्स उज्जोअगरे કહતાં, પંચાસ્તિકાયાત્મક લોકને કેવલજ્ઞાનરૂપ પ્રદીપે કરીને धम्मतित्थयरे કહેતાં ઉદ્યોત–પ્રકાશના કરનારા, સંસારોત્તારક સંઘાદિકરૂપ ધર્મતીર્થના કરનારા, जिणे કહતાં, જિનેશ્વર ભગવંત, अरिहंते કહતાં, અષ્ટકર્મને હણીને, નિર્દોષપણું પ્રાપ્ત કર્યું છે જેમને એવા અરિહંતની, कित्तइस्सं કહતાં, નામોચ્ચારણ પૂર્વક હું સ્તુતિ કરીશ. चउवीसंपि કહતાં, ઋષભાદિક ચોવીશ તીર્થંકરો, કે જેમને, केवली કહતાં, ઉત્પન્ન થએલું છે કેવલજ્ઞાન તેમનું કીર્તન કરીશ. अपि કહતાં, અન્ય તીર્થંકરો કે જે મહા-વિદેહ ક્ષેત્રાદિક ક્ષેત્રોને વિષે છે, તેમનું પણ હું કીર્ત્તન કરીશ.

**उसभ मजिअं च वंदे, संभवमभिणंदणं च सुमइं च ॥**
**पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥ २ ॥**

**उसभ** કહતાં, પહેલા તીર્થંકર શ્રીઋષભદેવ (જૂઓ ચિત્ર ૫૮). શ્રી ઋષભદેવ, વિનીતાનગરીના રાજા નાભિ, અને મરૂદેવી માતાના પુત્ર તેમનું ઋષભ નામ કેમ પડ્યું? દરેક તીર્થંકરની માતાએ, પહેલા સુપનમાં હાથી દેખ્યો, પરંતુ ઋષભદેવની માતાએ પહેલા સુપનમાં વૃષભ દેખવાથી, પ્રથમ તીર્થંકરનું નામ ઋષભ પાડવામાં આવ્યું. ઋષભદેવજીને, શ્રીપુંડરીકસ્વામી વગેરે ચોરાસી ગણધર, ચોરાશી હજાર સાધુઓ, બ્રાહ્મી, સુંદરી પ્રમુખ ત્રણ લાખ સાધ્વીઓ, ત્રણ લાખ પાંચ હજાર શ્રાવક, ૫૫૪૦૦૦ પાંચ લાખ ચોપન હજાર શ્રાવિકા. પાંચસો ધનુષ પ્રમાણ દેહ. ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય. સુવર્ણવર્ણ વૃષભ લંછન. ચાર હજાર સાધુઓ સાથે દીક્ષા અને અષ્ટાપદ પર્વત ઊપર નિર્વાણ.

**मजिअं च वंदे** કહતાં, બીજા શ્રીઅજિતનાથ પ્રભુને હું વાંદું છું (જૂઓ ચિત્ર ૫૯). અજિત એટલે પરીસહાદિકે કરીને નહીં જિતાય એવા. વળી, પ્રભુના માતા પિતા, પહેલાં કોઈક વખત બાજી રમતાં હતાં ત્યારે, રાણી બાજી હારી જતાં હતાં. પરંતુ, પ્રભુ ગર્ભમાં આવ્યા પછી પ્રભુની માતા હમેશાં જીતતાં હતાં, એવો ગર્ભનો મહિમા જાણી પ્રભુનું અજિત નામ રાખવામાં આવ્યું. તેઓ અયોધ્યા નગરીના જિતશત્રુ રાજા અને વિજયારાણીના પુત્ર હતા. અજિતનાથ પ્રભુને એક લાખ સાધુ, ફલ્ગુશ્રી પ્રમુખ ત્રણ લાખ ત્રીશ હજાર સાધ્વી, બે લાખ અઠાણું હજાર શ્રાવક અને પાંચ લાખ પીસતાલીસ હજાર શ્રાવિકા હતી. પ્રભુની સાડાચારસો ધનુષની કાયા હતી, બહોંતેર લાખ પૂર્વ વર્ષનું આયુષ્ય અને સુવર્ણ વર્ણની કાયા તથા હાથીનું લંછન હતું. એક હજાર પુરુષની સાથે પ્રભુએ દીક્ષા લીધી હતી અને તેઓનું નિર્વાણ સમેતશિખર પર્વત ઊપર થયું હતું.

**संभव** કહતાં, ત્રીજા સંભવનાથ પ્રભુને વાંદું છું (જૂઓ ચિત્ર ૬૦). પ્રભુનાં જનમ પહેલાં દેશમાં દુકાળ હતો, પરંતુ પ્રભુ ગર્ભમાં આવ્યા પછી ઓચિંતો વરસાદ પડ્યો. પરદેશથી અનાજનાં વહાણો આવ્યાં અને પૃથ્વી ઊપર ખૂબ અનાજ વગેરે પાકવાથી માતા પિતાએ પ્રભુનું નામ संभव પાડ્યું. સંભવનાથ પ્રભુ શ્રાવસ્તી નગરીના જિતારિ રાજાની, સેનાદે નામની રાણીની કુક્ષિથી ઉત્પન્ન થયા હતા. સંભવનાથ પ્રભુએ એક હજાર માણસો સાથે દીક્ષા લીધી હતી. તેઓને ચારુદત્ત પ્રમુખ એકસોને બે ગણધર હતા. સોમાદિત્ય વગેરે બે લાખ સાધુ, શ્યામા પ્રમુખ ત્રણ લાખ, છત્રીશ હજાર સાધ્વી, વિલાસ વગેરે બે લાખ તાણું હજાર શ્રાવક અને છ લાખ, છત્રીશ હજાર શ્રાવિકા. ચારસો ધનુષ્યનું શરીર પ્રમાણ. સાઠ લાખ પૂર્વ વરસનું આયુષ્ય, સુવર્ણ વર્ણ, અશ્વ લંછન અને સમેતશિખર પર્વત ઊપર મોક્ષ.

**अभिणंदणं च** કહતાં, વળી, ચોથા શ્રીઅભિનંદન સ્વામીને, હું વંદન કરું છું. (જૂઓ ચિત્ર ૬૧). એટલે દેવેન્દ્ર વગેરે, પ્રભુ ગર્ભમાં આવ્યા પછી હંમેશાં શક્રેંદ્ર પ્રભુની સ્તુતિ કરવા

આવતા હોવાથી પ્રભુનું अभिनंदन નામ પાડવામાં આવ્યું હતું. અયોધ્યા નગરીના સંવર નામના રાજાની, સિદ્ધાર્થા નામની રાણીની કુક્ષિથી પ્રભુ અભિનંદનસ્વામીનો જનમ થયો હતો. અભિનંદનસ્વામીને, વજ્રનાભ પ્રમુખ એકસો ગણધર, ત્રણ લાખ સાધુ, અજિતા પ્રમુખ છ લાખ, છત્રીસ સાધ્વી. બે લાખ અઠાવીસ હજાર શ્રાવક, પાંચ લાખ, સત્તાવીસ હજાર શ્રાવિકા. પ્રભુએ એક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી હતી. સાડાત્રણસેં ધનુષ્ય પ્રમાણ પ્રભુનું શરીર, પચાસ લાખ પૂર્વનું આયુષ્ય, સુવર્ણવર્ણ, વાનર લંછન અને સમેતશિખર પર્વત ઊપર મોક્ષ.

सुमइं च કહતાં, પાંચમા સુમતિનાથ પ્રભુને હું વંદન કરૂં છું (જૂઓ ચિત્ર ૬૨). વળી, પ્રભુ ગર્ભમાં આવ્યા પછી એક વણિકની બે સ્ત્રીઓ હતી. તેમાં નાની સ્ત્રીને એક પુત્ર હતો અને મોટી સ્ત્રી પુત્ર વગરની હતી. બંને સ્ત્રીઓ પુત્રનું લાલન પાલન કરતી હતી. પુત્રનો પિતા આકસ્મિક રોગથી મૃત્યુ પામ્યો. તે વખતે, મોટી સ્ત્રી ધનના લોભને લીધે કહેવા લાગી કે, આ પુત્ર મ્હારો છે; અને તેથી મિલકત પણ મને જ મળવી જોઈએ. આ બંને શોકયોનો પુત્રને માટેનો ઝગડો દરબારમાં ગયો. મેઘરથ રાજાની બુદ્ધિ આ તકરારનો ન્યાય આપી શકી નહીં. તે વખતે, ગર્ભના મહિમાથી સુમંગલા રાણીએ કહ્યું કે, તમે બંને શોકયો, ધનનો અડધો અડધ ભાગ કરીને વ્હેંચી લો, અને આ છોકરાનો પણ અડધો અડધ ભાગ કરીને વ્હેંચી લો.

તે સાંભળીને, નાની સ્ત્રી, કે જે છોકરાની સગી મા હતી, તે બોલી કે, મ્હારે મિલકત જોઈતી નથી, અને છોકરાનાં બે ભાગ થઈ શકે નહીં, મ્હારે પુત્રનો અને ધનનો ખપ નથી, મારા પુત્રને જીવતો રાખી, મોટીને જ સોંપી દો. એનો પુત્ર તે મ્હારો જ છે. આ પ્રમાણે સાંભળીને, સુમંગલા રાણી બોલ્યાં કે, આ છોકરો નાની સ્ત્રીનો જ છે. કારણ કે, છોકરાનાં બે ભાગ કરવાનું કહેવા છતાં પણ, મોટી સ્ત્રી કાંઈ બોલી નહીં, અને નાની સ્ત્રીનો છોકરો હોવાથી, તેણીએ તેના કકડા કરવાની ના પાડી; એને છોકરો અને મિલકત સોંપી દો, અને મોટીને ઘરની બહાર કાઢો. આવી ન્યાયી બુદ્ધિ ગર્ભના પ્રભાવથી ઉત્પન્ન થવાથી પ્રભુનું નામ सुमति પાડવામાં આવ્યું હતું.

અયોધ્યા નગરીના મેઘરથ રાજાની, સુમંગલા નામની રાણીની કુક્ષિથી સુમતિનાથ પ્રભુનો જનમ થયો હતો. સુમતિનાથ પ્રભુને, ચમર પ્રમુખ એકસો ગણધર, ત્રણ લાખ, વીશ હજાર સાધુ, કાશ્યપી પ્રમુખ પાંચ લાખ ત્રીશ હજાર સાધ્વી, બે લાખ એકયાસી હજાર શ્રાવક, પાંચ લાખ છ હજાર શ્રાવિકા. સુમતિનાથ પ્રભુએ એક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી હતી. ત્રણસેં ધનુષ પ્રમાણ પ્રભુનું શરીર, ચાલીશ લાખ પૂર્વનું આયુષ્ય, સુવર્ણવર્ણ, ક્રૌંચ પક્ષીનું લંછન અને સમેતશિખર પર્વત ઊપર મોક્ષ.

पउमप्पहं કહતાં, છઠ્ઠા પદ્મપ્રભુસ્વામીને (જૂઓ ચિત્ર ૬૩). હું વંદન કરૂં છું.

પદ્મપ્રભુ એટલે, નિષ્કંપતાને અંગીકાર કરીને પદ્મના સમૂહ સરખી છે, પ્રભા એટલે કાંતિ જેમની તેથી પદ્મપ્રભ કહીએ. વળી, પ્રભુ ગર્ભે આવ્યા પછી, તેઓની માતાને પદ્મ એટલે કમલની શય્યા ઊપર સૂઈ રહેવાનો દોહલો ઉત્પન્ન થયો હતો, જે દેવતાએ પૂર્ણ કર્યો હતો. તેના મહિમાંથી પ્રભુનું નામ પદ્મપ્રભુ પાડવામાં આવ્યું હતું. તેઓ કોશાંબી નગરીના રાજા ધરની રાણી સુસીમાની કુક્ષિથી ઉત્પન્ન થયા હતા. પદ્મપ્રભુએ એક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી. પદ્મપ્રભુને સજ્જ પ્રમુખ એકસો આઠ ગણધર, ત્રણ લાખ ત્રીસ હજાર સાધુ, ધુસ્તા પ્રમુખ ત્રણ લાખ વીશ હજાર સાધ્વી, બે લાખ છોંતેર હજાર શ્રાવક, પાંચ લાખ પાંચ હજાર શ્રાવિકા, તેઓની અઢીસો ધનુષ્યની દેહ, ત્રીશ લાખ પૂર્વ વરસનું આયુષ્ય, રકતવર્ણ, પદ્મનું લંછન અને સમેતશિખર પર્વત ઊપર મોક્ષ.

सुपासं કહતાં, સાતમા શ્રીસુપાર્શ્વનાથને (જૂઓ ચિત્ર ૬૪). હું વંદન કરું છું. સુપાર્શ્વ એટલે સારાં છે પડખાં જેમને. વળી, પ્રભુ ગર્ભમાં આવવાથી તેઓની માતા પણ સુપાર્શ્વા થયાં, એટલે સુપાર્શ્વપ્રભુની માતાના બંને પડખાં કોઢના રોગવાળાં હતાં તે, સુવર્ણવર્ણવાળા થયાં તેથી પ્રભુનું નામ સુપાર્શ્વ પાડવામાં આવ્યું હતું. તેઓ વાણારસી નગરીના સુપ્રતિષ્ઠ રાજાની, પૃથ્વી રાણીની કુક્ષિથી ઉત્પન્ન થયાં હતાં. શ્રીસુપાર્શ્વપ્રભુએ એક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી. શ્રીસુપાર્શ્વનાથને વૈદર્ભ પ્રમુખ એકસોને પાંચ ગણધર, ત્રણ લાખ સાધુ, સૌમ્ય પ્રમુખ ચાર લાખ, વીસ હજાર સાધ્વી, બે લાખ સત્તાવન હજાર શ્રાવક, ચાર લાખ બે હજાર શ્રાવિકા. તેઓની બસો ધનુષ્યની દેહ. વીશ લાખ પૂર્વ વરસનું આયુષ્ય, સુવર્ણવર્ણ, સ્વસ્તિકનું લંછન અને, તેઓશ્રીના મસ્તકે પાંચ અથવા સાત ફેણ હોય છે. સમેતશિખર પર્વત ઊપર મોક્ષ.

जिणं કહતાં, કર્મશત્રુને જીતનાર એવા. च કહતાં વળી.

चंदप्पहं वंदे કહતાં, આઠમા શ્રીचंद्रप्रभुस्वामीને (જૂઓ ચિત્ર ૬૫). હું વંદન કરું છું. વળી, ચંદ્ર સરખો જેઓનો વર્ણ છે તથા ચંદ્રપ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે, તેઓશ્રીની માતા લક્ષ્મણા રાણીને, ચંદ્રપાન કરવાનો દોહદ થયો હતો, જે પ્રધાને પોતાની બુદ્ધિથી પૂર્ણ કર્યો હતો, તેના મહિમાથી પ્રભુનું નામ चंद्रप्रभ. પાડવામાં આવ્યું હતું. તેઓ ચંદ્રપુરી નગરીના મહસેન રાજાની, લક્ષ્મણા રાણીની કુક્ષિથી ઉત્પન્ન થયા હતા. શ્રીચંદ્રપ્રભુએ એક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી. શ્રીચંદ્રપ્રભુને દિન્ન પ્રમુખ ત્રાણું ગણધર, બે લાખ પાંચ હજાર સાધુ, સુમના પ્રમુખ, ત્રણ લાખ, એંશી હજાર સાધ્વી, બે લાખ પાંચ હજાર શ્રાવક, ચાર લાખ એકાણું હજાર શ્રાવિકા. ચંદ્રપ્રભુની દોઢસો ધનુષની દેહ, દશ લાખ પૂર્વ વરસનું આયુષ્ય, શ્વેતવર્ણ, અને સમેતશિખર પર્વત ઊપર મોક્ષ. ચંદ્રનું લંછન.



ચિત્ર ૬૨ ૫ શ્રીસુમતિનાથજી (પાનું ૫૧)



ચિત્ર ૬૩ ૬ શ્રીપદ્મપ્રભુજી (પાનું ૫૧)




ચિત્ર ૬૪ ૭ શ્રીસુપાર્શ્વનાથજી (પાનું ૫૨)



ચિત્ર ૬૫ ૮ શ્રીચંદ્રપ્રભુજી (પાનું ૫૨)



ચિત્ર ૬૬ ૯ શ્રી સુવિધિનાથજી (પાનું ૫૩)



ચિત્ર ૬૭ ૧૦ શ્રીશીતલનાથજી (પાનું ૫૩)



ચિત્ર ૬૮ ૧૧ શ્રીશ્રેયાંસનાથજી (પાનું ૫૩)



ચિત્ર ૬૯ ૧૨ શ્રીવાસુપૂજ્યસ્વામીજી (પાનું ૫૪)



ચિત્ર ૭૦ ૧૩ શ્રીવિમલનાથજી (પાનું ૫૪)



ચિત્ર ૭૧ ૧૪ શ્રીઅનંતનાથજી (પાનું ૫૫)



ચિત્ર ૭૨ ૧૫ શ્રીધર્મનાથજી (પાનું ૫૫)



ચિત્ર ૭૩ ૧૬ શ્રીશાંતિનાથજી (પાનું ૫૬)



ચિત્ર ૭૪ ૧૭ શ્રીકુંથુનાથજી (પાનું ૫૬)



ચિત્ર ૭૫ ૧૮ શ્રીઅરનાથજી (પાનું ૫૬)



ચિત્ર ૭૬ ૧૯ શ્રીમલ્લિનાથજી (પાનું ૫૭)



ચિત્ર ૭૭ ૨૦ શ્રીમુનિસુવ્રતસ્વામીજી(પાનું ૫૭)

**सुविहिं च पुप्फदंतं सीअल सिज्जंस वासुपूज्जं च ॥
विमलमणंत च जिणं, धम्मं संतिं च वंदामि ॥ ३ ॥**

**सुविहिं** કહતાં, નવમા શ્રીસુવિધિનાથને (જૂઓ ચિત્ર ૬૬) **च** કહતાં, વળી. **पुप्फदंतं** બીજું નામ પુષ્પદંત છે તેઓને હું વંદન કરૂં છું. શોભન છે વિધિ જેનો અથવા સર્વ સ્થલે છે કૌશલ્ય જેમનું. સુવિધિનાથ ગર્ભમાં આવવાથી, તેઓશ્રીનાં માતા પિતા સારી રીતે ધર્મકરણી કરવા લાગ્યાં, આવો ગર્ભનો પ્રભાવ જાણી પ્રભુનું નામ સુવિધિ રાખવામાં આવ્યું હતું. વળી, મચકુંદના ફુલની કળી જેવા ઉજ્વલ, પ્રભુનાં દાંત હોવાથી બીજું નામ પુષ્પદંત રાખ્યું હતું. તેઓ કાકંદી નગરીનાં સુગ્રીવ રાજાની, રામા નામની રાણીની કુક્ષિથી ઉત્પન્ન થયા હતા. શ્રીસુવિધિનાથપ્રભુએ, એક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી. તેઓને વરાહ પ્રમુખ, અઠયાસી ગણધર, બે લાખ સાધુ, એક લાખ વીશ હજાર સાધ્વી, બે લાખ ઓગણત્રીસ હજાર શ્રાવક, ચાર લાખ, ઈકોતેર હજાર શ્રાવિકા. શ્રીસુવિધિનાથનો સો ધનુષ્યનો દેહ, બે લાખ પૂર્વ વરસનું આયુષ્ય. શ્વેતવર્ણ અને સમેતશિખર પર્વત ઊપર મોક્ષ. મગરમચ્છનું લંછન.

**सीअल** કહતાં, દશમા શ્રીશીતલનાથ ને (જૂઓ ચિત્ર ૬૭) હું વંદન કરૂં છું. સમસ્ત જીવોનાં સંતાપને હરણ કરે છે, માટે શીતલનાથ. વળી, શીતલનાથ પ્રભુના પિતાને દાહજ્વર ઉત્પન્ન થયો હતો. તે પ્રભુ ગર્ભમાં આવ્યા પછી, દૃઢરથ રાજાના શરીર ઊપર રાણી નંદાએ હાથ ફેરવવાથી, દાહજ્વર ઉપશાંત થયો. રાજાના શરીરે શીતલતા થઇ. તે માટે પ્રભુનું નામ શીતલ પાડવામાં આવ્યું હતું. શીતલનાથ પ્રભુ ભદ્દિલપુર નગરનાં દઢરથ રાજાની, નંદા નામની રાણીની કુક્ષિથી ઉત્પન્ન થયા હતા. પ્રભુનો નેવું ધનુષ પ્રમાણ દેહ, એક લાખ પૂર્વ વરસનું આયુષ્ય, સુવર્ણવર્ણ, શ્રીવત્સ લંછન. અને સમેતશિખર પર્વત ઊપર મોક્ષ.

**सिज्जंस** કહતાં, અગિયારમા શ્રી શ્રેયાંસનાથને (જૂઓ ચિત્ર ૬૮) હું વંદન કરુ છું. સર્વ જગતનું શ્રેય એટલે હિતના કરનાર માટે શ્રેયાંસ. વળી, શ્રેયાંસ પ્રભુના પિતા વિષ્ણુ રાજાના ઘરદેરાસરમાં વંશપરંપરાગત એક દેવાધિષ્ઠિત શય્યાની પૂજા કરવામાં આવતી હતી. તે શય્યા ઊપર જે કોઈ બેસે કે સૂવે તેને, દેવ ઉપદ્રવ કરતો હતો. તે શ્રેયાંસ પ્રભુ ગર્ભમાં આવ્યા પછી, પ્રભુની માતા વિષ્ણુ રાણીના મનમાં આવ્યું કે, દેવ, ગુરુની પ્રતિમાની પૂજા થાય, પરંતુ શય્યાની પૂજા તો કોઈ ઠેકાણે સાંભળી નથી. એમ ચિંતવીને, શય્યાની રક્ષા કરનાર પુરુષે ના પાડવા છતાં પણ, પ્રભુની માતા, તે શય્યા ઊપર બેઠા અને સૂઇ પણ ગયાં. તે વખતે ગર્ભના પ્રભાવથી, તેનો અધિષ્ઠાયક દેવ તે શય્યા છોડીને જતો રહ્યો. પછીથી વિષ્ણુ રાજાએ તે શય્યાને, સૂવાના ઉપયોગમાં લીધી. આ રીતે

પ્રભુની માતાને શ્રેય થયું એટલે પ્રભુનું નામ શ્રેયાંસ પાડવામાં આવ્યું. શ્રેયાંસનાથ પ્રભુ સિંહપુર નગરના વિષ્ણુ રાજાની વિષ્ણુ નામની પટરાણીની કુક્ષિથી ઉત્પન્ન થયા હતા.

શ્રેયાંસનાથપ્રભુએ એક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી હતી. પ્રભુને, કૌસ્તુભ પ્રમુખ બોંતેર ગણધર, ચોરાશી હજાર સાધુ, એક લાખ ત્રીશ હજાર સાધ્વી, બે લાખ અગણ્યાએંશી હજાર શ્રાવક, ચાર લાખ અડતાલીસ હજાર શ્રાવિકા. શ્રેયાંસનાથ પ્રભુનો એંશી ધનુષ પ્રમાણ દેહ, ચોરાશી લાખ વરસનું આયુષ્ય, સુવર્ણવર્ણ, ખડગી લંછન અને સમેતશિખર પર્વત ઊપર મોક્ષ.

वासुपुज्जं च કહતાં બારમા श्रीवासुपूज्यस्वामी ને (જૂઓ ચિત્ર ૬૯) હું વંદન કરૂં છું. વસુ જે દેવતા વિશેષ તેમને પૂજવા યોગ્ય માટે વાસુપૂજ્ય કહીએ. વળી, પ્રભુ જ્યારે ગર્ભમાં આવ્યા પછી, વસુ જે હિરણ્યની ઈંદ્ર મહારાજે, પ્રભુના માતાપિતાને ત્યાં, વારંવાર વૃષ્ટિ કરી તેથી વાસુપૂજ્ય. વળી, વસુપૂજ્ય રાજાના પ્રભુ પુત્ર હોવાથી વાસુપૂજ્ય નામ પ્રભુનું પાડવામાં આવ્યું હતું. ચંપાનગરીના વસુપૂજ્ય રાજાની જયા નામની રાણીની કુક્ષિથી વાસુપૂજ્યસ્વામી ઉત્પન્ન થયા હતા.

वासुपूज्यप्रभुએ, છસો પુરુષો સાથે દીક્ષા લીધી હતી. પ્રભુને, સુભૂમ પ્રમુખ ૬૨ ગણધર, બોંતેર હજાર સાધુ, ધરણી પ્રમુખ એક લાખ સાધ્વી, બે લાખ, પંદર હજાર શ્રાવક, ચાર લાખ છત્રીશ હજાર શ્રાવિકા. શ્રીવાસુપૂજ્યસ્વામીનો સિત્તેર ધનુષ પ્રમાણ દેહ, બોંતેર લાખ વરસનું આયુષ્ય, રક્તવર્ણ, મહિષ લંછન અને ચંપાનગરીએ મોક્ષ.

विमल કહતાં, તેરમા श्रीविमलनाथ (જૂઓ ચિત્ર ૭૦) પ્રભુને હું વંદન કરૂં છું. જેઓને નિર્મલ જ્ઞાનાદિક છે, તેથી વિમલ કહીએ. વળી, પ્રભુ ગર્ભમાં આવ્યા પછી, કાંપિલ્યપુર નગરમાં, કોઇ સ્ત્રી–પુરુષ દેરાસરની પાસે આવીને ઉતર્યાં. સ્ત્રી પાણી પીવાને નજીકમાં ગઈ હતી. તે વખતે તે જગ્યાએ કોઈ એક વ્યંતરદેવી ત્યાં રહેતી હતી, તેણે ત્યાં રહેલા પુરુષનું સુંદર રૂપ જોયું, તેથી તે વ્યંતરીને, ત્યાં રહેલા પુરુષ સાથે કામક્રીડા કરવાની ઇચ્છા ઉત્પન્ન થવાથી, વ્યંતરીએ, તેની સ્ત્રીના જેવું જ રૂપ વિકુર્વ્યું અને પેલા પુરુષ પાસે આવીને બેસી ગઈ. એટલામાં જ પાણી પીવા ગએલી સ્ત્રી પણ ત્યાં આવી. તે વખતે એક જ સરખી આકૃતિવાળી, બંને સ્ત્રીઓને જોઇને, પેલો પુરુષ વિચાર કરવા લાગ્યો કે, આ બંનેમાં ખરી સ્ત્રી કોણ છે? તે વખતે, પહેલીએ કહ્યું કે, હું તારી સ્ત્રી છું અને બીજીએ પણ કહ્યું કે, હું તારી ખરી સ્ત્રી છું. આ ત્રણેનો ઝગડો રાજદરબારમાં આવ્યો. તે વખતે કૃતવર્મા રાજા અને પ્રધાન, બંને સ્ત્રીઓને એકસરખી જ દેખીને, આ ઝગડાનો નીવેડો લાવી શક્યા નહીં. પછી શ્યામા રાણીએ, પેલા પુરુષને એક બાજુ ઊભો રાખ્યો અને બીજી બાજુ કેટલેક દૂર બંને સ્ત્રીઓને ઊભી રાખી. પછી રાણીએ કહ્યું કે, જે સ્ત્રી પોતાના સત્યવચનના પ્રભાવથી, પતિને સ્પર્શ કરે તેનો આ પતિ

જાણુવો. તે સાંભળીને વ્યંતરીએ, દેવશક્તિના પ્રભાવથી પોતાનો હાથ લાંબો કરીને પુરુષનો સ્પર્શ કર્યો. તે વખતે તરત જ રાણીએ તેનો હાથ પકડીને કહ્યું કે, તું તો વ્યંતરી છે, માટે તારા સ્થાનકે જતી રહે. આવી રીતના જુદાજુદા ચાર ન્યાય કરવાથી, પ્રભુના ગર્ભનો આ પ્રભાવ જાણી, પ્રભુનું વિમલ નામ રાખવામાં આવ્યું હતું.

કંપિલપુર નગરના કૃતવર્મ રાજાની, શ્યામા નામની રાણીની કુક્ષિથી વિમલનાથ પ્રભુનો જનમ થયો હતો. પ્રભુએ એક હજાર પુરુષોની સાથે દીક્ષા લીધી હતી. તેઓને મંદર પ્રમુખ, સત્તાવન ગણધર, ધરણુ પ્રમુખ આસઠ હજાર સાધુ, એક લાખ આઠસો સાધ્વી, ત્રણ લાખ આઠ હજાર શ્રાવક અને ચાર લાખ, ચોવીશ હજાર શ્રાવિકાઓ. સાઠ ધનુષ પ્રમાણુ દેહ, સાઠ લાખ વરસનું આયુષ્ય, સુવર્ણવર્ણ, સૂઅરનું લંછન અને સમેતશિખર પર્વત ઊપર મોક્ષ.

**मणंतं च जिणं** કહતાં, ચૌદમા અનંતનાથ પ્રભુને હું વાંદું છું (જૂઓ ચિત્ર ૭૧). **च** કહતાં વળી. **जिणं** કહતાં, કર્મશત્રુને જીતનાર એવા. અનંત કર્મનાં અંશ જેઓએ જીત્યા છે, તથા જેઓને જ્ઞાન, દર્શન પણ અનંત છે માટે અનંત નામ સાર્થક છે. વળી, પ્રભુ જ્યારે ગર્ભમાં આવ્યા, ત્યારે અયોધ્યા નગરમાં ઘણા લોકોને તાવ આવતો હતો. પરંતુ પ્રભુની માતા સુયશા રાણીએ લોકોને અનંત ગાંઠના દોરા કરી બાંધ્યા હતા, અને તેથી લોકોમાં તાવનો ઉપદ્રવ શાંત થઈ જવાથી, પ્રભુનું નામ અનંત પાડવામાં આવ્યું હતું. વળી, પ્રભુની માતાએ સ્વપ્નમાં અંત વગરની મોટી રત્નની માલા ગર્ભના પ્રભાવે દેખી હતી, તેથી પ્રભુનું નામ અનંત રાખવામાં આવ્યું હતું.

અયોધ્યા નગરના સિંહસેન રાજાની, સુયશા નામની રાણીની કુક્ષિથી અનંતનાથ પ્રભુનો જનમ થયો હતો. અનંતનાથ પ્રભુએ, એક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી હતી. અનંતનાથ પ્રભુને, યશોભદ્ર પ્રમુખ પચાસ ગણધર, આસઠ હજાર સાધુ, પદ્મા પ્રમુખ, સાઠ હજાર સાધ્વી, બે લાખ, છ હજાર શ્રાવક, ચાર લાખ, ચઉદ હજાર શ્રાવિકા, પચાસ ધનુષ્ય પ્રમાણુ દેહ, ત્રીશ લાખ વરસનું આયુષ્ય, સુવર્ણ વર્ણ, સિંચાણાનું લંછન, સમેતશિખર પર્વત ઊપર મોક્ષ.

**धम्मं** કહતાં, પંદરમા શ્રીધર્મનાથ (જૂઓ ચિત્ર ૭૨). પ્રભુને હું વંદન કરું છું. દુર્ગતિમાં પડતા પ્રાણીઓને બચાવે, માટે ધર્મનાથ. વળી, પ્રભુ ગર્ભમાં આવ્યા પછી, પ્રભુના માતાપિતા સારી રીતે, ધર્મપરાયણ થયા, તે ગર્ભનો પ્રભાવ જાણી, પ્રભુનું ધર્મનાથ નામ રાખવામાં આવ્યું હતું.

રત્નપુર નગરના ભાનુ રાજાની, સુવ્રતા નામની રાણીની કુક્ષિથી ધર્મનાથ પ્રભુનો જનમ થયો હતો. ધર્મનાથ પ્રભુએ, એક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી હતી. ધર્મનાથ પ્રભુને, અરિષ્ટ પ્રમુખ બેંતાલીસ ગણધર, ચોસઠ હજાર સાધુ, આર્યા શિવા પ્રમુખ બાસઠ

હજાર, ચારસો સાધ્વી, બે લાખ ચાર હજાર શ્રાવક, ચાર લાખ, તેર હજાર શ્રાવિકા. પીસતાલીસ ધનુષ્ય પ્રમાણ દેહ, દશ લાખ વરસનું આયુષ્ય, સુવર્ણ વર્ણ, વજ્રનું લંછન, સમેતશિખર પર્વત ઊપર મોક્ષ.

**संतिं च वंदामि** કહતાં, વળી, સોલમા શ્રીશાંતિનાથ (જૂઓ ચિત્ર ૭૩). પ્રભુને હું વંદન કરૂં છું. શાંતિનાથ સ્વયમેવ શાંતિના કરનાર હોવાથી શાંતિનાથ નામ સાર્થક છે. વળી, શાંતિનાથ પ્રભુ જ્યારે અચિરા રાણીની કુક્ષિમાં ગર્ભરૂપે આવ્યા, ત્યારે હસ્તિનાપુર નગરમાં મરકીનો ઉપદ્રવ ચાલતો હતો, પરંતુ પ્રભુ ગર્ભમાં આવ્યા પછી, પ્રભુની માતા અચિરા રાણીએ, નગરમાં અમૃતનો છંટકાવ કરાવવાથી મરકીનો ઉપદ્રવ શાંત થઈ ગયો હતો. તેથી પ્રભુનું નામ શાંતિનાથ પાડવામાં આવ્યું હતું.

હસ્તિનાપુર નગરના વિશ્વસેન રાજાની, અચિરા નામની રાણીની કુક્ષિથી શાંતિનાથ પ્રભુનો જનમ થયો હતો. શાંતિનાથ પ્રભુએ એક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી હતી. શાંતિનાથ પ્રભુને, ચક્રાયુધ પ્રમુખ છત્રીશ ગણધર, બાસઠ હજાર સાધુ, સૂચી પ્રમુખ, એકસઠ હજાર, છસો સાધ્વીઓ, બે લાખ, નેવુ હજાર શ્રાવક, ત્રણ લાખ, ત્રાણું હજાર શ્રાવિકા, ચાલીશ ધનુષ પ્રમાણ દેહ, એક લાખ વરસનું આયુષ્ય, સુવર્ણવર્ણ, મૃગ લંછન અને સમેતશિખર ઊપર મોક્ષ.

**कुंथु अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ॥**
**वंदामिरिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ॥ ४ ॥**

**कुंथु** કહતાં, સત્તરમા શ્રીકુંથુનાથ (જૂઓ ચિત્ર ૭૪) પ્રભુને હું વંદન કરૂં છું. કુંથુનાથ પ્રભુ ગર્ભમાં આવ્યા પછી, તેમની માતાએ રત્નના કુંથુ એટલે રાશિ, પૃથ્વીમાં દેખ્યા અથવા પ્રભુ જનમ્યા પછી કુંથુઆ વગેરે નાના-મોટા જીવોની જયણા દેશમાં પ્રવર્ત્તી, તેથી પ્રભુનું કુંથુનાથ નામ પાડવામાં આવ્યું હતું.

હસ્તિનાપુર નગરના શૂર રાજાની, શ્રીરાણી નામની રાણીની કુક્ષિથી શ્રીકુંથુનાથ પ્રભુનો જનમ થયો હતો. શ્રીકુંથુનાથ પ્રભુએ, એક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી હતી. તેઓને સંબ પ્રમુખ, પાંત્રીશ ગણધર, સાઠ હજાર સાધુ, દામિની પ્રમુખ, સાઠ હજાર, છસો સાધ્વી, પાંત્રીશ ધનુષ પ્રમાણ દેહ, પંચાણું હજાર વરસનું આયુષ્ય, સુવર્ણવર્ણ બોકડાનું લંછન અને સમેતશિખર પર્વત ઊપર મોક્ષ.

**अरं च** કહતાં, અઢારમા શ્રીઅરનાથ (જૂઓ ચિત્ર ૭૫) પ્રભુને હું વંદન કરું છું. **च** કહેતાં, વળી. અરિહંત જેવા સર્વોત્તમ પુરુષ, જે કુલને વિષે ઉત્પન્ન થાય, તેને વધારવાને વૃદ્ધ પુરુષો અર એવું નામ કહે છે. વળી, અરનાથ પ્રભુ ગર્ભમાં આવ્યા

ત્યારે, તેઓશ્રીની માતાએ સ્વપ્નમાં રત્નમય આરો તથા સ્તૂપ દેખ્યો હતો, તેથી પ્રભુનું અરનાથ નામ પાડવામાં આવ્યું હતું.

હસ્તિનાપુર નામના નગરના સુદર્શન રાજાની, દેવી નામની રાણીની કુક્ષિથી શ્રી અરનાથ પ્રભુનો જનમ થયો હતો. શ્રીઅરનાથ પ્રભુએ, એક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી હતી. તેઓને કુંભ પ્રમુખ, તેત્રીશ ગણધર, પચાશ હજાર સાધુ, રક્ષિતા પ્રમુખ, સાઠ હજાર સાધ્વી, એક લાખ ચોરાશી હજાર શ્રાવક, ત્રણ લાખ બોંતેર હજાર શ્રાવિકા. ત્રીશ ધનુષ પ્રમાણ દેહ, ચોરાશી હજાર વરસનું આયુષ્ય, સુવર્ણવર્ણ, નંદાવર્ત્તનું લંછન અને સમેતશિખર પર્વત ઊપર મોક્ષ.

**મલ્લિ** કહતાં, ઓગણીશમાં શ્રીમલ્લિનાથ (જૂઓ ચિત્ર ૭૬) પ્રભુને હું વંદન કરું છું. પરીસહરૂપી મલ્લ તેનો જય કરવાથી મલ્લિ કહેવાય. વળી, માલ્લિનાથ પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે, તેઓની માતાને, એક ઋતુમાં, સર્વ ઋતુનાં, ફૂલોની શય્યામાં સૂઈ રહેવાનો દોહદ ઉત્પન્ન થયો હતો, જે દેવતાઓએ પૂર્ણ કર્યો હતો. તે માટે પ્રભુનું નામ મલ્લિનાથ પાડવામાં આવ્યું હતું.

મિથિલા નગરીના, કુંભ રાજાની, પ્રભાવતી નામની રાણીની કુક્ષિથી શ્રીમલ્લિનાથ પ્રભુનો જનમ થયો હતો. શ્રીમલ્લિનાથ પ્રભુએ ત્રણસો પુરુષો સાથે દીક્ષા લીધી હતી. તેઓને પુરુષસેન પ્રમુખ, અઠાવીસ ગણધર. ચાલીસ હજાર સાધુ, બંધુમતી પ્રમુખ, ત્રણ લાખ, છોંતેર હજાર સાધ્વી, એક લાખ, ત્યાસી હજાર શ્રાવક, ત્રણ લાખ, છોંતેર હજાર શ્રાવિકા, વીશ ધનુષ પ્રમાણ દેહ. પંચાવન હજાર વરસનું આયુષ્ય, નીલવર્ણ, કુંભનું લંછન, સમેત–શિખર પર્વત ઊપર મોક્ષ.

**वंदे मुनिसुव्वयं** કહતાં, વીશમા તીર્થંકર **શ્રીમુનિસુવ્રતસ્વામી** (જૂઓ ચિત્ર ૭૭)ને હું વંદન કરું છું. જે જગતની ત્રિકાલાવસ્થાને જાણે. તેને મુનિ કહીએ. વળી, જેને શોભનવ્રત છે તેને, સુવ્રત કહીએ. વળી, પ્રભુ ગર્ભમાં આવ્યા પછી, તેઓની માતાએ, મુનિ સરખાં શોભન, શ્રાવકનાં વ્રત પાલ્યાં, એવો ગર્ભનો મહિમા જાણી, માતાપિતાએ મુનિ-સુવ્રત નામ પાડયું. રાજગૃહી નગરીના સુમિત્ર નામના રાજાની, પદ્મા નામની રાણીની કુક્ષિથી શ્રીમુનિસુવ્રતસ્વામીનો જનમ થયો હતો. શ્રીમુનિસુવ્રતસ્વામીએ, એક હજાર પુરુષ સાથે દીક્ષા લીધી હતી. તેઓને મલ્લિ પ્રમુખ અઢાર ગણધર, ત્રીશ હજાર સાધુ, પુષ્પવતી પ્રમુખ, પચાસ હજાર સાધ્વી. એક લાખ, બોંતેર હજાર શ્રાવક, ત્રણ લાખ, પચાસ હજાર શ્રાવિકા. ત્રીશ હજાર વરસનું આયુષ્ય, વીશ ધનુષ પ્રમાણ દેહ, કૃષ્ણવર્ણ, કાચબાનું લંછન અને સમેતશિખર પર્વત ઊપર મોક્ષ.

**नमिजिणं च** કહતાં, વળી, એકવીશમા તીર્થંકર શ્રીનમિનાથ (જૂઓ ચિત્ર ૭૮) ને હું વંદન કરું છું. પરીસહ, ઉપસર્ગાદિક જેઓએ નમાવ્યા છે. માટે નમિ કહીએ. વળી,

પ્રભુ ગર્ભમાં આવ્યા પછી, પ્રભુ શ્રીનમિનાથના પિતા વિજય રાજાના શત્રુ એવા સીમાડાના રાજાઓ, એક સાથે ચડી આવ્યા અને મિથિલા નગરીને ઘેરી લીધું. વિજય રાજા ગભરાઈ ગયા. નિમિત્તિયાને બોલાવીને પૂછતાં, નિમિત્તિયાએ કહ્યું કે, વિપ્રા રાણી સગર્ભા છે, તેણીને કિલ્લાના કોશીષા ઊપર ઊભાં રાખીને, શત્રુઓને તેણીનાં દર્શન કરાવો. રાજાએ રાણીને, કિલ્લાના કોશીષા ઊપર રાખતાં જ, શત્રુઓથી રાણીનું તેજ સહન ન થયું તેથી સર્વ દુશ્મન રાજાઓ માન મૂકીને, પ્રભુની માતાને કહેવા લાગ્યા કે, અમોને મીઠી નજરે જૂઓ અને અમારા મસ્તકે આપનો હાથ રાખો. એમ કહીને, રાણીનો, હાથ પોતાના મસ્તકે મૂકાવી, ક્ષમા માંગીને, માતાની આજ્ઞા લઈને બધા શત્રુ રાજાઓ પોતપોતાના નગરે પાછા ગયા. આ રીતે સર્વ રાજાઓ, પ્રભુના ગર્ભના પ્રભાવે નમવાથી, પ્રભુના માતાપિતાએ, પ્રભુનું નમિનાથ નામ પાડ્યું હતું.

મિથિલા નગરીના વિજય રાજાની, વિપ્રા નામની રાણીની કુક્ષિથી શ્રીનમિનાથ પ્રભુનો જનમ થયો હતો. શ્રીનમિનાથ પ્રભુએ એક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી હતી. તેઓશ્રીને શુભ પ્રમુખ સત્તર ગણધર, વીશ હજાર સાધુ, અનિલા પ્રમુખ એકતાલીસ હજાર સાધ્વી, એક લાખ, સીત્તેર હજાર શ્રાવક, અને ત્રણ લાખ અડતાલીસ હજાર શ્રાવિકા. પંદર ધનુષ દેહ પ્રમાણ. સુવર્ણવર્ણ, કમલનું લંછન અને સમેતશિખર પર્વત ઊપર મોક્ષ. દશ હજાર વરસનું આયુષ્ય.

वंदामि रिट्ठ नेमिं કહતાં, બાવીશમા अरिष्टनेमि (જૂઓ ચિત્ર ૭૯) પ્રભુને હું વંદન કરું છું. रिष्ट એટલે પાપ, તેની તરફ ચક્રધારી સરખા હોવાથી અરિષ્ટનેમિ. વળી, પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે, પ્રભુની માતા શિવાદેવીએ સ્વપ્નમાં, રત્નની રેલ દીઠી. વળી, આકાશમાં અરિષ્ટ રત્નમય ચક્રની ધારા ઉછળતી દેખવાથી, પ્રભુનું નામ અરિષ્ટનેમિ પાડવામાં આવ્યું. પ્રભુનું બીજું નામ નેમિનાથ હતું. શૌરીપુરના સમુદ્રવિજય રાજાની, શિવા નામની રાણીની કુક્ષિથી શ્રીઅરિષ્ટનેમિ પ્રભુનો જનમ થયો હતો. શ્રીનેમિનાથ પ્રભુએ, એક હજાર પુરુષ સાથે દીક્ષા લીધી હતી. તેઓશ્રી ને, વરદત્ત પ્રભુખ અઢાર ગણધર, અઢાર હજાર સાધુ, યક્ષદિન્ના પ્રમુખ ચાલીસ હજાર સાધ્વી, એક લાખ ચુમોત્તેર હજાર શ્રાવક, ત્રણ લાખ, છત્રીસ હજાર શ્રાવિકા. દશ ધનુષ પ્રમાણ દેહ, એક હજાર વરસનું આયુષ્ય, શ્યામવર્ણ, શંખનું લંછન અને ગીરનાર પર્વત ઊપર મોક્ષ.

पासं तह કહતાં, તેમજ ત્રેવીશમા શ્રીપાર્શ્વનાથ (જૂઓ ચિત્ર ૮૦) પ્રભુને હું વંદન કરું છું. જે સમસ્ત ભાવોને જૂએ છે, માટે પાર્શ્વનાથ. વળી, જેઓની સેવામાં પાર્શ્વ નામનો યક્ષ છે, તેના નાથ માટે પાર્શ્વનાથ. વળી, પ્રભુ ગર્ભમાં આવ્યા પછી, એક અંધારી રાત્રે, પોતાની પાસેથી સર્પને જતો દેખીને, સર્પના જવાના રસ્તામાં, અશ્વસેન રાજાનો હાથ દેખી, વામાદેવીએ ખસેડ્યો. તેથી રાજા જાગી ઉઠ્યા. અને પૂછ્યું કે, મારો હાથ શા માટે

ખસેડ્યો ? રાણીએ કહ્યું કે, મેં સર્પ જતો દેખ્યો, માટે તમારો હાથ ખસેડ્યો. પછી, નોકરને બોલાવી, દીવો મંગાવીને જોયું તો, સર્પ જતો દેખ્યો. તે વખતે, વિસ્મય પામી રાજાએ વિચાર્યું કે, આ જરૂર ગર્ભનો પ્રભાવ છે. એમ વિચારીને પ્રભુનું પાર્શ્વનાથ નામ પાડવામાં આવ્યું.

વાણારસી નગરીના, અશ્વસેન રાજાની, વામાદેવી નામની રાણીની કુક્ષિથી પ્રભુનો જનમ થયો હતો. શ્રીપાર્શ્વનાથ પ્રભુએ, ત્રણસો પુરુષો સાથે દીક્ષા લીધી હતી. તેઓશ્રીને, આર્યદિન્નાદિ સત્તર ગણધર, સોલ હજાર સાધુ, અડત્રીસ હજાર સાધ્વી, એક લાખ ત્રણ હજાર શ્રાવક, એક લાખ, અગણ્યાએંસી હજાર શ્રાવિકા. નવ હાથ પ્રમાણ દેહ, એકસો વરસનું આયુષ્ય, નીલવર્ણ, સર્પ લંછન અને સમેતશિખર પર્વત ઊપર મોક્ષ.

**वद्धमाणं च** કહતાં, ચોવીસમા શ્રીવર્દ્ધમાનસ્વામી ને હું (જૂઓ ચિત્ર ૮૧) વંદન કરું છું, જનમથી જ જ્ઞાનાદિકથી વૃદ્ધિ પામ્યા તેથી વર્દ્ધમાન તથા પ્રભુ ગર્ભમાં આવ્યા પછી, માતા-પિતા, ધન-ધાન્યાદિના ભંડાર, તથા દેશ, નગર, દ્વિપદ, ચતુષ્પદ વગેરે સર્વ પ્રકારની ઋદ્ધિએ કરીને વૃદ્ધિ પામ્યા. વળી, સર્વ રાજાઓ પણ આજ્ઞામાં રહેવા લાગ્યા. આ સઘળો ગર્ભનો પ્રભાવ જાણીને વર્દ્ધમાન નામ પાડવામાં આવ્યું હતું. વળી, પ્રભુએ જન્મતાં જ મેરૂ પર્વતને કંપાવ્યો તથા પ્રભુની સાથે આમલકી ક્રીડા કરતાં, પ્રભુથી દેવતા હારી ગયો અને નાશીને ઇંદ્ર પાસે ગયો. આ પ્રમાણે પ્રભુનું અનંતબલ જાણીને, મહાવીર એવું બીજું નામ ઇંદ્રે પ્રભુનું પાડ્યું.

ક્ષત્રિયકુંડ નગરના સિદ્ધાર્થ રાજાની, ત્રિશલા રાણીની કુક્ષિથી પ્રભુનો જનમ થયો હતો. પ્રભુ મહાવીરે એકલાએ જ દીક્ષા લીધી હતી. પ્રભુને ઇંદ્રભૂતિ વગેરે અગિયાર ગણધર, ચૌદ હજાર સાધુ, ચંદનબાલા વગેરે છત્રીશ હજાર સાધ્વી, એક લાખ, ઓગણસાઠ હજાર શ્રાવક, ત્રણ લાખ, સત્તાવીશ હજાર શ્રાવિકા, સાત હાથનો દેહ, બોંતેર વરસનું આયુષ્ય, સુવર્ણ વર્ણ, સિંહ લંછન, પાવાપુરી નગરે મોક્ષ.

**एवं मए अभिथुआ, विहुयरयमला पहीणजरमरणा ॥**
**चउवीसंपि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥ ५ ॥**

**एवं** કહતાં, એ પ્રકારે. **मए** કહતાં, મારે જીવે જે. **विहुय** કહતાં, ટાલ્યા છે. **रयमला** કહતાં, કર્મરૂપી રજ અને મલ જેઓએ. **पहीण** કહતાં, ક્ષય કર્યા છે. **जरमरणा** કહતાં, જરા અને મરણ જેઓનાં. **चउवीसंपि** કહતાં, અગાઉ કહી ગએલા ચોવીશ તીર્થંકરો અને **अपि** કહતાં, બીજા પણ તીર્થંકરો **जिणवरा** કહતાં, શ્રુતધરાદિક જિનો થકી, શ્રેષ્ઠ એવા જિનવરો **तित्थयरा** કહતાં, તીર્થંકરો **मे** કહતાં, મારા ઊપર **पसीयंतु** કહતાં, પ્રસન્ન થાઓ.

**कित्तिय वंदिय महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ॥**
**आरुग्ग बोहिलाभं, समाहिवर मुत्तमं दिंतु ॥ ६ ॥**

कित्तिय કહતાં, નામ વિશેષે કરીને, જેને ઇંદ્રાદિક સ્તવે છે. वंदिय કહતાં, જેઓને ઇંદ્રાદિક પંચાંગ પ્રણામ કરે છે. महिया કહતાં, જેઓને ઇંદ્રાદિક ઉત્તમ પુષ્પો વડે પૂજે છે. जे કહેતાં, જે તીર્થંકર, ए કહેતાં, એ સુતીર્થ જ્ઞાનદષ્ટિવંત. लोगस्सउत्तमा કહતાં, લોકને વિષે ઉત્તમ એવા. सिद्धा કહતાં, સિદ્ધ થયા. आरुग्ग કહતાં, આરોગ્ય, કર્મરૂપ રોગ રહિત સિદ્ધ પણું, તેને અર્થે बोहिलाभं કહતાં, શ્રીજિનધર્મની પ્રાપ્તિ થવાને અર્થે समाहिवरं કહતાં, ભાવ સંતોષ રૂપી સમાધિ તે જ્ઞાનાદિક રત્નત્રય તેને વિષે એકતા. उत्तमं કહતાં, અત્યંત ઉંચી એવી. दिंतु કહતાં, આપો. અર્થાત્ અત્યંત ઉંચી સમાધિ આપો.

चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ॥
सागरवरगंभीरा, सिद्धासिद्धिं मम दिसंतु ॥७॥

चंदेसु કહતાં, ચંદ્રથી. निम्मलयरा નિર્મલ એટલે અત્યંત નિર્મલ. आइच्चेसु કહતાં, સૂર્યથી પણ, अहियं કહતાં, અધિક. पयासयरा કહતાં, પ્રકાશના કરનાર. सागरवर કહતાં, સ્વયંભૂરમણ સમુદ્રથી પ્રધાન, ઉત્તમ. गंभीरा કહતાં, ગુણે કરીને ગંભીર. सिद्धा કહતાં, એવા સિદ્ધ ભગવંત, सिद्धि કહતાં, મોક્ષપદ, मम કહતાં, મને, दिसंतु કહતાં, આપો.

## [८ श्रीजगचिंतामणि चैत्यवंदन सूत्र]

इच्छाकारेण संदिसह भगवन् चैत्यवंदन करुं ? इच्छं ।

હે પૂજ્ય ! મારી ચૈત્યવંદન કરવાની ઇચ્છા છે, ચૈત્યવંદન કરું ? ( ગુરુ કહે, કરો,) શિષ્ય કહે, આપે આજ્ઞા આપી તે પ્રમાણ છે.

जगचिंतामणि जगनाह, जगगुरु जगरक्खण ।
जगबंधव जगसत्थवाह, जगभावविअक्खण ॥
अट्ठावयसंठविअ, रुव कम्मट्ठविणासण ।
चउवीसं पि जिणवरा, जयंतु अप्पडिहयसासण ॥ १ ॥

હે વીતરાગ ! આપ કેવા છો ? ભવ્યજીવોના મનોવાંછિત પૂરવા માટે, ચિંતામણી રત્ન સમાન છો. વળી, આપ ત્રણ જગતનાં નાથ છો. ત્રણે જગતનાં ગુરુ–સમસ્ત લોકને હિતોપદેશ આપવાથી, આપ મોટા છો. વળી, આપ છએ નિકાયના જીવોના રક્ષક છો. વળી, આપ, જગતને વિષે સાર્થવાહ સમાન છો. ત્રણે જગતને વિષે સાર્થવાહ સમાન છો, ષડ્દ્રવ્ય તથા જીવાદિક નવતત્ત્વના રહસ્ય દર્શાવવાને વિષે ડાહ્યા છો. અષ્ટાપદ પર્વતની ઊપર ભરત ચક્રવર્ત્તીએ સ્થાપન કર્યાં છે, બિંબ જેઓના, જ્ઞાનાવરણીયાદિક આઠ કર્મોનો નાશ કર્યો છે જેઓએ એવા તે ચોવીસ જિનેશ્વરદેવો, કે જેઓનું અપ્રતિહત શાસન છે, તે જયવંતા વર્ત્તો.



ચિત્ર ૭૮ ૨૧ શ્રીનમિનાથજી (પાનું ૫૭)



ચિત્ર ૭૯ ૨૨ શ્રીઅરિષ્ટનેમિપ્રભુજી (પાનું ૫૮)



ચિત્ર ૮૦ ૨૩ શ્રીપાર્શ્વનાથજી (પાનું ૫૮)




ચિત્ર ૮૧ ૨૪ શ્રીમહાવીરસ્વામીજી (પાનું ૫૯)



ચિત્ર ૮૨ શ્રીશત્રુંજય ગીરીરાજ (પાનું ૬૧)




ચિત્ર ૮૩ શ્રીગીરનારજી તીર્થ (પાનું ૬૧)




ચિત્ર ૮૪ સાચોર નગરે શ્રીમહાવીરસ્વામી (પાનું ૬૧)

कम्मभूमिहिं कम्मभूमिहिं, पढमसंघयणि ॥
उक्कोसयसत्तरिसय, जिणवराण विहरंत लब्भई ।
नवकोडिहिं केवलिण, कोडिसहस्स नव साहु गम्मइ ॥
संपइ जिणवर वीस मुणि, बिहुं कोडिहिं वरनाण ।
समणह कोडिसहसदुअ, थुणिज्जइ निच्च विहाणि ॥ २ ॥

कम्मभूमिहिं કહતાં, અસિ મષી અને કૃષિ એ ત્રણથી જ્યાં આજીવિકા ચાલે છે, તેને કર્મભૂમિ કહે છે, कम्मभूमिहिं કહતાં, તે કર્મભૂમિનાં ભરતાદિક પંદર ક્ષેત્રને વિષે, पढमसंघयणि કહતાં પહેલું શ્રીવજ્રઋષભનરાચ સંઘયણવાળા, उक्कोसय કહતાં, ઉત્કૃષ્ટપણે, सत्तरिसय કહતાં, એકસો સિત્તેરનો સમુદાય. जिणवराण, કહતાં, જિનવરો. એટલે જે તીર્થંકરો, विहरंतलब्भइ કહતાં, વિચરે છે. नवकोडिहिंकेवलिण કહતાં, નવ ક્રોડ કેવલજ્ઞાની, कोडिसहस्सनवसाहु, કહતાં, નવસહસ્રક્રોડ સાધુ. गम्मइ કહતાં, જિનાગમથી જાણીયે. संपइ કહતા, વર્ત્તમાન કાલે. जिणवरवीस કહતાં, શ્રીસીમંધરસ્વામી વગેરે વીશ વિચરતા જિનેશ્વર मुणि बिहुंकोडिहिं કહતાં, બે ક્રોડ મુનિ, वरनाण કહતાં, કેવલજ્ઞાની. समणह કહતાં સાધુ. कोडिसहस्सदुअ બે સહસ્ર ક્રોડ વિચરે છે. તે સર્વને, थुणिज्जइ કહતાં, સ્તવીએ, निच्चविहाणि, કહતાં, નિત્ય પ્રભાતે, સૂર્યોદય સમયે સ્તવીએ.

जयउसामिय जयउ, सामिय रिसह सत्तुंजि ॥
उज्जिंत पहु नेमिजिण, जयउ वीर सच्चउरिमंडण ।
भरुअच्छहिं मुणिसुव्वय, मुहरिपास, दुहदुरिअखंडण ॥
अवरविदेहिं तित्थयरा, चिहुं दिसिविदिसि जिं केवि ।
तीआणागयसंपइअ, वंदुं जिण सव्वेवि ॥ ३ ॥

सत्तुंजि કહતાં, શ્રીશત્રુંજયતીર્થ ઊપર. (જૂઓ ચિત્ર ૮૨) सामी रिसह કહતાં, મૂળનાયક શ્રીઋષભદેવ. जयउ કહતાં જયવંતા વર્ત્તો. जयउ કહતાં, જયવંતા વર્ત્તો, उज्जिंत કહતાં, શ્રીગીરનાર પર્વત ઊપર पहु नेमि जिण કહતાં, પ્રભુ શ્રીનેમિનાથ. जयउ सामी કહતાં, સ્વામી જયવંતા વર્ત્તો. (જૂઓ ચિત્ર ૮૩) जयउ वीर કહતાં, શ્રીમહાવીર પ્રભુ જયવંતા વર્ત્તો. सच्चउरि मंडण કહતાં, સત્યપુરી એટલે સાચોર નગરના (જૂઓ ચિત્ર ૮૪) આભૂષણરૂપ તે જયવંતા વર્ત્તો. भरुअच्छहिं मुणिसुव्वय કહતાં, ભરૂચ નગરને વિષે શ્રીમુનિસુવ્રતસ્વામી (જૂઓ ચિત્ર ૮૫) અને मुहरिपास (જૂઓ ચિત્ર ૮૬) કહતાં, મુહરિ ગામને વિષે શ્રીપાર્શ્વનાથ, એ પાંચે જિનેશ્વરો, दुहदुरियखंडण દુઃખ અને પાપનો નાશ કરનારા છે. अवर કહતાં, અપર બીજા. विदेहिं तित्थयरा કહતાં, પાંચ મહાવિદેહને વિષે જે તીર્થંકરો છે. चिहुं दिसिविदिसि કહતાં, પૂર્વાદિ ચાર દિશાઓ અને અગ્નિકોણાદિ ચાર

વિદિશાઓને વિષે. जिकेवि કહતાં, જે કોઈ પણ. तीआणागयसंपइअ કહતાં, અતીતકાલે થઈ ગએલા, અનાગતકાલે હવે પછી થનારા, વર્ત્તમાનકાલે વિચરે છે. जिण सव्वेवि કહતાં, તે બધા જિનેશ્વરોને પણ. વંદુ કહતાં, હું વંદન કરું છું.

શ્રીબામણવાડાના મહાવીર, (જૂઓ ચિત્ર ૮૭). માલવાદેશના શ્રીમગસી પાર્શ્વનાથજી. (જૂઓ ચિત્ર ૮૮). શ્રીતારંગાજીતીર્થ (જૂઓ ચિત્ર ૮૯). શ્રીઆબુજી તીર્થે, વિમલમંત્રીએ ૫૬ ક્રોડ ચૌખુંણાં રૂપિયા ખરચી દેહરા કરાવ્યાં (જૂઓ ચિત્ર ૯૦). શ્રીસમેતશીખરજીની વીસ ટુંક, તિહાં વીસ તીર્થંકર મુક્તિ પહોતા તે મધુવન છે (જૂઓ ચિત્ર ૯૧).

सत्ताणवइ सहस्सा, लक्खा छप्पन्न अट्ठ कोडीओ ॥
बत्तीसयबासिआइं, तिअ लोए चेइए वंदे ॥ ४ ॥

હવે શાશ્વતા જિનમંદિરોની સંખ્યા કહે છેઃ-अट्ठकोडीओ કહતાં, આઠ ક્રોડ लक्खा छप्पन्न કહતાં, છપ્પન લાખ. सत्ताणवइ सहस्सा કહતાં, સત્તાણું હજાર. बत्तीसयबासिआई કહતાં બત્રીસોને બ્યાસી, ત્રણ લોકની અંદર જિનમંદિરો છે, તે સર્વને. वंदे કહતાં, હું વંદન કરું છું.

पन्नरस कोडिसयाई, कोडी बायाल लक्ख अडवन्ना ।
छत्तीस सहस असिआई. सासय बिंबाई पणमामि ॥ ५ ॥

હવે, પૂર્વોક્ત શાશ્વતા જિનમંદિરોમાં એકંદર પ્રતિમાઓની સંખ્યા કહે છેઃ- पन्नरस कोडिसयाई કહતાં, પંદરસો કોડી એટલે પંદર અબજ. कोडी बायाल કહતાં, બેંતાલીસ ક્રોડ. लक्ख अडवन्ना કહતાં, અઠ્ઠાવન લાખ. छत्तीस सहस असिआई કહતાં, છત્રીસ હજાર (૧૫૪૨૫૮૩૬૦૮૦) અને એંશી. सासय बिंबाई કહતાં, શાશ્વતા જિનબિંબો છે. તે સર્વને, पणमामि કહતાં, હું પ્રણામ કરું છું.

## [ ९ अथ जं किंचि सूत्र ]

जं किंचि नामतित्थं, सग्गे पायालि माणुसे लोए ।
जाई जिण बिंबाई, ताई सव्वाई वंदामि ॥ १ ॥

जंकिंचि नामतित्थं કહતાં, જે ભૂમિમાં તીર્થંકરદેવોનાં પાંચ કલ્યાણકમાંથી એક પણ કલ્યાણક થયું હોય અથવા દેવ ચમત્કારના લીધે લોકોમાં જિનેશ્વરદેવના મહિમાને લીધે, તીર્થ તરીકેની માન્યતા હોય અથવા નગરોમાં તથા ગામડાઓમાં જે કોઇ જિનમંદિરો હોય. सग्गे કહતાં, સ્વર્ગલોકમાં, पायालि કહતાં, પાતાલમાં અને माणुसे लोए કહતાં, મનુષ્ય લોકને વિષે. जाई जिणबिंबाई કહતાં, જે જિનેશ્વરદેવના બિંબ-પ્રતિમાઓની સ્થાપના-રૂપ નામ તીર્થો છે. ताइं કહતાં, તે सव्वाई કહતાં, સર્વ પ્રતિમાઓને, वंदामि કહતાં, હું

વંદન કરું છું. જૂઓ ચિત્ર ૯૨ વરકાણા તીર્થ, ચિત્ર ૯૩ નાડોલ. ચિત્ર ૯૪ નાડલાઇ. ચિત્ર ૯૫ રાણકપુર. ચિત્ર ૯૬ મૂછાળા મહાવીર. ચિત્ર ૯૭ મેરુ પર્વત અને શાશ્વતા જિનપ્રાસાદ (જૂઓ ચિત્ર ૯૮).

## [ १० श्रीनमुत्थुणं शक्रस्तव-सूत्र ]

**नमुत्थुणं, अरिहंताणं, भगवंताणं ॥ १ ॥**

नमुत्थुणं, કહતાં, નમસ્કાર થાઓ. अरिहंताणं કહતાં, શ્રીઅરિહંતને, અહીં જૂદા જૂદા ત્રણ પાઠ છે. ઇંદ્રાદિક દેવોએ કરેલી પૂજાને યોગ્ય તેને અરહંત કહીએ. કર્મ-રૂપી વૈરીને હણ્યા માટે અરિહંત કહીએ. સંસારમાં ફરી અવતરવાના નથી માટે અરુહંત કહીએ. તેઓને નમસ્કાર થાઓ. भगवंताणं કહતાં, ભગવંતને.

**आइगराणं, तित्थयराणं, सयंसंबुद्धाणं ॥ २ ॥**

आइगराणं કહતાં, સર્વ તીર્થંકરો પોતપોતાના તીર્થમાં આદિના કરનાર હોવાથી આદિ-કર. तित्थयराणं કહતાં, તીર્થની સ્થાપના કરનારા. सयंसंबुद्धाणं કહતાં. પોતાની મેળે જ બોધ પામેલા.

**पुरिसुत्तमाणं, पुरिससीहाणं पुरिसवर पुंडरीआणं, पुरिसवर गंधहत्थीणं ॥ ३ ॥**

पुरिसुत्तमाणं પુરુષોમાં ગાંભીર્યાદિ ગુણે કરીને ઉત્તમ. पुरिससीहाणं પુરુષોમાં સિંહ સમાન. पुरिसवर पुंडरीआणं પુરુષોમાં ઉત્તમ પુંડરીક કમલ સમાન. पुरिसवर गंधहत्थीणं પુરુષોમાં ઉત્તમ ગંધહસ્તી સમાન.

**लोगुत्तमाणं, लोगनाहाणं, लोगहिआणं, लोगपइवाणं, लोगपज्जोअगराणं ॥ ४ ॥**

लोगुत्तमाणं લોકને વિષે ઉત્તમ. लोगनाहाणं લોકના નાથ. लोगहिआणं લોકોના હિત કરનારા. लोगपइवाणं લોકમાં દીપક સમાન. लोगपज्जोअगराणं લોકમાં પ્રદ્યોત વિશિષ્ટ પ્રકારના પ્રકાશ-કરનાર.

**अभयदयाणं, चक्खुदयाणं, मग्गदयाणं सरणदयाणं, बोहिदयाणं ॥ ५ ॥**

अभयदयाणं અભયદાન આપનારા. चक्खुदयाणं ચક્ષુને આપનારા. मग्गदयाणं ધર્મ-માર્ગને દેનારા-દેખાડનારા. सरणदयाणं રાગ દ્વેષાદિકથી ડરનારને શરણ આપનારા. बोहिदयाणं બોધિ એટલે સમકિતને આપનારા.

**धम्मदयाणं, धम्मदेसियाणं, धम्मनायगाणं, धम्मसारहीणं धम्मवरचाउरंतचक्कवट्टीणं ॥६॥**

धम्मदयाणं ધર્મને આપનારા. धम्मदेसियाणं ધર્મનો ઉપદેશ આપનારા. धम्मनायगाणं ધર્મના નાયક धम्मसारहीणं ધર્મના સારથી. धम्मवरचाउरंतचक्कवट्टीणं ચાર ગતિનો અંત કરનાર ઉત્તમ ચક્રવર્તી.

**अप्पडिहयवरनाणदंसणधराणं, विअट्टछउमाणं ॥ ७ ॥**

अप्पडिहयवरनाणदंसणधराणं અસ્ખલિત, ઉત્તમ જ્ઞાનદર્શનને ધારણ કરનારા. विअट्टछउमाणं ઘાતીકર્મ રહિત.

**जिणाणं जावयाणं, तिन्नाणं तारयाणं ॥**
**बुद्धाणं बोहयाणं, मुत्ताणं मोअगाणं ॥ ८ ॥**

जिणाणं जावयाणं પોતે રાગ દ્વેષને જીત્યો છે, અને બીજાને રાગદ્વેષનો જય કરાવનારા. तिन्नाणं तारयाणं પોતે સંસાર સમુદ્રથી તરી ગએલા છે અને બીજાને સંસાર સમુદ્રથી તારનાર છે. बुद्धाणं પોતે બોધ પામેલા છે. बोहयाणं બીજાને બોધ પમાડનાર છે. मुत्ताणं પોતે ચારગતિ રૂપ કર્મથી મૂક્ત થએલા છે. मोअगाणं બીજાને કર્મથી મુકત કરનારા છે.

**सव्वन्नूणं, सव्वदरिसिणं, सिवमयलमरुअ मणंत मक्खय अव्वाबाह मपुणराविति-सिद्धिगइ नामधेयं ठाणं संपत्ताणं, नमो जिणाणं जिअभयाणं ॥ ९ ॥**

सव्वन्नूणं સર્વ વસ્તુને જાણનારા. સર્વજ્ઞ सव्वदरिसिणं સર્વવસ્તુને દેખનારા. सिव સર્વ ઉપદ્રવ રહિત. मयल અચલ-નિશ્ચલ-ક્રિયા રહિત. मरुअ રોગ રહિત. मणंत અનંત. मक्खय અક્ષય-ક્ષય ન થાય તેવા. मव्वाबाह અવ્યાબાધ-બાધા રહિત. मपुणराविति જયાંથી ફરી પાછું આવવાપણું નથી. सिद्धिगइनामधेयं સિદ્ધિગતિ નામના ठाणं સ્થાનને, संपत्ताणं પામેલા. जिअभयाणं ભયને જીતવાવાળા એવા. जिणाणं જિનેશ્વરોને. नमो નમસ્કાર થાઓ.

**जेअअइआ सिद्धा, जेअभविस्संतिणागए काले ॥**
**संपइअ वट्टमाणा, सव्वेतिविहेण वंदामि ॥ १० ॥**

जेअ વળી, જેઓ. अइआ અતીતકાલને વિષે. सिद्धा સિદ્ધ થએલા છે. जेअ તથા જેઓ. अणागएकाले અનાગત-ભવિષ્ય કાલને વિષે. भविस्संति થવાના છે. संपइअ તથા વર્ત્તમાનકાલે. वट्टमाणा જેઓ વિદ્યમાન-વર્તમાન કાલે મહાવિદેહક્ષેત્રમાં, વિચરે છે. सव्वे ते સર્વને. तिविहेण મન, વચન અને કાયાએ કરીને. ंदामि હું વંદન કરૂં છું.

## [११ अथ जावंति चेइआई]

**जावंति चेइआइं, उड्ढेअ अहेअ तिरिअ लोएअ ॥**
**सव्वाइं ताइं वंदे, इह संतो तत्थ संताइं ॥ १ ॥**

जावंति જેટલાં, चेइआई ચૈત્યો, उड्ढेअ ઊર્ધ્વલોકમાં, अहेअ અધોલોકમાં, तिरिअ-लोएअ તિર્છાલોકમાં છે. तत्थ संताई ત્યાં રહેલાં એવાં ताई તે. सव्वाई સર્વને. इहसंतो અહીં રહેલો એવો હું वंदे વાંદુ છું.

**ભાવાર્થ :** ઊર્ધ્વલોકમાં એટલે જ્યોતિષ તથા સ્વર્ગલોકમાં, અધોલોકમાં એટલે કુબડી વિજય તથા ભવનપતિનાં સ્થાનોમાં, અને તિર્છાલોકમાં એટલે આ મધ્યલોકમાં, જેટલાં ચૈત્યો એટલે જિનપ્રતિમાઓ છે, તે બધાં, ત્યાં રહેલાં ચૈત્યોને, હું અહીં રહ્યો થકો વંદન કરું છું.

## [ १२ अथ जावंत के वि साहू ]

**जावंत के वि साहू, भरहेरवय महाविदेहे अ ।।**
**सव्वेसिं तेसिं पणओ, तिविहेण तिदंडविरयाणं ।। १ ।।**

भरहेरवय महाविदेहे अ ભરત, ઐરાવત અને મહાવિદેહ ક્ષેત્રમાં जावंत જેટલા-જે. के वि કોઈ પણ. साहू સાધુઓ છે. तेसिं તે. सव्वेसिं સર્વ સાધુ અને સાધ્વીઓને. तिविहेण ત્રિવિધે મન, વચન અને કાયાએ કરીને. तिदंडविरयाणं ત્રણ દંડથી વિરામ પામેલાને पणओ નમસ્કાર થાઓ.

**ભાવાર્થ :** પાંચ ભરત, પાંચ ઐરવત અને અને પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં, જે સાધુ-સાધ્વીઓ છે, તે સર્વે કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણ કરણે કરીને મન, વચન અને કાયાના એ ત્રણ દંડથી વિરામ પામેલા સાધુઓને હું નમન કરું છું.

## [१३ श्रीउपसर्गहर स्तवन]

**उवसग्गहरंपासं, पासं वंदामि कम्मघणमुक्कं ।**
**विसहर विसनिन्नासं, मंगलकल्लाणआवासं ।। १ ।।**

उवसग्गहरंपासं ઉપસર્ગને હરણ કરનાર પાર્શ્વ નામનો યક્ષ છે સેવક જેમનો એવા कम्मणघणमुक्कं કર્મના સમૂહથી મૂકાએલા, તથા विसहर विसनिन्नासं વિષધર-સર્પના ઝેરનો નાશ કરનારા, તથા मंगलकल्लाण आवासं મંગલ અને કલ્યાણના સ્થાનરૂપ पासं શ્રીપાર્શ્વનાથ પ્રભુને वंदामि હું વંદન કરું છું.

**ભાવાર્થ :** ઉપસર્ગને હરણ કરનાર, પાર્શ્વનામનો યક્ષ જેઓનો સેવક છે, જેઓ કર્મના સમૂહથી મૂકાએલા છે, જેઓના સ્મરણથી સર્પના વિષ-ઝેરનો નાશ થાય છે, તથા જેઓ મંગલ અને કલ્યાણના સ્થાન એટલે આધાર છે, તે શ્રીપાશ્વર્નાથ પ્રભુને હું વંદન કરું છું,

**विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ ।**
**तस्स गह रोग मारी, दुट्ठजरा जंति उवसामं ।। २ ।।**

जो જે. मणुओ મનુષ્ય. विसहरफुलिंगमंतं શ્રીપાર્શ્વનાથના નામ ગર્ભિત એવા વિષધર સ્ફુલિંગ* નામના મંત્રને. सदा સદા-દરરોજ. कंठे કંઠને વિષે. धारेइ ધારણ કરે છે. तस्स

ते મનુષ્યના. गह સૂર્યાદિક ગ્રહ. रोग કફ, કુષ્ટ, જલોદરાદિક રોગ. मारी મરકી-પ્લેગ. दुट्ठजरा દુષ્ટ જ્વર વગેરે. उवसामं ઉપશમે-શાંતિને. जंति પામે છે.

**ભાવાર્થ :** જે મનુષ્ય શ્રીપાર્શ્વપ્રભુના નામ વાળા વિષધર-સ્ફુલિંગ નામના મંત્રને, નિરંતર કંઠને વિષે ધારણ કરે છે એટલે મુખપાઠ કરે છે, તેના દુષ્ટ ગ્રહ, રોગ, મરકી અને જ્વર વગેરે સર્વ ઉપદ્રવો શાંત થાય છે-નાશ પામે છે.

**चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामोवि बहुफलो होइ ।**
**नरतिरिएसु वि जीवा, पावंति न दुक्खदोगच्चं ।। ३ ।।**

मंतो મંત્ર તો. दूरे દૂર. चिट्ठउ રહો. तुज्झ તમને કરેલો. पणामोवि પ્રણામ-નમસ્કાર પણ. बहुफलो ઘણાં ફલવાળો. होइ હોય છે. કેમકે जीवा તે જીવો. नरतिरिएसुवि મનુષ્ય અને તિર્યંચને વિષે પણ. दुक्खदोगच्चं દુઃખ તથા દરિદ્રતાને न पावंति પામતા નથી.

**ભાવાર્થ :** હે ભગવંત! વિષધરસ્ફુલિંગ નામનો મંત્ર તો દૂર રહો પરંતુ જો તમને માત્ર નમસ્કાર જ કર્યો હોય તો પણ તે ઘણા ફલને આપનારો થાય છે. કારણ કે, તમને પ્રણામ કરનારા જીવો પણ મનુષ્ય અને તિર્યંચ ગતિને વિષે દુઃખ તથા દરિદ્રતાને પામતા નથી.

**तुह सम्मते लद्धे, चिंतामणिकप्पपायवब्भहिए ।**
**पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ।। ४ ।।**

चिंतामणि कप्पपाय वब्भहिए ચિંતામણીરત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક એવું. तुह તમારું, सम्मत्ते સમકિત. लद्धे પામીને. जीवा જીવો. अविग्घेण વિઘ્ન રહિત પણે. अयरामरं અજરામર. ठाणं સ્થાનને. पावंति પામે છે.

**ભાવાર્થ :** હે ભગવાન્! ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક મહિમાવાળું તમારું સમકિત પામવાથી જીવો કોઈપણ જાતના વિઘ્ન વિના જ અજરામર સ્થાનને એટલે મોક્ષને પામે છે.

**इअ संथुओ महायश ! भत्तिब्भर निब्भरेण हियएण ।।**
**ता देव दिज्ज बोहिं, भवे भवे पास ! जिणचंद ।। ५ ।।**

महायश હે મહાયશસ્વી ! इअ આ પ્રમાણે. भत्तिब्भर निब्भरेण ભકિતના સમૂહથી ભરપૂર. એવા हियएण હૃદયવડે. મેં संथुओ તમારી સ્તુતિ કરી છે; ता તેથી કરીને, पास

* આ મંત્રને લગતાં, સ્તોત્રો, યંત્રો વગેરે માટે માર તરફથી પ્રસિદ્ધ થએલ મહાપ્રાભાવિક નવસ્મરણ અને હવે પછી પ્રસિદ્ધ થનાર સર્વાર્થસિદ્ધિદાયિની ભગવતી શ્રીપદ્માવતીદેવી ઉપાસના તથા મંત્રાધિષ્ઠિત શ્રીપાર્શ્વનાથ નામના મંત્ર-યંત્રાદિ સહિત ગ્રંથો જૂઓ.

હે પાર્શ્વનાથ! जिणचंद જિનચંદ્ર! देव દેવ! भवेभवे ભવોભવને વિષે મને बोहिं બોધિ-સમકિતને दिज्ज આપો.

ભાવાર્થ- હે મહાયશસ્વી પ્રભુ! આ પ્રમાણે ભક્તિના સમૂહથી ભરપૂર એવા હૃદય વડે મેં આપણી સ્તુતિ કરી છે, તેથી હે પાર્શ્વનાથ જિનચંદ્ર દેવ! મને દરેક ભવમાં બોધિ એટલે સમકિત આપજો. એટલું જ હું માગું છું.

આ સ્તોત્ર ચૌદપૂર્વધર श्रीभद्रबाहुस्वामीए રચેલું છે. રચવાનું કારણ આ પ્રમાણે છેઃ શ્રીભદ્રબાહુસ્વામીને વરાહમિહિર નામનો એક ભાઈ હતો. તેને ઘણા સમય સુધી ચારિત્ર પાળીને જૈનશાસ્ત્રોનો અભ્યાસ પણ કર્યો હતો. ત્યારપછી કોઇ કારણથી ચારિત્રનો ત્યાગ કરી તે, જૈનધર્મનો દ્વેષી થયો. અને જ્યોતિષશાસ્ત્રથી તે પોતાનું ગુજરાન ચલાવવા લાગ્યો. તેનાથી તે લોકોમાં ખૂબ પ્રસિદ્ધ થયો. તે અભિમાનથી જૈન સાધુઓની નિરંતર નિંદા કરતો હતો.

એક વખતે રાજસભામાં શ્રીભદ્રબાહુસ્વામીએ તેના જ્યોતિષના જ્ઞાનમાં અપૂર્ણતા બતાવી. તેથી વરાહમિહિર વધારે જૈનધર્મનો દ્વેષી થયો. અંતે મરણ પામી તે વ્યંતર થયો. તેણે પહેલાનું વૈર સંભાળી જૈનસંઘમાં મરકીનો ઉપદ્રવ કર્યો. તે મરકીના ઉપદ્રવની શાંતિના માટે શ્રીસંઘની વિનંતીથી શ્રીભદ્રબાહુસ્વામીએ પાંચ ગાથાનું આ ઉપસર્ગહર સ્તોત્ર બનાવ્યું. તે ભણવા, ગણવા, અને સાંભળવાથી મરકીનો ઉપદ્રવ શાંત થઈ ગયો. આ સ્તોત્રમાં શ્રીપાર્શ્વનાથ પ્રભુ તથા તેઓના યક્ષ પાર્શ્વ, પદ્માવતીદેવી અને ધરણેંદ્રની દ્વિઅર્થી સ્તુતિ છે. આ સ્તોત્રને લગતા ૨૭ યંત્રો, મંત્રો તથા તેના મહિમાને લગતી શ્રીપ્રિયંકરનૃપ કથા માટે મહાપ્રાભાવિક નવસ્મરણ નામનો ગ્રંથ જૂઓ. મૂલ્ય સાઠ રૂપિયા

## [ १४ अथ जयवीयराय सूत्र ]

जयवीयराय ! जगगुरू ! होउ ममं तुह पभावओ भयवं ।
भवनिव्वेओ मग्गा-णुसारिआ इट्ठफलसिद्धी ॥ १ ॥

वीयराय હે વીતરાગ! जगगुरु હે જગતના ગુરુ! जय તમે જયવંતા વર્તો. તથા भयवं હે ભગવાન! तुह તમારા पभावओ પ્રભાવથી ममं મને भवनिव्वेओ સંસાર પરથી વૈરાગ્ય, मग्गाणुसारिआ માર્ગાનુસારીપણું અને इट्ठफलसिद्धी વાંછિતફલની સિદ્ધિ होउ હો-થાઓ.

ભાવાર્થ-હે વીતરાગ! ત્રણ જગતના ગુરુ, તમે જયવંતા વર્તો. વળી, હે ભગવાન તમારા પ્રભાવથી મને સંસાર પ્રત્યે વૈરાગ્ય થાઓ, માર્ગાનુસારી પણું પ્રાપ્ત થાઓ, અને મનોવાંછિત ફલ-શુદ્ધ આત્મધર્મની સિદ્ધિ થાઓ.

लोगविरुद्धच्चाओ, गुरुजणपूआ परत्थकरणं च ॥
सुहगुरुजोगो तव्वय-णसेवणा आभवमखंडा ॥ २ ॥

लोगविरुद्धच्चाओ લોક વિરુદ્ધ કાર્યોનો ત્યાગ. गुरुजणपूआ ગુરુજનની પૂજા. परत्थकरणं પરોપકાર કરવા પણું, सुहगुरुजोगो શુભ સારા ગુરુનો સંયોગ. च તથા. तव्वयणसेवणा તે સદ્‌ગુરુના વચનની સેવા. आभवं જ્યાંસુધી સંસાર સમુદ્રથી ના તરું ત્યાંસુધી अखंडा અખંડ હોજો.

ભાવાર્થ-તથા હે પ્રભુ! આપના પ્રભાવથી મારે લોકમાં જે કાર્ય વિરુદ્ધ કહેવાતું હોય તેનો ત્યાગ હોજો. માતા-પિતા વગેરે ગુરુ જનની પૂજા-સેવા હોજો, પરોપકાર કરી શકું એવી મને શકિત પ્રાપ્ત થજો. સદ્‌ગુરુનો સમાગમ હોજો, તથા સદ્‌ગુરુના વચનનું પાલન હોજો. આ બધું મારે જ્યાંસુધી ભવ કરવા પડે, ત્યાંસુધી-મુકિત પામું ત્યાંસુધી અખંડપણે હોજો.

वारिज्जइ जइ वि नियाणबंधणं वीयराय ! तुह समए ।
तह वि मम हुज्ज सेवा, भवे भवे तुम्ह चलणाणं ।। ३ ।।

वीयराय હે વીતરાગ ! जइवि જો કે तुहसमए તમારા સિદ્ધાંતમાં नियाणबंधणं નિયાણું બાંધવાનું वारिज्जइ નિવારવામાં આવેલું છે. तहवि તો પણ मम મારે તો भवेभवे ભવોભવને વિષે तुम्ह તમારા चलणाणं ચરણોની सेवा સેવા हुज्ज હોજો.


ભાવાર્થ-હે વીતરાગ! જો કે તમારા શાસનમાં નિયાણું કરવાની મના કરવામાં આવી છે. એટલે-કાંઈપણ શુભ અનુષ્ઠાન કર્યું હોય તે બદલ અમુક ફલ માગવું તેને નિયાણું કહેવામાં આવે છે. તેનો શાસ્ત્રમાં નિષેધ કરેલો છે, તો પણ હું તો યાચના કરુ છું કે-મારે ભવોભવને વિષે એટલે દરેક જનમમાં તમારા ચરણકમલની સેવા હોજો.

दुक्खखओ कम्मखओ, समाहिमरणं च बोहिलाभो अ ।
संपज्जओ मह एअं, तुह नाह ! पणामकरणेणं ।। ४ ।।

તથા વળી, दुक्खखओ દુઃખનો ક્ષય. कम्मखओ કર્મનો ક્ષય. समाहिमरणं च સમાધિ મરણ અને बोहिलाभोअ બોધિનો લાભ. एअं આ સર્વ-બધું नाह હે નાથ! तुह તમને पणामकरणेणं પ્રણામ કરવાએ કરીને मह મને संपज्जओ પ્રાપ્ત થાઓ.

ભાવાર્થ-વળી, હે નાથ! મારા માનસિક અને શારીરિક દુઃખનો ક્ષય થાઓ. મોહનીયાદિ અશુભ કર્મનો ક્ષય થાઓ. સમાધિમરણ એટલે પંડિત મરણ થાઓ અને બોધિનો એટલે સમકિતની પ્રાપ્તિ થાઓ. આ બધું તમને પ્રણામ કરવાથી જ મને પ્રાપ્ત થાઓ.


सर्व मंगलमांगल्यं, सर्व कल्याणकारणं ।
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनं ।। ५ ।।




ચિત્ર ૮૫ ભરૂચનગરે શ્રીમુનિસુવ્રતસ્વામી (પાનું ૬૧)




ચિત્ર ૮૬ મુહરીગામે શ્રીપાર્શ્વનાથપ્રભુ (પાનું ૬૧)



ા ૮૭ બ્રાહ્મણવાડે શ્રીમહાવીરસ્વામી (પાનું ૬૨)



ચિત્ર ૮૮ માલવાદેશમાં મગસીપાર્શ્વનાથજી (પાનું ૬૨)



ચિત્ર ૮૯ શ્રીતારંગાજી તીર્થ (પાનું ૬૨)




ચિત્ર ૯૦ શ્રીઆબુજી તીર્થ (પાનું ૬૨)

सर्वमंगलमांगल्यं સર્વ મંગલોમાં પણ મંગલરૂપ. सर्वकल्याणकारणं સર્વકલ્યોણાનાં કારણરૂપ અને सर्वधर्माणां સર્વધર્મોમાં प्रधानं ઉત્તમ-શ્રેષ્ઠ-એવું जैनं જિનેશ્વર દેવોનું शासनं શાસન जयति જયવંત વર્તે છે.

ભાવાર્થ-જિનેશ્વર દેવોનું શાસન જયવંત વર્તે છે એટલે શાશ્વતું છે, કેમકે તે લૌકિક અને લોકોત્તર સર્વ મંગલોમાં પણ મંગલરૂપ છે, સ્વર્ગ મોક્ષાદિક સર્વ કલ્યાણોનાં કારણરૂપ છે, અને દુનિયાના સર્વધર્મોમાં આ જિનેશ્વરોએ પ્રરૂપેલો જિનધર્મ સર્વોત્તમ -શ્રેષ્ઠ-છે.

## [१५ श्रीअरिहंत चेइयाणं अथवा चैत्यस्तव]

**अरिहंत चेइआणं, करेमि काउस्सग्गं ॥ १ ॥**

अरिहंत चेइआणं અરિહંતના ચૈત્યોનાં करेमिकाउस्सग्गं કાયોત્સર્ગને હું કરૂં છું.

**वंदणवत्तियाए, पूअणवत्तियाए सक्कारवत्तियाये ॥**
**सम्माणवत्तियाए, बोहिलाभवत्तियाए, निरूवसग्गवत्तियाए ॥ २ ॥**

वंदणवत्तियाए વંદનને માટે. पूअणवत्तियाए પૂજન નિમિત્તે. सक्कारवत्तियाए સત્કારને માટે. सम्माणवत्तियाए સન્માન માટે. बोहिलाभवत्तियाए બોધિલાભની પ્રાપ્તિને માટે. निरूवसग्गवत्तियाए ઉપસર્ગ વિનાના સ્થાનને માટે હું કાઉસ્સગ્ગ કરું છું.

**सद्धाए, मेहाए, धिइए, धारणाए, अणुप्पेहाए, वड्ढमाणीए ठामि काउस्सग्गं ॥ ३ ॥**

वड्ढमाणीए વૃદ્ધિ પામતી એવી, श्रद्धाए શ્રદ્ધાએ કરીને, मेहाए બુદ્ધિએ કરીને, धिइए ધીરજે કરીને. धारणाए ધારણા કરીને, अणुप्पेहाए વિચારણા કરીને. काउस्सग्गं કાયોત્સર્ગને ठामि હું કરૂં છું.

ભાવાર્થ-અરિહંતની પ્રતિમાને વંદન કરવા માટે હું કાયોત્સર્ગ કરૂં છું. એટલે કે પ્રભુને વંદના કરવાથી જે ફલ થાય, તે મને કાયોત્સર્ગ કરવાથી થાય. તથા જિનેશ્વર ભગવાનની પૂજા કરવાથી જે ફલ થાય તેને માટે, તથા જિનપ્રતિમાને આભૂષણાદિક વડે સત્કાર કરવાથી જે ફલ થાય તેને માટે. તથા પ્રભુ પાસે ભકિત પૂર્વક ગીત, ગાન, સ્તુતિ વગેરે રૂપ સન્માન કરવાથી જે ફળ થાય તેને માટે, તથા બોધિબીજની પ્રાપ્તિ માટે, એટલે, પરભવમાં જૈનધર્મની પ્રાપ્તિ થવા માટે, તથા ઉપસર્ગ રહિત એવા મોક્ષસ્થાનને મેળવવા માટે હું કાયોત્સર્ગ કરું છું. વળી, હું વૃદ્ધિ પામતી શુદ્ધ શ્રદ્ધા વડે નિર્મળ બુદ્ધિ અને શાંત ચિત્તે કરીને જિનેશ્વર દેવના ગુણો હૃદયમાં ધારણ કરવા વડે તથા તેમના ગુણોનો વારંવાર વિચાર કરવા માટે હું કાયોત્સર્ગ કરું છું.

## [ १६ पुक्खरवरदीवड्ढे वा श्रुतस्तव सूत्र ]

पुक्खवरदीवड्ढे, धायइसंडे अ जंबुदीवेअ ।
भरहेरवयविदेहे, धम्माइगरे नमंसामि ॥ १ ॥

पुक्खरवरदीवड्ढे પુષ્કરવર દ્વીપના અર્દ્ધભાગમાં धायइसंडेअ તથા ધાતકીખંડમાં जंबुदीवेअ જંબુદ્વીપમાં भरहेरवयविदेहे ભરત, ઐરવત અને મહાવિદેહ ક્ષેત્રમાં રહેલા धम्माइगरे ધર્મની શરૂઆત કરનારા તીર્થંકરોને नमंसामि હું નમસ્કાર કરુ છું.

ભાવાર્થ–અર્ધ પુષ્કરવર દ્વીપમાં, ધાતકીખંડમાં અને જંબુદ્વીપમાં આવેલાં પાંચ ભરત ક્ષેત્ર, પાંચ ઐરવત ક્ષેત્ર અને પાંચ મહાવિદેહક્ષેત્રમાં રહેલાં–આવેલા–સર્વ તીર્થંકરોને હું નમસ્કાર કરું છું.

तमतिमिरपडलविद्धं, सणस्स सुरगणनरिंदमहिअस्स ॥
सीमाधरस्स वंदे, पप्फोडिअमोहजालस्स ॥ २ ॥

तमतिमिरपडलविद्धंसणस्स અજ્ઞાનરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર, सुरगणनरिंदमहिअस्स દેવ સમૂહ અને નરેંદ્રોએ પૂજેલા, सीमाधरस्स જીવને ધર્મની મર્યાદામાં રાખનાર, पप्फोडिअमोहजालस्स અજ્ઞાનરૂપી તોડી નાંખી છે મોહજાલ જેણે એવા શ્રુતને वंदे હું વંદન કરું છું.

ભાવાર્થ–અજ્ઞાનરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર, દેવેંદ્રો અને નરેંદ્રોએ પૂજેલા. સર્વજીવને મર્યાદામાં રાખનાર અને મોહરૂપ જાળને તોડી નાંખનાર એવા શ્રુતને હું વંદન કરુ છું.

जाइ जरामरणसोगपणासणस्स, कल्लाणपुक्खलविसालसुहावहस्स ॥
को देवदाणवनरिंदगणच्चिअस्स, धम्मस्स सारमुवलब्भ करे पमायं ॥ ३ ॥

जाइजरामरणसोगपणासणस्स જનમ, જરા–વૃદ્ધાવસ્થા મરણ અને શોકનો નાશ કરનાર. તથા कल्लाणपुक्खलविसालसुहावहस्स કલ્યાણકારક અને અત્યંત વિશાલ સુખ એટલે મોક્ષને આપનાર તથા देवदाणवनरिंदगणच्चिअस्स દેવ, દાનવ અને નરેંદ્રોના સમૂહે પૂજેલ એવા. धम्मस्स શ્રુતધર્મના सारमुवलब्भ સારને પામીને को કોણ સચેતન પ્રાણી पमायं પ્રમાદ करे કરે? અર્થાત કોઈ પણ પ્રમાદ ન કરે.

ભાવાર્થ–જન્મ, જરા, વૃદ્ધાવસ્થા. મરણ, અને શોકને નાશ કરનાર, કલ્યાણકારક અને અત્યંત વિશાલ સુખ જે મોક્ષ તેને આપનાર, તથા દેવેંદ્રો, અને અસુરેંદ્રો અને નરેંદ્રોએ પૂજેલા એવા શ્રુતધર્મના સારને–રહસ્યને પામીને, કોણ બુદ્ધિમાન પ્રાણી પ્રમાદ કરે? કોઈપણ પ્રમાદ ન કરે.

सिद्धे भो पयओ णमो जिणमए, नंदी सया संजमे,
देवंनागसुवन्नकिन्नरगणस्सभूअभावच्चिए ॥
लोगो जत्थ पइट्ठिओ जगमिणं, तेलुक्कमच्चासुरं,
धम्मो वड्ढउ सासओ विजयओ, धम्मुत्तरं वड्ढओ ॥ ४ ॥

भो હે ભવ્ય! पयओ આદરવાળો એવો હું सिद्धे પ્રમાણથી સિદ્ધ એવા जिणमए જિનમતને–આગમને णमो નમસ્કાર કરું છું. જે જિનમતથી देवंनागसुवन्नकिन्नरगणस्सभूअभावच्चिए દેવો, નાગકુમારો, સુવર્ણકુમારો અને કિન્નરોનાં સમૂહે સત્ય–શુદ્ધ ભાવવડે પૂજેલ એવા संजमे ચારિત્રને વિષે सया સદા–નિરંતર नंदी વૃદ્ધિ થાય છે, તથા जत्थ જે જિનમતને વિષે लोगो ત્રણ કાળનું જ્ઞાન તથા तेलुक्कमच्चासुरं મનુષ્ય અને અસુરાદિક ત્રણ લોકરૂપ इणं આ जगं જગત पइट्ठिओ પ્રતિષ્ઠિત છે-રહેલું છે એવો આ सासओ શાશ્વત धम्मो શ્રુત ધર્મ विजयओ વિજય વડે वड्ढओ વૃદ્ધિ પામો. અને તેથી કરીને धम्मुत्तरं ચારિત્રધર્મ પણ वड्ढओ વૃદ્ધિ પામો.

ભાવાર્થ-હે જ્ઞાનવંત ભવ્યજનો! હું આદરપૂર્વક સર્વ નય પ્રમાણથી સિદ્ધ એવા જિનમતને–જિનસિદ્ધાંતને નમસ્કાર કરું છું. કારણ કે જિનમતથી જ દેવો, નાગકુમારો, સુવર્ણકુમારો અને કિન્નરો વગેરે સર્વ દેવોએ પણ શુદ્ધ ભાવથી પૂજેલા એવા ચારિત્ર ધર્મની પણ નિરંતર વૃદ્ધિ થાય છે. વળી, જે જિનમતને વિષે ત્રણકાળનું જ્ઞાન તથા મનુષ્ય, અસુર અને ઉપલક્ષણથી સર્વ દેવો, તિર્યંચો અને નારકીઓ એ ત્રણ લોકરૂપ આ સમગ્ર જગત પ્રતિષ્ઠિત છે એટલે કે તે સર્વનું જ્ઞાન જિનાગમને વિષે જ રહેલું છે. આવો શાશ્વત જિનમત વિજય પામવાથી વૃદ્ધિ પામો અને તેની વૃદ્ધિ વડે ચારિત્રધર્મ પણ વૃદ્ધિ પામો.

सुअस्स भगवओ, करेमि काउस्सग्गं वंदणवत्तिआए ॥

भगवओ પૂજ્ય અથવા પવિત્ર એવા. सुअस्स શ્રુતના वंदणवत्तिआए વંદનાદિકને નિમિત્તે काउस्सग्गं કાર્યોત્સર્ગને. करेमि હું કરું છું.

ભાવાર્થ–શ્રીજિનભાષિત શ્રુત–આગમ સર્વથા પ્રકારે પવિત્ર અને પૂજ્ય છે, તેના વંદનાદિકને નિમિત્તે હું કાયોત્સર્ગ કરું છું.

## [ १७ सिद्धाणं बुद्धाणं वा सिद्धस्तव सूत्र ]

सिद्धाणं बुद्धाणं, पारगयाणं परंपरगयाणं ॥
लोअग्गमुवगयाणं, नमो सया सव्वसिद्धाणं ॥ १ ॥

જેઓએ સર્વકાર્ય સિદ્ધ કર્યા છે, જેઓએ સર્વ ભાવો જાણ્યા છે, જેઓ સંસાર સમુદ્રના પારને પામેલા છે, જેઓ ગુણસ્થાનના ક્રમે મોક્ષ સુધી ચડેલા છે. અને જેઓ લોકના અગ્રભાગમાં જઈ રહેલા છે, તે સર્વ સિદ્ધના જીવોને મારો નિરંતર નમસ્કાર છે.

जो देवाणवि देवो, जं देवा पंजली नमंसंति ॥
तं देवदेवमहिअं, सिरसा वंदे महावीरं ॥ २ ॥

જેઓ દેવોના પણ દેવ છે અને જેઓને દેવો પણ હાથ જોડીને નમસ્કાર કરે છે. વળી, દેવોના પણ દેવ જે ઈંદ્રાદિક તેમણે પણ જેઓને પૂજેલા છે, તે શ્રીમહાવીર પ્રભુને હું મસ્તક નમાવીને વંદન કરું છું.

इक्को वि नमुक्कारो, जिणवरवसहस्स वद्धमाणस्स ॥
संसारसागराओ, तारेइ नरं व नारिं वा ॥ ३ ॥ *

શ્રુતજ્ઞાની અને અવધિજ્ઞાની વગેરે જિનોને વિષે વર એટલે ઉત્તમ, અર્થાત્ કેવલજ્ઞાનીને વિષે પણ વૃષભ સમાન-શ્રેષ્ઠ એટલે તીર્થંકર પદવીને પામેલા એવા શ્રીવર્ધમાન-સ્વામીને, એક જ વાર જો નમસ્કાર કર્યો હોય, તો તે નમસ્કાર કરનાર પુરુષ કે સ્ત્રીને (અથવા કૃત્રિમ નપુંસકને પણ) સંસારરૂપી સમુદ્રથી તારનારો છે.

उज्जितसेलसिहरे, दिक्खा नाणं निसीहिआ जस्स ॥
तं धम्मचक्कवट्टिं, अरिट्ठनेमिं नमंसामि ॥ ४ ॥ +

શ્રીગીરનાર પર્વત પર જે પ્રભુના દીક્ષા, કેવલજ્ઞાન, અને નિર્વાણ એ ત્રણ કલ્યાણક થએલા છે, તે ધર્મચક્રને પ્રવર્ત્તાવનાર શ્રીઅરિષ્ટનેમિ પ્રભુને હું નમસ્કાર કરું છું.

એક વખતે ગીરનાર તીર્થની તળેટીમાં શ્વેતાંબર અને દિગંબર બંને સંપ્રદાયના સંઘો તીર્થયાત્રાએ આવ્યા હતા (જૂઓ ચિત્ર ૯૯). બંને સંઘના સંઘપતિઓ આપસ આપસમાં તીર્થની માલિકી સંબંધી ઝઘડો કરવા લાગ્યા. શ્વેતાંબર સંઘમાં યાત્રાએ આવેલા, જૈનાચાર્યએ તીર્થની અધિષ્ઠાયિકા અંબિકાદેવીની આરાધના કરી. દેવી પ્રત્યક્ષ થઈને બોલી કે તમે ચિંતા ન કરશો. સવારમાં રાજદરબારમાં જજો, અને બંને બાજુની કન્યાઓ પાસે ચૈત્યવંદન સૂત્ર કહેવરાવજો. સવારમાં શ્વેતાંબર સંઘ રાજદરબારમાં ગયો. રાજાએ દિગંબરોને પણ દરબારમાં બોલાવ્યા અને કહ્યું કે, બંને પક્ષની કન્યાઓ પાસે ચૈત્યવંદન સૂત્ર કહેવડાવો. શ્વેતાંબર કન્યાએ सिद्धाणंबुद्धाणं સૂત્રની જેવી ત્રણ ગાથા કહી કે, તરત જ અંબિકાદેવીએ તેણીનાં મુખે વાસ કરીને, उज्जितसेलसिहरे ગાથા કહી. ત્રીજી ગાથામાં જે तारेइनरंवनारिंवा અક્ષરો છે. તે દિગંબરો સ્ત્રીને મુક્તિ માનતા નહીં હોવાથી, આ સ્તુતિ પોતાની છે, તેમ કહી ન શકયા. એટલે સર્વ દરબારીઓએ અને રાજાએ પણ કહ્યું કે :—

* આ ત્રણ ગાથાઓ શ્રીગણધર રચિત છે, તેથી તે અવશ્ય કહેવાની છે.

\+ આ ચોથી ગાથા શ્રીગીરનારતીર્થની અધિષ્ઠાયિકા દેવી અંબિકાએ આપેલી છે.

चत्तारि अट्ठ दस दो, अ वंदिआ जिणवरा चउव्वीसं ॥
परमट्ठनिट्ठिअट्ठा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥ ५ ॥

અષ્ટાપદ પર્વત ઊપર, ભરતચક્રવર્ત્તીએ કરાવેલા ચતુર્મુખ જિન પ્રાસાદમાં દક્ષિણ દિશાએ સંભવાદિક ચાર. પશ્ચિમ દિશાએ સુપાર્શ્વનાથાદિક આઠ, ઉત્તર દિશામાં ધર્મ-નાથાદિ દશ અને પૂર્વદિશાએ ઋષભ–અજિત બે, એ રીતે કુલ ચોવીસ તીર્થંકરો રહેલા છે તેમને મેં વાંદ્યા છે, તેઓને પરમાર્થથી કાંઈપણ કાર્ય કરવાનું બાકી રહ્યું નથી તથા તેઓ સિદ્ધિપદને પામેલા છે તેઓ મને મોક્ષ સુખ આપનારા થાઓ.

આ ગાથા, જે વખતે શ્રીગૌતમસ્વામીજીએ, અષ્ટાપદ પર્વત પર જઈને, ૨૪ તીર્થંકરોને વાંદ્યા હતા, તે જ વખતે તેઓએ બનાવેલી છે. તેની કથા આ પ્રમાણે જાણવી.

એક વખતે શ્રીમહાવીરપ્રભુ, ચંપાનગરીએ પધાર્યા. પ્રભુએ શ્રીગૌતમસ્વામીને, સાલ અને મહાસાલ નામના બે ભાઈઓને પ્રતિબોધ કરવા મોકલ્યા. શ્રીગૌતમસ્વામી બંનેને, પ્રતિબોધી દીક્ષા દઈને, પૃષ્ઠ ચંપાનગરીએ પહોંચ્યા. ત્યાં સાલ, મહાસાલનો ભાણેજ ગંગિલ રાજા રાજ્ય કરતો હતો તે, શ્રીગૌતમસ્વામીને વાંદવા આવ્યો. દેશના સાંભળી પ્રતિબોધ પામ્યો. તેના પિતા પિઠર રાજા, માતા યશોમતી રાણી–બંને સાથે, ગંગિલે દીક્ષા લીધી. શ્રીમહાવીર પ્રભુને વાંદવા માટે, ગૌતમસ્વામી સાથે ચાલવા લાગ્યા. રસ્તામાં ગંગિલ રાજર્ષિ વગેરેને હર્ષના અતિરેકપૂર્વક એવો વિચાર આવ્યો કે, પ્રભુ મહાવીરને ક્યારે વંદન કરીશું. એમ ધ્યાન ધરતાં ધરતાં રસ્તામાં જ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. શ્રીગૌતમસ્વામીની સાથે બધાં ચંપાનગરીએ આવ્યા.

તે પાંચે કેવલજ્ઞાનીઓને, કેવલીની સભા ભણી જતાં જોઈને, ગૌતમસ્વામી બોલાવીને કહેવા લાગ્યા કે, હે શિષ્યો! સ્વામીને વાંદો, ક્યાં જાઓ છો? તે વખતે શ્રીમહાવીર પ્રભુએ કહ્યું કે, હે ગૌતમ! કેવલીની આશાતના ના કર. પછી તરત જ શ્રીગૌતમસ્વામીએ તે, પાંચેને ખમાવ્યા. પરંતુ મનમાં ચિંતવવા લાગ્યા કે, કયા કર્મને લીધે મને કેવલજ્ઞાન ઉત્પન્ન થતું નથી.

તે વખતે, પ્રભુ મહાવીરે, ઇંદ્રને કહ્યું કે, અહીંથી ઉત્તરદિશામાં અષ્ટાપદ પર્વત આવેલો છે. જે પોતાની લબ્ધિએ કરીને, અષ્ટાપદ પર્વત ઊપર ચડી ત્યાં રહેલા, તીર્થંકર દેવોને વંદન કરે, તે કેવલજ્ઞાની થઈને, તે જ ભવમાં મોક્ષ પામે. તે સાંભળી, શ્રીગૌતમસ્વામીએ અષ્ટાપદ જવાનો વિચાર કર્યો. ગૌતમસ્વામીનો વિચાર, ભગવંતે જાણ્યો અને તેઓને અષ્ટાપદ પર્વત જવાની આજ્ઞા આપી.

શ્રીગૌતમસ્વામી અષ્ટાપદે પહોંચ્યા. તે પહેલાં મોક્ષની ઈચ્છાવાળા, તાપસોનાં ત્રણ ગુરુ–૧ કૌડિન્ન, ૨ દિન્ન અને ૩ સેવાલી, દરેક પાંચસો પાંચસોના પરિવાર સાથે. પહેલા

કૌડિન્ન તાપસના પાંચસો શિષ્યો એકાંતરે ઉપવાસ કરતા હતા અને પારણું સામાન્ય કંદ, ફૂલ, ફલ ભક્ષણ કરીને કરતા હતા. બીજા દિન્ન તાપસના પાંચસો શિષ્યો છઠના પારણે છઠ કરતા હતા. પારણામાં સૂકાં પાંદડાંનો જ આહાર કરતા હતા. ત્રીજા સેવાલી તાપસના પાંચસો શિષ્યો, અઠ્ઠમનાં પારણે સૂકી સેવાલનો આહાર કરીને અઠ્ઠમ કરતા હતા. અષ્ટાપદ પર્વતને આઠ મેખલાઓ હતી. તે મેખલાઓ પૈકી પહેલી મેખલાએ પહોંચીને પહેલા પાંચસો, અટકયા હતા. બીજા પાંચસો, છઠના પારણે છઠ કરવાવાળા બીજી મેખલાએ પહોંચીને અટકયા હતા. ત્રીજા પાંચસો અઠમના પારણે અઠમ કરવાવાળા ત્રીજી મેખલાએ પહોંચીને અટકયા હતા. આગળ જઈ શકતા ન હતા. તેવામાં ગજગતિએ ચાલતા, ગજરાજની માફક આવતા, શ્રીગૌતમસ્વામીને દેખીને, પેલા તાપસો વિચારવા લાગ્યા કે, અમારા જેવા મહાતપસ્વી પણ ચઢી શકતા નથી તો, આવો હૃષ્ટપુષ્ટ-સ્થૂલ દેહવાળો કેવી રીતે ચઢી શકશે. તાપસો વિચારતાને વિચારતા રહ્યા અને શ્રીગૌતમસ્વામી, સૂર્યનાં કિરણોનું અવલંબન લઈને ચઢી ગયા (જૂઓ ચિત્ર ૧૦૦).

આ પ્રમાણે દેખીને, તાપસો વિચારવા લાગ્યા કે, જ્યારે એ પાછા વળતાં આવશે, ત્યારે અમે બધાં એમનાં શિષ્ય બની જઇશું. શ્રીગૌતમસ્વામી ચતુર્મુખ પ્રાસાદના દક્ષિણ દિશાનાં દરવાજાથી દાખલ થયા. સંભવ પ્રમુખ ચાર પ્રતિમાઓને વંદન કર્યું. પશ્ચિમ દિશાએ સુપાર્શ્વ પ્રમુખ આઠ પ્રતિમાઓને વંદન કર્યું. ઉત્તરદિશાએ ધર્મનાથ પ્રમુખ દશ પ્રતિમાઓને વંદન કર્યું અને પૂર્વદરવાજે રહેલા, શ્રીઋષભદેવ તથા અજિતનાથ. બે પ્રતિમાઓને નમસ્કાર કરી, ચોવીસે તીર્થંકરો સન્મુખ जगचिंतामणिનું ચૈત્યવંદન કરી, સંધ્યાએ પ્રાસાદ બહાર પર્વત ઊપર પ્રતિક્રમણ કર્યું.

તે વખતે, તિર્યક્જૃંભક દેવતા આવી, શ્રીગૌતમસ્વામીને વંદન કરીને બેઠો. શ્રીગૌતમસ્વામીએ તેની આગળ સાધુઓનાં તપ વગેરે ગુણોની પ્રશંસા કરી. દેવતા વિચાર કરવા લાગ્યો કે, સાધુની તપસ્યાને લીધે દેહ દુર્બલ હોય, તો શ્રીગૌતમસ્વામીનો આવો સુંદરને પુષ્ટ દેહ કેમ છે? તેની શંકાનું નિવારણ કરવાને માટે, શ્રીગૌતમસ્વામીએ પુંડરીક અધ્યયન કે જેની પાંચસો ગાથાઓ છે તે સંભળાવ્યું. આ અધ્યયન સાંભળીને, તે દેવતા સમકિત પામ્યો, તે દેવતાનો જીવ છેલ્લા દશ પૂર્વધર વજ્રસ્વામી થયો.

પ્રભાતે, શ્રીગૌતમસ્વામીજીને પ્રભુ પ્રતિમાઓનાં દર્શન કરીને, નીચે ઊતરતાં જોઈને, તાપસોએ વિનંતી કરી કે, હે સ્વામી! અમને દીક્ષા આપો. તે વખતે, પંદરસો ત્રણ તાપસોને દીક્ષા આપી શ્રીમહાવીરપ્રભુ પાસે જવા નીકળ્યા. રસ્તામાં આવતાં, એક ગામમાં જઈ, પરમાન્ન—ખીર વહોરી લાવ્યા. ગૌતમસ્વામીને અક્ષીણમાણસી લબ્ધિ પ્રાપ્ત થએલી હોવાથી, એક પાતરાની ખીરથી, બધાં તાપસોને પારણું કરાવ્યું. અક્ષીણમાણસી લબ્ધિ એટલે એક પાત્રમાં અંગૂઠો રાખીને, તે પાત્રની વસ્તુ આપવામાં આવે તો કેમે કરી ખૂટે નહીં. લબ્ધિવંત પોતે, તે વસ્તુ જમે તે પછી તે પૂરી થાય.

અઠમની તપસ્યા કરવાવાળા પાંચસોને એક તાપસોને તો, ખીર વાપરતાં જ કેવલ-જ્ઞાન ઉત્પન્ન થયું. પછી છઠની તપસ્યાવાળા પાંચસોને એક તાપસોને, દૂરથી મહાવીર પ્રભુનું સમવસરણ અને તેની બાર પર્ષદા દેખતાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. એકાંતરે ઉપવાસ કરનાર, પાંચસોને એક તાપસોને, સમવસરણમાં બેઠેલા પ્રભુ મહાવીરને દેખતાં જ કેવલ-જ્ઞાન ઉત્પન્ન થયું (જૂઓ ચિત્ર ૧૦૧). આ બધાએ તાપસોને, કેવલજ્ઞાનીની પર્ષદા તરફ જતાં દેખીને, શ્રીગૌતમસ્વામી બોલ્યા કે, હે શિષ્યો ! આ બાજુ આવો, અને પ્રભુ મહાવીરસ્વામીને વંદન કરો.

પ્રભુએ કહ્યું કે, હે ગૌતમ ! કેવલીઓની આશાતના ના કર. ગૌતમસ્વામી વિશેષ ચિંતા કરવા લાગ્યા. તે વખતે પ્રભુએ કહ્યું કે, હે વત્સ ! ચિંતા ન કરીશ. આપણે બંને અંતે, સરખાં જ થઈશું અને મોક્ષે જઈશું. તે સાંભળીને, શ્રીગૌતમસ્વામીને શાંતિ ઉત્પન્ન થઈ. चत्तारिअट्ठदसदोय વાળી ગાથા આ રીતે શ્રીગૌતમસ્વામીએ અષ્ટાપદ પર્વત ઊપર જિન પ્રતિમા-ઓને વંદન કર્યું, તે વખતે બની છે.

## [१८ श्रीवेयावच्चगराणं सूत्र]

**वेयावच्चगराणं संतिगराणं सम्मदिट्ठि समाहिगराणं करेमि काउस्सग्गं अन्नत्थ०**

શ્રી જિનશાસનની વૈયાવચ્ચ કરનારા, શાંતિ કરનારા, અને સમકિતવાળા પ્રાણીઓને સમાધિ કરનારા દેવોની આરાધના કરવા નિમિત્તે હું કાયોત્સર્ગ કરું છું (જૂઓ ચિત્ર ૧૦૨–૧૦૩).

## [ १९ श्रीपंचपरमेष्टिनमस्कार ]

**नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः**

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુને નમસ્કાર થાઓ.

## [२० श्रीकल्लाणकंदं स्तुति]

**कल्लाण कंदं पढमं जिणिंदं, संतिं तओ नेमिजिणं मुणिंदं ॥**
**पासं पयासं सुगुणिक्कठाणं, भत्तीइ वंदे सिरिवद्धमाणं ॥ १ ॥**

કલ્યાણની બુદ્ધિના મૂળરૂપ પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવ પ્રભુને, અને સોળમા શ્રીશાં-તિનાથ ભગવાનને, તથા બાવીશમા શ્રીનેમિનાથ મુનીંદ્રને, તથા સમગ્ર પદાર્થને પ્રકાશ કરનાર ક્ષમા વગેરે સમગ્ર સદ્ગુણના સ્થાનરૂપ શ્રીપાર્શ્વનાથ પ્રભુને તથા ચોવીશમા શ્રીવર્ધમાનસ્વામીને હું ભક્તિપૂર્વક વંદના કરું છું.

**अपारसंसार समुद्दपारं, पत्ता सिवं दिंतु सुइक्कसारं ॥**
**सव्वे जिणिंदा सुरविंदवंदा, कल्लाणवल्लीण विसालकंदा ॥ २ ॥**

જેઓ અપાર એવા સંસારરૂપી સમુદ્રને પાર પામેલા છે, દેવોના સમૂહને પણ જેઓ વાંદવા યોગ્ય–પૂજ્ય છે, તથા જેઓ કલ્યાણરૂપી લતાનું વિશાલ મૂળ–કારણ છે, એવા સર્વ તીર્થંકરો મને સર્વ પવિત્ર વસ્તુઓના સાર રૂપ મોક્ષ આપો.

निव्वाणमग्गे वरजाणकप्पं, पणासियासेसकुवाइदप्पं ॥
मयं जिणाणं सरणं बुहाणं, नमामि निच्चं तिजगप्पहाणं ॥ ३ ॥

જે જિનમત–જિનશાસન મોક્ષમાર્ગને વિષે પ્રધાન રથ સમાન છે. તથા સમગ્ર કુવાદીઓના અહંકારનો નાશ કરનાર છે, તથા તત્ત્વજ્ઞાનીઓને શરણ કરવા લાયક છે, તથા ત્રણ જગતને વિષે પ્રધાન છે, એટલે ત્રણ જગતમાં વર્તતા સર્વ મતો કરતાં આ જિનમત સર્વોત્તમ છે, એવા આ જિનમતને હું નમસ્કાર કરું છું.

कुंदिंदुगोखीरतुसारवन्ना, सरोजहत्था कमले निसन्ना ।
वाएसिरी पुत्थयवग्गहत्था, सुहाय सा अम्ह सया पसत्था ॥ ४ ॥

મચકુંદ–મોગરા–નાં ફૂલ, ચંદ્ર, ગાયનું દૂધ અને બરફ જેવી શ્વેતવર્ણવાળી, કમલ ઊપર બેઠેલી એક હાથમાં કમલ અને બીજા હાથમાં પુસ્તકને ધારણ કરનારી એવી, તે શ્રેષ્ઠ સરસ્વતી દેવી હમેશાં અમને સુખ આપનારી થાઓ.

## [ २१ श्रीसंसारदावानलनी स्तुति ]

संसारदावानलदाहनीरं, संमोहधूलीहरणे समीरं ॥
मायारसादारणसारसीरं, नमामि वीरं गिरिसारधीरं ॥ १ ॥

શ્રીમહાવીર પ્રભુ કે જેઓ સંસારરૂપી દાવાનલના તાપને શાંત કરવામાં જળ સમાન છે, મહામોહનીય કર્મરૂપી ધૂળને ઉડાડી નાંખવા માટે વાયુ સમાન છે, માયારૂપી પૃથ્વીને ખોદી નાંખવામાં તીક્ષ્ણ હળ સમાન છે અને મેરુ પર્વત સરખા ધીર–ધૈર્યવાન છે, તે શ્રીમહાવીરપ્રભુને નમસ્કાર કરું છું.

भावावनामसुरदानवमानवेन–चूलाविलोलकमलावलिमालितानि ।
संपूरिताभिनतलोकसमीहितानि, कामं नमामि जिनराजपदानि तानि ॥ २ ॥

જે ચરણો ભાવથી નમસ્કાર કરતા એવા સુરેંદ્રો, અસુરેંદ્રો, અને નરેંદ્રોના મુગટોમાં રહેલા દેદીપ્યમાન–વિકસ્વર કમળોની માળાઓ વડે પૂજાયેલા છે, તથા જે ચરણોએ સમ્યક્પ્રકારે સેવકજનોના વાંછિત પૂર્ણ કર્યા છે, એવા શ્રીજિનેશ્વરદેવોના તે પ્રસિદ્ધ ચરણોને હું અત્યંત ભાવથી નમસ્કાર કરું છું.

बोधागाधं सुपदपदवीनीरपूराभिरामं,
जीवाहिंसाऽविरललहरीसंगमागाहदेहं ॥



ચિત્ર ૯૧ શ્રીસમેતશીખરજી તીર્થ (પાનું ૬૨)




ચિત્ર ૯૨ શ્રીવરકાણા તીર્થ
(પાનું ૬૩)



ચિત્ર ૯૩ શ્રીનાડોલ તીર્થ
(પાનું ૬૩)




ચિત્ર ૯૪ શ્રીનાડલાઈ તીર્થ
(પાનું ૬૩)



ચિત્ર ૯૫ શ્રીરાણકપુર તીર્થ (પાનું ૬૩)



ચિત્ર ૯૬ મૂછાળા મહાવીર તીર્થ (પાનું ૬૩)




ચિત્ર ૯૭ શ્રીમેરુ પર્વત (પાનું ૬૩)




ચિત્ર ૯૮ શાશ્વતા જિનપ્રાસાદ (પાનું ૬૩)

चूलावेलं गुरुगममणीसंकुलं दूर पारं,
सारं वीरागमजलनिधिं सादरं साधु सेवे ॥ ३ ॥

શ્રીમહાવીર પ્રભુના શ્રેષ્ઠ આગમરૂપી સમુદ્રનું હું આદરપૂર્વક સારી રીતે સેવન કરું છું. જેમ સમુદ્રમાં અગાધજળ હોય છે તેમ, આ આગમરૂપી સમુદ્રમાં અગાધ જ્ઞાન રહેલું છે. તથા આ આગમસમુદ્ર શ્રેષ્ઠ શબ્દોની રચનારૂપી જળના સમૂહ વડે મનોહર દેખાય છે. જેમ ઉપરાઉપરી તરંગોને લીધે સમુદ્રમાં પ્રવેશ કરવો કઠણ છે, તેમ આ આગમસમુદ્ર પણ જીવદયાના સૂક્ષ્મ વિચારરૂપી ઉપરાઉપરી જળતરંગોના સંગમને લીધે દુષ્પ્રવેશ છે. જેમ સમુદ્રના છેડે ઊંચા તટો હોય છે, તેમ આ આગમસમુદ્રને છેડે મોટી મોટી ચૂલિકાઓ હોય છે. જેમ સમુદ્ર મણિઓથી ભરેલો છે, તેમ આ આગમસમુદ્ર મોટા આલાવારૂપી મણિઓથી ભરેલો છે. જેમ સમુદ્રનો પાર-છેડો-અતિ દૂર છે, તેમ આ આગમસમુદ્રનો પાર પામવો એટલે તેનું સંપૂર્ણ રહસ્ય સમજવું અતિ કઠિન છે.

आमूलालोलधूलीबहुलपरिमलालीढलोलालिमाला–
झंकारारावसारामलदलकमलागारभूमीनिवासे ॥
छायासंभारसारे ! वरकमलकरे ! तारहाराभिरामे !
वाणीसंदोहदेहे ! भवविरहवरं देहि मे देवि सारं ॥ ४ ॥

હે શ્રુતદેવી ! મને સર્વોત્તમ મોક્ષનું વરદાન આપો એટલે હું સંસારથી પાર ઉતરું એવું વરદાન આપો. આ શ્લોકમાં શ્રુતદેવીનાં પાંચ વિશેષણો આપ્યાં છે, તે આ પ્રમાણે છે—તે શ્રુતદેવીનો નિવાસ કમલ પર રહેલા ભુવનની મધ્યમા છે. તે કમલ જળના તરંગોને લીધે મૂળ સુધી ચપળ એટલે ડોલતું છે. તથા તેના મકરંદના અત્યંત સુગંધમાં લીન થએલા ચંચળ ભમરાઓના સમૂહના ગુંજાર શબ્દથી તે કમળ શોભાયમાન દેખાય છે અને તે કમળની પાંદડીઓ અત્યંત સ્વચ્છ છે. આવા કમલ ઊપર તે શ્રુતદેવીનું ભુવન રહેલું છે. વળી, તે દેવી કાંતિના સમૂહથી સુશોભિત છે. તેણીના હાથમાં શ્રેષ્ઠ કમલ રહેલું છે. દેદીપ્યમાન હારથી તે મનોહર દેખાય છે અને તેણીનું શરીર દ્વાદશાંગીના સમૂહરૂપ જ છે.

## [ २२ श्रीसुगुरुवंदना सूत्र ]

આ સૂત્રવડે આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્ત્તક, સ્થવિર અને રત્નાધિક એ પાંચ પદસ્થ ગુરુ મહારાજને વંદન કરવામાં આવે છે, તેથી આ સૂત્રનું નામ સુગુરુવંદન રાખવામાં આવેલું છે. જ્યારે ગુરુ મહારાજ શાંત ચિત્તે સન્મુખ આસને બેઠા હોય અને વંદના-

ગ્રહણ કરવાને તૈયાર-ખુશી હોય ત્યારે એમની આજ્ઞા માંગીને વંદના કરવી. પરંતુ ગુરુનું ચિત્ત વ્યાકુળ હોય, અવળા મુખે બેઠા હોય, આહાર નીહારાદિક કરતા હોય અથવા કરવાની તૈયારી કરતા હોય ત્યારે વંદન કરવું નહીં. કેમકે, તે વખતે વંદન કરવાથી ગુરુનો અનાદર અને આશાતના થાય છે. એ વાત ધ્યાનમાં રાખવી. પ્રતિક્રમણ કરતાં, વાચના લેતાં, કાયોત્સર્ગ કરતાં, આલોચના કરતાં, પચ્ચકખાણ કરતાં, અપરાધ ખમાવતાં, પ્રાઘૂર્ણક સાધુ આવે ત્યારે, અને અંત સમયે અનશન આદરતાં અવશ્ય વંદન કરવું જોઈએ.

માત્ર મસ્તક નમાવી વંદન કરવું તે फीट्टावंदन ૧, બે ખમાસમણાં દઈને વંદન કરવું તે थोभवंदन ૨, અને બે વાંદણાં દેવાપૂર્વક વંદન કરવું તે द्वादशावर्त्त वंदन ३ કહેવાય છે (જૂઓ ચિત્ર ૧૦૪). આ ત્રણ વંદન અનુક્રમે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ છે. આ વાંદણાં દેતાં પચીસ આવશ્યક અવશ્ય સાચવવાં જોઈએ. ન સાચવે તો વંદન કરનાર તથા પ્રકારનું નિર્જરાફળ પામે નહીં. તે પચીશ આવશ્યક આ પ્રમાણે જાણવા—

इच्छामि खमासमणोथी આરંભી अणुजाणह પર્યંત બોલતાં પોતાનું અડધું શરીર નમાવવામાં આવે તે પ્રથમ अवनत१ અને ફરી બીજી વાર પણ તે જ રીતે કરવાથી બીજું अवनत२ થાય છે. જનમ વખતે અથવા દીક્ષા વખતે જેવી મુદ્રા હોય તેવી એટલે બે હાથ જોડી લલાટે લગાડવારૂપ મુદ્રા વંદન કરતી વખતે ધારણ કરવી તે यथाजात કહેવાય છે.

अहो,कायं,काय રૂપ ત્રણ અને जत्ता मे जवणिज्जं च मे રૂપ બીજા ત્રણ મળીને એક વખતના વંદનમાં અને તે જ છ બીજી વખતના વંદનમાં મળી બાર आवर्त्त (ગુરુના ચરણ ઊપર પોતાના હસ્તતળ લગાડી પછી પોતાને લલાટે લગાડવારૂપ) થાય છે. પૂર્વના ત્રણ સાથે બાર મળવાથી ૧૫ આવશ્યક થયાં. काय संफासं કહેતાં, ફરીથી પોતાનું મસ્તક નમાવવું. એવી રીતે બીજી વાર વંદન કરતાં બે વાર મસ્તક નમાવવું, એમ સર્વ મળી ચાર વખત मस्तक नमन થાય, તેથી કુલ ૧૯ થયાં. મન, વચન, કાયાને અન્ય વ્યાપારથી નિવર્ત્તાવી વંદન કરતી વખતે સારી રીતે, ગોપવી રાખવા રૂપ ત્રણ गुप्ति જાણવી ૨૨. अणुजाणह मे निसग्गहं કહી બંને વખત વંદન કરતાં ગુરુની આજ્ઞા પામીને અવગ્રહમાં પ્રવેશ કરવો તે બે प्रवेश જાણવા ૨૪. તથા પ્રથમ વંદન કરતી વખતે आवस्सिआए કહીને અવગ્રહમાંથી બહાર નીકળવું તે એક निष्क्रमण સમજવું ૨૫. આ રીતે દ્વાદશાવર્ત્તવંદન કરતી વખતે પચીશ આવશ્યક સાચવવાનાં છે.

## इच्छामि खमासमणो ! वंदिउं जावणिज्जाए निसीहिआए ॥ १ ॥

હે ક્ષમાશ્રમણ ! હું શરીરને અન્ય પાપ વ્યાપારથી નિવૃત્ત કરી શક્તિ પ્રમાણે આપશ્રીને વંદન કરવા ઈચ્છું છું. (આ પ્રમાણે શિષ્ય પૂછે ત્યારે ગુરુ મહારાજ અસ્વસ્થ હોય તો तिविहेण એવો શબ્દ બોલે. આથી શિષ્ય વંદન કરવાની આજ્ઞા મળી

એમ સમજે છે. આથી ગુરુની ઇચ્છા જણાય. શિષ્યે પણ સંક્ષેપથી જ વંદના કરવી. પરંતુ ગુરુ જો સ્વસ્થ હોય તો छंदेण એવો શબ્દ બોલે. તેથી ઇચ્છાનુસાર વંદનની આજ્ઞા મળી એમ સમજે છે).

**अणुजाणह मे मिउग्गहं ॥ २ ॥**

હે ગુરુ મહારાજ! મને સાડા ત્રણ હાથ પ્રમાણ ક્ષેત્રની આજ્ઞા આપો. તે સાંભળી ગુરુ મહારાજ अणुजाणामि હું આજ્ઞા આપું છું એમ કહે. ત્યારે શિષ્ય આ પ્રમાણે કરે–

**निसीहि अहोकायं कायसंफासं खमणिज्जो मे किलामो ॥**
**अप्पकिलंताणं बहुसुभेण भे दिवसो वइक्कंतो ॥ ३ ॥**

પછી શિષ્ય માત્ર ગુરુવંદન સિવાય અન્ય ક્રિયારૂપ વ્યાપારનો નિષેધ કરી, અવગ્રહમાં પ્રવેશ કરી, વિધિપૂર્વક સાધુ હોય તો ડાબા ઢીંચણ ઊપર અને શ્રાવક હોય તો ચરવળા ઊપર મુહપત્તિ મૂકી બે હાથ કપાળે લગાડી ગુરુના ચરણને સ્પર્શ કરતો આ પ્રમાણે બોલે–આપના ચરણોને મારા હાથ અને મસ્તકે કરીને સારી રીતે સ્પર્શ કરવા મને આજ્ઞા આપો. પછી ગુરુની આજ્ઞા મેળવી, ગુરુના ચરણકમલને પોતાના હાથ તથા મસ્તકે કરીને સ્પર્શ કરે. પછી મસ્તકે બે હાથ લગાડી ગુરુની સામે દૃષ્ટિ રાખી खमणिज्जो मे ઇત્યાદિ પદો બોલે. એટલે કે હે ભગવંત! મારા સ્પર્શથી આપને કાંઇ ખેદ થયો હોય તો તે આપ ક્ષમા કરવાને લાયક છો. તથા અલ્પ ગ્લાનિવાળા આપનો આજનો દિવસ સુખે સમાધિએ નિર્ગમન થયો છે? ત્યારે ગુરુ तहत्ति કહે. એટલે હા સુખે સમાધિએ વ્યતીત થયો છે. પછી શિષ્ય આ પ્રમાણે કહે–

**जत्ता भे ? ॥ ४ ॥**

હે પૂજ્ય! આપની તપ, નિયમ, સંયમ અને સ્વાધ્યાયરૂપ યાત્રા નિરાબાધપણે વર્તે છે? ત્યારે ગુરુ કહે કે–तुम्मंपि वट्टए તમારી પણ સંયમયાત્રા નિરાબાધપણે વર્તે છે? ત્યારે શિષ્ય બોલે કે–

**जवणिज्जं च भे ॥५॥**

આપનું શરીર ઇંદ્રિય તથા નોંદ્રિયની પીડા રહિત છે? ત્યારે ગુરુ કહે કે एवं હા. એમ જ છે.

**खामेमि खमासमणो ! देवसिअं वइक्कमं ॥ ६ ॥**

હે ગુરુ મહારાજ! આખા દિવસમાં મેં જે કાંઈ અપરાધ કર્યો હોય તેની હું ક્ષમા માગું છું. ત્યાર પછી શિષ્ય ઊભો થઈ આ પ્રમાણે બોલે.

आवस्सियाए पडिक्कमामि खमासमणाणं देवसिआए आसायणाए तित्तीसन्नयराए जं किंचि मिच्छाए मणदुक्कडाए वयदुक्कडाए कायदुक्कडाए कोहाए माणाए मायाए लोभाए सव्वकालिआए सव्वमिच्छोवयाराए सव्वधम्माइक्कमणाए आसायणाए जो मे अइआरो कओ तस्स खमासमणो पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥७॥

આવશ્યક-અવશ્ય કર્ત્તવ્ય-જે ચરણસિત્તરી અને કરણસિત્તરી વગેરે સેવતાં, પાળતાં, જે કોઈ અતિચાર લાગ્યા હોય તેનાથી હું નિવર્તું છું. વળી, આપ ક્ષમાશ્રમણોની દિવસ સંબંધી તેત્રીસમાંથી કાંઇપણ આશાતના + થઈ હોય, તથા મિથ્યાભાવરૂપ આશાતના થઈ હોય, તથા દુષ્ટ મનથી, દુષ્ટ વચનથી, દુષ્ટ કાયાથી, ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, સર્વકાળ સંબંધી, સર્વમિથ્યા ઉપચારથી એટલે કુડકપટથી, અષ્ટપ્રવચન માતારૂપ સર્વધર્મ કાર્યનું અતિક્રમણ કરવાથી જે કાંઈ આશાતના લાગી હોય અને તેણે કરીને મેં જે અતિચાર કર્યો હોય, તેને હે ક્ષમાશ્રમણ ! ગુરુ ! આપની સમીપે હું પડિક્કમું છું, આત્મસાક્ષીએ નિંદું છું, આપ ગુરુની સાક્ષીએ ગર્હા કરું છું, અને તેવા પાપમય મારા આત્માને હું વોસરાવું છું-તજું છું.

બીજી વારના વાંદણામાં आवस्सिआए એ પદ કહેવું નહીં. અને રાત્રિ પ્રતિક્રમણમાં राइवइक्कंता પાક્ષિક પ્રતિક્રમણમાં पक्खोवइक्कंतो, ચાતુર્માસિક પ્રતિક્રમણમાં चउमासीवइक्कंतो અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં संवच्छरोवइक्कंतो એ રીતે પાઠ કહેવો.

---

+ ગુરુ મહારાજ સંબંધી તેત્રીશ આશાતના અવશ્ય વર્જવી જોઈએ તે આ પ્રમાણે—

ગુરુ મહારાજની અગાડી ચાલવું ૧, ઊભા રહેવું ૨. બેસવું ૩, ગુરુની બંને બાજુએ ચાલવું ૪, ઊભા રહેવું ૫, બેસવું ૬, ગુરુની અત્યંત નજીક અડકીને બેસવું ૭, ઊભા રહેવું ૮, બેસવું ૯, (ખાસ કારણને લીધે આ પ્રમાણે કરવું પડે તો આશય શુદ્ધિથી અને અધિક લાભના કારણથી આશાતના દોષ ગણાતો નથી). ગુરુની પહેલાં ભોજન વખતે ચળુ કે આચમન કરવાથી દોષ લાગે ૧૦, બહારથી ગુરુની સાથે આવ્યા છતાં જો ગુરુની પહેલાં ગમણાગમણને આલોવે એટલે ઈરિયાવહી પડિક્કમે તો ગુરુનો અનાદર થવાથી દોષ લાગે ૧૧, રાત્રિનો સંથારો કર્યા પછી, ગુરુમહારાજ કાંઈ પૂછે કે બોલાવે ત્યારે સાંભળ્યા છતાં ઉત્તર નહીં આપતા મૌન રહે તો દોષ લાગે ૧૨, ગુરુ પાસે આવતા કોઈ ગૃહસ્થાદિકને પોતાનો રાગી કરવા માટે ગુરુની પહેલાં પોતે બોલાવી લે તો દોષ લાગે ૧૩, ભિક્ષાવૃત્તિથી લાવેલા આહારપાણી પ્રથમ ગુરુ પાસે હાજર કરવા જોઈએ અને ગોચરી પણ ત્યાં જ આલોવવી જોઈએ, છતાં તેમ નહી કરતાં પોતાની મરજી પ્રમાણે ગુરુની પહેલાં ઉતાવળ કરી આવેલી ગોચરી કોઈ બીજા સાધુ પાસે આલોવી પછી ગુરુ પાસે આલોવે તો આશાતના લાગે ૧૪, અશનાદિક લાવીને પ્રથમ બીજા સાધુઓને દેખાડી પછી ગુરુને દેખાડે તો આશાતના લાગે ૧૫, અશનાદિક લાવી પ્રથમ સાધુઓને નિમંત્રણ કરી પછી ગુરુને નિમંત્રણ કરે તો આશાતના લાગે ૧૬, ગુરુને પૂછયા વિના બીજા સાધુઓને તેમની ઇચ્છા પ્રમાણે અશનાદિક આપે તો આશાતના લાગે ૧૭, ગુરુની સાથે અશનાદિક ખાતો છતો પોતે સારો સારો આહાર ગ્રહણ કરે તો આશાતના લાગે ૧૮, દિવસે ગુરુએ બોલાવ્યા છતાં જવાબ ન

## વીરા સાળવીની કથા

આવશ્યકના પચીસ બોલ સાચવીને, ભાવપૂર્વક ગુરુવંદન કરનારનાં અનેક ભવનાં કરેલાં કર્મક્ષય થાય છે. ભાવ વિના વંદન કરવાથી થોડું જ ફળ પ્રાપ્ત થાય છે. દ્રવ્ય અને ભાવવંદન ઊપર શ્રીકૃષ્ણ મહારાજા અને વીરા સાળવીની કથા આ પ્રમાણે છે.

બાવીશમા તીર્થંકર શ્રીનેમિનાથપ્રભુ એક વખતે દ્વારિકા નગરીની બહાર સમવસર્યા શ્રીકૃષ્ણવાસુદેવ મહારાજા પ્રભુને વંદન કરવા ગયા (જૂઓ ચિત્ર ૧૦૫). પ્રભુએ દેશનામાં ગુરુવંદનનું ઉત્તમ ફળ બતાવ્યું. ગુરુવંદનનું આ પ્રમાણે ઉત્તમ ફળ સાંભળીને, શ્રીકૃષ્ણ મહારાજાએ મનના ઉત્સાહથી સમવસરણના અઢારે હજાર સાધુઓને દ્વાદશાવર્ત્ત વાંદણાથી વંદન કર્યું. કૃષ્ણ મહારાજાની સાથે આવેલા સોળ હજાર મુગટબદ્ધ રાજાઓએ પણ શ્રીકૃષ્ણની સાથે સાથે સાધુઓને વંદન કરવા માંડયું. પરંતુ રાજાઓ થાકી ગયા અને એકલા કૃષ્ણ મહારાજા અને વીરા નામના સાળવીએ અઢારે હજાર સાધુઓને વંદન કર્યું. નવહજાર સાધુઓને વંદન કરતાં કરતાં, શ્રીકૃષ્ણ મહારાજાને થાક લાગવા માંડયો અને આખા પરસેવાથી રેબઝેબ થઇ ગયા. તે વખતે કૃષ્ણ મહારાજા, શ્રીનેમિનાથ પ્રભુને પૂછવા લાગ્યા (જૂઓ-

---

આપે તો આશાતના લાગે ૧૯, ગુરુ બોલાવે ત્યારે તેમની સામા થઈ 'મને જ દેખ્યો છે? બીજા કોઈ ને કેમ બોલાવતા નથી?' વગેરે કટુક વચન બોલે તો આશાતના લાગે ૨૦, ગુરુ બોલાવે ત્યારે તેમની પાસે જઈ નમ્રપણે જવાબ દેવો જોઈએ તેના બદલે પોતાના આસન પર બેઠા બેઠા જ ઉત્તર આપે તો આશાતના લાગે ૨૧, ગુરુ બોલાવે ત્યારે 'શું છે? કહો ને? શું કહો છો?' ઇત્યાદિ અવિનીત વચન બોલે તો આશાતના લાગે ૨૨, ગુરુ કાંઈ કામ બતાવે તો સામે કહે કે–'તમે કેમ કરતા નથી! મને શા માટે કહો છો?' એમ બોલવાથી આશાતના લાગે ૨૩, ગુરુને તું કરી બોલાવે તો આશાતના લાગે ૨૪, ગુરુ ધર્મકથા કહેતા હોય તે દેખી પોતાનું મનહર્ષિત ન થાય અથવા ગુરુના કોઈ ભક્તને જોઈ પોતે રાજી ન થાય તો આશાતના લાગે, ૨૫, ગુરુ સૂત્રાદિકનું વ્યાખ્યાન કરતા હોય ત્યારે 'તમે ભૂલી ગયા છો, આ વાત તમને યાદ નથી. એનો અર્થ આ પ્રમાણે છે.' એમ કહેવાથી આશાતના લાગે ૨૬, ગુરુ કથા કહેતા હોય ત્યારે તેને છેદી પોતે સભા સમક્ષ બોલવા લાગે અને ચાલતી કથાનો ભંગ કરે તો આશાતના લાગે ૨૭, ગુરુ ધર્મકથા કહેતા હોય તે વખતે વચમાં આવી કહે કે–'હે ગુરુ મહારાજ! ભિક્ષાનો અવસર થયો છે.' ઈત્યાદિક બોલી પર્ષદાનો ભંગ કરે તો આશાતના લાગે ૨૮, ગુરુની પર્ષદા બેઠી હોય તે જ વખતે પોતાની વિદ્વતા જણાવવા માટે ગુરુ મહારાજે વ્યાખ્યાનમાં જે વાત કહી હોય તે જ ફરી ફરી વિસ્તારથી કહે તો આશાતના લાગે ૨૯, ગુરુની શય્યા, સંસ્તારક વગેરેને પોતાના પગ વગેરેથી સંઘટ્ટો કરી પછી મિથ્યાદુષ્કૃત આપી ખમાવે નહીં તો આશાતના લાગે ૩૦, ગુરુની શય્યા કે સંથારાદિક ઊપર પોતે બેસે, આળોટે કે અન્ય રીતે તેનો સ્પર્શ કરે તો આશાતના લાગે ૩૧, ગુરુથી ઊંચા આસને બેસે અથવા ગાદી કરીને બેસે અથવા ગુરુનાં વસ્ત્ર કરતાં વધારે મૂલ્યવાળાં વસ્ત્ર વાપરે તો આશાતના લાગે ૩૨, ગુરુની સમાન આસન રાખવાથી અથવા ગુરુની જેવાં વસ્ત્રો વાપરવાથી પણ આશાતના લાગે ૩૩, (આ આશાતનાઓ **દશાશ્રુતસ્કંધમાં** કહેલી છે). આ આશાતનાઓનો અવશ્ય ત્યાગ કરવો તો જ ગુરુનો વિનય કર્યો કહેવાય છે.

ચિત્ર ૧૦૯) કે-"હે પ્રભુ! મેં ત્રણસોને સાઠ મોટા સંગ્રામો ખેલ્યા છે. તેનાથી જેટલો થાક લાગ્યો ન હતો, તેથી પણ વધુ થાક આજે લાગ્યો છે." પ્રભુએ કહ્યું કે-"જેમ થયું તેમ તમને આજે ઘણો લાભ પ્રાપ્ત થયો છે. સાધુઓને વંદન કરતાં કરતાં, તને ક્ષાયિક સમ્યકૃત્વ પ્રાપ્ત થયું અને તેં તીર્થંકર નામકર્મ ઉત્પન્ન કર્યું, અને અગાઉ કરેલા મહાસંગ્રામાદિક આરંભ કરતાં, તેં સાતમી નરકમાં ઉત્પન્ન થવા યોગ્ય કર્મ ઉપાર્જન કર્યું હતું, તે સાધુઓને વંદન કરવાથી તૂટતાં, ત્રીજી નરક યોગ્ય કર્મ બાકી રહ્યું છે અને તારી દાક્ષિણ્યતાને લીધે, તારી સાથે સાથે દ્રવ્ય વંદન કરનાર વીરા સાળવીને કાંઈપણ ઉત્તમ ફળ પ્રાપ્ત થયું નથી."

## [ २३ सामायिक करेमि भंते सूत्र ]

**करेमि भंते सामाइयं, सावज्जं जोगं पच्चक्खामि, जाव नियमं पज्जुवासामि, दुविहं, तिविहेणं, मणेणं, वायाए, कायेणं, न करेमि, न कारवेमि, तस्स भंते, पडिक्कमामि निंदामि, गरिहामि अप्पाणं वोसिरामि ॥**

હે ભગવન્! હું સામાયિક વ્રત કરું છું. એટલે રાગ, દ્વેષનો અભાવ અને જ્ઞાન, દર્શન તથા ચારિત્રની પ્રાપ્તિરૂપ સામાયિકને કરું છું, અને જ્યાંસુધી આ નિયમનું હું સેવન કરું ત્યાંસુધી ત્રણ પ્રકારે એટલે મન વચન અને કાયાએ કરીને બે કરણનો ત્યાગ એટલે હું પોતે પાપ વ્યાપાર કરું નહીં, તથા બીજા પાસે કરાવું નહીં. હે ભગવન્! પૂર્વે કરેલા તે પાપ વ્યાપારથી હું નિવર્ત્તું છું, તેની હૃદયમાં નિંદા કરું છું. ગુરુની સમક્ષ ગર્હા કરું છું. અને એવા પાપવાળા મારા આત્માને વોસિરાવું છું.

## [ २४ सव्वस वि देवसिअं એટલે प्रतिक्रमण स्थापन सूत्र ]

**इच्छाकारेण संदिसह भगवन्! देवसिअ पडिक्कमणे ठाउं ? इच्छं ।**
**सव्वस वि देवसिअ दुच्चिंतिअ दुब्भासिअ दुच्चिट्ठिअ तस्स मिच्छामि दुक्कडं ॥**

આખો દિવસ મેં જે કાંઈ દુષ્ટ ચિંતવ્યું હોય, દુષ્ટ વચન કહ્યું હોય અને શરીરવડે દુષ્ટ ચેષ્ટા કરી હોય તે સર્વ મારાં પાપ મિથ્યા થાઓ.

## [ २५ अतिचार गाथा सूत्र ]

**नाणम्मि दंसणम्मि अ, चरणम्मि तवम्मि तहय विरियम्मि ।**
**आयरणं आयारो, इअ एसो पंचहा भणिओ ॥ १ ॥**

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, અને વીર્યને વિષે તેની પ્રાપ્તિ નિમિત્તે જે આચરણ કરાય તે આચાર કહેવાય છે. આ પ્રમાણે તે આચાર પાંચ પ્રકારનો કહેલો છે.

**काले विणए बहुमाणे, उवहाणे तह अनिन्हवणे ।**
**वंजण अत्थतदुभए, अट्ठविहो नाणमायारो ॥ २ ॥**

નવું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તથા થયેલા જ્ઞાનની રક્ષા માટે જે અવશ્ય આચરવા યોગ્ય હોય તે જ્ઞાનાચાર કહેવાય છે. તેના આઠ પ્રકાર આ પ્રમાણે જાણવા–શાસ્ત્રમાં જે સૂત્ર ભણવાની આજ્ઞા આપી હોય તે વખતે તે સૂત્ર ભણવું, તે કાળાચાર કહેવાય છે. ૧. જ્ઞાનીઓ તથા જ્ઞાનના સાધનરૂપ પુસ્તકાદિકનો વિનય કરવો તે વિનયાચાર કહેવાય છે. ૨. જ્ઞાનીઓ તથા જ્ઞાનના ઉપકરણોનો અંતરંગથી આદર કરવો તે બહુમાન કહેવાય છે. ૩. આગળ ભણવાને માટે, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે જે તપક્રિયા કરવામાં આવે તે ઉપધાન કહેવાય છે. ૪. ભણાવનાર ગુરુને ઓળવવો નહીં એટલે જેની પાસે ભણ્યા તેનું નામ નહીં દેતાં બીજા પાસે ભણ્યાનું કહેવું– આવું મિથ્યા કથન કરવું, તે અનિન્હવ કહેવાય છે. ૫. સૂત્રના અક્ષરોનો શુદ્ધ ઉચ્ચાર કરવો તે વ્યંજનાચાર કહેવાય છે ૬. સૂત્રનો અર્થ સાચો કરવો તે અર્થાચાર કહેવાય છે. ૭. તથા સૂત્ર અને અર્થ, બંને શુદ્ધ બોલવા તે તદુભયાચાર કહેવાય છે ૮. આ આઠ પ્રકારના જ્ઞાનાચારથી જે વિપરીત આચરણા કરવી તે અતિચાર કહેવાય છે. તેના પણ કાલાતિચાર, વિનયાતિચાર ઇત્યાદિ તેના તે જ ભેદો જાણવા, એમ સર્વત્ર જાણી લેવું.

**निस्संकिअ निक्कंखिअ, निव्वितिगिच्छा अमूढदिट्ठी अ ।**
**उववूहथिरीकरणे, वच्छल्ल पभावणे अट्ठ ॥ ३ ॥**

વીતરાગના વચનમાં દેશથી કે સર્વથી શંકા ન કરવી તે નિઃશંકિત ૧. જિનમત વગર બીજા કોઈપણ મતની ઇચ્છા ન કરવી તે निष्कांक्षित ૨. ધર્મના ફળમાં શંકા ન કરવી તે, અથવા સાધુ સાધ્વીઓનાં શરીર, વસ્ત્ર, વગેરે મલિન દેખી દુગંછા ન કરવી તે निर्विचिकित्सा અથવા निर्विजुगुप्सा ૩. મિથ્યાત્વીના અજ્ઞાનકષ્ટ, મંત્ર કે ચમત્કાર દેખી, તેના પર મોહ ન પામવો તે અમૂઢદષ્ટિ. ૪. સમકિતધારીના અલ્પગુણની પણ શુદ્ધ મનથી પ્રશંસા કરી તેને ધર્મમાર્ગમાં ઉત્સાહવાળો કરવો તે उपबृंहणा ૫. જેને ધર્મની પ્રાપ્તિ થઈ ન હોય તેને ધર્મ પમાડવો અને જે ધર્મ પામેલો હોય તેની ધર્મમાં સ્ખલના થાય તો તેને ધર્મમાં પાછો દૃઢ કરવો તે स्थिरीकरण. ૬. સાધર્મીબંધુનું અનેક પ્રકારે હિત કરવું તે वात्सल्य. ૭. તથા અન્યધર્મીઓ પણ જૈનશાસનની અનુમોદના કરે તેવાં કાર્ય કરવાં તે प्रभावना. ૮. આ આઠ પ્રકાર दर्शनाचारના છે.

**पणिहाण जोगजुत्तो, पंचहिं समिइहिं तीहिं गुत्तीहिं ।**
**एस चरित्तायारो, अट्ठविहो होइ नायव्वो ॥ ४ ॥**

આ ચારિત્રાચાર મનોયોગ, વચનયોગ અને કાયયોગની એકાગ્રતાએ કરીને યુકત છે, તે પાંચ સમિતિ અને ત્રણગુપ્તિ વડે કરીને આઠ પ્રકારનો છે.

बारसविहम्मि वि तवे, सब्भिंतरबाहिरे कुसलदिट्ठे ।
अगिलाइ अणाजीवी, नायव्वो सो तवायारो ॥ ५ ॥

તીર્થંકરોએ છ અભ્યંતર અને છ બાહ્ય એમ તપના બાર ભેદ કહેલા છે. તેમાંથી કોઈપણ કરતાં ખેદ થવો ન જોઈએ. તથા તે તપ આજીવિકાને માટે થવો ન જોઈએ. એવી રીતે મૂર્છારહિત પણે કરેલો તપ તે તપાચાર કહેવાય છે.

अणसणमूणोअरिआ, वित्तीसंखेवणं रसच्चाओ ।
कायकिलेसो संलीणया य वज्झो तवो होइ ॥ ६ ॥

છ પ્રકારનો બાહ્ય તપ આ પ્રમાણે જાણવો–થોડા કાળ સુધી કે ઘણા કાળ સુધી ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો તે अनशन કહેવાય છે. ૧ પોતાના નિયમિત ખોરાકથી પાંચ, સાત કોળિયા ઓછા ખાવા, વસ્ત્ર પાત્રાદિક ઓછા રાખવા તે ऊणोदरी કહેવાય છે. ૨. ખાવાપીવાની કે ભોગોપભોગની વસ્તુઓ ઓછી કરવી તે वृत्तिसंक्षेप કહેવાય છે. ૩. ઘી, દૂધ વગેરે વિગયનો થોડો અથવા અધિક ત્યાગ કરવો અથવા તેના તરફની લોલુપતાનો ત્યાગ કરવો તે रसत्याग કહેવાય છે. ૪. કેશના લોચ વગેરેનું કષ્ટ સહન કરવું તે कायक्लेश કહેવાય છે. ૫. વિષયાદિકની ઉદીરણા કરવી નહીં તથા અંગોપાંગ સંકોચી રાખવા તે संलीनता કહેવાય છે. ૬. આમાંનો કોઈપણ તપ કરનાર મનુષ્ય બાહ્યદૃષ્ટિથી તપસ્વી કહેવાય છે, તેથી આ છ પ્રકારો બાહ્ય તપમાં ગણાય છે.

पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं उवसग्गोवि अ, अब्भिंतरओ तवो होइ ॥ ७ ॥

છ પ્રકારનો અભ્યંતર તપ આ પ્રમાણે જાણવો—ગુરુ સન્મુખ લાગેલો દોષ પ્રગટ કરી તેના નિવારણ માટે ગુરુએ જે આલોયણ આપી હોય તે પ્રમાણે કરવું તે प्रायश्चित તપ કહેવાય છે. ૧. જ્ઞાન તથા જ્ઞાનીનો વિનય કરવો તે विनयतप કહેવાય છે ૨. ગુરુ, ગ્લાન, બાળ વગેરે સાધુઓની આહાર, પાણી, ઔષધ વગેરે વડે ભક્તિ કરવી તે वैयावच्च તપ કહેવાય છે. ૩. વાચના, પૃચ્છના, પરાવર્ત્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એ પાંચ પ્રકારે શાસ્ત્રનો અભ્યાસ કરવો તે स्वाध्याय તપ કહેવાય છે. ૪. આર્ત્ત અને રૌદ્રનો ત્યાગ કરી, ધર્મ અને શુક્લ ધ્યાનમાં પ્રવર્ત્તવું તે ध्यान તપ કહેવાય છે. ૫. તથા કર્મના ક્ષય માટે કાયાનો ત્યાગ કરવો એટલે શરીર પરની મૂર્છાનો ત્યાગ કરવો તે ઉત્સર્ગ–કાયોત્સર્ગ કહેવાય છે. ૬. આમાંનો કોઈ પણ તપ કરનાર મનુષ્ય સામાન્ય દૃષ્ટિવડે તપસ્વી કહેવાતો નથી, પરંતુ શાસ્ત્રદૃષ્ટિએ જોતાં તે અવશ્ય તપસ્વી છે, તેથી આ અભ્યંતર તપ કહેવાય છે.


अणिगुहिअबलविरिओ, परक्कमइ जो जहुत्तमाउत्तो ।
जुंजइ अ जहाथामं, नायव्वो वीरियाआरो ॥ ८ ॥




ચિત્ર ૯૯ શ્રીગીરનારજી તીર્થની તળેટીમાં શ્વેતાંબર-દિગંબર જૈન સંઘ (પાનું ૭૨)



ચિત્ર ૧૦૦ શ્રીઅષ્ટાપદ તીર્થ (પાનું ૭૪)



ચિત્ર ૧૦૧ પ્રભુ શ્રીમહાવીરનું સમવસરણ (પાનું ૭૫)




ચિત્ર ૧૦૨–૧૦૩ શાસનદેવ અને શાસનદેવી અંબિકાનાં રૂપો (પાનું ૭૫)





ચિત્ર ૧૦૪ શ્રાવક ગુરુને દ્વાદશાવર્ત્ત વંદન કરે છે (પાનું ૭૮)




ચિત્ર ૧૦૫ શ્રીકૃષ્ણ વાસુદેવ શ્રીનેમિનાથજીને વંદન કરવા જાય છે (પાનું ૮૧)



ચિત્ર ૧૦૬ શ્રીકૃષ્ણ વાસુદેવ અને વીરો સાળવી સાધુઓને વંદન કરે છે (પાનું ૮૨)




ચિત્ર ૧૦૭ શ્રીમહાવીર સ્વામી ચિત્ર ૧૦૮ શ્રેણિક રાજા ચિત્ર ૧૦૯ શ્રીપદ્મનાભ તીર્થંકર (પાનું ૮૯)

બળવીર્યને ગોપવ્યા વિના તથા સાવધાન પણે ઉદ્યમવંત થઇને જે મનુષ્ય શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પરાક્રમ કરે અને શક્તિ પ્રમાણે તે તે ધર્મક્રિયાદિકમાં પ્રવૃત્તિ કરે, તે વીર્યાચાર કહેવાય છે.

## [ २६ देवसिअं आलोउं (આલોચના) सूत्र ]

इच्छाकारेण संदिसह भगवन् ! देवसिअं आलोउं । इच्छं, आलोएमि जो मे० ॥

હે ભગવન્ ! દિવસ સંબંધી પાપની આલોચના કરવા માટે આપની ઇચ્છા પ્રમાણે મને આજ્ઞા આપો. ત્યારે ગુરુ तहत्ति કહી આજ્ઞા આપે. પછી શિષ્ય કહે કે इच्छं આપની આજ્ઞા હું સ્વીકારું છું. પછી શિષ્ય બોલે કે, आलोएमि હું આલોચું છું.

## [ २७ इच्छामि ठामि सूत्र ]

इच्छामि ठामि काउस्सग्गं ॥

હું કાયોત્સર્ગ કરવા ઇચ્છું છું. કાયોત્સર્ગ કરું છું.

### देवसिअं आलोउं सूत्र

जो मे देवसिओ, अइआरो कओ काइओ वाइओ माणसिओ, उस्सुत्तो, उम्मग्गो, अकप्पो, अकरणिज्जो, दुज्झाओ, दुव्विचिंतिओ, अणायारो, अणिच्छिअव्वो, असावग-पाउग्गो नाणे दंसणे चरित्ताचरित्ते सुइए सामाइए तिण्हं गुत्तीणं, चउण्हं कसायाणं, पंचण्हमणुव्वयाणं, तिण्हं गुणव्वयाणं, चउण्हं सिक्खावयाणं, बारसविहस्स सावगधम्मस्स जंखंडिअं, जं विराहिअं, तस्स मिच्छामि दुक्कडं ॥

ઊપર કહ્યું કે હું ઇચ્છું છું કે હું દિવસ સંબંધી પાપોની આલોચના કરું છું—જ્ઞાન, દર્શન, દેશવિરતિરૂપ ચારિત્ર, શ્રુતધર્મ અને સામાયિક, આટલા વિષયમાં મેં આખો દિવસ જે કાયિક કે માનસિક અતિચાર સેવન કર્યો હોય, તે સંબંધી મારું પાપ મિથ્યા થાઓ. તેમજ સૂત્રવિરુદ્ધ માર્ગવિરુદ્ધ, આચાર વિરુદ્ધ, નહીં કરવા લાયક, દુર્ધ્યાન કર્યું હોય, દુષ્ટ ચિંતવન કર્યું હોય, નહીં આચરવા યોગ્ય, નહીં ઇચ્છવા યોગ્ય, અને શ્રાવકને નહીં કરવા યોગ્ય, એ સર્વ સંબંધી જે કાંઇ અતિચાર સેવ્યો હોય તે સંબંધી મારું પાપ મિથ્યા થાઓ. તથા ચાર કષાય દ્વારા ત્રણ ગુપ્તિ સંબંધી, પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, અને ચાર શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારના શ્રાવકધર્મ સંબંધી જે કાંઇ વ્રત ખંડિત થયું હોય, અથવા તેને વિષે જે કાંઇ વિરાધના થઈ હોય તે સંબંધી પણ મારું પાપ મિથ્યા થાઓ.

## [ २८ वंदित्तु–श्रावकनुं प्रतिक्रमण × सूत्र ]

શ્રાવકને દિવસ સંબંધી લાગેલા અતિચારને આલોવવા માટે આ સૂત્ર સાંજે અર્ધ-સૂર્ય અસ્ત પામેલો હોય તે વખતે કહેવાનું છે. શ્રાવકનાં બારવ્રત વગેરેમાં લાગેલા ૧૨૪ અતિચાર આ સૂત્રવડે આલોવવામાં આવે છે.

પ્રગટ થએલા ગુણને જે મલિન કરે તે અતિચાર કહેવાય છે. અને પ્રગટ થએલા ગુણનો જે સર્વથા નાશ કરે તે ભંગ કહેવાય છે. અમુક અપેક્ષાએ વ્રતનો ભંગ અને અમુક અપેક્ષાએ તેનો અભંગ થાય તે અતિચાર છે. કારણ કે પોતાને પ્રાણાતિપાત વિરમણ વ્રત છે, તેણે, ચૌરાદિકને ખૂબ માર્યો. તેમાં તેણે તેના પ્રાણનો વિયોગ કર્યો નહીં તેથી તેના વ્રતનો ભંગ થતો નથી, પરંતુ નિર્દ્ધંસ પરિણામ થવાથી દયાનો નાશ થયો તથા મારવાથી કદાચ મરણ પણ થાય, તેથી તે પ્રાણવિયોગનું કારણ હોવાથી કાંઇક ભંગ પણ થયો. તે અતિચાર કહેવાય છે.

वंदित्तु सव्वसिद्धे, धम्मायरिए अ सव्वसाहूअ ।
इच्छामि पडिक्कमिउं, सावगधम्माइआरस्स ॥ १ ॥

સર્વ એટલે સર્વને હિતકારક એવા સિદ્ધોને એટલે અરિહંત તથા સિદ્ધને અથવા સર્વ એટલે તીર્થંકર, અતીર્થંકર વગેરે પંદર ભેદે જે સિદ્ધ થયા તેમને, ધર્માચાર્યોને એટલે સમ્યગ્ધર્મ આપનાર ગુરુ મહારાજને તથા સર્વ સાધુઓને એટલે આચાર્ય, ઉપાધ્યાય પ્રવર્ત્તક, સ્થવિર વગેરે સર્વ મુનિઓને વંદન કરીને, શ્રાવધકર્મને વિષે લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરવા હું ઈચ્છું છું. ૧. પહેલાં સામાન્ય રીતે બારવ્રતના તથા જ્ઞાનાદિકના અતિચારોને આલોવે છે.

जो मे वयाइआरो, नाणे तह दंसणे चरित्तेअ ।
सुहुमो व बायरो वा, तं निंदे तं च गरिहामि ॥ २ ॥

બારવ્રતોના કુલ અતિચારો ૭૫ છે, તેમાં સાતમા વ્રતના વીશ છે અને બાકીના અગ્યાર વ્રતના પાંચ પાંચ હોવાથી ૫૫ છે, બંને ભેગા મળી ૭૫ થાય છે. તથા જ્ઞાનના આઠ, દર્શનના આઠ અને તેમાં સમકિતના શંકાદિક પાંચ ઉમેરવાથી ૨૧ અતિચારો છે. તથા ચારિત્રના આઠ છે ચ શબ્દથી સંલેખનાના પાંચ, તપના બાર અને વીર્યાચારના ત્રણ અતિચાર છે, સર્વ મળી ૧૨૪ અતિચાર છે. તેમાંનો સૂક્ષ્મ કે બાદર જે કોઈ અતિચાર મારાથી થયો હોય, તેને હું આત્મસાક્ષીએ નિંદું છું અને ગુરૂ સાક્ષીએ ગર્હા કરું છું. ૨

× જીવ પ્રમાદને લીધે પોતાના સ્થાનેથી બીજા સ્થાને ગયો હોય, ત્યાંથી પાછા ફરી પોતાના સ્થાને આવવું તે પ્રતિક્રમણ કહેવાય છે. જીવને પોતાનું સ્થાન ધર્મ બીજાનું સ્થાન અધર્મ છે.

दुविहे परिग्गहम्मी, सावज्जे बहुविहेअ आरंभे ।
कारावणे अ करणे, पडिक्कमे देसिअं सव्वं ॥ ३ ॥

મોટા ભાગે સર્વવ્રતોના અતિચારો પરિગ્રહ અને આરંભથી જ ઉત્પન્ન થાય છે, તેથી સામાન્ય પણે તેના જ અતિચારોને આલોવે છે. તેમાં પરિગ્રહના બે ભેદ છે-સચિત્ત અને અચિત્ત, અથવા બાહ્ય અને અભ્યંતર. તેમાં ધનધાન્યાદિક બાહ્ય પરિગ્રહ કહેવાય છે અને મિથ્યાત્વ, અવિરતિ વગેરે અભ્યંતર પરિગ્રહ કહેવાય છે તથા કૃષિ, વાણિજ્ય વગેરે આરંભ કહેવાય છે. તે પરિગ્રહ અને આરંભને કરવામાં, કરાવવામાં કે અનુમોદના કરવામાં જે કાંઈ દિવસ સંબંધી સૂક્ષ્મ અથવા બાદર અતિચાર લાગ્યો હોય તે સર્વને હું પડિકકમું છું. અહીં જિનપ્રતિમા, તીર્થયાત્રા, રથયાત્રા વગેરેને નિમિત્તે શાસનની પ્રભાવના માટે પરિગ્રહ રાખવો પડે અને ચૈત્ય કરાવવું, સંઘ વાત્સલ્ય કરવું વગેરે કાર્યમાં આરંભ કરવો પડે તે ધર્મ નિમિત્તે હોવાથી તે સંબંધી પ્રતિક્રમણ કરવાનું નથી, એમ જણાવવા માટે સાવદ્ય એટલે પાપ સહિત એ વિશેષણ આપ્યું છે, તથા સાવદ્ય એવા પણ કેટલાક પરિગ્રહ અને કેટલાક આરંભ વિના ગૃહસ્થીઓનો નિર્વાહ થઈ શકતો નથી, તેથી બહુવિધે એટલે નિઃશૂકપણાએ કરીને અનેક પ્રકારનો એ વિશેષણ આપ્યું છે. અર્થાત્ સાવદ્ય અને અનેક પ્રકારના એ બંને વિશેષણવાળા પરિગ્રહ અને આરંભને નિમિત્તે આ પ્રતિક્રમણ છે. ૩.

जं बद्धमिंदिएहिं, चउहिं कसाएहिं अप्पसत्थेहिं ।
रागेण व दोषेण व, तं निंदे तं च गरिहामि ॥ ४ ॥

અપ્રશસ્ત એવા શ્રોત્રાદિક પાંચ ઇંદ્રિયોવડે, ક્રોધાદિક ચાર કષાયવડે અને ઉપલક્ષણથી મન, વચન, કાયાના યોગવડે રાગ કે દ્વેષને લીધે જે કાંઈ અતિચારરૂપ અશુભકર્મ મેં બાંધ્યું હોય, તેની હું આત્મસાક્ષીએ નિંદા અને ગુરુ સાક્ષીએ ગર્હા કરું છું ૪.

અહીં ઇંદ્રિયો પ્રશસ્ત અને અપ્રશસ્ત આ રીતે કહી શકાય છે-દેવાદિકના ગુણ વગેરે સાંભળવામાં કાન, તેમનું દર્શન કરવાથી ચક્ષુ, દેવાદિકની પૂજા નિમિત્તે કેસર, કપૂર વગેરેની ગંધ પરીક્ષા કરવામાં નાક, સ્વાધ્યાય અને દેવાદિકની સ્તુતિ કરવામાં જીભ તથા જિનેશ્વરની સ્નાત્રાદિક પૂજા કરવામાં સ્પર્શઇંદ્રિય પ્રશસ્ત છે. તથા ઈષ્ટ અનિષ્ટ શબ્દ સાંભળવાથી રાગ દ્વેષ થાય, તે શ્રોત્રેંદ્રિય અપ્રશસ્ત છે. ૧. સ્ત્રીના સુંદર અંગોપાંગ જોવાથી રાગ થાય અને અનિષ્ટ વસ્તુ જોવાથી દ્વેષ થાય તે ચક્ષુઈંદ્રિય અપ્રશસ્ત છે. ૨. સુગંધી અથવા દુર્ગંધી વસ્તુ સુંઘવાથી રાગ અને દ્વેષ થાય તે ઘ્રાણેંદ્રિય અપ્રશસ્ત છે ૩. વિકથાદિકમાં પ્રવર્ત્તેલી જીભ રાગ દ્વેષનો હેતુ હોવાથી તથા ઈષ્ટ, અનિષ્ટ આહાર કરવાથી રાગ દ્વેષ થાય તે જિંહ્વા ઇંદ્રિય અપ્રશસ્ત છે ૪. અને સ્ત્રી આદિક ઈષ્ટ વસ્તુના સ્પર્શથી રાગ થાય તથા કંટકાદિકના સ્પર્શથી દ્વેષ થાય તે સ્પર્શ ઇંદ્રિય અપ્રશસ્ત છે. ૫.

કષાય પણ પ્રશસ્ત અને અપ્રશસ્ત આ પ્રમાણે છે–અવિનીત શિષ્યાદિક પરિવારને શિક્ષા આપવા માટે ક્રોધ થાય તે પ્રશસ્ત છે અને કોઈ સાથે કલહાદિક કરતા ક્રોધ થાય તે અપ્રશસ્ત છે ૧. સુદેવાદિકને નમવું અને કુદેવાદિકને ન નમવું ઈત્યાદિક પ્રતિજ્ઞાનો નિર્વાહ કરવા માટે માન રાખવો તે પ્રશસ્ત છે અને નમન કરવાદિક યોગ્ય દેવાદિકને ન નમવું તે અપ્રશસ્ત માન છે. ૨. વ્યાધની પાસે મૃગાદિકનો અપલાપ કરવામાં, વ્યાધિવાળાને કડવું ઓસડ પાવામાં તથા દીક્ષામાં વિઘ્ન કરનાર એવા માતાપિતાદિકને સમજાવવામાં જે માયા કરવી પડે તે સ્વપરને હિતકારક હોવાથી પ્રશસ્ત છે, અને દ્રવ્યાદિકની ઈચ્છાથી પરવંચના કરવામાં જે માયા કરવી તે અપ્રશસ્ત છે. ૩. તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર, વિનય, વૈયાવચ્ચ, શિષ્ય વગેરેનો સંગ્રહ કરવામાં જે લોભ રાખવો, તે પ્રશસ્ત છે. અને ધનાદિકના સંગ્રહમાં લોભ કરવો તે અપ્રશસ્ત છે ૪.

ત્રણ યોગ પણ પ્રશસ્ત, અપ્રશસ્ત આ પ્રમાણે છે–ધર્મ, શુક્લધ્યાનમાં મનને પ્રવર્તાવવું તે પ્રશસ્ત અને આર્ત્ત, રૌદ્ર ધ્યાનમાં પ્રવર્તાવવું તે અપ્રશસ્ત મનોયોગ છે. ૧. દેવ, ગુરુના વર્ણનમાં પ્રવર્તતી વાણી પ્રશસ્ત છે અને ચોરી વગેરેના આક્ષેપ કરવામાં પ્રવર્તતી વાણી તે અપ્રશસ્ત છે ૨. સામાયિક, પ્રતિક્રમણાદિ ધર્મકૃત્યમાં પ્રવર્તતી કાયા પ્રશસ્ત છે અને વિષય, દ્યુતાદિકમાં પ્રવર્તતી કાયા તે અપ્રશસ્ત છે. ૩.

**आगमणे निग्गमणे, ठाणे चंकमणे अणाभोगे।**
**अभिओगे अनिओगे, पडिक्कमे देसिअं सव्वं ॥ ५ ॥**

અનાભોગને લીધે એટલે રાજાદિકના અભિયોગથી એટલે બલાત્કારથી અથવા મંત્રી, શ્રેષ્ઠી આદિક અધિકારીની પરતંત્રતાને લીધે મિથ્યાદષ્ટિના રથયાત્રાદિક ઉત્સવો જોવા માટે આવવું પડ્યું હોય, ઘરમાંથી બહાર નીકળવું પડ્યું હોય, મિથ્યાદષ્ટિના ચૈત્યાદિકમાં ઊભા રહેવું પડ્યું હોય અથવા ત્યાં ચોતરફ ફરવું પડ્યું હોય, તેમ કરવામાં દર્શન સંબંધી મને જે કોઈ દિવસે દોષ લાગ્યો હોય તે સર્વને હું પડિકકમું છું ૫.

**संकाकंख विगिच्छा, पसंस तह संथवो कुलिंगीसु।**
**सम्मत्तस्सइआरे, पडिक्कमे देसिअं सव्वं ॥ ६ ॥**

વીતરાગના વચન પર દેશથી અથવા સર્વથી શંકા કરવી તે શંકા નામનો અતિચાર. ૧. અન્યમતની ઇચ્છા કરવી તે કાક્ષાંતિચાર ૨. ધર્મક્રિયા કરી પછી તેના ફલને વિષે સંદેહ કરવો કે મને આ ધર્મનું ફળ મળશે કે નહીં ? તે વિચિકિત્સાતિચાર અથવા સાધુ, સાધ્વીના મલિન શરીર અને વસ્ત્રાદિક દેખી તેની નિંદા કરવી તે જુગુપ્સાતિચાર ૩, મિથ્યાત્વીઓની તથા તેઓની ધર્મક્રિયા વગેરેની પ્રસંશા કરવી તે પ્રસંશાતિચાર. ૪. અને મિથ્યાદર્શનીઓનો પરિચય કરવો તે કુલિંગીસંસ્તવાતિચાર. ૫. આ પાંચ અતિચારોને આથી મેં જે અશુભકર્મ બાંધ્યું હોય તેનું પ્રતિક્રમણ કરું છું. ૬.

શુદ્ધ સમકિતનું પાલન કરવાથી, શ્રેણિક રાજા તથા શ્રીકૃષ્ણ મહારાજા જેવા અવિરતી હોવા છતાં તીર્થંકર પદવી આવતી ચોવીશીમાં પામશે. આ વાત જૈનધર્મમાં પ્રસિદ્ધ છે. રાજા શ્રેણિક આવતી ચોવીશીમાં પદ્મનાભ નામના પહેલા તીર્થંકર થવાનાં છે (જૂઓ ચિત્ર ૧૦૭ થી ૧૦૯).

## શંકા ઊપર દૃષ્ટાંત કહે છે.

એક વખતે બે બ્રાહ્મણો ધન મેળવવા માટે એક સિદ્ધ પુરુષની સેવા કરતા હતા (જૂઓ ચિત્ર ૧૧૦). કેટલોક સમય વીતી ગયા પછી તે સિદ્ધ પુરુષ પ્રસન્ન થયો અને બોલ્યો કે, આ કંથા છ માસ સુધી ગળામાં રાખવી, છ માસ સુધી આ કંથા ગળામાં રાખી મૂકશે તેને છ માસ પછી દરરોજ પાંચસો સોના મહોરો પ્રાપ્ત થશે, એમ કહી સિદ્ધ પુરુષે તે બંને બ્રાહ્મણોને એક એક કંથા આપી. તેમાંના એકે તે કંથા ગળામાં પહેરીને, કંથા પાસે સોનૈયા માંગ્યા. કંથાએ સોનૈયા નહીં આપવાથી, રસ્તામાં નદી આવી, તે વખતે તે વિચારવા લાગ્યો કે, માંગવા છતાં પણ કંથા સોનૈયા તો આપતી નથી અને ગળામાં કંથા દેખીને લોકો મશ્કરી કરશે એમ સમજીને ગળાની કંથા નદીમાં નાંખી દીધી. બીજાએ એકાગ્રચિત્તે, છ મહિના સુધી કંથા ગળામાં પહેરી રાખી તેને છ મહિના પછી સિદ્ધ પુરુષના કહેવા પ્રમાણે દરરોજ પાંચસો સોનામહોરો પ્રાપ્ત થવા લાગી. આ દૃષ્ટાંતથી ધર્મના ફલ માટે શંકા ન કરવી.

## કાંક્ષા ઊપર દૃષ્ટાંત કહે છે.

એક બ્રાહ્મણ ધારાદેવીની દરરોજ આરાધના કરતો હતો. લોકો પાસેથી ચામુંડાદેવીની પ્રસંશા સાંભળીને, તેને ચામુંડાદેવીની આરાધના કરવાની શરુ કરી. એક વખતે નદીમાં પૂર આવવાથી, તે મોટા અવાજે બોલ્યો કે, હે ધારાદેવી! તારો સેવક પાણીમાં ડુબે છે, માટે તેને ઉગારી લે. અરે ચામુંડાદેવી! તમે પણ સેવકની મદદે આવીને મને નદીના પાણીમાં ડૂબતો બચાવી લો (જૂઓ ચિત્ર ૧૧૧). તે વખતે બંને દેવીઓ ત્યાં હાજર થઈ. પરંતુ, બંને દેવીઓ એક બીજા પર અદેખાઈ રાખતી હોવાથી, કોઈએ બ્રાહ્મણને મદદ ન કરી. બિચારો બ્રાહ્મણ અંતે ડૂબી ગયો. જો તે એકની જ આરાધના કરતો હોત તો ઉગરી જાત.

## વિચિકિત્સા ઊપર આષાઢાભૂતિનું દૃષ્ટાંત

આષાઢાભૂતિ નામના આચાર્ય ભગવંતે ઘણાં શિષ્યોને નિર્જરા કરાવી દેવલોકે પહોંચાડયા. એક વખતે એક લઘુ શિષ્યને નિર્જરા કરાવતાં કરાવતાં કહ્યું કે, હે શિષ્ય! જો તું દેવલોકમાં ઉત્પન્ન થાય તો મને દર્શન આપજે. શિષ્યે હા પાડી. શિષ્ય અણસણ કરીને, સમાધિ પૂર્વક કાળ કરીને દેવલોકમાં ઉત્પન્ન થયો. દેવલોકમાં તે દેવલોકની

ઋદ્ધિ તથા દેવાંગનાઓનાં રૂપમાં મોહિત થઇ જવાથી તત્કાલ આવી ન શક્યો. દેવલોકનાં સુખોમાં લીન થએલો શિષ્ય કેટલાક વખત સુધી નહીં આવવાથી, આચાર્યે વિચાર્યું કે, મારો શિષ્ય દેવતા થયો હોય તો, જરૂર આવ્યા વગર રહે નહીં. પણ હું માનું છું કે, દેવલોકાદિક છે જ નહીં. આટલા દિવસ જે જપ, તપ, નિયમ, સંયમ વગેરે પાળ્યું તે, આત્માને ખોટો ક્લેશ પમાડચો, આ પ્રમાણે વિચાર કરીને સાધુવેશનો ત્યાગ કરવા માટે ઉપાશ્રય છોડીને એકલા જ નીકળી ગયા.

તે વખતે, દેવતા બનેલા નાના શિષ્યે, અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો. ગુરુનું સ્વરૂપ દેખ્યું. ગુરુના જવાના માર્ગમાં દેવતાએ નાટક વિકુર્વ્યાં. આચાર્ય એ છ મહિના સુધી નાટક જોયું (જૂઓ ચિત્ર ૧૧૨). નાટકનું વિસર્જન કર્યા પછી આચાર્ય આગળ ચાલ્યા. રસ્તામાં અનેક રત્નજડિત સોનાનાં આભૂષણો પહેરેલો દેવકુંવર જેવો એક નાનો બાળક એકલો મલ્યો. તેણે આચાર્યને રસ્તો પૂછ્યો. આચાર્યે કહ્યું કે, અહીં આવ, રસ્તો દેખાડું, પણ તારું નામ શું ? બાળકે કહ્યું કે, પૃથ્વીકાઈયો. પછી ખાનગીમાં તેને બોલાવી, તેના બધાં દાગીના ઊતારી લઇ, તે બાળકને મારી નાંખ્યો. પછી રસ્તામાં વળી, બીજો અપકાઈયો મલ્યો, તેને પણ ગુરુએ, પહેલા બાળકની માફક જ મારી નાંખ્યો. આ પ્રમાણે ગુરુએ છ બાળકોને મારી નાંખ્યા (જૂઓ ચિત્ર ૧૧૩). આ પ્રમાણે ત્રીજો તેઉકાઇઓ, ચોથો વાઉકાઈઓ, પાંચમો વનસ્પતીકાઈઓ અને છઠ્ઠો ત્રસકાઈઓ આ છ કુમારોને મારી નાંખી, તેઓનાં બધાં આભરણ–દાગીના લઈને ઝોળી ભરી દીધી. ગુરુ તે આભરણ ભરેલી ઝોળી લઈને આગળ ચાલે છે, તેવામાં એક સાર્થવાહ અને તેની સ્ત્રી વિકુર્વી, અને દેવતાએ પોતે એક શ્રાવકનું રૂપ વિકુર્વી, આચાર્ય ભગવંતને વંદન કરી પૂછવા લાગ્યો કે તમે અમારા છ પુત્રોને કાંઈક જોયા છે? તે વખતે આચાર્ય ગભરાઈ ગયા. પછી તે કપટી શ્રાવકે, આચાર્યની ઝોળીમાં હાથ ઘાલીને, ઘરેણાં ભરેલું પાતરું કાઢી લીધું, અને આચાર્યને સિંહકેસરીયા લાડુ વહોરાવવા લાગ્યો, અને આચાર્યની ઝોળીમાં ઘરેણાં ભરી દીધા. ગુરુ કહેવા લાગ્યા કે, અમારે તેનો ખપ નથી. એવામાં બીજો શ્રાવક રસ્તામાં મલ્યો, તેને બળજબરીથી, ઝોળીમાં હાથ ઘાલી પાત્ર કાઢ્યું તો, પાત્ર પોતાના છ કુંવરોના દાગીનાથી ભરેલું દેખી, આચાર્યને કહ્યું કે, આ તમારા સાધુપણાનાં લક્ષણ નથી. તે સાંભળી આચાર્ય શરમાઈ ગયા (જૂઓ ચિત્ર ૧૧૪). મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. તે વખતે, શ્રાવક તથા સાર્થવાહાદિકનાં રૂપો સંહરી લઈ, મૂળ રૂપે દેવતા ગુરુની સન્મુખ ઊભો રહ્યો. પોતાનો પાછલા ભવનો વૃત્તાંત કહ્યો. હું તમારો શિષ્ય, તમે મને ધર્મ આરાધના કરાવી, તેથી શ્રીજિનધર્મના પ્રતાપે, મારું આયુષ્ય પૂર્ણ કરીને દેવલોકમાં ઉત્પન્ન થએલ છું. આચાર્ય ભગવંત, આલોયણ લઈ, સંયમ પાળીને દેવલોકમાં ઉત્પન્ન થયા.

આ પ્રમાણે, પરતીર્થીની પ્રશંસા ઉપર **લક્ષ્મણશ્રેષ્ઠીની કથા** તથા મિથ્યાત્વીનો

પરિચય ન કરવા ઊપર **શ્રીહરિભદ્રસૂરિના શિષ્ય સિદ્ધની** કથા આ હસ્તપ્રતમાં આપેલી હોવા છતાં વિસ્તાર ભયથી આપી નથી.

શ્રાવકે સમકિતના પાંચ અતિચાર છાંડવા અને મિથ્યાત્વ છોડવું તે મિથ્યાત્વના બે ભેદ–લૌકિક અને લોકોત્તર. આ પ્રતમાં લૌકિક મિથ્યાત્વનું પણ સુંદર વર્ણન આપેલું છે. પરંતુ વિસ્તાર ભયથી અહીં-આપ્યું નથી.

લોકોત્તર મિથ્યાત્વમાં–જે વીતરાગની પ્રતિમા, અન્ય દર્શનીયોના કબજામાં હોય તે પ્રતિમાનું પૂજન કરવાથી મિથ્યાત્વ લાગે. જેમ ઉજ્જેણી નગરીમાં, જે સ્થલે અવંતિસુકુમાલ સ્મશાનમાં કાઉસગ્ગ રહ્યા હતા, તે સ્થાનકે, તેમની ભદ્રા નામની માતાએ ઘણું દ્રવ્ય ખરચી દેરાસર કરાવી, પ્રતિમા ભરાવી, પ્રતિષ્ઠા કરાવી હતી, તે પ્રતિમાનું નામ અવંતી પાર્શ્વનાથ રાખ્યું હતું (જૂઓ ચિત્ર ૧૧૫). કેટલોક સમય વીતી ગયા પછી બીજા ધર્મવાળાઓએ, તેનું નામ મહાકાલ મહાદેવ રાખ્યું હતું. તે જગ્યાએ મહાદેવની મૂર્તિ સ્થાપી હતી, તે તીર્થની યાત્રા કરે તો મિથ્યાત્વ લાગે. વળી, આ ભવને માટે શ્રી ગોડી પાર્શ્વનાથજી (જૂઓ ચિત્ર ૧૧૬) શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથજી (જૂઓ ચિત્ર ૧૧૭) ધૂલેવામંડન શ્રીકેસરીયાનાથની માનતા માનવી તે લોકોત્તર દેવગત મિથ્યાત્વ કહેવાય છે (જૂઓ ચિત્ર ૧૧૮).

આ પ્રતમાં લોકોત્તર મિથ્યાત્વના પણ ઉપરોક્ત ચાર તીર્થોનાં મૂળનાયકના સુંદર ચિત્રો આપેલાં હોવાથી, તેટલા ભાગ પૂરતું અહીં વર્ણન લેવામાં આવેલું છે.

**छक्काय समारंभे, पयणे अ पयावयणे अ जे दोसा ।**
**अत्तट्ठा य परट्टा, उभयट्ठा चेव तं निंदे ॥ ७ ॥**

પોતાને માટે પરને માટે, સ્વ પર બંનેને માટે અથવા નિરર્થક દ્વેષાદિકને લીધે પોતે પચન કરતાં, બીજા પાસે પચાવતાં અથવા પચનની અનુમોદના કરતાં પૃથ્વી આદિક છ કાયના સમારંભને વિષે મને જે દોષ લાગ્યો હોય તેને હું નિંદું છું. ૭.

**पंचण्हमणुव्वयाणं, गुणव्वयाणं च तिण्हमइआरे ।**
**सिक्खाणं च चउण्हं, पडिक्कमे देसिअं सव्वं ॥ ८ ॥**

સમકિતની પ્રાપ્તિ થયા પછી આ વ્રતો પ્રાપ્ત થાય છે, માટે તે અનુવ્રત કહેવાય છે અથવા મહાવ્રતથી આ વ્રતો નાનાં છે તેથી અણુવ્રત કહેવાય છે, તે પાંચ છે. તથા આ પાંચ વ્રતોને જે ગુણકારક હોય તે ગુણવ્રત કહેવાય છે, તે ત્રણ છે. તથા શિષ્યને વિદ્યા ગ્રહણની જેમ વારંવાર જે સેવન કરવા યોગ્ય હોય તે શિક્ષાવ્રત કહેવાય છે, તે ચાર છે. તેમાં અણુવ્રત અને ગુણવ્રત એ આઠ પ્રાયે યાવત્કથિક એટલે યાવજજીવનાં છે અને ચાર શિક્ષાવ્રતો ઈત્વરકાલનાં એટલે અમુક અમુક કાળે જ આચરવાનાં છે. પરંતુ તે

વારંવાર અભ્યાસ કરવા યોગ્ય છે. આ બાર વ્રતોના અતિચારને આશ્રી દિવસ સંબંધી જે કાંઈ અશુભકર્મ મેં બાંધ્યું હોય તે સર્વને હું પ્રતિક્રમું છું. ૮.

**पढमे अणुव्वयम्मि, थूलगपाणाइ वायविरइओ ।**
**आयरियमप्पसत्थे, इत्थ पमायप्पसंगेणं ॥ ९ ॥**

અહીં જ પહેલા અણુવ્રતને વિષે પ્રમાદને લીધે ક્રોધાદિક અપ્રશસ્ત ભાવમાં વર્તતા થકા મેં સ્થૂલ પ્રાણાતિપાત વિરતિને આશ્રીને જે કાંઇ અતિચાર કર્યો હોય એટલે વધ બંધાદિક વિરુદ્ધ આચરણ કર્યું હોય. ૯.

**वह बंध छविच्छेए, अइभारे भत्तपाणवुच्छेए ।**
**पढम वयस्सइआरे, पडिक्कमे देसिअं सव्वं ॥ १० ॥**

વધ એટલે ચતુષ્પદાદિકને નિર્દયપણે તાડન કરવું તે. ૧, બંધ એટલે દોરડા વગેરેથી દઢ બાંધવું તે. ૨, छवि એટલે શરીર અથવા ચામડી તેનો છેદ, અર્થાત્ કાન, નાક, પૂછડું, ગલકંબલ વગેરે કાપવા, વીંધવા તે. ૩, अतिभार એટલે વહન કરવાની શકિત ઉપરાંત ભાર ભરવો તે. ૪, અને भक्तपानविच्छेद એટલે સમય પ્રમાણે ખાવાપીવા ન આપવું તે. ૫. આ સર્વ પ્રબળ ક્રોધાદિકથી કર્યા હોય તો તે અતિચાર થાય છે. અન્યથા અતિચાર થતા નથી. આ અતિચારોને આશ્રી મેં જે કાંઈ અશુભકર્મ બાંધ્યું હોય તેનું હું પ્રતિક્રમણ કરું છું. ૧૦.

**પહેલાં સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત ઊપર સૂર અને ચંદ્ર નામના બે ભાઈઓની કથા** આ પ્રમાણે છે:–

જયપુર નામના નગરમાં શત્રુંજય નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને સૂર અને ચંદ્ર નામના બે પુત્રો હતા. રાજાને સૂર ઊપર વધારે સ્નેહ હોવાથી, સૂરને યુવરાજ પદે સ્થાપ્યો. તેથી ચંદ્રકુમાર રીસાઈને પરદેશ ચાલ્યો ગયો. કેટલાક દિવસે ચંદ્રકુમાર રત્નપુર નામના નગરે પહોંચ્યો. ત્યાં તે સુદર્શન નામના જૈન સાધુ પાસે ધર્મદેશના સાંભળવા ગયો. ગુરુ મહારાજ પાસે તેને નિરપરાધી જીવને મારવો નહીં. એવું વ્રત લીધું (જૂઓ ચિત્ર ૧૧૯). ચંદ્રકુમાર, રત્નપુર નગરના રાજા વિજયસેનને ત્યાં નોકરી કરતો હતો. એક વખતે રાજાએ ચંદ્રકુમારને હુકમ કર્યો કે મારા દુશ્મન એવા કુંભ રાજાને દગાફટકાથી મારી આવ. તે વખતે ચંદ્રકુમારે, પોતે ગુરુ પાસે લીધેલા નિયમની વાત કરી, તે સાંભળી વિજયસેન રાજા આનંદિત થયો, પછી ચંદ્રકુમારને પોતાના અંગરક્ષક તરીકે સ્થાપન કર્યો. તેના લગ્ન પણ એક ઉત્તમ કન્યા સાથે ધામધૂમથી કરાવી આપ્યા. એક વખત, સૈન્ય લઈને કુંભરાજાના નગર ઊપર ચઢાઇ કરીને, કુંભરાજાને હરાવી બાંધીને, વિજયસેન રાજા પાસે લાવ્યો. રાજાએ તેને ઘણું માન આપ્યું. અહીં ચંદ્રકુમાર આનંદથી સુખમાં પોતાનો કાળ નિર્ગમન કરવા લાગ્યો.



ચિત્ર ૧૧૦ સિદ્ધપુરુ અને બે બ્રાહ્મણો (પાનું ૮૯)




ચિત્ર ૧૧૧ શ્રીધારાદેવી અને શ્રીચામુંડાદેવી (પાનું ૮૯)




ત્ર ૧૧૨–૧૧૩ દેવતાનું નાટક જોતાં આચાર્ય અને છ બાળકોની વિરાધના કરતાં ગુરુ મહારાજ (પાનું ૯૦)



ચિત્ર ૧૧૪ ગુરુની ઝોળીમાંથી પાતરું કાઢતો શ્રાવક (પાનું ૯૦)



ચિત્ર ૧૧૫ શ્રીઅવંતી પાર્શ્વનાથજી (પાનું ૯૧)



ચિત્ર ૧૧૬ શ્રીગોડી પાર્શ્વનાથજી (પાનું ૯૧)



ચિત્ર ૧૧૭ શ્રીશંખેશ્વરા પાર્શ્વનાથજી (પાનું ૯૧)

ચિત્ર ૧૧૮ શ્રીકેસરીયાનાથજી (પાનું ૯૧)



ચિત્ર ૧૧૯ ગુરુ પાસે વ્રત લેતો ચંદ્રકુમાર (પાનું ૯૨)



ચિત્ર ૧૨૦ થી ૧૨૩ ચીતડા અને સૂઅરનું યુદ્ધ, બે સૂઅરોનું યુદ્ધ, બે હરણોનું યુદ્ધ અને બે હાથીઓ વચ્ચેનું યુદ્ધ (પાનું ૯૩)

અહીં, સૂર યુવરાજે, પોતાના પિતા શત્રુંજય રાજાને મારી નાંખવા માટે છૂરીનો ઘા કર્યો. ઘા ચૂકી ગયો. રાજાએ સૂરકુમારને દેશનિકાલ કર્યો અને રત્નપુર પત્ર લખીને ચંદ્રકુમારને બોલાવી રાજગાદી સોંપી દીધી. પછી શત્રુંજય રાજા મરણ પામીને જંગલમાં ચીતડો થયો. ભટકતો ભટકતો સૂરકુમાર જંગલમાં આવી ચડયો. ચીતડાએ એ સૂરકુમારને જોતાં જ પોતાનાં પૂર્વ ભવનાં વૈરને લીધે, સૂરકુમારને મારી નાંખ્યો. સૂરનો જીવ મરીને, ભીલને ત્યાં પુત્ર તરીકે ઉત્પન્ન થયો. જંગલમાં તે ભીલપુત્ર શિકાર કરવા ગયો. ફરતો ફરતો તે જ જગ્યાએ આવ્યો. ચીતડો અને ભીલપુત્ર બંને સામસામે લડયા અને બંને સાથે મરણ પામ્યા. (જૂઓ ચિત્ર ૧૨૦). મરીને બંને જણા સૂઅર તરીકે ઉત્પન્ન થયા. (જૂઓ ચિત્ર ૧૨૧). ત્યાં પણ યુદ્ધ કરીને, બંને જણા મૃગ થયા. (જૂઓ ચિત્ર ૧૨૨). ત્યાં પણ બંને જણા યુદ્ધ કરીને, મરણ પામીને બંને જણા હાથી થયા. (જૂઓ ચિત્ર ૧૨૩). તે બંનેને લડતા લડતા પકડીને, એક શિકારીએ ચંદ્રરાજાને ભેટ તરીકે આપ્યા. (જૂઓ ચિત્ર ૧૨૪). પરંતુ તે બંને હાથી ત્યાં પણ અંદરો અંદર લડવા લાગ્યા. આ પ્રમાણે જોઈને ચંદ્રરાજાએ કેવલજ્ઞાની મુનિને પૂછયું કે, આ બંને માંહેમાંહે કેમ લડે છે? ગુરુ મહારાજે બંનેનાં પૂર્વ ભવોનો વૃતાંત કહ્યો. (જૂઓ ચિત્ર ૧૨૫). પોતાના પિતા અને મોટાભાઇની આ સ્થિતિ જોઈને, ચંદ્રરાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. રાજગાદી છોડી, દીક્ષા લીધી નિરતિચાર સંયમ પાળીને ચંદ્રરાજા દેવલોકમાં ઉત્પન્ન થયો. પેલા બંને હાથી, લડતાં લડતાં આયુષ્ય પૂર્ણ થવાથી, મરણ પામીને પહેલી નરકમાં ઉત્પન્ન થયા.

**बीए अणुव्वयम्मी, परिथूलग अलिअवयण विरइओ।**
**आयरियमप्पसत्थे, इत्थ पमायप्पसंगेणं ॥ ११ ॥**

બીજું અણુવ્રત સ્થૂલ મૃષાવાદ વિરમણ નામનું છે. તે સ્થૂલ મૃષાવાદ પાંચ પ્રકારે છે– તેમાં દ્વેષાદિકવડે અવિષકન્યાને વિષકન્યા કહેવી કે વિષકન્યાને અવિષકન્યા કહેવી. સુશીલને દુઃશીલ અને દુઃશીલને સુશીલ કહેવી તે કન્યાલીક કહેવાય છે. ૧. થોડું દૂધ આપતી ગાય વગેરેને ઘણા દૂધવાળી કહેવી અને ઘણા દૂધવાળીને, થોડા દૂધવાળી ઈત્યાદિક કહેવું તે ગવાલીક. ૨, પોતાની ભૂમિને બીજાની કહેવી, કે બીજાની ભૂમિને પોતાની કહેવી ઈત્યાદિક તે ભૂમ્યલીક ૩, ધનાદિક કોઇની થાપણને અસત્ય બોલી ઓળવવી તે ન્યાસાપહાર. ૪, તથા કોઈની ખોટી સાક્ષી પૂરવી તે કૂટસાક્ષિત્વ કહેવાય છે. ૫. આ પાંચ પ્રકારના અલીક વિરમણવ્રતને વિષે પ્રમાદથી અપ્રશસ્તભાવમાં વર્તતા થકા મેં જે કાંઈ વિરુદ્ધ આચરણ કર્યું હોય. ૧૧.

## બીજા સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત ઊપર વસુરાજા અને નારદની કથા

સુક્તવતી નામની નગરીમાં ક્ષીરકદંબક નામના ઉપાધ્યાય હતા. તેમની પાસે રાજાનો

વસુ નામનો પુત્ર, પોતાનો પર્વત નામનો પુત્ર અને નારદ નામનો-આ ત્રણે વિદ્યાર્થીઓ એ વેદોનો અભ્યાસ સારી રીતે કર્યો હતો. કેટલાક સમય પછી ક્ષીરકદંબક ઉપાધ્યાય મરણ પામ્યા. ક્ષીરકદંબકની જગ્યાએ, તેમનો પુત્ર પર્વત ઉપાધ્યાય થયો. તે પર્વત, એક દિવસે પોતાનાં શિષ્યોને વેદોનો પાઠ કરાવતો હતો, તેમાં પર્વતે શિષ્યોની પાસે અજનો અર્થ બોકડો કર્યો, અને યજ્ઞમાં બોકડાને હોમવો એમ કહ્યું. તે વખતે નારદ હાજર હોવાથી, પર્વતને કહ્યું કે, ભાઈ! અજ શબ્દનો તું ખોટો અર્થ ના કર. આપણા સ્વર્ગસ્થ ગુરુદેવ, ક્ષીરકદંબક ઉપાધ્યાયે તો, અજનો અર્થ ત્રણ વરસની જુની ડાંગર, કે જે વાવવાથી ફરી ઊગે નહીં, તે હોમવાનું કહ્યું છે. પર્વતે, તે કબુલ નહીં કરવાથી, બંને વચ્ચે વાદવિવાદ ઉપસ્થિત થયો. એમાંથી જે જૂઠો સાબિત થાય તેને પોતાની જીભ કપાવી નાંખવી, એવો બંને જણાએ નિર્ણય કર્યો. સવારે વસુરાજા પાસે નિર્ણય કરાવવાનું નક્કી કરવામાં આવ્યું. રાત્રિના સમયે પર્વતની મા વસુરાજા પાસે ગઈ. અને રાજાને કહ્યું કે, તમે સવારમાં અજનો અર્થ બોકડો થાય એમ કહેજો. રાજા વસુની પાસે દરબારમાં સવારે નારદ અને પર્વત હાજર થયા. (જૂઓ ચિત્ર ૧૨૯). બંને જણાએ, પોતપોતાનાં અર્થ કહ્યા. વસુરાજાએ ગુરુ દાક્ષિણ્યથી દરબારમાં ખોટી સાક્ષી પૂરી અને કહ્યું કે, ઉપાધ્યાયજીએ અજનો અર્થ બોકડો કર્યો હતો. તે જ વખતે દેવતાએ વસુરાજાને લાત મારી સિંહાસણથી નીચે પાડી નાંખ્યો, ખોટી સાક્ષી પૂરવાનાં પાપથી, વસુરાજા મરીને નરકે ગયો. પર્વત ઘણા કાળસુધી સંસારમાં ભટકશે અને નારદ ધર્મના પ્રભાવે દેવલોકમાં ઉત્પન્ન થયો.

**सहसारहस्सदारे, मोसुवएसे अ कूडलेहे अ ।**
**बीयवयस्सइआरे, पडिक्कमे देसिअं सव्वं ॥ १२ ॥**

આ ગાથાવડે બીજા વ્રતના પાંચ અતિચારોનું પ્રતિક્રમણ કર્યું છે. તે પાંચ અતિચારો આ પ્રમાણે જાણવા-વિચાર કર્યા વિના સહસાપણે કોઈને ચોર કે પરસ્ત્રીલંપટ વગેરે ખોટો આરોપ મૂકવો તે, सहसाभ्याख्यान કહેવાય છે. એકાંતમાં બેસીને કેટલાક માણસો વાત કરતા હોય, તેમના આકાર, ચેષ્ટા વગેરે ઊપરથી અનુમાન કરીને આ લોકો અમુક અમુક રાજ્ય વિરુદ્ધાદિકનો વિચાર કરે છે ઈત્યાદિક ખોટું આળ દેવું તે रहोभ्याख्यान કહેવાય છે, અથવા તો કોઈ પ્રીતિવાળા મિત્રાદિકને એક બીજાના દોષ કહી, બંને વચ્ચેની પ્રીતિનો નાશ કરે કે ચાડી ખાય તે પણ रहोभ्याख्यान કહેવાય છે. ૨, પોતાની સ્ત્રીએ વિશ્વાસથી કાંઇ ગુપ્ત વાત કરી હોય તે બીજા પાસે પ્રગટ કરવી, અથવા ઉપલક્ષણથી પુરુષની વાત સ્ત્રીએ પ્રગટ કરવી અથવા મિત્રની વાત પ્રગટ કરવી તે स्वदारमंत्रभेद નામનો ત્રીજો અતિચાર છે. ૩. બે જણના વિવાદમાં એક જણને વંચનાનો ઉપાય શીખવવો, અથવા પોતે બરાબર જાણ્યા વિના જ મંત્ર, ઔષધ વગેરેનો ઉપદેશ અથવા માયાવી શાસ્ત્રો

ભણાવવા વગેરે મૃષોપદેશ કહેવાય છે. બીજા માણસના જેવીજ મુદ્રા કરીને કે તેના જેવા અક્ષર લખીને, ખોટો લેખ લખવો તે कूटलेख નામનો પાંચમો અતિચાર કહેવાય છે. ૫-૧૨.

तइए अणुव्वयम्मी, थूलगपरदव्वहरणविरइओ ।
आयरियमप्पसत्थे, इत्थ पमायप्पसंगेणं ॥ १३ ॥

ત્રીજું વ્રત અદત્તાદાન નામનું છે. તેમાં સ્વામી અદત્ત ૧, જીવ અદત્ત ૨, તીર્થંકર અદત્ત ૩. અને ગુરુ અદત્ત ૪. એમ ચાર પ્રકારે અદત્ત કહેવાય છે. તેમાં જે સુવર્ણાદિક વસ્તુ તેના સ્વામીએ આપી ન હોય તે સ્વામી અદત્ત કહેવાય છે. ૧. જે પોતાની માલિકીની ફળ વગેરે સચિત્ત વસ્તુ માંગવી કે ખાવી તે જીવ અદત્ત કહેવાય છે, કેમકે તે ફળાદિકના જીવે પોતાના પ્રાણ તમને અર્પણ કર્યા નથી. ૨. ગૃહસ્થે આપેલી આધાકર્માદિક દોષવાળી વસ્તુને જો સાધુ ગ્રહણ કરે તો તે તીર્થંકરની આજ્ઞા નહીં હોવાથી તીર્થંકર અદત્ત કહેવાય છે ૩. તથા સર્વ દોષ રહિત પણે ગ્રહણ કરેલી વસ્તુ ગુરુની આજ્ઞા વિના વાપરે તો તે ગુરુ અદત્ત કહેવાય છે. ૪-૧૩.

तेनाहडप्पओगे, तप्पडिरुवे विरुद्धगमणे अ ।
कूडतुलकूडमाने, पडिक्कमे देसिअं सव्वं ॥ १४ ॥

ત્રીજા અદત્ત વ્રતના પાંચ અતિચારોનું આ ગાથામાં પ્રતિક્રમણ કર્યું છે. તે પાંચ અતિચાર આ પ્રમાણે છે-કોઈ કોઈ ઠેકાણેથી ચોરી કરીને કેસર વગેરે મહામૂલ્ય વાળી વસ્તુ લાવ્યો હોય, તે વસ્તુ થોડી કીંમતથી તેની પાસેથી ખરીદવી તે स्तेनाहृत કહેવાયછે. ૧ स्तेनप्रयोग એટલે "આજકાલ તમે કેમ કાંઇ કામ કરતા નથી? તમારી લાવેલી વસ્તુ કોઇ ખરીદ કરનાર નહીં હોય તો હું ખરીદી લઇશ." વગેરે વચનોથી ચોરને ઉત્સાહિત કરવો, તથા તેને કોશ વગેરે ચોરીના સાધનો પૂરા પાડવાં તે. ૨. तत्प्रतिरुप એટલે ઘી વગેરેની તેલ કે ચરબી વગેરે ભેગાં કરી ઘી જેવી જ વસ્તુ કરી તેને ઘી તરીકે વેચવી, અથવા ચોરે, ચોરી કરીને લાવેલા બળદ વગેરે પશુઓનાં શીંગડાં વગેરે અવયવો હોય તેનાથી વિપરીત કરી તેનો માલિક તેને ઓળખી ન શકે તેવાં કરી વેચવા અથવા કેસર વગેરે બનાવટી બનાવી તેને વેચવાં તે ૩. विरुद्ध गमन એટલે પોતાના રાજાની આજ્ઞા વિના તેના દુશ્મનના દેશમાં ધંધા વગેરે માટે જવું, અથવા ઉપલક્ષણથી રાજાએ મનાઈ કરેલાં દાંત, ઝેર, લોહ વગેરે વસ્તુ ગ્રહણ કરવી તે ૪. कूटतुलाकूटमान એટલે વસ્તુ લેવા માટે અને વેચવા માટે નાનાં-મોટાં કાટલા બનાવવા અને પળી, પાલી તથા વાર વગેરે માપવાનાં સાધનો પણ મોટા નાના બનાવવા અને તે રીતે ઘરાકોને ઠગવા તે. ૫. આ અતિચારો સેવતાં મને જે દોષ લાગ્યો હોય તેનું હું પ્રતિક્રમણ કરું છું. ૧૪.

## ત્રીજા વ્રત ઊપર વંચક શ્રેષ્ટિની કથા

એક ગામમાં ધન નામનો શેઠ અને તેને ધન શેઠાણી નામની પત્ની હતી. તેઓને ધનસાર નામનો પુત્ર હતો. આ ધન શેઠનો ધંધો કપટથી જ ચાલતો હતો. ગામડાનાં અભણ અને ભોળા માણસોને તે દરરોજ છેતરતો હતો. આ પ્રમાણે તે ઘણું ધન પ્રાપ્ત કરતો હતો, પરંતુ તે અનીતિનું ધન તેની પાસે ટકતું ન હતું. દર વરસે, જ્યારે તે નામું મેળવે ત્યારે, સરવાળે તેની મૂળ મૂડીમાંથી ધન ઓછું થતું રહેતું હતું. એવામાં એક વખત, પાસેનાં ગામડામાં રહેતા એક શ્રાવકની દીકરી કે, જે જીવાજીવાદિ નવતત્ત્વની જાણકાર હતી, તેણીનાં લગ્ન ધન શેઠના દીકરા ધનસાર સાથે થયાં. શેઠની દૂકાન અને ઘર, પાસે પાસે હતાં. શેઠને માલ વેચવાનો શેર તે પોણો શેર અને માલ ખરીદવાનો શેર, સવા શેરનો હતો. આ વાત ખાનગીમાં શેઠે, પુત્રને કહી રાખેલી હતી. શેઠને જે વખતે જે શેર જોઈતો હોય તે વખતે ત્રિપોષ્કર અને પંચ પોષ્કર, એવા નામથી કહેતો. આ વાત લોકોનાં જાણવામાં આવી અને તેના ગુણ પ્રમાણે લોકોએ, તે શેઠનું નામ વંચક શ્રેષ્ટિ પાડ્યું. એક વખતે સસરો પોતાના પતિને ત્રિપુષ્કર નામે બોલાવતો સાંભળીને, પત્નીએ પોતાના પતિને પૂછ્યું કે, તમને પિતાજી આ નામે કેમ બોલાવે છે? પતિએ, બધી સત્ય વાત જણાવી દીધી. આ વાત જાણ્યા પછી વહૂએ સસરાને કહ્યું કે, આ પ્રમાણે છળકપટથી ઉપાર્જન કરેલી લક્ષ્મી, આપણા ઘેર ટકી નહીં રહે. શેઠે કહ્યું કે, તો પછી ભરણપોષણ શી રીતે કરવું. વહૂએ કહ્યું કે, ન્યાયથી ઉપાર્જન કરેલી લક્ષ્મી જ સ્થિર રહે છે અને તે લક્ષ્મી સારા ક્ષેત્રમાં વાપરવાથી વધે છે. જો મારું માનો તો, તમે છ મહિના સુધી તે પ્રમાણે કરી જૂઓ. શેઠે પુત્રવધૂનું વચન માન્ય કર્યું. શેઠે પોતાનો વ્યવહાર શુદ્ધ કરવાથી, લોકોમાં તે સત્યવાદી ધનશ્રેષ્ટિ તરીકે પ્રસિદ્ધ થયો. છ મહિનામાં તેના ઘરમાં પાંચશેર સોનું શુદ્ધ વ્યવહારથી વધ્યું. તે સોનું પુત્રવધૂને સુપ્રત કર્યું. પુત્રવધૂએ કહ્યું કે, હવે આ પાંચશેર સોનાની પરીક્ષા કરો. આ સાંભળી શેઠે પરીક્ષા કરવા માટે પુત્ર પાસે આ સોનાની પાંચ શેરી બનાવરાવી. પાંચ શેરી ઉપર સોનું મઢાવ્યું. તેનાં ઊપર પોતાનું નામ કોતરાવી ત્રણ દિવસ સુધી, ધોરી રસ્તા ઊપર તે પાંચ શેરી રાખી મૂકી. કોઇપણ તે પાંચ શેરી લઇ ગયું નહીં. પછી, પાસેના એક તળાવમાં તે પાંચ શેરી નંખાવી તે પાંચ શેરી એક મોટા મચ્છના ઉદરમાં પહોંચી ગઈ. એક વખત તે મચ્છને કોઈએ જાળમાં સપડાવીને પકડ્યો. તેના ઉદરને ચીરતાં, તે વખત પેલી પાંચ શેરી નીકળી. નામ વાંચી મચ્છીમારે શેઠને ત્યાં આવીને તે પાંચ શેરી પાછી આપી. શેઠે તેને કાંઇક ઈનામ આપ્યું. પુત્રવધૂના વચનનો પ્રત્યક્ષ અનુભવ જોઇને, ન્યાય માર્ગથી શુદ્ધ દ્રવ્ય ઉપાર્જન કરતો, સારા ક્ષેત્રમાં દ્રવ્યનો સદ્‌વ્યય કરતો, ધન શેઠ ખૂબ લક્ષ્મીવંત થયો. પછી અનુક્રમે મરણ પામીને સદ્‌ગતિએ ગયો.

**चउत्थे अणुव्वयम्मी, निच्चं परदारगमणविरइओ ।**
**आयरिअमप्पसत्थे, इत्थ पमायप्पसंगेणं ॥ १५ ॥**

મૈથુન બે પ્રકારનું છે–સૂક્ષ્મ અને સ્થૂલ. કામના ઉદયથી ઇંદ્રિયોનો કાંઇક વિકાર થાય તે સૂક્ષ્મ અને મન, વચન, કાયાએ કરીને ઔદારિક કે વૈક્રિય સ્ત્રીની સાથે જે મૈથુન સેવવું તે સ્થૂલ કહેવાય છે. મૈથુનની વિરતિરૂપ જે બ્રહ્મચર્યવ્રત, તે બે પ્રકારનું છે. સર્વથી અને દેશથી. તેમાં સર્વથા પ્રકારે મન, વચન અને કાયાએ કરીને સર્વ સ્ત્રીઓના સંગનો જે ત્યાગ તે સર્વથી બ્રહ્મચર્ય કહેવાય છે, તથા સર્વ સ્ત્રીઓનો ત્યાગ ન કરવો તે દેશથી બ્રહ્મચર્ય કહેવાય છે. તે આ પ્રમાણે–શ્રાવક ગૃહસ્થી સર્વ પ્રકારે મૈથુનનો ત્યાગ કરી શકતો નથી, તેથી તે દેશથી વ્રતો ગ્રહણ કરે છે, તે વ્રત परदारगमन विरति કહેવાય છે. તેમાં પરની, એટલે પોતાની રહિત એવા મનુષ્ય, દેવ, અને તિર્યંચની જે દારા એટલે પરણેલી અથવા સંગૃહીત સ્વીકાર કરેલી સ્ત્રીઓ, તેમના સેવનની વિરતિ. એ નામના ચોથા અનુવ્રતને વિષે પ્રમાદના પ્રસંગથી અપ્રશસ્ત ભાવમાં વર્તતા મેં જે કાંઇ અતિચાર કર્યો હોય એટલે વિરૂદ્ધ આચરણ કર્યું હોય. ૧૫

**अपरिग्गहिआ इत्तर, अणंगवीवाहतिव्वअणुरागे ।**
**चउत्थवयस्सइआरे, पडिक्कमे देसिअं सव्वं ॥ १६ ॥**

આ ચોથા વ્રતના પાંચ અતિચારોને આશ્રી જે કાંઈ અશુભ કર્મનો બંધ થયો હોય તેને હું પ્રતિક્રમું છું. તે પાંચ અતિચાર આ પ્રમાણે છે. વિધવા કે કન્યા વગેરેને, આ કોઇની પત્ની નથી એમ ધારી તેના પ્રત્યે ગમન કરવું તે अपरिगृहितागमन નામનો પહેલો અતિચાર છે. ૧. કોઇ પુરુષે થોડા સમયને માટે કોઇ વેશ્યાને ધન આપી પોતાની કરી હોય, તેણીને સર્વ સાધારણ સ્ત્રી જાણી તેના પ્રત્યે ગમન કરવું, તે इत्वरपरिगृहीतागमन નામનો બીજો અતિચાર કહેવાય છે. ૨. પરસ્ત્રીની સાથે ચુંબન, આલિંગન, કુચમર્દન વગેરે મૈથુન સિવાય બીજી કોઈ પણ કામચેષ્ટા કરવી, અથવા પોતાની સ્ત્રી સાથે પણ કામશાસ્ત્રમાં કહેલા ચોરાશી આસન વગેરેનું સેવન કરી કામને અધિક જાગૃત કરવો, અથવા અતૃપ્તપણે પુરુષ, નપુંશક વગેરેનું સેવન કે હસ્તક્રિયાદિકનું કરવું અથવા કાષ્ટ, ફળ, માટી, ચર્મ વગેરેનાં કરેલા ચોરાશી આસન વગેરેના કરેલા કામનાં સાધનો સાથે ક્રીડા કરવી, તે સર્વ અનંગક્રીડા નામનો ત્રીજો અતિચાર છે. ૩. પોતાના પુત્ર, પુત્રી સિવાય બીજાના પુત્ર, પુત્રીના વિવાહ કરવા અથવા પોતાની સ્ત્રી સારી હોવા છતાં અસંતોષને લીધે બીજી સ્ત્રી પરણવી, તે પરવિવાહ કરણ નામનો ચોથો અતિચાર છે. ૪. શબ્દાદિક કામભોગને વિષે તીવ્ર અધ્યવસાય કરવો તે તીવ્રાનુરાગ નામનો પાંચમો અતિચાર છે. ૫–૧૬

## ચોથા વ્રત ઉપર અત્ર નાગિલ કથા

મહાપુર નામના નગરમાં ભોજરાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં લક્ષ્મણ નામનો જૈન શ્રેષ્ઠિ રહેતો હતો. તેને એક નંદા નામની યુવાન અને સુંદર પુત્રી હતી. નંદાએ જૈનધર્મનો ઉંડો અભ્યાસ કરેલો હતો. નંદાને યોગ્ય ઉંમરની થએલી જોઇ લક્ષ્મણશેઠ તેણીને લાયક પતિ માટે ચિંતા કરવા લાગ્યા. પિતાને ચિંતા કરતા જોઈ, નંદાએ કહ્યું કે, હે પિતાજી! જે દીવે કાજલ ન હોય, કાળાશ ન હોય, જેની વાટ ખૂટે નહીં, જે હમેશાં સ્થિર રહે, જ્યાં તેલ ખૂટે નહીં, એવો દીવો જેનાં ઘેર હશે, તે પુરુષને હું પરણીશ, તે વગરના પુરુષને હું નહીં પરણું. પરણવાની નથી, પુત્રીનું આ પ્રમાણેનું કહેવું સાંભળીને, શેઠ વધારે ચિંતા કરવા લાગ્યા. નંદાની આ પ્રતિજ્ઞા તે જ નગરના નાગિલ નામના એક જુગારીના સાંભળવામાં આવી. તે નાગિલે વિરૂપાક્ષ નામના યક્ષની એકવીસ ઉપવાસ કરીને આરાધના કરી. સંતુષ્ટ થએલા યક્ષે, નાગિલના ઘેર નંદાએ કહ્યો હતો, તેવો જ દીવો કર્યો. શેઠે આ દીવો દેખીને આ ગરીબ નાગિલ જુગારીને પોતાની સુંદર અને ચારિત્રવાન પુત્રી નંદાને ધામધૂમેથી પરણાવી. નાગિલ જુગાર રમતાં રમતાં રોજને રોજ દાવ હારી જવા લાગ્યો. શેઠ નાગિલ જેમ જેમ દ્રવ્ય હારતો જાય તેમ તેમ તેને દ્રવ્ય આપતા હતા. જુગારમાં હારી, બીજી સ્ત્રી સાથે વિષય ભોગવીને ઘેર આવે, તે વખતે નંદા તો તેનો આદર જ કરતી હતી. એક દિવસ નાગિલ વિચાર કરવા લાગ્યો કે, શું હું નંદાને વહાલો નથી કે, મારા આવા અપરાધો હોવા છતાં, તે મારા ઊપર ક્રોધ કરતી નથી.

એક વખત જ્ઞાની ગુરુ મહારાજને નાગિલે પૂછયું કે, હે ગુરુજી! મારી પત્ની મારા ઊપર સ્નેહ કેમ કરતી નથી? ગુરુએ કહ્યું કે, તારી સ્ત્રી વિવેકી છે, અને વર પરણવા માટે જે દીવો તેણીએ કહ્યો હતો, તેનો અર્થ એ થાય છે કે, જે પુરુષમાં વિવેક હશે તેને જ હું પરણીશ. પરંતુ યક્ષના પ્રભાવથી, તેં તેણીના કહ્યા પ્રમાણે તારા ઘેર દીવો કરાવ્યો તેથી તેણીને તેના પિતાજીએ તારી સાથે પરણાવી. પરંતુ તું તો નિર્વિવેકી નીકળ્યો અને તેથી જ તે તારા પ્રત્યે સ્નેહ દર્શાવતી નથી. આ સાંભળી નાગિલ વિવેક શીખ્યો અને ગુરુ મહારાજ પાસે સ્વદારા સંતોષનું વ્રત લઇને, પોતાના ઘેર આવ્યો. સ્નાન કરીને જિનેશ્વરદેવની પૂજા કરી. સુપાત્ર દાન દઈને વિનયપૂર્વક ભોજન કર્યું. આવો વિવેક દેખીને, આનંદિત થએલી નંદા બોલી કે, હે સ્વામી! તમારા હૃદયમાં વિવેક ઉત્પન્ન થએલો જોઇને હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. નાગિલે ગુરુ મહારાજની વાત કહી.

ત્યારપછી, એક બીજા પ્રત્યે સ્નેહભાવ ધરતાં, બંને જણાનાં દિવસો સુખથી પસાર થવા લાગ્યા. એક વખતે નંદા પોતાના પિયેર ગઈ હતી. નાગિલ પલંગ ઊપર સૂતો હતો. ચંદ્રમાની ચાંદની બારી વાટે જોઇ રહ્યો હતો. તે વખતે એક વિદ્યાધરી નાગિલનું

રૂપ દેખી, નાગિલ પ્રત્યે મોહી પડી, અને નાગિલ પાસે આવી વિદ્યાધરી બોલી કે, હું ચંડ નામના વિદ્યાધરની દીકરી અને હંસરાજ નામના વિદ્યાધરની પત્ની છું અને મારું નામ લીલાવતી છે. તમે મારો સ્વીકાર કરો, નહીં તો તમારી સામે હું આપઘાત કરીને સ્ત્રીહત્યાનું કલંક તમને લગાડીશ. આમ કહીને, નાગિલના પગે પડી. (જૂઓ ચિત્ર ૧૨૧). તરત જ નાગિલે પોતાનો પગ પાછો ખેંચી લીધો. વિદ્યાધરીએ ક્રોધ કરીને, લોઢાનો ગોળો નાગિલ સામે ફેંક્યો. નાગિલે નવકારનો જાપ શરુ કર્યો એટલે લોઢાનો ગોળો દૂર જઈને પડયો. પછી, નંદાનું રૂપ કરી સ્નેહવચન બોલતી આવવા લાગી. નાગિલે કહ્યું કે, જો તું નંદા હોય તો મારી પાસે આવ, નહીં તો ધર્મના પ્રભાવથી તું રોકાઈ જા. એમ કહેતાં જ વિદ્યાધરી થંભી ગઈ.

નાગિલને આ પ્રસંગ પરથી શીલભંગનો ભય ઊભો થયો. અને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી પોતાના હાથે મસ્તકના વાળનો લોચ કર્યો. શાસનદેવતાએ સાધુનો વેષ આપ્યો (જૂઓ ચિત્ર ૧૨૨). પછી દીવા આગળ આવી કહ્યું કે, હે યક્ષ! તું તારા સ્થાનકે જા. યક્ષે કહ્યું કે, તું જીવીશ, ત્યાં સુધી હું તારી સેવા કરીશ. પછી નંદા સાથે ગુરુ મહારાજ પાસે દીક્ષા લીધી. તે દીવાને તેજે, રાત દિવસ શાસ્ત્રોનો અભ્યાસ કરતો હતો. તેથી નાગિલ સાધુ મહાવિદ્યાવંત થયા. ત્યાંથી ઘણો સમય સંયમ પાળીને કાળધર્મ પામીને, હરિવર્ષ ક્ષેત્રમાં યુગલ તરીકે નાગિલ ઉત્પન્ન થયો. નંદા પણ તેની યુગલિની તરીકે ઉત્પન્ન થઈ. દીક્ષા લીધા પહેલાં, બંનેએ યુગલિકનું આયુષ્ય બાંધ્યું હતું. ત્યાંથી ચ્યવીને દેવતા થઈને મહાવિદેહમાં મનુષ્યપણું પામીને, દીક્ષા લઈ, મોક્ષે પહોંચ્યા.

इत्तो अणुव्वए पंचमम्मि, आयरिअमप्पसत्थम्मि ।
परिमाण परिच्छेए, इत्थ पमायप्पसंगेणं ॥ १७ ॥

પરિગ્રહ બે પ્રકારનો છે-બાહ્ય અને અભ્યંતર. તેમાં ધન, ધાન્યાદિકનો સંગ્રહ એ બાહ્ય પરિગ્રહ છે. અને રાગદ્વેષાદિ અભ્યંતર પરિગ્રહ છે. આ બંનેનો સર્વથા ત્યાગ સાધુઓને હોય છે. ગૃહસ્થી શ્રાવક અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરી શકતો નથી. તેમ જ બાહ્ય પરિગ્રહનો પણ સર્વથા ત્યાગ કરી શકતો નથી. તેથી પોતાની ઇચ્છા પ્રમાણે અમુક પ્રમાણમાં ધનધાન્યાદિક સંગ્રહ કરવાનો જે નિયમ ગ્રહણ કરવો તે આ વ્રતનો હેતુ છે. માટે તેમાં પ્રમાદથી લોભાદિકને વશ થઈ કાંઈ વિરુદ્ધ આચરણ થયું હોય એટલે અતિચાર લાગ્યા હોય તેનું અહીં પ્રતિક્રમણ કરવાનું છે. ૧૭.

धणधन्न खित्तवत्थू, रूप्पसुवन्ने अ कुविअ परिमाणे ।
दुप्पए चउप्पयम्मि य, पडिक्कमे देसिअं सव्वं ॥ १८ ॥

ધન અને ધાન્યના પરિગ્રહનું જેટલું પ્રમાણ રાખ્યું હોય તેનો અતિક્રમ કરવો


એટલે ભવિષ્યમાં મોંઘુ થશે એમ ધારી કોઇની સાથે સોદો કરી રાખવો, અથવા પોતાની પાસે રહેલાનું વેચાણુ થઈ જાય ત્યાંસુધી કોઇના કબજામાં પોતાના વતી રખાવવું અથવા નાના મૂંઢાનેં–માપને, મોટા કરવા તે ઘનધાન્ય પ્રમાણુતિક્રમ નામનો પહેલો અતિચાર છે. ૧ ક્ષેત્ર એટલે ધાન્ય પકવવાનું ખેતર તથા વાસ્તુ–ઘર, દુકાન વગેરે, તેની જેટલી સંખ્યાનો નિયમ કર્યો હોય, તેથી વધારે થાય તો સંખ્યાનો નિયમ ભંગ ન થવા દેવા માટે વચમાંથી વાડ કાઢી નાંખી, બે ખેતરનું એક ખેતર કરવું અને વચલી દિવાલ કાઢી નાંખી, બે મકાનનું એક મકાન બનાવવું, તે ક્ષેત્રવાસ્તુ પ્રમાણુાતિક્રમ નામનો બીજો અતિચાર છે. ૨. રૂપું અને સોનું, તેને નિયમથી અધિકપણું થાય ત્યારે, પત્નીને કે પુત્રને આપી દેવું, તે રૂપ્યસુવર્ણ પ્રમાણુાતિક્રમ નામનો ત્રીજો અતિચાર છે. ૩. કુપ્ય એટલે સોના તથા રૂપા સિવાયની બીજી, કાંસુ, લોઢું, તાંબુ, પીત્તળ, સીસું વગેરે ધાતુ, તેના નિયમની અધિક થવાનો સંભવ લાગે ત્યારે, નાનાં વાસણોનાં મોટાં વાસણો કરી સંખ્યાનું પ્રમાણ વધવા ન દેવું તે, કુપ્ય પ્રમાણુાતિક્રમ નામનો ચોથો અતિચાર છે. ૪. તથા દ્વિપદ એટલે પક્ષી, ચાકર, દાસી વગેરે તથા હંસ, મોર, કૂકડા, પોપટ વગેરે અને ચોપગા એટલે ગાય, ભેંશ વગેરે, તેની સંખ્યાના પ્રમાણમાં ગર્ભને બહાર દેખાતો ન હોવાથી ગણુતરીમાં ન લેવો તે દ્વિપદચતુષ્પદ પ્રમાણુાતિક્રમ નામનો પાંચમો અતિચાર છે. ૫. અથવા ધન, ધાન્યની માફક ક્ષેત્ર, વાસ્તુ વગેરે સર્વ પદાર્થો નિયમનો કાળ સમાપ્ત થયા પછી લેવાની શરતે બીજાને પાસે રહેવા દેવાથી પણુ અતિચાર લાગે છે. ૧૮.

### પાંચમા પરિગ્રહ વ્રતની અતૃપ્તિ ઊપર કુચિકર્ણ અને તિલક શેઠની કથા.


મગધદેશમાં સુઘોષ નામના ગામમાં, કુચિકર્ણ નામનો શેઠ રહેતો હતો. તે ગામનો તે અધિકારી પણુ હતો. તેની પાસે પુષ્કળ ગાયો હતી. તેની ગાયોનો રંગ કાળો, લીલો, પીળો, લાલ અને ધોળો હતો. તેની જુદાજુદા રંગની ગાયોના ગોકુલ કરી, જુદાજુદા ગોવાલીયાઓને તે ગોકુળ સુપ્રત કર્યા. તેના ગોકુલ દિવસે દિવસે વધવા લાગ્યા. એક વખતે તેને ખૂબ દૂધ, દહીં ખાધા. તેને એટલા બધા દૂધ, દહીં, ખાધા કે જેનાથી તે બેભાન થઈ ગયો. મરતી વખતે, પોતાના ગોકુલોની ચિંતામાં ને ચિંતામાં આર્ત્તરૌદ્રધ્યાને, મરણુ પામીને તેતિર્યંચ ગતિ પામ્યો. આ કુચિકર્ણને ગોકુલો પુષ્કળ હોવા છતાં, તેની તૃષ્ણા તૃપ્ત ન થવાથી તે દુર્ગતિને પામ્યો.

### તિલક શેઠની કથા

વળી, અચલપુરમાં એક તિલક નામનો શેઠ રહેતો હતો. તે શેઠ ચણા, અડદ, ચોખા, મગ, તુવેર, ઘઉં વગેરે અનાજ એક સાથે ખરીદીને તે, સવાઈ કીંમતે કે દોઢી કીંમતે તે વેચતો હતો. એક વખત દુષ્કાળમાં તેને ઘણો નફો થયો. વળી, બીજી વખત સુકાળ થયો, તે વખતે સોંઘું ધાન્ય તેને ખૂબ ખરીદ્યું અને ગામેગામે કોઠાર ભરાવ્યા;



ચિત્ર ૧૨૪ ચંદ્રરાજાને હાથી ભેટમાં આપતો શિકારી
(પાનું ૯૩)



ચિત્ર ૧૨૫ ગુરુ મહારાજ અને ચંદ્રરાજા (પાનું ૯૩)



ચિત્ર ૧૨૬ નારદ અને પર્વત વસુરાજાના દરબારમાં (પાનું ૯૪)



ચિત્ર ૧૨૭ નાગિલ અને વિદ્યાધરી (પાનું ૯૯)



ચિત્ર ૧૨૮ નંદાને સાધુનો વેષ આપતી શાસનદેવતા (પાનું ૯૯)



ચિત્ર ૧૨૯ ગુરુનો ઉપદેશ સાંભળતા
બંને રાજપુત્રો (પાનું ૧૦૮)




ચિત્ર ૧૩૦ ગુરુની સન્મુખ ઊભા રહેલા સૂરસેન
અને મહસેન (પાનું ૧૦૯)



ચિત્ર ૧૩૧ સામાયિક કરતો શ્રાવક (પાનું ૧૦૯)



ચિત્ર ૧૩૨ સુમતિસાધુનો ઉપદેશ સાંભળતો
તારાપીડ રાજા (પાનું ૧૧૨)



ચિત્ર ૧૩૩ સામાયિકધારી શ્રાવકો (પાનું ૧૧૩)

ચિત્ર ૧૩૪ સામાયિકધારી શ્રાવિકાઓ (પાનું ૧૧૩)

અને પોતાની પાસેની સઘળી લક્ષ્મી અનાજ ભરવામાં ખરચી નાંખી. એક વખત તિલક શેઠને કોઇ નિમીત્તીયાએ દુકાળ પડવાની વાત કરી. તે સાંભળીને, શેઠે પોતાના ઘરનાં દાગીનાં, કપડાં, વાસણ વગેરે વેચીને અને મલ્યા ત્યાંથી વ્યાજે પણ રૂપિયા લાવીને ઘણાં જ ધાન્યનો સંગ્રહ કર્યો. પરંતુ પ્રજાને પુણ્યબળે સારો વરસાદ થયો. દુકાળના બદલે સુકાળ થયો. વરસાદ વધારે થવાથી, તિલક શેઠના કોઠાર અનાજથી ભરેલા હતા તેનું અનાજ નદીઓમાં પૂર આવવાથી તણાઈ ગયું. આ સમાચાર સાંભળીને તિલક શેઠ હૃદય રોગ થવાથી અકાળે મરણ પામ્યો. તેને જે ધાન્ય ભરેલું હતું તેમાં ઘણાં જીવો ઉત્પન્ન થએલા તેથી મરણ પામીને, તે તિલક શેઠ નરકે ગયો.

## નંદ રાજાની કથા

પાટલીપુત્ર નગરના નંદ નામના રાજાએ, લોકોના ઊપર અનેક જાતના કર નાંખીને, પ્રજાને અન્યાયથી દંડીને, ખૂબ સોનું એકઠું કરી, ખજાનો ભેગો કર્યો હતો, અને તેને સોનાની ટેકરી કરાવી. આ પ્રમાણે નંદ રાજાએ સોનાની નવ ટેકરીઓ કરાવી હતી. તે રાજાને દાહજ્વર ઉત્પન્ન થયો. તેથી ખૂબ પોકાર કરવા લાગ્યો. રાજાને આવી તીવ્ર વેદના ઉત્પન્ન થવાની વાત સાંભળીને, પ્રજા ખૂબ આનંદ પામી. રાજા તીવ્ર વેદના ભોગવીને નરકે ગયો. ઘણો સમય સંસારમાં ભમશે. આવી રીતે કરોડો સૌનૈયા એકઠા થવા છતાં, નંદ રાજાની આશા તૃપ્ત ન થવાથી નંદ રાજા દૂર્ગતિ પામ્યો.

હવે આ પાંચ વ્રતોને હિતકારી, એવા ત્રણ ગુણવ્રતોમાં પહેલું દિશિ પરિમાણ વ્રત આ પ્રમાણે જાણવું–

गमणस्स य परिमाणे, दिसासु उड्ढं अहे अ तिरिअं च ।
वुड्ढी सइ अंतरद्धा, पढमम्मि गुणव्वए निंदे ॥ १९ ॥

સાધુઓ કેવલ નિર્જરાને માટે વિચરતા હોવાથી હરકોઈ જગ્યાએ સંયમના લાભ માટે જઈ શકે છે. તેવી જ રીતે તીર્થયાત્રાદિક ધર્મકરણીને માટે શ્રાવક પણ દિગ્વિરતિવ્રત લીધું હોય તો પણ પ્રમાણનું ઉલ્લંઘન કરી શકે છે. પરંતુ લોભાદિકથી વ્યાપાર સંબંધી કાર્યને માટે ગમન કરતાં, આરંભાદિકમાં પ્રવર્ત્તતાં જીવહિંસાદિક અનેક દોષો લાગે છે, તેથી છૂટા રાખેલા ક્ષેત્ર સિવાય બાકીના ચૌદ રાજલોકમાં રહેલા સર્વ જીવોની રક્ષારૂપ ગુણને માટે આ દિગ્વિરતિરૂપ વ્રત લેવામાં આવે છે તેથી તે ગુણવ્રત કહેવાય છે. તેમાં સર્વ દિશાઓમાં ગમન કરવાનો અમુક યોજન સુધીનો નિયમ કરવો તેનું નામ દિગ્-વિરતિ કહેવાય છે. તેના પાંચ અતિચારો આ પ્રમાણે છે. ઊર્ધ્વ દિશાએ અમુક યોજન સુધી જવાનો નિયમ કર્યો હોય, તેનાથી વધારે ઉંચે વૃક્ષ કે પર્વતના શિખર ઊપર કોઈ વાનર કે પક્ષી વસ્ત્ર, અલંકાર વગેરે લઈને ચડી જાય, તો ત્યાં તે વસ્તુ લેવા માટે જાતે જવું નહીં, અને नकारयामि એવો નિયમ પણ લીધો હોય તો તે લેવા માટે બીજાને

મોકલવો પણ નહીં. પરંતુ જો તે વસ્તુ ત્યાંથી નીચે પડી ગઇ હોય અથવા બીજો પ્રેરણા કર્યા વિના લાવી આપે તો તે લેવામાં દોષ નથી. પરંતુ અનાભોગાદિકને લીધે પોતે પ્રમાણથી અધિક ગમન કરે અથવા બીજાને મોકલે તો ઊર્ધ્વદિક્ પ્રમાણાતિક્રમ નામનો પહેલો અતિચાર લાગે છે ૧. એ જ રીતે ભોંયરું, રસકૂપ વગેરે અધોદિશામાં ઉલ્લંઘન કરવાથી અધોદિક્ પ્રમાણાતિક્રમ નામનો બીજો અતિચાર લાગે છે. ૨. અને ચારે દિશામાં તથા વિદિશામાં ઉલ્લંઘન કરવાથી તિર્યક્ પ્રમાણાતિક્રમ નામનો ત્રીજો અતિચાર લાગે છે. ૩. સર્વ દિશાઓમાં સો સો આદિક યોજન સુધી જવાનો નિયમ કર્યો હોય, તેમાં એક વખત પૂર્વ દિશામાં કાંઈ કાર્યને લીધે પ્રમાણ કરેલાં યોજનથી પાંચ, દશ યોજન વધારે જવાનો વખત આવ્યો, તે વખતે બીજી સામેની પશ્ચિમ દિશામાં તેટલા ઓછા યોજનનો નિયમ રાખી ઇચ્છિત દિશામાં તેટલા યોજન વધારી ગમન કરે તો ક્ષેત્રવૃદ્ધિ નામનો ચોથો અતિચાર લાગે છે. ૪. પૂર્વાદિક દિશામાં સો યોજન સુધી જવાનો નિયમ રાખ્યો હોય, તેને એક વખત કાર્યની વ્યાકુલતાને લીધે કે પ્રમાદને લીધે કે બુદ્ધિ ભ્રમ થવાને લીધે કે એવા કોઇ કારણને લીધે જતાં વિચાર થયો કે, મારે પચાસ યોજનથી વધારે ગમન કરવું નહીં, ગમન કરે તો અતિચાર લાગે અને સો યોજનથી અધિક ગમન કરે તો વ્રતનો ભંગ જ થાય. આ સ્મૃત્યંર્ધા નામનો પાંચમો અતિચાર છે, ૫. આ અતિચારોનું અહીં પ્રતિક્રમણ છે. ૧૯

## પહેલા ગુણવ્રત ઊપર સિંહ શ્રેષ્ટિની કથા

વાસંતી નામની નગરીમાં કીર્તિપાલ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને ભીમકુમાર નામનો પુત્ર હતો. તે ભીમકુમારને, સિંહ શ્રેષ્ટિ સાથે મિત્રતા હતી. એક દિવસે એક દૂત આવીને, રાજાને વિનંતી કરી કહેવા લાગ્યો કે, હે સ્વામી! નાગપુર નગરના, નાગચંદ્ર રાજાની, ગુણમાલા નામની પુત્રીનો તમારા પુત્ર સાથે વિવાહ કરવાની ઇચ્છા છે, તો રાજી થઇને આપના પુત્રને મારી સાથે મોકલો. રાજાએ સિંહ શ્રેષ્ટિને કહ્યું કે, તમે કુંવરની સાથે જાઓ, અને કુંવરનો વિવાહ કરી આવો. શેઠે કહ્યું કે, નાગપુર અહીંથી સો યોજનથી વધારે દૂર છે, અને મેં સો યોજન ઉપરાંત નહીં જવાનો નિયમ કરેલો હોવાથી, હું જઇ શકીશ નહીં. રાજાએ કહ્યું કે, જો તમે નહીં જાઓ તો, હું ઊંટ ઊપર બળજબરીથી બેસાડીને, તમને એક હજાર યોજન દૂર મોકલાવી દઇશ. શેઠે જવાબ આપ્યો કે, હે સ્વામી! હું તમારાથી છૂટા પડવું પડે માટે ના કહેતો હતો, મારે તમારી આજ્ઞા પ્રમાણ છે. પછી સિંહ શેઠની સાથે ભીમકુમારને મોકલ્યો. સાથે ઘણો પરિવાર પણ મોકલ્યો. રસ્તામાં સિંહ શેઠે, મિત્ર ભીમકુમારને પ્રતિબોધ કર્યો. રાજકુંવરનું મન સંસારથી વિરક્ત કરી દીધું. સો યોજન ગયા પછી, શેઠ આગળ વધ્યો નહીં. કુમુહૂર્ત્તાદિકનું બાનું બતાવવા લાગ્યો. આ પ્રમાણે પાંચ દિવસ વીતી ગયા. તે વખતે સાથે આવેલા

સામંતે ભીમકુમારને વિનંતી કરી કે, હે સ્વામી! રાજાજીએ અમને ખાનગીમાં કહેલું છે કે, જો સિંહ શેઠ સો યોજનથી આગળ તમારી સાથે ન આવે તો, બળજબરીથી તેને બાંધીને આગળ લઇ જજો. કુંવરે આ વાત સાંભળી. સિંહ શેઠ તરફ ભક્તિવંત એવા સિંહ શેઠને કહ્યું. શેઠે કહ્યું કે, આ દેહ ઊપર મને મોહ નથી. હું વનમાં જઈને પાદપોપગમન અણુસણુ કરીશ. પછી મને બાંધીને લઇ જશે તો મારું શું જવાનું છે? એમ કહી શેઠ રાત્રિના વખતે, વનમાં પહોંચી ગયો. તારા ચરણનું મને શરણ હોજો, એમ કહીને કુમાર પણ તેની સાથે જ ગયો. શેઠ, કુમાર બંને એ દીક્ષા લીધી અને પાદપોપગમન અણુસણુ લીધાં. સવારમાં સર્વ સાથેનો પરિવાર આવ્યો, અનેક રીતે વીનવ્યા. પરંતુ બંને જણા નિશ્ચલ રહ્યા. સેવકે જઈ રાજાને આ બધો વૃત્તાંત કહ્યો. રાજા તરત જ ત્યાં આવ્યો. ત્યાં આવી જૂએ છે તો, બંનેની આજુબાજુ વાઘ, સિંહ જેવા જંગલી પ્રાણીઓ શાંતીથી બેઠેલાં છે રાજાએ ઘણી વિનંતી કરી, ક્ષમા માંગી. પરંતુ બંને તપસ્વીઓ નિશ્ચલ જ રહ્યા. એક માસનું અનશન પાળી બંને અંતર્ગત કેવલી થઇ મોક્ષે પહોંચ્યા. રાજા શોકમગ્ન થયો. બંને તપસ્વીઓની અંતિમ ક્રિયા કરી રાજા નગરમાં ગયો.

**मज्जंमि अ मंसम्मि अ, पुप्फे अ फले अ गंधमल्ले अ ।**
**उवभोगपरीभोगे, बीअम्मि गुणव्वए निंदे ॥ २० ॥**

આ બીજું એટલે સાતમું વ્રત ભોગોપભોગ નામનું છે. આ વ્રત ભોગથી અને કર્મથી એમ બે પ્રકારે છે. તેમાં પણ ભોગના બે ભેદ છે–ઉપભોગ અને પરિભોગ. તેમાં આહારાદિક કે જે વારંવાર ભોગવાય છે, અથવા પુષ્પાદિક કે જે વારંવાર ભોગવાય છે તે ઉપભોગ કહેવાય છે. ૧. તથા વારંવાર અથવા બહારથી જે ઘર, સ્ત્રી વગેરે ભોગવાય છે, તે પરિભોગ કહેવાય છે. ૨. પ્રથમ તો શ્રાવકે ઉત્સર્ગ માર્ગે પ્રાસુક અને એષણીય આહાર જ ગ્રહણ કરવો યોગ્ય છે, તેમ ન બની શકે તો, સચિત્ત વસ્તુનો ત્યાગ કરવો, તે પણ ન બની શકે તો અતિ સાવદ્યવાળા મધ, માંસ, અનંત કાય વગેરેનો અવશ્ય ત્યાગ કરી પ્રત્યેક, મિશ્ર અને સચિત્તાદિકનું પ્રમાણ–પરિમાણ કરવું. તેમ જ ઉત્સવાદિક વિશેષ કારણ વિના કીંમતી વસ્ત્રો નૂપુરાદિક શબ્દ કરતા અલંકારો, છોગાવાળી પાઘડી, ફેંટો વગેરે ચિત્તની શુદ્ધિનો નાશ કરનાર અને ઉન્માદ ઉત્પન્ન કરનાર તથા લોકમાં પણ અપવાદાદિક ઉત્પન્ન કરનાર ઉદ્ભટ વેષનો શ્રાવકે ત્યાગ કરવો જોઇએ. ૨૦

કર્મથી પણ શ્રાવકે મુખ્યત્વે કરીને નિરવદ્ય કર્મમાં જ પ્રવૃત્તિ કરવી જોઈએ. તેમ ન બને તો અત્યંત સાવદ્ય અને વિવેકી જનો નિંદા કરે તેવાં, મદ્ય વેચવું વગેરે કાર્યો તો અવશ્ય વર્જવાં, અને બીજાં કર્મોનું પણ પરિમાણ કરવું. આ રીતે બે પ્રકારનું ભોગોપભોગ અથવા ઉપભોગ પરિભોગ નામનું બીજું ગુણવ્રત છે. આ સાતમા વ્રતમાં વીશ અતિચાર છે. તેમાં ભોગથી પાંચ અતિચાર છે, અને કર્મથી પંદર અતિચાર છે, તેમાં પ્રથમ ભોગને આશ્રી પાંચ અતિચારો બતાવી તેનું પ્રતિક્રમણ કરે છે–

सचित्ते पडिबद्धे, अपोलि दुप्पोलिअं च आहारे ।
तुच्छोसहिभक्खणया, पडिक्कमे देसिअं सव्वं ॥ २१ ॥

સચિત્તના ત્યાગવાળો શ્રાવક જો અનાભોગાદિકવડે સચિત્ત વસ્તુનું પરિમાણ કર્યું હોય તે જો અનાભોગાદિક વડે પરિમાણથી અધિક સચિત્ત વસ્તુને મુખમાં નાંખે તો તેને सचित्ताहार નામનો પહેલો અતિચાર લાગે છે. ૧. સચિત્તથી મિશ્રિત થએલી વસ્તુ જેવી કે વૃક્ષ પરથી ગુંદર લઈને તરત જ મુખમાં નાંખે અથવા અંદર સચિત્ત બીજવાળા રાયણ વગેરે પાકાં ફળને, આ પાકાં છે, તેની છાલ અને ગર્ભ અચિત્ત હોવાથી હું ખાઈશ અને બીજ-ઠળીઓ સચિત્ત હોવાથી તજી દઈશ. એમ વિચારી ઠળીયા સહિત મુખમાં નાંખે તો તેને सचित्तप्रतिबद्धाहार નામનો બીજો અતિચાર લાગે છે. ૨. પરિણામ નહીં પામેલા આટાને અગ્નિથી સંસ્કાર કર્યા વિના જ આ તો અચિત્ત છે, એમ કહી ખાય અથવા સચિત્ત એવા તલથી મિશ્રિત એવો આહાર કરે તો તેને अपक्वौषध्याहार નામનો ત્રીજો અતિચાર લાગે છે. ૩. અડધા પાકેલા વાલ, ચોળા, ચણા, ચોખા, જાડી રોટલી, રોટલા વગેરે જો ખાવામાં આવે તો, તેને दुःपक्वौषध्याहार નામનો ચોથો અતિચાર લાગે છે. ૪. આવા આહારથી આ ભવમાં પણ અજીર્ણાદિક દોષ થાય છે, અને જેટલા અંશે તે વસ્તુ સચિત્ત રહી હોય તેટલા અંશે પરલોક સંબંધી પણ દોષ લાગે છે. ૪. લીલી અને કુણી મગફળી, ચોળાફળી, વગેરે ખાવાથી તથા પ્રકારની તૃપ્તિ થઈ શકતી નથી, તેથી તેવી તુચ્છ ઔષધિ ખાવાથી तुच्छौषधिभक्षणता નામનો પાંચમો અતિચાર લાગે છે. ૫. આ પાંચે અતિચારો સચિત્ત પરિહારવાળાને આશ્રીને કહ્યા છે. તે જ રીતે રાત્રિભોજન પરિહાર, મદ્ય માંસાદિ પરિહાર અને વસ્ત્રાદિક ઉપભોગના નિયમને આશ્રીને પણ અનાભોગ અને અતિક્રમાદિક વડે આ અતિચારો લાગે છે. તે પોતાની જાતે સમજી લેવા. -૨૧

આ વ્રતમાં કર્મથી ભોગોપભોગોને ઉત્પન્ન કરનારાં ઘણાં પાપવાળાં અંગારકર્મ વગેરે પંદર કર્માદાનો તીવ્ર કર્મબંધનનાં કારણો છે તે શ્રાવકે વર્જવાનાં છે.

**સાતમા ભોગોપભોગ નામના વ્રત ઊપર ધર્મરાજાની કથા** આ પ્રમાણે-

શ્રીકમલ નામના નગરમાં શ્રીશેખર નામનો રાજા રાજ્ય કરતો હતો. એક જ્યોતિષીએ, તે રાજાને કહ્યું કે, હે સ્વામી ! આવતા વરસથી બાર વરસનો દુષ્કાળ પડશે. તે સાંભળીને, રાજાએ પોતાનાથી બની શકે તેટલા ધાન્યનો સંગ્રહ કરાવ્યો અને પ્રજાને પણ સૂચના આપી કે, દરેક માણસે બને તેટલો ધાન્યનો સંગ્રહ કરવો. એવામાં અષાઢ મહિનાના પહેલા જ દિવસે, ઘણો જ સારો વરસાદ વરસ્યો અને સુકાળ થયો. તે વખતે ઉદ્યાનમાં, યુગંધર નામના એક જ્ઞાની ગુરુ મહારાજને કેવલજ્ઞાન થયું. વનપાલકે રાજાને વધામણી આપી. રાજા ગુરુ મહારાજને વંદન કરવા ગયો. ધર્મદેશના સાંભળીને,

રાજાએ ગુરુ મહારાજને પ્રશ્ન કર્યો કે, આ વરસમાં દુષ્કાળ પડવાનું જ્યોતિષીનું કહેવું ખોટું કેમ પડયું ? કેવલીએ કહ્યું કે, ગ્રહોનો યોગ તો બાર વરસનાં દુકાળ થાય તેવો જ હતો, પરંતુ સુકાળ થવાનું કારણ સાંભળો-પુરિમતાલ નામના નગરમાં, એક દુર્ભાગી રોગી પુરુષ હતો. તે જે આહાર લેતો, તેનાથી તેને રોગ જ થતો. પછી તેણે વિવેક-બુદ્ધિથી વિચારીને, સર્વ ૨૨ અભક્ષ, ૩૨ અનંતકાય, વિદલ, બહુબીજ, ચલિત રસ મોટી ચારે વિગય, સચિત્ત લીલોતરી વગેરે વાપરવાનો નિયમ લીધો. ધર્મના પ્રભાવે તે નીરોગી થઈ ગયો અને મહાધનવાન થયો. તેને બ્રહ્મચર્યવ્રત પણ ઉચર્યું. એક વખતે દેશમાં દુષ્કાળ પડયો. તે વખતે તેને સુપાત્રે દાન ખૂબ દીધું. ખૂબ પુણ્ય ઉપાર્જન કરીને નિરતિચાર નિયમ પાળીને, મરણ પામીને દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને આ જ નગરમાં સુબુદ્ધિ નામનો શ્રાવક કે જેનો નિયમ છે કે, દરરોજ ખાવા જેટલું જ અનાજ એક વખત ખાવું. આવી દુર્ભિક્ષની વાતો સાંભળીને, પોતાના નિયમને પાળવા માટે, અનાજનો કોઈપણ જાતનો સંગ્રહ કર્યો નથી, તેના ઘેર તેનાં પુત્ર પણે ઉત્પન્ન થયો. ગઈ કાલે જ તે પુત્રનો જનમ થયો છે અને તે પુત્રના પુણ્ય પ્રતાપે દુષ્કાળ પડવાનો હતો, તેના બદલે સુકાળ થયો. આ સાંભળીને રાજા આનંદિત થયો અને સુબુદ્ધિ શ્રાવકને ઘેર જઈ, તેણે પણ પુણ્યશાળી બાલકને પ્રણામ કર્યા અને તે નવજાત બાળકનું નામ ધર્મકુમાર પાડયું. રાજાએ તેને કાળજીપૂર્વક ઉછેરાવીને મોટો કર્યો. નગરમાં તે ધર્મકુમારને પોતાના ગાદી વારસ તરીકે જાહેર કર્યો અને પોતાના તાબાના પ્રદેશમાં ધર્મરાજાના નામની આણ વર્ત્તાવી. ધર્મરાજાના રાજ્યમાં કોઈપણ વરસે દુકાળ પડતો ન હોતો. ધર્મરાજાએ ઘણો સમય રાજ્ય પાળ્યું. પછી ગુરુ પાસે દીક્ષા લઈ નિરતિચાર ચારિત્ર પાળી, કેવલજ્ઞાન પામી, મોક્ષસુખ પામ્યો.

**इंगालीवणसाडी भाडी फोडी सुवज्जए कम्मं ।**
**वाणिज्जं चेव दंत-लक्खरस केस विसविसयं ॥ २२ ॥**

**एवं खु जंतपिल्लण-कम्मं निल्लंछणं च दवदाणं ।**
**सरदहतलायसोसं-असइपोसं च वज्जिजा ॥ २३ ॥**

આ બે ગાથામાં પંદર કર્માદાન બતાવ્યા છે, તે શ્રાવકે છોડવાનાં છે. તે આ પ્રમાણે-**अंगारकर्म**-લાકડાં બાળીને નવા અંગારા-કોલસા પાડવા તે, અથવા ઈંટો વગેરે પકાવવાની ભઠ્ઠીનું કામ કરવું તથા લુહારનું અને સોની વગેરેનું કામ કરવું તે. ૧. **वनकर्म**-કાપેલા કે નહીં કાપેલા વનવૃક્ષ, પત્ર, પુષ્પ, કંદમૂળ ઘાસ વગેરે લેવા તથા વેચવા તે ૨. **शकटकर्म**-ગાડાં ગાડી, તેનાં પૈડાં વગેરે અવયવો ઘડવા, વેચવા, હાંકવા વગેરે. ૩. **भाटककर्म**-ગાડાં, ગાડી, બળદ, ઊંટ, ખચ્ચર વગેરે વડે ભાર વહન કરી ભાડું લેવું, તથા ભાર વહેવા માટે બીજાને આપવા તે. ૪. **स्फोटककर्म**-જવ ચણા, ઘઉં વગેરે ભરડવા, દળવા,

દાળ કરવી તે, તથા ખાણુ, સરોવર કૂવા વગેરે ખોદવા, ખોદાવવા વગેરે તથા પૃથ્વી ખોદવી, હળ ખેડવું પથ્થર ઘડવા વગેરે. અહીં ધાન્ય દળવા વગેરેનું કર્મ વનકર્મ કહેવાય છે, એમ योगशास्त्र માં કહ્યું છે ૫. दंतवाणिज्य-હાથીદાંત, હંસ મયુરાદિકનાં પીંછાં ઘુવડ વગેરેનાં નખ, કસ્તુરી, શંખ, છીપ, કોડી વગેરે ત્રસજીવોના અંગોપાંગ ગ્રહણ કરવા તથા તેનો વ્યાપાર કરવો તે. ૬. लाक्षावाणिज्य-લાખ, ધાતકી, મણુશીલ, હડતાલ, ટંકણખાર, સાબુખાર વગેરેનો વેપાર કરવો તે. ૭. रसवाणिज्य-મધ, મદિરા, માખણ માંસ, દૂધ, ઘી, તેલ વગેરેનો વેપાર. ૮. केशवाणिज्य-દાસ, દાસી, ગાય, ભેંસ વગેરેનો વેપાર. ૯. विषवाणिज्य-વિષ, શસ્ત્ર, કોશ, કોદાળી વગેરે તથા લોઢાનું હળ વગેરે વસ્તુઓનો વેપાર. ૧૦. यंत्रपीडन-શિલા, ખારણીયો. ઘંટી, રેંટ વગેરેનો વેપાર અથવા ઉપયોગ કરવો તથા તલ, શેરડી, સરસવ, એરંડી વગેરે પીલવા, તથા કોશ, રેંટ વગેરે જળયંત્રો હાંકવા વગેરે. ૧૧. निर्लांछनकर्म-ગાય વગેરે પશુઓના ગળકંબળ, શીંગડા, પૂંછડું વગરે છેદવા તથા નાક વીંધવું, આંક કાઢવો, ખસી કરવી, ઊંટની પીઠ ગાળવી વગેરે. ૧૨. दवदान-વન વગેરેની ઝાડી બાળવાથી અથવા જૂનું ઘાસ બાળવાથી નવું ઘાસ સારું ઉગે અને તેથી ગાયોને ચારો સારો થાય અથવા કૌતુકથી વનાદિક બાળવા તે. ૧૩. शोषकर्म-ધાન્યાદિક ઉત્પન્ન કરવાં માટે નીક કરીને,જળાશયોમાં પાણી લઈ તે જળાશયો સૂકવી દેવા તે. ૧૪. તથા असतीपोषण-ધનાદિકને માટે કુશીલવાળી દાસી કે નપુંસક વગેરેનું ખાનપાન આપીને પોષણ કરવું, અથવા પોપટ, મેના, મયૂર, કૂકડા, કૂતરા, વાનર વગેરેનો વેપાર કરવા માટે તેમને પાળવા પોષવા તે. ૧૫. આ પંદર કર્માદાન અત્યંત પાપનું કારણ હોવાથી તજવા યોગ્ય છે.

सत्थग्गिमुसलजंतग-तणकट्ठे मंतमूलभेसज्जे ।
दिन्ने दवाविए वा, पडिक्कमे देसिअं सव्वं ॥ २४ ॥

ત્રીજું ગુણવ્રત अनर्थदंड નામનું છે. તેમાં અનર્થ એટલે ક્ષેત્ર, ઘર, ધન, ધાન્ય, શરીર અને સ્વજન પરિજન વગેરેના પ્રયોજન વિના પોતાના આત્માને જે દંડ લાગે એટલે વિના પ્રયોજને પોતાનો આત્મા પાપકર્મથી લેપાય તે अनर्थदंड કહેવાય છે. તે ચાર પ્રકારે થઈ શકે છે—અપધ્યાન ૧, પાપોપદેશ ૨, હિંસ્રપ્રદાન ૩, અને પ્રમાદાચરિત ૪. તેમાં આર્ત્ત અને રૌદ્રધ્યાન અપધ્યાન કહેવાય છે. ૧. ખેતર, ખેડ, બળદને દમ, અશ્વને ખસી કર, શત્રુને માર, રેંટ વગેરે યંત્રને ચલાવ વગેરે पापोपदेश કહેવાય છે, તેમજ વર્ષાઋતુ નજીક આવી છે માટે હળ વગેરે તૈયાર કર, વાવણીનો વખત વીતી જાય છે, શીઘ્ર વાવણી કરો, કયારા પાણીથી ભરો, તમારી કન્યા મોટી થઈ છે માટે જલદી વિવાહ કરો, વહાણ ચલાવવાના દિવસો નજીક આવ્યા છે માટે વહાણ તૈયાર કરો, ઈત્યાદિ સર્વ पापोपदेश કહેવાય છે. ૨. હવે, हिंस्रप्रदान અને प्रमादाचरित એ બે ભેદને

માટે મૂળમાં બે ગાથા આપી છે, તેમાં પહેલી ગાથામાં હિંસપ્રદાન કહ્યું છે. તે આ પ્રમાણે —શસ્ત્ર, અગ્નિ, મૂશલ, ગાડા–ઘંટી વગેરે યંત્ર, દોરડું કરવા માટે ઘાસ, ભારવટ વગેરે [redacted], વશીકરણાદિક મંત્ર, જ્વરાદિકની શાંતિ માટે મૂળિયાં અથવા ગર્ભપાતાદિક મૂલકર્મ અને ઉચ્ચાટન વગેરે કરનાર ઔષધ, આ સર્વ વસ્તુ અનેક પ્રાણીઓના વધનો હેતુ હોવાથી દાક્ષિણ્યતાદિક વિના બીજાને આપવા કે અપાવવામાં જે દોષ લાગ્યો હોય તેને હું પ્રતિક્રમું છું. ૨૪

**ण्हाणुव्वट्टणवन्नग–विलेवणे सद्दरुवरसगंधे ।**
**वत्थासण आभरणे, पडिक्कमे देसिअं सव्वं ॥ २५ ॥**

અયતનાએ સ્નાન કરવામાં એટલે ત્રસજીવ વાળી ભૂમિ પર અથવા સંપતિમ એટલે ઉડી ઉડીને આવી પડતા જીવોવાળી ભૂમિ પર અથવા પાણીને સારી રીતે ગાળ્યા વિના જે અભ્યંગ પૂર્વક સ્નાન કરાયું હોય, અથવા ઉદ્વર્તન એટલે ત્રસજીવ સહિત ચૂર્ણાદિક ચોળી મેલ ઉતાર્યો હોય, અથવા ઉતારેલા મેલ અને ચોળેલા ચૂર્ણાદિકને રાખમાં પરઠવ્યા ન હોય, તથા વર્ણક એટલે કસ્તૂરી વગેરે વડે કપોલ આદિ અવયવો યતના વિના શોભાવતાં સંપાતિમ પ્રાણીઓની વિરાધના થઇ હોય તથા વિલેપન એટલે એ જ રીતે યતના વિના તથા શબ્દ–કૌતુકથી વેણું, વીણાદિકનો શબ્દ સાંભળ્યો હોય. ચંદન, કેસર વગેરેનું વિલેપન કરતાં સંપ્રતિમ પ્રાણીઓની વિરાધના થઈ હોય. અથવા રાત્રિના સમયે મોટો અવાજ કરવાથી દુષ્ટ જીવો જાગ્રત થઈ આરંભાદિકમાં પ્રવૃત્તિ કરે, તેથી જીવોની વિરાધના થાય છે, તથા સ્ત્રી વગેરેનાં રૂપ નાટકાદિકમાં જોઈ બીજા પાસે વર્ણન કરવા, મિષ્ટાન્નાદિક સંબંધી રસનું બીજા પાસે વર્ણન કરવું, તથા ગંધ, વસ્ત્ર, આસન અને આભૂષણનું અન્ય પાસે વર્ણન કરવું, આ રૂપાદિકના વર્ણન કરવાથી, સાંભળનારની બુદ્ધિ બહેકે છે. આટલું કહેવાથી સર્વપ્રકારના પ્રમાદનો ત્યાગ કરવો એમ કહ્યું. તથા આલસ્યાદિકથી તેલ, જળ વગેરેનાં પાત્રો ખુલ્લાં રાખવાં, સારો રસ્તો હોવા છતાં લીલોતરી ઊપર ચાલવું અથવા વસ્ત્રાદિક મૂકવું, કંથવાદિક વાળી ભૂમિમાં જલ વગેરે પરઠવવું, યતના વિના કમાડ બંધ કરવા કે ઉઘાડવા, પ્રયોજન વિના પત્ર, પુષ્પાદિક તોડવાં, વગેરે ઘણી ઘણી બાબતોનો આ પ્રમાદાચરણમાં સમાવેશ થાય છે. તે સર્વનું અહીં પ્રતિક્રમણ કરવાનું છે. ૨૫.

**कंदप्पे कुक्कुइए, मोहरि अहिगरण भोगअइरित्ते ।**
**दंडम्मि अणट्ठाए, तइअम्मि गुणव्वए निंदे ॥ २६ ॥**


અનર્થદંડ નામના ત્રીજા ગુણવ્રતને વિષે પાંચ અતિચાર આ પ્રમાણે છે–કામાદિક વિકારને ઉત્પન્ન કરનાર હાસ્યાદિક વચન બોલવા કે તેવી કથા કરવી તે કંદર્પ નામનો પહેલો અતિચાર છે. ૧. ભ્રૂકુટિ, નેત્ર, હાથ, પગ વગેરે વડે વિટ પુરુષની માફક હાસ્યજનક

કે કામોદ્દિપક ચેષ્ટા કરવી તે કૌકુચ્ય નામનો બીજો અતિચાર છે. આ બે પ્રમાદાચરિતરુપ અનર્થદંડના અતિચાર છે. ૨. અસભ્ય અને સંબંધ રહિત ઘણું બોલવું તે મૌખર્ય નામનો ત્રીજો અતિચાર છે. ૩. વાચાળપણાથી કદાચ પાપોપદેશ પણ સંભવે છે, તેથી તે અતિચાર કહેવાય છે. ૩. શસ્ત્રાદિક સજ્જ કરીને રાખવા, અથવા ખાંડણીયો અને સાંબેલું, હળ અને ફળું, ધનુષ અને બાણ, ગાડું અને ઝુંસરી વગેરે અધિકરણની ચીજો સાથે સાથે રાખવી તે, અધિકરણતા નામનો ચોથો અતિચાર છે. ચીજો તૈયાર રાખવાથી બીજા માણસો તરત તેનો ઉપયોગ કરે છે અને તૈયાર ન હોય તો કોઈ ઉપયોગ કરી શકે નહીં. એ જ રીતે બીજા ઘરોમાં અગ્નિ સળગાવેલો હોય ત્યારપછી પોતે સળગાવવો, તથા ગાયને ચરવા મોકલવી, ગાડાં વગેરે જોડવાં–હાંકવાં, દુકાને કે બહારગામ જવું વગેરે ક્રિયાઓ પણ શ્રાવકે પહેલી કરવી નહીં. પ્રથમ કરવાથી અધિકરણ પ્રવર્તન વગેરેનો દોષ લાગે છે. ૪. ભોગપભોગની વસ્તુ જેટલી પોતાને જરૂરીયાત હોય તેટલી જ રાખવી, વધારે રાખવી તે ભોગાતિરિક્તતા નામનો પાંચમો અતિચાર છે. સ્નાન, ભોજન, પહેરવું વગેરે કાર્યમાં વધારે ચીજો રાખવાથી તે દોષના હેતુરૂપ થાય છે. જેમ કે તેલ કે આંબળાં વગેરે સ્નાનની વસ્તુ અધિક રાખવાથી, આપણને જલાશયે સ્નાન કરવાં જતાં જોઇને, બીજા પણ આપણી પાસે તે વસ્તુની માંગણી કરીને તેનો ઉપયોગ કરે. તેમ કરવાથી અનર્થદંડ લાગે છે. આ પાંચ અતિચાર સંબંધી કાંઈ દોષ લાગ્યો હોય તેને હું નિંદું છું. ૨૬.


## સૂરસેનની કથા

બંધુરા નગરીમાં વીરસેન નામનો રાજા રાજ્ય કરતો હતો. આ રાજાને સૂરસેન અને મહસેન નામના પુત્રો હતા. બંને ભાઈઓનો એક બીજા પ્રત્યે ખૂબ સ્નેહ હતો. એક વખતે મહસેનની જીભે કોઈ રોગ થયો, તે કોઇ પણ ઉપાયે મટતો ન હતો. આ રોગને લીધે, તેનું મુખ દુર્ગંધ મારતું હતું. આ દુર્ગંધને લીધે કુટુંબનું કોઈ પણ માણસ મહસેન પાસે જતું નહીં. આ પ્રમાણે દેખીને, સ્નેહને લીધે, મોટાભાઈ સૂરસેને પ્રતિજ્ઞા લીધી કે, જ્યાંસુધી મારા નાના ભાઈને રોગ ના મટે ત્યાં સુધી મારે અન્ન–જળનો ત્યાગ છે. એ મરી જશે તો, હું પણ તેની સાથે જ મરણ પામીશ. એમ કહીને, તેની આગળ બેસીને માખી ઉડાડવા લાગ્યો અને નવકારથી મંત્રીને ઉકાળેલું પાણી પીવડાવવા લાગ્યો. અને તે મંતરેલું પાણી, તેની રોગવાળી જીભ ઉપર થોડું થોડું ઔષધની માફક નાંખવા લાગ્યો. એમ કરતાં ધર્મ અને નવકારમંત્રના પ્રભાવે મહસેનની જીભનો વ્યાધિ શાંત થઈ ગયો. રાજા રાજી થયો.

તે વખતે અવધિજ્ઞાની ગુરુ મહારાજ ઉદ્યાનમાં પધાર્યા. બંને ભાઈઓ ગુરુ મહારાજને વંદન કરી, સન્મુખ બેઠા ( જૂઓ ચિત્ર ૧૨૩. ) પછી સૂરસેનકુમારે ગુરુ મહારાજને પૂછ્યું કે, મારા નાના ભાઈ મહસેનને, આવો જીભનો રોગ કયા કર્મથી થયો? ગુરુએ





ચિત્ર ૧૩૫ ચૂલણીપિતાને માતા ધર્મમાં દૃઢ કરે છે
(પાનું ૧૧૪)




ચિત્ર ૧૩૭ સાધુને ગોચરી વહોરાવતો ધનશ્રેષ્ઠિ
(પાનું ૧૧૬)



ચિત્ર ૧૩૬ પ્રભુ મહાવીર પાસે ચૂલણીપિતા
(પાનું ૧૧૪)



ચિત્ર ૧૩૮ ધનશ્રેષ્ઠિ હવેલીમાં બેઠો છે
(પાનું ૧૧૬)



ચિત્ર ૧૩૯ દશાર્ણભદ્રરાજા પ્રભુ મહાવીરનું સામૈયું કરે છે (પાનું ૧૧૯)



ચિત્ર ૧૪૦ ગુરુ સન્મુખ “તસ્સધમ્મસ્સ” બોલતો શ્રાવક (પાનું ૧૨૨)



ચિત્ર ૧૪૧ શિષ્યની કાંધ ઉપર બેઠેલા ચંડરુદ્રાચાર્ય (પાનું ૧૨૫)

ચિત્ર ૧૪૨ ગુરુ-શિષ્ય બંનેને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું (પાનું ૧૨૫)



ચિત્ર ૧૪૩ પ્રભુને આવવાની રાહ જોઈને બેઠેલા જીરણશેઠ (પાનું ૧૨૮)



ચિત્ર ૧૪૪ અભિનવશેઠને ઘેર પારણું કરતા પ્રભુ મહાવીર (પાનું ૧૨૮)

કહ્યું કે, મણિપુર નગરમાં મદન નામે ક્ષત્રિય વંશમાં ઉત્પન્ન થએલો એક ધર્મિષ્ટ શ્રાવક હતો. તેને ધીર અને વીર નામનાં બે પુત્રો હતા. એક વખત તે બંને ભાઈઓ ઉદ્યાનમાં ગયા. ત્યાં પોતાના મામા કે જેઓએ દીક્ષા લીધી હતી. તેઓ-વસંત નામના સાધુને, ઘણાં માણસોથી વીંટાયેલા જોયા. બંને ભાઇઓએ પૂછયું કે શું થયું? એક પુરુષે કહ્યું કે, હમણાં જ આ સાધુને, એક સર્પ ડંખ મારીને આ બિલમાં પેઠો છે. તે વખતે વીર નાનો ભાઇ-બોલ્યો કે, બાયલાઓ, એ પાપી સાપને જતો દેખીને કેમ તમોએ મારી નાંખ્યો નહીં. તે વખતે, મોટો ભાઇ ધીર બોલ્યો કે ભાઇ! આ જીભથી આવા પાપનાં વચન ન બોલ. વીર બોલ્યો કે, સાધુને કરડનાર પાપી સાપને મારવાથી પુણ્ય થાય, પરંતુ પાપ ના થાય. જો એમ બોલતાં પાપ થતું હોય તો, પાપ મારી જીભે ચઢજો. ધીરે સાધુને, મણિ તથા મંત્રના બલથી નિર્વિષ કર્યા. ઘણો સમય વીતી ગયા પછી તે, ધીરનો જીવ તું સૂરસેન કુમાર થયો, અને વીર મરીને આ મહસેન કુમાર થયો, (જૂઓ ચિત્ર ૧૨૪). સાધુને નિર્વિષ કરવાનાં પુણ્યથી તને રોગ દૂર કરવાની બુદ્ધિ સૂઝી. આ પ્રમાણેનો પૂર્વ ભવનો વૃત્તાંત સાંભળીને, બંને ભાઈઓને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. બંને ભાઇ-ઓએ દીક્ષા લીધી. નિરતિચાર ચારિત્ર પાળતાં બંનેને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું; અને અંતે મોક્ષ સુખ પામ્યા.

**तिविहे दुप्पणिहाणे, अणवट्ठाणे तहा सइविहूणे ।**
**सामाइय वितहकए, पढमे सिक्खावए निंदे ॥ २७ ॥**

સાવદ્ય વ્યાપારનો તથા દુર્ધ્યાનનો ત્યાગ કરી રાગદ્વેષનું નિમિત્ત હોય તો પણ સમભાવ રાખી મન, વચન, કાયાની એકાગ્રતા રાખવી એ સામાયિક નામનું પહેલું શિક્ષાવ્રત એટલે નવમું વ્રત છે. ૨૭ (જૂઓ ચિત્ર ૧૨૫).

## સામાયિક ઉપર ડોકરીની કથા

એક નગરમાં સુધન નામનો નગરશેઠ રહેતો હતો. તે અન્યધર્મ પાળતો હતો. સુધનશેઠ દાનમાં એક લાખ સુવર્ણ દાનમાં આપ્યા પછી જ ઘરની બહાર નીકળતો હતો. આ શેઠના ઘરની પાસે જ એક ડોકરી-ઘરડી ડોસી-શ્રાવિકા રહેતી હતી, તે ખૂબ ગરીબ હતી. લોકોનું દળણું કરીને, પરાણે પોતાની આજીવિકા ચલાવતી હતી. પરંતુ આ ડોકરી રોજ સવારે અને સાંજના સામાયિક અને પ્રતિક્રમણ શુદ્ધ વિધિપૂર્વક કરતી હતી.

એક વખત, કોઈક કારણસર ખૂબ મોડું થવાથી, ડોશીને પ્રતિક્રમણ થઈ શક્યું નહીં. એટલે ડોશી પોતાના આત્માની નિંદા અને પશ્ચાતાપ કરતી બેઠી હતી. ડોશીને આ પ્રમાણે પશ્ચાતાપ કરતી દેખીને, શેઠ બોલ્યો કે, શું તને મારી માફક લાખ સુવર્ણ દાનમાં આપવામાં કાંઇ ઓછું થયું તો નથી ને? આટલું બધું તને શેનું દુઃખ છે?

આજે ઉઠ, બેસ થોડી થઇ શકી તો કાલે વધારે કરજે. ડોશી કહેવા લાગી કે, શેઠ ? એમ કેમ બોલો છો ? આવું ના બોલો. આ સામાયિકમાં મોટો લાભ છે. ડોશી અનુક્રમે મરણ પામી મરીને તે જ નગરમાં રાજપુત્રી તરીકે ઉત્પન્ન થઇ. રાજાને તે બહુ જ વહાલી હતી. અનુક્રમે તે રાજપુત્રીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. સુધન શેઠ મરણ પામીને, તે જ નગરની પાસેના જંગલમાં હાથી તરીકે ઉત્પન્ન થયો. જંગલમાંથી એક ભિલે તે હાથીને પકડીને, રાજાને ભેટ આપ્યો. રાજાએ તે ઉત્તમ લક્ષણવાળા હાથીને પોતાનો પટ્ટહસ્તી બનાવ્યો. આ હાથીની દિવસમાં ત્રણ વખત આરતી ઉતારવામાં આવતી હતી. એક વખતે હાથી પાણી પીવા માટે રાજમાર્ગ ઊપરથી પસાર થતો હતો, તે વખતે પોતાનું ગયા જનમનું વિશાળ ઘર દેખીને, મૂર્છા પામી ગયો. તેણે જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. મનમાં વિખવાદ કરવા લાગ્યો. અને મરણ પામ્યાનો ઢોંગ કરી, જમીન ઊપર પડી રહ્યો. રાજાએ હાથીને કાંઇક રોગ થએલો જાણી, ઘણા ઉપાયો કર્યા. પરંતુ હાથી કેમે કરીને ઉઠયો નહીં અને રાજપુત્રી તરફ જોઈ રહ્યો. તે વખતે રાજપુત્રીએ, પોતાને ઉત્પન્ન થએલા જાતિસ્મરણજ્ઞાનના બળે બધો વૃત્તાંત જાણીને, હાથીના કાનમાં કહ્યું કે :–

**ઉઠો શેઠ મન શાંત કર, ગજ હુઓ કમ્મવસેણ ।**
**રાજસુતા સામાઇકે, જનમી પુત્રી હું એમ ॥૧॥**

આ ગાથા રાજપુત્રી પાસેથી સાંભળતાં જ, હાથી ઊભો થયો. અણસણ કરીને દેવલોક પામ્યો. રાજપુત્રી પરણી, સંસારનું સુખ અનુભવી, દીક્ષા લઈ, નિરતિચાર ચારિત્ર પાળી, અંતે મોક્ષે ગઈ

સામાયિક નામના પહેલા શિક્ષાવ્રતના પાંચ અતિચાર આ પ્રમાણે છેઃ–મનમાં ઘર, દુકાન વગેરેના કાર્ય સંબંધી સાવદ્ય વ્યાપારનું ચિંતન કરવું તે મનોદુષ્પ્રણિધાન નામનો પહેલો અતિચાર છે ૧. કર્કશ વગેરે સાવદ્ય વચન બોલવું તે વાગ્દુષ્પ્રણિધાન નામનો બીજો અતિચાર છે. ૨. પ્રમાર્જન અને પડિલેહણ નહીં કરેલી ભૂમિ પર બેસવું અથવા પગ હાથ વગેરે અવયવો લાંબા, ટૂંકા કરવા તે कायदुष्प्रणिधान નામનો ત્રીજો અતિચાર છે. ૩. બે ઘડીનો વખત પૂરો થયા પહેલાં સામાયિક પારવું તે અથવા જેમ તેમ સામાયિક કરવું, અથવા સમય હોવા છતાં સામાયિક ન કરવું તે अनवस्थान નામનો ચોથો અતિચાર છે. ૪. નિદ્રાદિકની પ્રબળતાને લીધે અથવા ઘરના વ્યાપરની ચિંતાને લીધે શૂન્ય મન થવાથી, મેં સામાયિક કર્યું કે નહીં ? આ સામાયિકનો સમય છે કે નહીં ? વગેરે સ્મરણમાં ન આવે તો તે स्मृतिविहीन નામનો પાંચમો અતિચાર છે. ૫.

**आणवणे पेसवणे, सद्दे रुवे अ पुग्गलक्खेवे ।**
**देसावगासिअम्मी, बीएं सिक्खावए निंदे ॥ २८ ॥**

છટ્ઠું દિગ્વિરતિવ્રત જાવજ્જીવ પર્યંત સોથી અધિક યોજન પ્રમાણ ગ્રહણ કર્યું હોય, તે વ્રતનો અમુક દિવસે કે અમુક વખતે સંક્ષેપ કરી ઘર, શય્યા કે અમુક સ્થાનથી આગળ જવાનો નિષેધ કરવો કે સર્વ વ્રતોનો મુહૂર્ત્ત આદિ અમુક મુદત સુધી સંક્ષેપ કરવો તે દેશાવકાશિક વ્રત કહેવાય છે. દિગ્વિરતિવ્રત જાવજ્જીવનું હોય છે, અથવા વરસ કે ચાતુર્માસ પર્યંતનું હોય છે, પરંતુ આ દેશાવકાશિક વ્રત તો દિવસ, પ્રહર કે મુહૂર્ત્ત આદિકના પરિમાણનું હોય છે. આટલો આ વ્રતમાં તફાવત છે. આ વ્રતના પાંચ અતિચારો આ પ્રમાણે છેઃ—નિયમ કરેલી હદની બહારથી કોઈ વસ્તુ મંગાવવી તે આનયન નામનો પહેલો અતિચાર છે. ૧. એ જ રીતે નિયમિત હદની બહાર કોઇ દ્વારા કોઈ વસ્તુ મોકલવી તે પ્રેષણ નામનો બીજો અતિચાર છે. ૨. નિયમ કરેલી હદની બહાર રહેલા કોઈ માણસને પોતાના કાર્ય માટે સાક્ષાત્ બોલાવી ન શકાય તેથી ખાંસી ખાવી વગેરે કરી તેને પોતાનું કાર્ય જણાવવું તે શબ્દાનુપાત નામનો ત્રીજો અતિચાર છે. ૩. એ જ રીતે પોતાનું રૂપ દેખાડવું અથવા નીસરણી વગેરે ઊપર ચડી બીજાનાં રૂપ જોવાં તે રૂપાનુપાત નામનો ચોથો અતિચાર છે. ૪. નિયમ કરેલી હદની બહાર કાંકરો, કાષ્ટ, માટીનું ઢેકું વગેરે ફેંકી પોતાનું કાર્ય જણાવવું તે પુદ્ગલ ક્ષેપ નામનો પાંચમો અતિચાર છે. ૫. આ દેશાવકાશિક વ્રત ગમનાદિક વ્યાપારથી ઉત્પન્ન થતા પ્રાણી વધાદિક ન થવા દેવા માંટે ગ્રહણ કરવામાં આવે છે, તે તો પોતે કરવાથી કે બીજા પાસે કરાવવાથી સરખું જ છે. ઉલટું પોતે ગમનાદિક કરવાથી ઇર્યાપથની શુદ્ધિ વગેરે ગુણોનો સંભવ છે. બીજા ભૃત્યાદિક પાસે કરાવવાથી ઈર્યાસમિતિ વગેરેના અસંભવને લીધે અધિક દોષનો સંભવ છે. માટે આવા આનયનાદિક અતિચાર કરવા યોગ્ય નથી. પરંતુ હું પોતે ગમનાદિક કરીશ તો વ્રત ભંગ થશે. એમ વ્રતની અપેક્ષાએ અથવા અનાભોગાદિકવડે પ્રવૃત્તિ કરવાથી અતિચાર લાગે છે. ૨૮

## સુમિત્ર મંત્રીની કથા

ચંદ્રિકા નામની નગરીમાં અધર્મી એવો તારાપીડ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને સુમિત્ર નામનો શ્રાવક મંત્રિ હતો. એક ચૌદશના દિવસે, ઘરની બહાર નહીં નીકળવાનું દેશાવગાશિક વ્રત તેને કરેલું હતું. તે વખતે રાત્રિના સમયે રાજાએ મંત્રિને બોલાવવા માણસ મોકલ્યો. મંત્રિના મકાનની રક્ષા કરનાર દરવાને મંત્રિનો નિયમ કહી સંભળાવ્યો. રાજાએ આ વાત જાણીને કહ્યું કે, પ્રધાન જો ન આવી શકે તેમ હોય તો, મારી મંત્રિ મુદ્રા પાછી મોકલાવી આપવાનું કહો. સુમિત્ર મંત્રિએ, મંત્રિ મુદ્રા તરત જ પાછી મોકલાવી આપી. રાજાનો દૂત તે મંત્રિ મુદ્રા પાછી હસતો હસતો લઇ ગયો. હવે તે રાજાના દૂતે, રસ્તામાં તે મંત્રિ મુદ્રા પહેરી લીધી અને મનમાં રાજી થયો કે, હું પ્રધાન થયો. મંત્રિની માફક ધીમે પગલે તે રાજમહેલ તરફ જતો હતો, લોકો પણ તેને મંત્રિ જાણી

વીંટળાઈ વળ્યા હતા. આગળ જતાં, કોઈ કે તે, દૂત ઊપર ઘા કર્યો, દૂતની સાથેના માણસોએ, તે ઘા કરનાર માણસને મારી નાંખ્યો. રસ્તામાં ઘા કરનાર માણસને મરેલો જોઈ, લોકોમાં કોલાહલ થયો. રાજા સમજ્યો કે, પ્રધાને પ્રતિહારને મરાવી નાંખ્યો. પરંતુ ઘા કરનાર માણસો પૈકીના એક માણસે મરતાં મરતાં કહ્યું કે, હે સ્વામી! ધરાવાસ નગરનાં સૂરસેન રાજાએ અમને તમારા મંત્રિને મારી નાંખવા મોકલ્યા હતા. અમે આ માણસને મંત્રિ માનીને, તેને મંત્રિ મુદ્રા પહેરેલી હોવાથી મારી નાંખ્યો છે, એમ કહીને ઘાયલ થએલો તે માણસ મરણ પામ્યો. રાજા પશ્ચાતાપ કરતો મંત્રિને ખમાવીને, કહેવા લાગ્યો કે, હે મંત્રિ! જો તમે વ્રતમાં અચલ ન હોત તો, તમારા વિના મારા રાજ્યને કોણ સંભાળત. આ પ્રમાણે ધર્મનો પ્રત્યક્ષ મહિમા જોઈને, રાજાએ ધર્મનો સ્વીકાર કર્યો. સુમતિ મંત્રિએ દીક્ષા અંગીકાર કરી. રાજા તારાપીડ તેમને વંદન કરીને ધર્મોપદેશ સાંભળવા આવ્યો. (જૂઓ ચિત્ર ૧૨૬) મંત્રિએ સંસારની અસારતાનો ઉપદેશ આપ્યો. તારાપીડ રાજા પણ સંસારની આસારતા જાણી, વૈરાગ્ય વાસિત થઈને, સુમતિ સાધુ પાસે દીક્ષા અંગીકાર કરીને નિરતિચાર પણે ચારિત્ર પાળવા લાગ્યો. રાજા અને મંત્રિ શુદ્ધ ચારિત્ર પાળી, કાળ-ધર્મ પામી, મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય તરીકે ઉત્પન્ન થયા. ત્યાં કેવલજ્ઞાન પામીને બંને મોક્ષે ગયા.

**संथारुच्चारविही–पमाय तह चेव भोअणाभोए ।**
**पोसहविहिविवरीए, तइए सिक्खावए निंदे ॥ २९ ॥**

શ્રાવકનું અગિયારમું વ્રત પૌષધોપવાસ નામનું ત્રીજું શિક્ષાવ્રત છે. તેમાં પોષં ધર્મની પુષ્ટિને, ધત્તે –ધારણ કરે તે પૌષધ કહેવાય છે. એટલે અષ્ટમી અને ચતુર્દશી આદિ પર્વ તિથિએ અવશ્ય કરવા લાયક વ્રત વિશેષ, તેણે કરીને ઉપવસનં–રહેવું, તે **પૌષધોપવાસ** કહેવાય છે. અથવા પૌષધ એટલે અષ્ટમી આદિ પર્વ તિથિ, તેને વિષે જે ઉપવાસ કરવો તે પણ **પૌષધોપવાસ** કહેવાય છે. ૨૯

પૌષધનો લાભ કહીયે છિએ, તેમાં સામાયિક વગેરેના લાભ રૂપ દેશાવગાસિકનું ફલ બતાવે છેઃ–

**छत्तीस दिण सहस्सा, वाससए होइ आउपरिमाणं ।**
**निब्भंतं पय समयं, पिच्छियधमंम्मिलइअव्वं ॥ १ ॥**

એકસો વરસના છત્રીશ હજાર દિવસ, એ આયુષ્યનાં દિવસમાંથી એક દિવસે પણ ધર્મ આદરવો.

**सयवरसेहि दिनमानं, अठ्ठासीइ सहस्सासससए ।**
**दुन्निलक्ख पहराणं, एगोविजइहरोधम्मुजुओ ॥ १ ॥**

એકસો વરસના, બે લાખ અઠયાસી હજાર પહોર થાય, તેમાંથી એક પહોર પણ ધર્મમાં વીતે તે લાભમાં છે.

दसलक्खइगसहस्सा, मुहूत्त संखाय होइ वाससयं ।
जइअ सामाइअ सहिओ, एगोवि अलाइमोलाहो ॥ १ ॥

એકસો વરસનાં દશ લાખ, એંસી હજાર મુહૂર્ત થાય. તેમાંથી એક મુહૂર્ત સામાયિક સહિત હોય તો તે સફલ છે.

सयवरसेय मुहूत्तमानं, वाससए चडिआणं ।
लक्खइगवीस सहस तह, सट्ठी एगावि अधम्म जुआ ॥ १ ॥

એકસો વરસની, એકવીસ લાખ, સાઠ હજાર ઘડી થાય. તેમાંથી એક ઘડી પણ ધર્મ કાર્યમાં જાય તો તે સફલ છે.

चत्तारि कोडिसथा, कोडीओ सत्तलक्ख अडयाला ।
चालीसं च सहस्सा, वासए हुंति ओसासा ॥ १ ॥

ચારસોને સાત કોડિ, અડતાલીસ લાખને ચાલીશ હજાર, શ્વાસોશ્વાસ સો વરસમાં થાય. તેમાંથી એક શ્વાસોશ્વાસ પણ ધર્મમાં જાય તો તે સફલ છે.

અહોરાત્ર–રાત્રિ અને દિવસ–નો પોસહ કરનાર માણસ (જૂઓ ચિત્ર ૧૩૩ અને ૧૩૪) સત્તાવીસસો કોડિ, સીત્તોતેર કોડિ, સીત્તોતેર લાખ, સીત્તોતેર હજાર, સાતસોને સીત્તોતેર પલ્યોપમ અને પલ્યોપમનો નવમો ભાગ અને તેના સાત ભાગ કરતાં જે સંખ્યા આવે, તેટલાં પલ્યોપમનું દેવતા સંબંધીના આયુષ્યનું પુણ્ય એક પૌષધ કરતાં શ્રાવક બાંધે. આંક ૧૭૭૭૭૭૭૭૭૭૭, અહોરાત્રિનો પોસહ કરનાર ત્રયસગવન્ન કોડી, બાવીસ લાખ, બાવીસ હજાર, બસોને બાવીસ વર્ષનું દેવતાનું આયુષ્ય બાંધે. એક પહોર ધર્મ કરનાર માણસ. ૩૪૭૨૨૨૨૨૨૨ ઊપર નવમો ભાગ પલ્યોપમનો અને તેનાં બે ભાગ, એટલા પલ્યોપમનું દેવતા સંબંધીના આયુષ્યનું પુણ્ય ઉપાર્જન કરે. શ્રાવક બે ઘડીનું સામાયિક કરે તો, ૯૨૫૯૨૫૯૨૫ અને પલ્યોપમના આઠમા ભાગ જેટલું દેવ સંબંધીના આયુષ્યનું પુણ્ય ઉપાર્જન કરે. ૯૮ પ્રતિ સામાયિક ફૂલં.

## પોસહ વ્રત ઊપર ચુલણીપિતા શ્રાવકની કથા

વાણારસી નગરીમાં ચુલણીપિતા નામનો શ્રાવક રહેતો હતો. તેને શ્યામા નામની પત્ની હતી. આ ચુલણીપિતા પાસે, આઠ કરોડ દ્રવ્ય તો, જમીન, જાગીરમાં, આઠ કરોડ રૂપિયા વ્યાજે આપેલા અને આઠ કરોડ તેના વ્યાપારમાં રોકાએલા, આ પ્રમાણે કુલ ચોવીશ કરોડની સંપત્તિનો તે માલિક હતો. એકેક ગોકુલમાં દશ દશ હજાર ગાયો–વાળા આઠ તો તેનાં ગોકુલ હતાં. આ ચુલણીપિતાએ એક વખત પૌષધ લીધો હતો,

અને પૌષધમાં જ રાત્રિના સમયે તે કાઉસગ્ગધ્યાનમાં હતો. તે વખતે, કોઇએક મિથ્યાત્વી દેવે પહેલાં તો, તેની સન્મુખ ખૂબ અટ્ટહાસ્ય કર્યું, પછી હાથી, સર્પ વગેરેનાં રૂપો લઇ બીવડાવવા લાગ્યો. પરંતુ ચુલણીપિતા કાઉસગ્ગમાં નિશ્ચલ રહ્યો. ત્યારપછી, તેના મોટા દીકરાને દોરડે બાંધીને ચીસો પોકારતાં છતાં, તેની સન્મુખ મારી નાંખ્યો. આ પ્રમાણે બીજો અને ત્રીજો દીકરો મારી નાંખવા છતાં પણ એ પૌષધમાં અડગ રહ્યો. તે વખતે પેલો દેવ ચુલણીપિતાની માતાને બાંધીને ત્યાં લાવ્યો તે વખતે, થોડું મોટેથી બોલ્યો. તે સાંભળી માતા ઘરમાંથી ઉઠીને દોડતી ત્યાં આવી અને બોલી કે, વત્સ ! શું થયું. તું કેમ મોટેથી બોલે છે ? ચુલણીપિતા બોલ્યો કે, મા ! મારી નજર સામે ત્રણ દીકરાઓને બાંધી લાવીને મારી નાંખ્યા, તો પણ હું શાન્ત રહ્યો. પરંતુ કોઇ દેવતા તને અનર્થ કરતો દેખીને હું મોટેથી બોલી ઉઠ્યો. માતા બોલી કે, હે વત્સ ! હું, તું અને ત્રણે દીકરાઓ કુશલ છે. તને કોઈ એક મિથ્યાત્વી દેવતાએ આ બધું દેખાડીને, ધર્મથી ચૂકવ્યો. હે વત્સ ! તું મારા પરના મોહને લીધે ધર્મથી ચૂકયો, તે સારું કાર્ય ન કર્યું. હે વત્સ ! માતા, પિતા તો ભવોભવ મળશે, પરંતુ આ ઉત્તમ ધર્મની પ્રાપ્તિ ભવોભવ નહીં મલે, તેથી ધર્મથી નહીં ચૂકતાં, નિશ્ચલ મને પોસહ પૂરો કર (જૂઓ ચિત્ર ૧૩૫). આ વાત સાંભળીને, ચુલણીપિતાએ નિશ્ચલ મન કીધું. પ્રભાતે પ્રભુ મહાવીરસ્વામી પાસે જઇને આલોયણ લીધી. અનુક્રમે શ્રાવકના બાર વ્રત પાલી, પહેલા દેવલોકમાં દેવતા-પણે ઉત્પન્ન થયો (જૂઓ ચિત્ર ૧૩૬).

હાલમાં પૌષધમાં પ્રવૃત્તિ એવી છે કે આ વ્રતમાં આહાર, શરીરસત્કાર, મૈથુન અને સાવદ્ય વ્યાપાર એ ચાર છોડવાનાં છે. તેમાં પણ ચાલતી આચાર્ય પરંપરાએ કરીને અને વિશેષ સામાચારીએ કરીને હાલમાં આહાર પૌષધ સર્વથી અને દેશથી થઈ શકે છે એટલે કે ઉપવાસ કે એકાસણું આદિક કરી શકાય છે. પરંતુ શરીર સત્કાર, મૈથુન અને વ્યાપારનો તો સર્વથા ત્યાગ કરવામાં આવે છે. તેના પાંચ અતિચારો આ પ્રમાણે છે— સંથારો અને વસતિ આદિક ચક્ષુથી નહીં જોવે અથવા બરાબર સારી રીતે નહીં જોવે સતે અપ્રતિલેખિતદુષ્પ્રતિલેખિતશય્યાસંસ્તારક નામનો પહેલો અતિચાર થાય છે-૧

એ જ રીતે સંથારો, વસતિ આદિકને રજોહરણાદિકે કરીને પ્રમાર્જન નહીં કરે સતે અથવા બરાબર પ્રમાર્જન નહીં કરે સતે અપ્રમાર્જિતદુષ્પ્રમાર્જિતશય્યાસંસ્તારક નામનો બીજો અતિચાર થાય છે. ૨. એ જ રીતે ઉચ્ચાર પ્રસ્રવણ-વડીનીતિ, લઘુનીતિ પરઠવવાની ભૂમિને ચક્ષુથી નહીં જોયે સતે અથવા બરાબર નહીં જોયે સતે अप्रतिलेखितदुष्प्रतिलेखित-उच्चारप्रस्त्रवणभूमिक નામનો ત્રીજો અતિચાર થાય છે. ૩. એ જ રીતે તે ભૂમિને રજો-હરણાદિકવડે પ્રમાર્જન નહીં કરે સતે અથવા બરાબર પ્રમાર્જન નહીં કરે સતે अप्रमार्जि-तदुष्प्रमार्जितउच्चारप्रस्त्रवणभूमिक નામનો ચોથો અતિચાર થાય છે. ૪. તથા ભોજનને

વિ અને ઉપલક્ષણથી શરીરસત્કાર વગેરેને વિષે ચિંતા થાય કે ક્યારે પૌષધ પૂર્ણ થાય અને ક્યારે સ્વેચ્છાથી ભોજનાદિક કરું ઇત્યાદિક વિચાર કરવાથી પૌષધોપવાસનું સમ્યક્અનનુપાલન નામનો પાંચમો અતિચાર થાય છે. ૫. આ રીતે પોષધવિધિનું વિપરીત પણું સતે ત્રીજા શિક્ષાવ્રતને વિષે જે દોષ લાગ્યો હોય તે હું નિંદું છું. ૨૯.


सच्चित्ते निक्खिवणे, पिहिणे ववएस मच्छरे चेव ।
कालाइक्कमदाणे, चउत्थे सिक्खावए निंदे ॥ ३० ॥

શ્રાવકનું બારમું વ્રત એટલે ચોથું શિક્ષાવ્રત **અતિથિસંવિભાગ** નામનું છે. તેમાં તિથિ, પર્વ વગેરે સર્વ લૌકિક વ્યવહારનો ત્યાગ કરી ભોજન સમયે ભિક્ષાને માટે જે આવે તે અતિથિ કહેવાય છે, ને શ્રાવકને સાધુ જ અતિથિરૂપે હોય છે. તે અતિથિને **સં**-સંગત એટલે આધાકર્માદિક બેંતાલીશ દોષ રહિત, **વિ**-વિશેષ પ્રકારનો એટલે પશ્ચાત્કર્માદિક દોષને દૂર કરવા માટે સવિશેષ અન્નદાનરૂપ **ભાગ**-ભાગ આપવો, તે અતિથિસંવિભાગ કહેવાય છે. અર્થાત્ ન્યાયોપાર્જિત, પ્રાસુક, એષણીય અને કલ્પનીય અન્ન, પાન અને વસ્ત્રાદિકનું દેશ, કાળ, શ્રદ્ધા, સત્કાર અને ક્રમપૂર્વક ઉત્કૃષ્ટ ભક્તિવડે પોતાના આત્માના અનુગ્રહની બુદ્ધિથી સાધુને દાન આપવું. તેનો નિયમ લેવો તે અતિથિસંવિભાગ વ્રત કહેવાય છે. આ વ્રત પૌષધને પારણે અવશ્ય લેવાનું છે, એટલે કે તે દિવસે સાધુને દાન આપ્યા પછી જ પોતે ભોજન કરવાનું છે. જો કદાચ સાધુનો યોગ ન હોય તો ભોજન સમયે દ્વાર સામું જોઈ શુદ્ધ ભાવથી વિચારવું કે "જો સાધુ મહારાજ હોત તો મને આજ ઘણો લાભ થાત, મારો નિસ્તાર થાત" ઇત્યાદિ વિચારી ભોજન કરવું. પૌષધના પારણા સિવાયના દિવસોમાં સાધુને દાન આપીને જમવું અથવા જમીને પછી દાન આપવું; તેનો કાંઇ નિયમ નથી. આ વ્રતના પાંચ અતિચાર આ પ્રમાણે છે–સાધુને આપવા લાયક અન્ન પાનાદિક વસ્તુને નહિં આપવાની બુદ્ધિથી અથવા અનાભોગ કે સહસાકારાદિકથી માટી વગેરે સચિત્ત પદાર્થ ઊપર મૂકવો તે સચિત્તનિક્ષેપણતા નામનો પહેલો અતિચાર છે. ૧. એ જ પ્રમાણે સચિત્ત પદાર્થવડે દેયવસ્તુને ઢાંકવી તે સચિત્તપિધાનતા નામનો બીજો અતિચાર છે. ૨. એ જ રીતે અદાન બુદ્ધયાદિકથી પોતાની વસ્તુને પારકી કહેવી અથવા દેવાની બુદ્ધિથી પારકી વસ્તુને પોતાની કહેવી તે, અથવા સાધુએ માગેલી વસ્તુ પોતાને ઘેર હોય છતાં "આ વસ્તુ અમુક માણસની છે, તેની પાસે જઈને માગો. એમ" કહેવું તે, અથવા અવજ્ઞાથી બીજા પાસે દાન અપાવે તે, અથવા મરેલા કે જીવતા પોતાના પિતાને કે બીજાને આ દાનનું પુણ્ય થાઓ એમ પરના ઉદ્દેશથી આપે તે સર્વપરવ્યપદેશ નામનો ત્રીજો અતિચાર છે. ૩. સાધુ કાંઈક વસ્તુ માંગે ત્યારે પોતે ગુસ્સે થાય, અથવા છતી વસ્તુ માગ્યા છતાં આપે નહીં, તે મત્સર કહેવાય છે. અથવા કોઇ નિર્ધને આપેલું દાન જોઇ "શું તેનાથી પણ હું હીન છું?"

એમ મત્સર ભાવથી દાન આપવું તે मत्सरता નામનો ચોથો અતિચાર છે. ૪. ભિક્ષાનો સમય વીત્યા પછી "હવે આ મુનિ દાન લેશે નહીં. તેને ખપ હશે નહીં," એમ વિચારી સાધુને નિમંત્રણ કરવું તે કાલાતિક્રમ કહેવાય છે. તેને વિષે જે દાન આપવું તે कालातिक्रमदान નામનો પાંચમો અતિચાર છે. ૫. આમાંથી કોઈ પણ દોષ લાગ્યો હોય તેને હું નિંદુ છું. ૩૦

## ધન શ્રેષ્ઠિની કથા


એક ગામમાં ધન નામનો વ્યાપારી રહેતો હતો. તેને એક ભદ્રિક પરિણામી અને દાન દેવાની ભાવનાવાળી સુંદર પત્ની હતી. એક વખતે શેઠે ગુરુ પાસે નિયમ લીધો કે મારે ત્રિકાલ દેવપૂજા, એકાંતરે ઉપવાસ, સચિત્ત વસ્તુનો ત્યાગ કરવો. આ નિયમ ધન શેઠ સારી રીતે પાળતો હતો. કર્મના ઉદયે ધન શેઠ નિર્ધન થઇ ગયો. પત્નીએ કહ્યું કે, મારા પિયરથી દ્રવ્ય લઈ આવીને વ્યાપાર કરો. તે સ્ત્રીના આગ્રહથી ધન શેઠ સસરાનાં ગામ તરફ જવા તૈયાર થયો. રસ્તામાં ખાવા માટે પત્નીએ તૈયાર કરેલું સાથવાનું ભાતું રાખી લીધું. પહેલા દિવસે ઉપવાસ હતો. બીજા દિવસે ભાતું વાપરતાં પહેલાં, કોઇ મુનિ આવી ચડે તો વહોરાવીને પછી ભાથું વાપરું. આ પ્રમાણે ઈચ્છા કરતાં જ પુણ્યોદયે એક માસક્ષમણ કરેલા તપસ્વી સાધુ ફરતાં ફરતાં ભિક્ષા લેવા માટે આવી ચડયા. શેઠે પોતાની પાસેના ભાતાનું દાન દઇ દીધું (જૂઓ ચિત્ર ૧૩૭). ત્રીજા દિવસે ઉપવાસ કર્યો. ચોથા દિવસે શેઠ સાસરે પહોંચી ગયા. સસરા પાસે ધનની માંગણી આજીજીપૂર્વક કરી, પરંતુ નિર્ધન જાણીને દ્રવ્ય પાછું નહીં આવી શકે, એમ સમજીને કાંઈ પણ ધન સસરાએ આપ્યું નહીં. પછી ધન શેઠ નિરાશ થઈને પાછો પોતાના વતન તરફ જવા માટે ઉપડયો. રસ્તામાં નદીના કિનારે બેઠાબેઠા વિચાર કરવા લાગ્યો કે, મારી પત્નીએ પિયેરથી ધન મલશે એ આશાએ મને મોકલ્યો હતો મને ખાલી હાથે આવેલો જાણી તે નિરાશ થઇ જશે. એમ વિચાર કરીને કાંઠાના કાંકરા લઈ પોટલું બાંધી ઘેર પહોંચ્યો. પોટલું પોતાની પત્નીને આપ્યું. સ્ત્રી, ધન ભરેલું પોટલું જાણી આનંદિત થઇ. પોટલામાંના કાંકરાના શેઠે માસક્ષમણના ઉપવાસી મુનિ મહારાજને આપેલા દાનના પ્રભાવે, શાસનદેવે દિવ્યરત્નો બનાવી દીધા. તેમાંથી એક રત્ન કહાડી સ્ત્રીએ, અનાજ વગેરે વસ્તુઓ લાવી સુંદર રસોઇ બનાવી. શેઠ વિસ્મય પામી ગયો. ભોજન કર્યું. રાત્રે પથારીમાં સૂતાં-સૂતાં ધન શેઠ વિચાર કરવા લાગ્યો કે, આ કાંકરાના બદલે રત્ન કઈરીતે થઈ ગયા. તે વખતે શાસનદેવે પ્રગટ થઈને કહ્યું કે, તેં રસ્તામાં જે સુપાત્રદાન દીધું હતું તેના પ્રતાપે, મેં કાંકરાના બદલે રત્નો કરી દીધાં છે. પછી શેઠ તે રત્નોથી ધનવાન વ્યાપારી થયો (જૂઓ ચિત્ર ૧૩૮). ધર્મ પાળી મોક્ષે ગયો. એમ જાણી અતિથિસંવિભાગ વ્રતનો આદર કરો.



ચિત્ર ૧૪૫ સાગરચંદ્રને પૌષધમાં ઉપસર્ગ
(પાનું ૧૩૬)



ચિત્ર ૧૪૬ ચંદ્રાવતંસક રાજા કાઉસગ્ગમાં (પાનું ૧૩૭)



ચિત્ર ૧૪૭ આચાર્ય મહારાજ પાસે સાધુ તથા શ્રાવક સમૂહમાં પ્રતિક્રમણ કરતાં (પાનું ૧૩૭)

सुहिएसु अ दुहिएसु अ, जा मे अस्संजएसु अणुकंपा ।
रागेण व दोसेण व, तं निंदे तं च गरिहामि ॥ ३१ ॥

જેને જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ સારી રીતે હિતકાર છે એટલે જેઓ જ્ઞાનાદિકમાં રક્ત છે, તેવા સાધુઓને વિષે, તથા જેઓ રોગ કે તપ વડે ગ્લાનિ પામેલા હોય કે વસ્ત્ર પાત્રાદિક ઉપધિને અભાવે દુ:ખી હોય તેવા સાધુને વિષે, તથા જેઓ પોતાની સ્વેચ્છાએ વિચરતા ન હોય એવા સાધુને વિષે અથવા પાસત્થાદિક કે અન્ય મતના કુલિંગી એવા અસંયત સાધુને વિષે મેં રાગ કે દ્વેષવડે જે અનુકંપા કરી હોય એટલે કે ચારિત્રના ગુણની વૃદ્ધિ વિના જ માત્ર સ્વજન અને મિત્રાદિકના પ્રેમવડે કે સાધુની નિંદારૂપ દ્વેષવડે એટલે 'આ સાધુ ધન, ધાન્યાદિક રહિત છે, જ્ઞાતિજનોએ ત્યાગ કરેલા છે, ક્ષુધાથી પીડિત છે, તેમને કાંઈપણ નિર્વાહનું સાધન નથી, તેથી તેમને કાંઈક આપવું યોગ્ય છે.'' ઈત્યાદિક નિંદા પૂર્વક જે અન્ન, પાણી, વસ્ત્ર, પાત્ર વગેરે આપવારૂપ અનુકંપા કરી હોય તેની નિંદા અને ગર્હા અહીં કરવાની છે. ૩૧

साहुसु संविभागो, न कओ तव चरणकरण जुत्तेसु ।
संते फासुअदाणे, तं निंदे तं च गरिहामि ॥ ३२ ॥

નિર્દોષ અન્ન, પાણી વગેરે હોવા છતાં પણ તથા બાર પ્રકારનો તપ, સીત્તેર પ્રકારનું ચરણ અને સીત્તેર પ્રકારનું કરણ એ સર્વ વડે યુક્ત એવા સાધુનો યોગ છતાં પણ મેં પ્રમાદ વગેરેના વશથી તેમને દાન આપ્યું ન હોય, તેની નિંદા અને ગર્હા અહીં કરી છે. ૩૨

इहलोए परलोए, जीविअ मरणे अ आसंसपओगे ।
पंचविहो अइआरो, मा मज्झं हुज्ज मरणं ते ॥ ३३ ॥

પ્રતિક્રમણ કરનારની અપેક્ષાએ આ લોક એટલે મનુષ્ય લોક, તેને વિષે અભિલાષાનો પ્રયોગ એટલે 'હું અહીંથી મરીને રાજા કે શેઠ વગેરે થાઉં'' ઇત્યાદિ સુખની વાંછા કરવી તે इहलोकाशंसाप्रयोग નામનો પહેલો અતિચાર છે. ૧. એ જ પ્રમાણે પરલોકમાં 'હું દેવ કે ઇંદ્ર થાઉં' વગેરે સુખની વાંછા કરવી તે, परलोकाशंसाप्रयोग નામનો બીજો અતિચાર છે. ૨. અનશન કર્યા પછી ભક્તજનોએ કરેલા મહોત્સવો જોવાથી, મનોહર ગીત, નૃત્યાદિક જોવાથી, વીણા વેણુના મનોહર ધ્વનિ સાંભળવાથી અત્યંત વસ્ત્રમાલ્યાદિકનો સત્કાર, સન્માન અને વંદનાદિક જોવાથી, ગીતાર્થ મુનિઓ પણ સિદ્ધાંત વાચનાદિક કરે એ વગેરે જોવાથી, તથા ધાર્મિકજનોએ કરેલા પોતાના ગુણોની પ્રશંસા શ્રવણ કરવાથી વધારે વખત જીવવાનું ઇચ્છવું તે, जीविताशंसाप्रयोग નામનો ત્રીજો અતિચાર છે. ૩. કઠિન સ્થળે અનશન કરવાથી, ઉપર પ્રમાણે બહુમાન સત્કારાદિક ન થવાથી અથવા ક્ષુધાદિકની પીડાથી જે જલ્દી મરવાની ઇચ્છા કરવી તે, मरणशंसाप्रयोग નામનો ચોથો અતિચાર છે. ૪. તથા કામ એટલે શબ્દ

અને રૂપ, તથા ભોગ એટલે ગંધ, રસ અને સ્પર્શ, એ પાંચે વિષયોનો અભિલાષ કરવો એટલે કે 'હું અહીંથી મરીને આ તપના પ્રભાવથી રૂપ–સૌભાગ્યાદિકવાળો થાઉં!' ઈત્યાદિક ઈચ્છવું તે, कामभोगाप्रशंसाप्रयोग નામનો પાંચમો અતિચાર છે. ૫. આ પાંચ પ્રકારનો અભિલાષ મારે મરણાંતે એટલે છેલ્લા શ્વાસોશ્વાસ સુધી ન થાઓ. એવી અહીં પ્રાર્થના કરવાની છે. કેમ કે આશંસા કરવાથી ઉત્કૃષ્ટને બદલે હીન ફળને પામે છે. ૩૩

**काएण काइअस्स, पडिक्कमे वाइअस्सवायाए ।**
**मणसा माणसिअस्स, सव्वस्स वयाइआरस्स ॥ ३४ ॥**

વધ બંધાદિક અશુભ કાય યોગથી થએલા અતિચારને ગુરુએ આપેલા તપ અને કાયોત્સર્ગાદિરૂપ શુભ કાય યોગ વડે પ્રતિક્રમું છું. સહસા અભ્યાખ્યાન વગેરે દેવારૂપ અશુભ વચનયોગથી થએલા અતિચારને મિથ્યાદુષ્કૃતાદિ આપવા રૂપ શુભ વચનયોગ વડે પ્રતિક્રમું છું, તથા શંકાદિકથી થએલા માનસિક અતિચારને 'મેં આ ખોટું ચિંતવ્યું" એમ વિચારી આત્મનિંદા કરવા રૂપ શુભ મન વડે પ્રતિક્રમું છું. એ રીતે સર્વવ્રતોના અતિચારનું પ્રતિક્રમણ કરવું. ૩૪

**वंदणवयसिक्खागा–रवेसु सण्णाकसायदंडेसु ।**
**गुत्तीसु अ समिइसु अ, जो अइआरो अ तं निंदे ॥ ३५ ॥**

આ ગાથામાં વંદનાદિક કરતાં જે અતિચાર લાગ્યા હોય તેનું નિંદાપૂર્વક પ્રતિક્રમણ કર્યું છે. તેમાં વંદન એટલે ચૈત્યવંદન અને ગુરુવંદન વ્રત એટલે અનુવ્રતાદિક શ્રાવકનાં બારવ્રત શિક્ષા એટલે ગ્રહણા અને આસેવના એ બે પ્રકારની શિક્ષા તેમાં ગ્રહણાશિક્ષા એટલે શ્રાવક જઘન્યથી અષ્ટ પ્રવચન માતા અને ઉત્કૃષ્ટથી દશવૈકાલિકના 'છજ્જીવણીય' અધ્યયન સુધી અર્થ સહિત ભણે તે. તથા આસેવના શિક્ષા એટલે નમસ્કાર વડે જાગવું વગેરે દિનકૃત્યમાં કહ્યું છે, તે પ્રમાણે કરવું તે. ગૌરવ એટલે ઋદ્ધિગૌરવ, રસગૌરવ અને શાતાગૌરવ અથવા જાત્યાદિક આઠ મદ. સંજ્ઞા એટલે ચાર, દશ કે પંદર પ્રકારની કહી છે તે. કષાય એટલે ક્રોધ, માન; માયા અને લોભ, એ ચાર પ્રકારે કહ્યા છે તે. દંડ એટલે ત્રણ પ્રકારે કહ્યા છે તે. મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ એ ત્રણ ગુપ્તિ તથા ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન નિક્ષેપણા સમિતિ અને પારિષ્ઠાપનિકા સમિતિ એ પાંચ પ્રકારની સમિતિ. આ સર્વના અતિચારની અહીં નિંદા કરવી તે. ૩૫

## ઋદ્ધિ ગૌરવ પર દશાર્ણભદ્ર રાજાની કથા

દશાર્ણ નામના નગરમાં દશાર્ણભદ્ર નામનો રાજા રાજ્ય કરતો હતો. આ રાજાની પાસે ચક્રવર્તિની માફક પુષ્કળ ઋદ્ધિ હતી. એક વખતે શ્રીમહાવીરપ્રભુ દશાર્ણપુરની નજીકના ઉદ્યાનમાં સમોસર્યા. વનપાલકે ઉદ્યાનમાં પ્રભુ પધાર્યાની રાજાને વધામણી આપી.

શ્રીમહાવીર પ્રભુને આવ્યા સાંભળી દશાર્ણભદ્ર રાજા ખૂબ આનંદિત થયો. મનમાં વિચાર્યું કે, હું પ્રભુને ખૂબ ધામધૂમથી વંદન કરવા જાઉં. બીજા કોઈએ પણ પ્રભુને આજ સુધી વંદન ના કર્યું હોય, તેવી રીતે હું પ્રભુને વંદન કરવા જાઉં. પ્રભુને વંદન કરવા જવા માટે, ઐરાવણ હાથી જેવા અઢાર હજાર હાથી, ચોવીસ લાખ ઘોડા, એકવીસ હજાર રથ, એક હજાર પાલખી, સોળ હજાર ધજાઓ, પાંચસેં રાણીઓ, વગેરે પરિવારથી પરિવરેલો રાજા. દશાર્ણભદ્ર મોટા આડંબરથી પ્રભુને વંદન કરવા જવા માટે નીકળ્યો, તે વખતે સૌધર્મેંદ્રે તેનો ઋદ્ધિનો ગર્વ ઊતારવા માટે, ચોસઠ હજાર ધોળા ઉત્તમ હાથી વિકુર્વ્યા, દરેક હાથીને પાંચસો પાંચસો સૂંઢ, દરેક સૂંઢ દીઠ આઠ આઠ દંતૂશલ, અને દરેક દંતૂશલ ઊપર આઠ આઠ વાવ, દરેક વાવમાં આઠ આઠ કમલ; દરેક કમલને લાખ લાખ પાંખડી, દરેક પાંખડી ઊપર બત્રીસબદ્ધ દેવતાઈ નાટક થતાં હતાં, દરેક કર્ણિકાએ સિંહાસન, આઠ આઠ અગ્રમહિષીઓ સહિત, બેઠેલા ઇંદ્ર મહારાજ નાટક જૂએ છે. આવી રીતના ચોસઠ હજાર હાથી આકાશમાંથી ઊતરતા દશાર્ણભદ્ર રાજાએ જોયા. આ પ્રમાણેની ઋદ્ધિ સાથે ઇંદ્ર મહારાજને પ્રભુને વાંદવા આવતા દેખીને, દશાર્ણભદ્ર રાજાએ વિચાર્યું કે, આ ઋદ્ધિ દેવલોકની છે. ઇંદ્ર મહરાજે મારો ગર્વ ઊતારવા માટે જ આ ઋદ્ધિ વિકુર્વી છે. હું ઇંદ્ર મહરાજને પહોંચી શકું તેમ નથી એમ વિચાર કરી, મહાવીર પ્રભુને વંદન કરી, દેશના સાંભળી, વૈરાગ્ય ઉત્પન્ન થવાથી, દશાર્ણભદ્ર રાજાએ પ્રભુ મહાવીર પાસે દીક્ષા લીધી (જૂઓ ચિત્ર ૧૩૯). ઇંદ્ર મહરાજે, દશાર્ણભદ્ર રાજર્ષિને પગે લાગીને, તમને ધન્યવાદ હો, એમ કહીને ઇંદ્ર મહારાજ દેવલોકમાં પાછા ગયા. દશાર્ણભદ્ર રાજર્ષિ નિરતિચાર ચારિત્ર પાળીને મોક્ષે ગયા. માટે કોઈએ ઋદ્ધિગૌરવ ન કરવો, જો કરવો હોય તો દશાર્ણભદ્ર રાજાની માફક ધર્મ ગૌરવ કરવો.

હવે રસગારવ, જે સ્વાદિષ્ટ અન્ન, પાણી પ્રત્યે લોલુપપણું ન રાખવું. લોલુપપણું રાખવાથી આર્યમંગુની માફક દુર્ગતીમાં જવું પડે.

## રસ ગારવ ઊપર આર્યમંગુની કથા

મથુરાનગરીમાં આર્યમંગુ ચાતુર્માસ રહ્યા હતા. અહીં દરરોજ સ્વાદિષ્ટ આહાર મલવાથી જીભના સ્વાદના લોલુપી અને શિથિલાચારી થયા. એક જ ઠેકાણે ઘણો સમય રહેવાથી પ્રમાદીપણ થયા. અનુક્રમે કાલધર્મ પામીને, તે જ નગરમાં ખાલટ્ટકડા નામના યક્ષના મંદિરના અધિષ્ટાયક તરીકે ઉત્પન્ન થયા, વિભંગજ્ઞાનથી પોતાનો પાછળનો ભવ જાણીને, પશ્ચાતાપ કરવા લાગ્યા. સાધુ યક્ષના મંદિર પાસે થઈને, બહિર્ભૂમિ જાય, તે વખતે, યક્ષની પાષાણ મૂર્તિની જીભ બહાર કાઢેલી દેખાડે. સાધુ કારણ પૂછે, એટલે યક્ષ બોલે કે, હું તમારો ગુરુ છું, અને જીભની લોલુપતાથી કાળધર્મ પામીને અહીં યક્ષ તરીકે ઉત્પન્ન થયો

છું, તે માટે તમે; ભૂલે ચૂકે જીભના સ્વાદના લોલુપી ન થશો. એમ કહી યક્ષ અદશ્ય થઇ ગયો. તે માટે રસગારવ ન કરવો.

ત્રીજો શાતાગારવ– સુકોમળ વસ્ત્ર તથા સુવિનીત શિષ્ય, સારો ઉપાશ્રય, આ બધામાં મોહથી શાતા માને. તે સુખ છોડી ન શકે, તે જીવ દુઃખી થાય.

## શાતા ગારવ પર શશિરાજની કથા.

કુસુમપુર નગરમાં શશિ અને સૂર્યપ્રભ નામના બે ભાઈઓ હતા. શશિ રાજા તરીકે રાજ્ય કરતો હતો અને સૂર્યપ્રભ યુવરાજ તરીકે હતો. એક વખત નગરની પાસેના ઉદ્યાનમાં શ્રીવિજયસેનસૂરિ નામના આચાર્ય સમવસર્યા. સૂર્યપ્રભ આચાર્ય મહારાજને વંદન કરવા ગયો. ધર્મદેશના સાંભળી, પ્રતિબોધ પામ્યો. મોટાભાઈ શશિરાજાને, કહેવા લાગ્યો કે, ભાઈ! મને દીક્ષા લેવાની અનુંમતિ આપો. મોટાભાઇની અનુમતિ લઇને સૂર્યપ્રભે દીક્ષા લીધી. નિરતિચાર ચારિત્ર પાળી પાંચમા દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો. શશિ શાતાગારવમાં રક્ત રહ્યો. અવિરતી પણે મરીને, નરકે ગયો. સૂર્યપ્રભે, ભાઈના સ્નેહને લીધે, નરકમાં રહેલા શશિના જીવને, ધર્મનો પ્રભાવ જણાવ્યો. તે વખતે શશિનો જીવ પશ્ચાતાપ કરવા લાગ્યો કે મેં શરીરને શાંતિ ઉપજાવતાં ધર્મ ન કર્યો, તેથી મારો જીવ, કષ્ટની વેદના સહન કરે છે. દેવતાએ કહ્યું કે, હવે પશ્ચાતાપ કરવાથી શું થાય? કારણ કે, તું પરમાધામી દેવતાને વશ પડચો. જો તેં મારું કહ્યું માન્યું હોત તો, તું અહીં નરકમાં ઉત્પન્ન ન થયો હોત. એમ કહ્યું, પરંતુ, તે ભાઈને નારકીના દુઃખમાંથી છોડાવી ન શકયો. પછી, દેવલોકમાં દેવ ચાલ્યો ગયો અને શશિના જીવે નારકીનાં બહુ દુઃખ સહ્યાં.

सम्मदिट्ठो जीवो, जइ वि हु पावं समायरइ किंचि ।
अप्पोसि होइ बंधो, जेण न निद्धंधसंकुणइ ॥ ३६ ॥

જો કે સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ શ્રાવક પોતાનો નિર્વાહ બીજી રીતે નહીં ચાલવાથી ખેતી વગેરે કાંઈક પાપકારી આરંભ કરે છે–તેને તેવો આરંભ કરવો પડે છે તો પણ તેને પ્રથમના ત્રણ ગુણસ્થાનકની અપેક્ષાએ જ્ઞાનાવરણીયાદિક કર્મોનો અલ્પ બંધ થાય છે. કારણકે તે શ્રાવક તેવો આરંભ પણ અતિ નિષ્ઠુરપણે કરતો નથી. ૩૬

तं पि हु सपडिक्कमणं, सप्परिआवं सउत्तरगुणं च ।
खिप्पं उवसामेइ, वाहिव्व सुसिक्खिओ विज्जो ॥ ३७ ॥

જેમ સારો અનુભવી વૈદ્ય વ્યાધિને શીઘ્રપણે દૂર કરે છે. તેમ સમકિતધારી સુશ્રાવક પણ પ્રતિક્રમણ દ્વારા અને પ્રાયશ્ચિતરૂપ ઉત્તરગુણ દ્વારા કર્મરૂપી વ્યાધિને દૂર કરે છે. ૩૭

जहाविसं कुट्ठगयं, मंतमूलविसारया ।
विज्जा हणंति मंतेहिं, तो तं हवइ निव्विसं ॥ ३८ ॥

જેમ ગારૂડિક મંત્ર અને જડીબુટ્ટી વગેરે મૂળને જાણનારા હોશિયાર વૈદ્યો શરીરમાં વ્યાપેલા સ્થાવર કે જંગમ વિષને મંત્રાદિક વડે દૂર કરે છે, અને તે વખતે તેનું શરીર વિષ રહિત થાય છે. ૩૮

## એક ડોશીની કથા

એક ગામમાં એક ગરીબ ડોશી રહેતી હતી. તેનો હંસ નામનો એક દીકરો, લોકોનાં વાછરડાં ચારવા જતો હતો. એક વખત તે ગોચર ભૂમિથી ઘેર આવતો હતો, તે વખતે તેને સર્પ ડસ્યો અને તેથી તે બેભાન થઈને પડયો. માતાએ આ વાત સાંભળી. ગારૂડ મંત્રવાદી પુરુષને બોલાવી, હંસ જ્યાં પડયો છે, ત્યાં લઈ ગઈ. દીકરાને મડદાંની માફક પડેલો દેખી, બધાએ મંત્રવાદીઓ પાછા ફર્યા. ડોશી વિલાપ કરતી, એકલી જ ત્યાં રહી. દીકરાની પાસે બેઠી. હે વત્સ હંસ! હે વત્સ હંસ! એમ વારંવાર ઉંચા અવાજે વિલાપ કરતાં કરતાં આખી રાત્રિ પસાર થઈ ગઈ. પ્રભાતે સૂર્યોદય થયોને, હંસ સાજો થયો. મા આનંદિત થઈ ગઈ, માતા અને હંસ ઘેર આવ્યા. મંત્રવાદીઓ પણ વિસ્મય પામ્યા. ડોશીને પૂછવા લાગ્યા કે, તેં કયા ઈલાજથી તારા દિકરાને સાજો કર્યો? ડોશીએ કહ્યું કે, મેં તો કાંઈ ઇલાજ કર્યો નથી. માત્ર હું હંસ, હંસ, બોલીને વિલાપ કરતી જ્યારે થાકી ગઈ ત્યારે, સૂર્યોદય થયો અને મારો દિકરો હંસ ઉઠીને બેઠો થયો. એ વાત સાંભળીને, મંત્રવાદીઓ સમજ્યા કે, ગારૂડ મંત્રમાં હંસ જ બીજ મંત્રાક્ષર છે, આ ડોશી અજાણતાં છતાં પણ–પોતાના દિકરાનું નામ પણ હંસ હોવાથી, તે જ બીજમંત્ર આખી રાત્રિ બોલી, અને તે હંસ મંત્રબીજના પ્રભાવથી, ડોશીનો દિકરો હંસ સાજો થઈ ગયો. હંસ અક્ષરથી ઝેર ઉતરી ગયું. મંત્ર બીજ–અક્ષર–નો આવો મહિમા છે, તેવી જ રીતે, પ્રતિક્રમણ કરતાં, અજાણપણે પણ પાપનો ક્ષય થાય છે.

एवं अट्ठविहं कम्मं, रागदोस समज्जिअं ।
आलोअंतो अ निंदंतो, खिप्पं हणइ सुसावओ ॥ ३९ ॥

એ જ પ્રમાણે આલોચના કરતો તથા નિંદા કરતો એવો સુશ્રાવક રાગ અને દ્વેષથી ઉપાર્જન કરેલાં–બાંધેલાં–આઠ પ્રકારનાં કર્મોને શીઘ્રપણે નાશ કરે છે. ૩૯

कयपावो वि मणुस्सो, आलोइअ निंदिअ गुरुसगासे ।
होइ अइरेगलहुओ, ओहरिअभरुव्व भारवहो ॥ ४० ॥

જેનો ભાર ઊતર્યો હોય એવો ભાર વહન કરનાર મજુર હલકો થાય છે, તેમ પાપના ભારવાળો મનુષ્ય પણ ગુરુ પાસે આલોયણા લઈ તથા આત્મસાક્ષીએ તે પાપની નિંદા કરી કર્મનો ભાર ઓછો થવાથી હળવો થાય છે. ૪૦

आवस्सएण एएण, सावओ जइवि बहुरओ होई ।
दुक्खाणमंतकिरिअं, काही अचिरेण कालेण ॥ ४१ ॥

જો કે શ્રાવક ઘણી બંધાતી કર્મરૂપી રજવાળો હોય છે અથવા સાવદ્ય આરંભમાં આસક્ત હોય છે, તો પણ આ સામાયિક ૧, ચતુર્વિંશતિ સ્તવ ૨, વંદનક ૩, પ્રતિક્રમણ ૪, કાયોત્સર્ગ ૫, અને પચ્ચખ્ખાણ ૬. એ છ આવશ્યક કરવાથી થોડા વખતમાં જ દુઃખનો અંત કરતો મોક્ષ પામશે. ૪૧.

आलोअणा बहुविहा, न य संभरिआ पडिक्कमण काले ।
मूलगुणउत्तरगुणे, तं निंदे तं च गरिहामि ॥ ४२ ॥

આલોચના એટલે ગુરુની પાસે પોતાના અપરાધો કહેવા તે, અને ઉપચારથી તેના કારણભૂત પ્રમાદવાળી ક્રિયા પણ આલોચના કહેવાય છે, એટલે કે ક્રિયામાં જે જે પ્રમાદ થયા હોય તે પણ આલોચના કહેવાય છે, તે આલોચનાઓ પાંચ અણુવ્રતરૂપ મૂળગુણ અને સાત ગુણવ્રતરૂપ ઉત્તર ગુણને વિષે ઘણા પ્રકારની હોય છે, તેથી તે આલોચનાની નિંદા, ગર્હા કરવાને અવસરે જે આલોચના વિસ્મરણ થઈ હોય તેની આ ગાથાથી નિંદા, ગર્હા કરવામાં આવી છે. ૪૨

तस्स धम्मस्स केवलिपन्नत्तस्स
अब्भुट्ठिओमि आराहणाए, विरओमि विराहणाए ।
तिविहेण पडिक्कंतो, वंदामि जिणे चउव्वीसं ॥ ४३ ॥

કેવલીએ પ્રરૂપેલો શ્રાવકધર્મ કે જે મેં ગુરુની પાસે અંગીકાર કર્યો છે, તેની આરાધના કરવા માટે હું સાવધાન થયો છું અને તેની વિરાધનાથી નિવૃત્ત થયો છું (જૂઓ ચિત્ર ૧૪૦). તથા મન, વચન, અને કાયા એ ત્રણ પ્રકારે અતિચાર થકી નિવૃત્ત થઈને હું ઋષભ વગેરે ચોવીશ તીર્થંકરોને અને ઉપલક્ષણથી પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ ક્ષેત્રના સર્વ ભાવ તીર્થંકરોને હું વંદન કરું છું. ૪૩.

जावंति चेइआइं, उड्ढेअ अहेअ तिरिअलोए अ ।
सव्वाइं ताइं वंदे, इह संतो तत्थ संताइं ॥ ४४ ॥

जावंत केवि साहू, भरहेरवयमहाविदेहे अ ।
सव्वेसिं तेसिं पणओ, तिविहेण तिदंड विरयाणं ॥ ४५ ॥

આ બંને ગાથાઓ આગળ આવી ગઈ છે, તેથી તેનો અર્થ વગેરે ત્યાંથી જ જાણી લેવો. ૪૪–૪૫

चिरसंचिअपावपणा-सणीइ भवसयसहस्स महणीए ।
चउवीस जिणविणिग्गय-कहाइ वोलंतु मे दिअह ॥ ४६ ॥

બીજમાંથી જેમ અંકુરા નીકળે તેમ ચોવીસ તીર્થંકરોનાં નામનું કીર્તન, તેમના ગુણોનું ગાન અને તેમના ચરિત્રોનું વર્ણન વગેરે વચનની પદ્ધતિ વડે મારા રાત્રિ દિવસ નિર્ગમન થાઓ. કારણકે તેમની કથા અનંતકાલના સંચેલા પાપકર્મનો નાશ કરનારી અને લાખો ભયને મથન કરનારી છે. ૪૬

मम मंगलमरिहंता, सिद्धा साहू सुअं च धम्मो अ ।
सम्मदिट्ठी देवा, दिंतु समाहिं च बोहिं च ॥ ४७ ॥

અરિહંત, સિદ્ધ, સાધુ, શ્રુત એટલે અંગ, ઉપાંગ વગેરે આગમ અને ધર્મ એટલે શ્રુતધર્મ તથા ચારિત્રધર્મ મને મંગલરૂપ હો. વળી, સમકિતદૃષ્ટિ દેવો અને દેવીઓ મને સમાધિ એટલે ચિત્તની સ્વસ્થતા અને બોધિ એટલે પરભવમાં જિનધર્મની પ્રાપ્તિ થાઓ ૪૭.

અહીં કોઈ પ્રશ્ન કરે કે-જેણે આ બાર વ્રતો ગ્રહણ કર્યા હોય, તેણે પ્રતિક્રમણ કરવું યોગ્ય છે. પરંતુ જેણે વિરતિ ગ્રહણ કરી ન હોય તેને અતિચારનો અસંભવ છે. તેથી તેને પ્રતિક્રમણ કરવાની જરૂર નથી. આનો ઉત્તર એ છે કે-બંનેને પ્રતિક્રમણ કરવું યોગ્ય છે. કારણ કે માત્ર અતિચારને માટે જ પ્રતિક્રમણ છે એમ નથી. પરંતુ ચાર ઠેકાણે પ્રતિક્રમણ કરવાનું છે,

पडिसिद्धाणं करणे, किच्चणमकरणे अ पडिक्कमणं ।
असद्दहणे अ तहा, विवरीअपरूवणाए अ ॥ ४८ ॥

આગમમાં નિષિદ્ધ કરેલા સ્થૂલ હિંસાદિક કાર્ય કરવાં તથા દેવપૂજાદિક કાર્ય જે કરવાના કહ્યાં છે તે ન કરવા, તથા આગમથી જ જાણી શકાય તેવા નિગોદાદિક સૂક્ષ્મ પદાર્થોને વિષે અશ્રદ્ધા કરવી તથા અસત્ય પ્રરૂપણા કરવી આ ચાર ઠેકાણે પ્રતિક્રમણ કરવાનું છે. ૪૮.

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्वभूएसु, वेरं मज्झं न केणइ ॥ ४९ ॥

કોઈએ મારો કાંઈપણ અપરાધ કર્યો હોય, તેના તે અપરાધને હું માફ કરું છું. એવી રીતે મેં પણ કોઈનો કાંઈપણ અપરાધ કર્યો હોય તો તે મને ક્ષમા આપો. મારે સર્વજીવોની સાથે મૈત્રીભાવ છે, કોઈની સાથે વૈરભાવ નથી. ૪૯

एवमहं आलोइअ, निंदिअ गरहिअ दुगंछिअं सम्मं ।
तिविहेण पडिक्कंतो, वंदामि जिणे चउव्वीसं ॥ ५० ॥

આ રીતે મેં સમ્યક્ પ્રકારે પાપની આલોચના, નિંદા, ગર્હા અને જુગુપ્સા કરી છે. તથા મન, વચન, કાયાએ ત્રણ પ્રકારે પ્રતિક્રમણ કરતો હું ફરીથી ચોવીશ તીર્થંકરોને વંદના કરું છું. ૫૦

## ઇતિ વંદિત્તુ સૂત્ર

## [२९ अब्भुट्ठिओ (गुरुखामणा) सूत्र]

**इच्छाकारेण संदिसह भगवन् ! अब्भुट्ठिओ हं अब्भिंतर देवसिअं खामेउं ॥**

હે ભગવાન્ ! હું દિવસમાં ઉત્પન્ન થએલા અતિચારને ખમાવવા તત્પર થયો છું, તેથી આપ ઇચ્છા પ્રમાણે મને આજ્ઞા આપો. ત્યારે ગુરુ, खामेह ખમાવો એમ કહે. પછી શિષ્ય આ પ્રમાણે બોલે–

**इच्छं, खामेमि देवसिअं ।**

હું આપની આજ્ઞા પ્રમાણે કરવાને ઇચ્છું છું. તેથી આપની આજ્ઞાનુસાર દિવસ સંબંધી અતિચારને ખમાવું છું.

**जं किंचि अपत्तिअं, परपत्तियं, भत्ते, पाणे, विणए, वेआवच्चे, आलावे, संलावे, उच्चासणे, समासणे, अंतरभासाए, उवरिभासाए, जं किंचि मज्झ विणयपरिहीणं सुहुमं वा बायरं वा तुब्भे जाणह, अहं न जाणामि, तस्स मिच्छामि दुक्कडं ॥**

હે ગુરુ મહારાજ ! મારાથી જે કાંઇ આપની સામાન્ય કે વિશેષ અપ્રીતિ ઉત્પન્ન થઈ હોય, કયા કયા વિષયમાં ? તે કહે છે–આહારમાં, પાણીમાં, આપનો વિનય કરવામાં, ઔષધ અને પથ્યાદિક વૈયાવચ્ચ કરવામાં, એકવાર બોલવામાં, પરસ્પર કથા કરવારૂપ વારંવાર બોલવામાં, આપનાથી ઉંચા કે સમાન આસન પર બેસવામાં, આપ બોલતા હો તેની વચ્ચે બોલવામાં મેં જે કાંઈ વિનયરહિત પણે સૂક્ષ્મ એટલે અલ્પ પ્રાયશ્ચિતથી શુદ્ધ થાય તેવો કે બાદર એટલે મોટા પ્રાયશ્ચિતથી શુદ્ધ થાય તેવો અપરાધ કર્યો હોય, કે જે અપરાધ જ્ઞાનને લીધે આપ જાણતા હો, અને અજ્ઞાનને લીધે હું જાણતો ન હોઉં, તે સર્વ અતિચારનું હું મિથ્યાદુષ્કૃત દઉં છું.

વિધિપૂર્વક અપરાધ ખમાવતાં અનેક ભવ્યજીવો કેવલજ્ઞાન પામ્યા છે.

## અપરાધ ખમાવવા ઊપર કથા

ઉજ્જેણી નગરીમાં ઘણા ક્રોધી ચંડરૂદ્રાચાર્ય નામના આચાર્ય હતા. આચાર્ય શિષ્યોથી જુદા રહેતા હતા. એક વખતે, નવો પરણેલો એક વ્યાપારી, મિત્રો સાથે સાધુઓને વંદન કરવા આવ્યો. મિત્રોએ હસતાં હસતાં મશ્કરીમાં સાધુઓને કહ્યું કે, અમારા આ મિત્રને દીક્ષા આપો. સાધુઓએ અલગ બેઠેલા ગુરુ મહારાજને બતાવ્યા. મિત્રો

ગુરુ મહારાજ પાસે આવીને પણ, તેવી જ રીતે મિત્રની મશ્કરી કરવા લાગ્યા. ક્રોધમાંને ક્રોધમાં ગુરુએ રાખોડી મંગાવીને, પેલા નવા પરણેલા મિત્રનો લોચ કરી નાંખ્યો, અને દીક્ષા પણ આપી દીધી. સાથે આવેલા મિત્રો અકળામણી પામી ગયા, અને ત્યાંથી નાસી ગયા.

નવા દીક્ષિત સાધુએ, આચાર્ય મહારાજને કહ્યું કે, ગુરુજી! તમે મારા મિત્રોએ મશ્કરીમાં કહેવાથી મને દીક્ષા તો આપી દીધી. પરંતુ, મારા લગ્ન તાજેતરમાં જ થએલાં હોવાથી, મારા સાસરીયાં આ વાત જાણશે એટલે તરત જ આવીને ધમાલ કરશે. માટે ચાલો આપણે બંને અહીંથી દૂર જતા રહીએ. એમ કહી, રાત્રિના સમયે, આચાર્ય મહારાજ વયોવૃદ્ધ હોવાથી, પોતાની કાંધ ઉપર બેસાડીને, શિષ્ય ત્યાંથી ચાલી નીકળ્યો (જૂઓ ચિત્ર ૧૪૧). અંધારી રાત્રિ હોવાથી, ઉંચા નીચા રસ્તામાં ચાલતાં, ગુરુ મહારાજને આંચકા લાગતા હતા. તેથી ગુરુ મહારાજે ક્રોધથી પોતાના હાથમાં રહેલો ડાંડો નવદીક્ષિત સાધુના માથામાં માર્યો. તાજો જ લોચ કરેલો હોવાથી, શિષ્યના માથામાંથી લોહી નીકળવા લાગ્યું. તે વખતે નવદીક્ષિત શિષ્ય મનમાં ચિંતવવા લાગ્યો કે, મારા લીધે ગુરુ મહારાજને ખૂબ કષ્ટ ઉત્પન્ન થાય છે. એમ ગુરુ ભક્તિ ચિંતવતાં, નવા શિષ્યને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તેથી બરાબર શિષ્યે ચાલવા માંડવાથી ગુરુ મહારાજે પૂછ્યું કે, હે શિષ્ય! તું હવે અંધારી રાત્રિ હોવા છતાં કોઈપણ જાતના અટકવા વિના સીધો શી રીતે ચાલે છે? કોઈ જ્ઞાન તો ઉત્પન્ન થયું નથીને? શિષ્યે કહ્યું કે, હા ભગવન્! મને જ્ઞાન ઉત્પન્ન થયું છે. ગુરુએ પૂછ્યું કે, પ્રતિપાતી કે અપ્રતિપાતી? શિષ્યે કહ્યું કે, અપ્રતિપાતી. આ સાંભળતાં જ, ગુરુ મહારાજ શિષ્યની કાંધ ઉપરથી ઉતરી પડ્યા. પશ્ચાતાપ કરતાં, તેઓને પણ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું (જૂઓ ચિત્ર ૧૪૨). જેવી રીતે ભાવપૂર્વક ગુરુએ કેવલીની ક્ષમાપના માંગી અને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તેવી જ રીતે ભાવપૂર્વક ખામણા ખામતાં અનેક ભવ્યજીવો કેવલજ્ઞાન પામ્યા છે અને પામશે.

## [३० श्रीआयरिय उवज्झाए सूत्र]

**आयरिय उवज्झाए, सीसे साहम्मिए कुलगणेअ।**
**जे मे केइ कसाया, सव्वे तिविहेण खामेमि॥ १॥**

આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક, કુળ અને ગણ એમાંથી કોઈના ઉપર મેં કાંઈપણ કષાય કર્યા હોય, તો તે સર્વની પાસે હું મન, વચન અને કાયાએ કરીને ક્ષમા માંગુ છું. અહીં એક આચાર્યની આજ્ઞામાં રહેનાર સાધુઓનો સમૂહ ગચ્છ કહેવાય છે. એવા ઘણા ગચ્છો ભેળા ગણીએતો એક કુળ થાય છે, અને ઘણા કુળ મળીને એક ગણ થાય છે.

सव्वस्स समणसंघस्स, भगवओ अंजलिंकरिअसीसे ।
सव्वं खमावइत्ता, खमामि सव्वस्स अहयं पि ॥ २ ॥

મસ્તક ઊપર બે હાથ જોડીને પૂજ્ય એવા સર્વ સાધુ સમુદાયને મેં જે કાંઈ અપરાધ કર્યો હોય તે સર્વ અપરાધની ક્ષમા માગીને હું પણ તેમણે કરેલા સર્વ અપરાધને માફ કરૂં છું.

सव्वस्स जीवरासिस्स, भावओ धम्मनिहिअनिअचित्तो ।
सव्वं खमावइत्ता, खमामि सव्वस्स अहयं पि ॥ ३ ॥

સર્વ જીવરાશિમાંથી કોઈનો મેં કાંઈ પણ અપરાધ કર્યો હોય તે સર્વ પ્રત્યે મારા સર્વ અપરાધને હું ખમાવું છું, અને ભાવથી ધર્મને વિષે ચિત્ત રાખીને હું પણ તેમણે કરેલા સર્વ અપરાધને માફ કરું છું.

## [३१ अथ श्रुतदेवतानी स्तुति]

सुअदेवयाए करेमि काउस्सग्गं । अन्नत्थ०

શ્રુતદેવતાને માટે એટલે સરસ્વતી દેવીનું સ્મરણ કરવા માટે હું કાયોત્સર્ગ કરું છું.

सुअदेवया भगवइ, नाणावरणीअकम्मसंघायं ।
तेसिं खवेउ सययं, जेसिं सुअसायरे भत्ती ॥ १ ॥

જેઓ શ્રુતરૂપ સમુદ્રને વિષે ભક્તિમાન હોય તેમના જ્ઞાનાવરણીય કર્મના સમૂહને પૂજ્ય એવી શ્રુતદેવતા-સરસ્વતી દેવી ક્ષય કરો.

## [३२ अथ क्षेत्रदेवतानी स्तुति]

जीसे खित्ते साहू, दंसणनाणेहिं चरणसहिएहिं ।
साहंति मुक्खमग्गं, सा देवी हरउ दुरिआइं ॥ १ ॥

જે દેવીના ક્ષેત્રમાં રહીને સાધુઓ જ્ઞાન, દર્શન અને ચારિત્રવડે મોક્ષમાર્ગને સાધે છે, તે ક્ષેત્રદેવતા પાપોને એટલે વિઘ્નોને દૂર કરો.

## [३३ अथ कमलदल स्तुति]

कमलदलविपुलनयना, कमलमुखी कमलगर्भसमगौरी ।
कमले स्थिता भगवती, ददातु श्रुतदेवता सिद्धिं ॥ १ ॥

જેનાં નેત્ર કમલના પત્રની જેવાં વિસ્તારવાળા છે, જેનું મુખ કમલના જેવું છે, જે કમલના મધ્યભાગ જેવા ગૌર વર્ણવાળી છે અને જે કમલના ઊપર રહેલી છે, તે પૂજ્ય સરસ્વતી દેવી સિદ્ધિને આપો.

[૩૪ अथ क्षेत्रदेवतानी स्तुति]

यस्या क्षेत्रं समाश्रित्य, साधुभिः साध्यते क्रिया।
सा क्षेत्रदेवता नित्यं, भूयान्मे सुखदायिनी ॥ २ ॥

જે દેવતાના ક્ષેત્રમાં રહીને, સાધુઓ અને સાધ્વીઓ ધર્મક્રિયાની આરાધના કરે છે, તે ક્ષેત્રદેવતા મને નિરંતર સુખ આપનારી થાઓ–મારા ઊપર પ્રસન્ન થાઓ.

[૩૫ अथ भुवनदेवतानी स्तुति]

ज्ञानादि गुणयुतानां, नित्यं स्वाध्याय संयमरतानां।
विदधातु भुवनदेवी, शिवं सदा सर्व साधूनां ॥ ३ ॥

જ્ઞાનાદિ ગુણવાળા, નિરંતર સ્વાધ્યાય અને સંયમમાં આસક્ત એવા સર્વ સાધુઓને, ભુવનની અધિષ્ઠાયિકા દેવી નિરંતર કલ્યાણની કરનારી થાઓ.

[૩૬ अथ वरकनक सूत्र]

वरकनकशंखविद्रुम, मरकतघनसन्निभं विगतमोहं।
सप्ततिशतं जिनानां, सव्वामरपूजितं वंदे ॥ १ ॥

અહીં એકસોને સીત્તેર તીર્થંકરોને વંદના કરી છે. તે સર્વે મોહરહિત અને સર્વ દેવોથી પૂજિત છે. તથા તેઓ જૂદા જૂદા વર્ણવાળા છે. કોઈ ઉત્તમ સુવર્ણની જેવા પીળા વર્ણવાળા, કોઈ શંખ જેવા શ્વેત વર્ણવાળા, કોઈ પ્રવાલ જેવા રાતા વર્ણવાળા, કોઈ નીલમ મણિ જેવા લીલા વર્ણવાળા અને કોઈ મેઘ જેવા શ્યામ વર્ણવાળા છે.

[૩૭ अथ अड्ढाइज्जेसु सूत्र]

अड्ढाइज्जेसु दीवसमुद्देसु पनरससु कम्मभूमीसु, जावंत के वि साहू, रयहरणगुच्छ पडिग्गहधारा, पंचमहव्वयधारा, अट्ठारससहस्ससीलंगधारा, अक्खुयायारचरित्ता, ते सव्वे सिरसा मणसा मत्थएण वंदामि ॥ १ ॥

આ તિર્છા લોકમાં અઢીદ્વીપ અને બે સમુદ્રમાં થઈને પંદર કર્મભૂમિ છે, તેમાં જે કોઇ સાધુઓ રજોહરણ, ગુચ્છક અને પાત્રોને ધારણ કરનારા, પાંચ મહાવ્રતને પાળનારા, અઢાર હજાર શીલાંગરથને ધારણ કરનારા, અને અખંડિત આચાર અને ચારિત્રવાળા છે. તે સર્વ સાધુઓને હું મનથી એટલે ભાવથી, મસ્તક નમાવીને વંદન કરું છું.

## ભક્તિ ભાવ ઊપર જીરણ શેઠની કથા

છદ્મસ્થપણે પ્રભુ મહાવીર એક વખત, ચોમાસામાં, વિશાલા નામની નગરીની બહાર, એક દેવાલયમાં કાઉસગ્ગધ્યાને રહ્યા હતા. આ વિશાલા નગરીમાં એક જિનદત્ત નામનો

શ્રાવક રહેતો હતો. ભાગ્યયોગે તેની પાસેની લક્ષ્મી ઓછી થઈ જવાથી લોકોમાં તે જીરણુ શેઠના નામે પ્રસિદ્ધ થયો. તે જીરણુ શેઠે એક વખતે પ્રભુ મહાવીરને કાઉસગ્ગધ્યાનમાં ઊભા રહેલા જોયા. પ્રભુને વંદન કર્યું અને નિરંતર પ્રભુની સેવા કરવા લાગ્યો અને દરરોજ પ્રભુને, આપ મારે ત્યાં પધારો અને આપશ્રીને કલ્પે એવો આહાર લઈને મારું આંગણું પવિત્ર કરો. આ પ્રમાણે વિનંતી કરતો હતો અને કહેતો હતો કે, પ્રભુ ! આપની તપસ્યાના પારણાનો લાભ મને આપજો. આ પ્રમાણે ચાર મહિના સુધી જીરણુ શેઠે પ્રભુને પારણા માટે પધારવાનું આમંત્રણ આપ્યું. પ્રભુ, કોઈપણ દિવસે વહોરવા ગયા જ નહીં અને ચાર મહિનાના ઉપવાસ કર્યા. ચૌમાસી તપના પારણે, પાછું શેઠે પ્રભુને નિમંત્રણ કર્યું. વંદન કરીને કહ્યું કે, હે પ્રભુ ! આહાર લેવા માટે આપ નિશ્ચયે કરીને મારા ઘેર જ પધારશો, બીજા કોઈને ઘેર ના પધારશો. આ પ્રમાણે પ્રભુને નિમંત્રણ આપીને, જીરણુ શેઠ પોતાના ઘેર ગયો. આહારની ઉત્તમ સામગ્રી તૈયાર કરીને, જીરણુ શેઠ પોતાના ઘરના દરવાજા આગળ પ્રભુને આવવાની રાહ જોતો ઊભો રહ્યો. ઊભો ઊભો વિચારવા લાગ્યો કે, જો પ્રભુ મારા ઘેર પધારશે તો, હું મારા હાથે પ્રભુજીને આહાર વહોરાવીશ. (જૂઓ ચિત્ર ૧૪૩) પ્રભુનાં પગલાથી મારું ઘર પણ પવિત્ર થશે. હું પ્રભુને આવતા દેખીને, સન્મુખ જઈ પ્રણામ કરીને, મારા ઘરમાં લઈ જઈને, શુદ્ધ આહાર પાણી વહોરાવીશ. પ્રભુ મારા ઘેર પારણું કરશે. હું કુટુંબ સહિત પ્રભુને વંદન કરીશ. મારું ઘર પવિત્ર થશે. પછી હું પાંચ, સાત ડગલાં પ્રભુની સાથે જઈશ. પછી વંદન કરીને, વધેલા આહાર પાણીથી હું પારણું કરીશ. આ પ્રમાણે ભાવના ભાવતાં ભાવતાં જીરણુ શેઠને બે પહોર વીતી ગયા. પછી પ્રભુ ત્રીજા પહોરે આહાર લેવા માટે અભિનવ શેઠના ઘરના બારણે પધાર્યા. તે વખતે અભિનવ શેઠ ગોખમાં બેઠો હતો. પ્રભુજીને દેખીને, કોઈક સામાન્ય ભીખારી સમજીને, દાસીને હાથે અડદના બાકળા પ્રભુને વહોરાવ્યા. પ્રભુએ અભિનવ શેઠને ઘેર પારણું કર્યું (જૂઓ ચિત્ર ૧૪૪). તરત જ દેવતાઓ અભિનવ શેઠને ત્યાં સુવર્ણ વૃષ્ટિ કરી. દેવદુંદુભિ વાગી. પ્રભુ ત્યાંથી વિહાર કરી ગયા. રાજા વગેરે બધા લોકો ભેગા થઈને, અભિનવ શેઠનાં વખાણ કરવા લાગ્યા.

તે વખતે જીરણુ શેઠ દુંદુભિનો અવાજ સાંભળીને, ચિંતવવા લાગ્યો કે, હું અભાગિયો કે, મારા ઘેર પ્રભુ ન આવ્યા. એક વખતે પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના એક જ્ઞાની ગુરુ મહરાજ પધાર્યા. રાજા વગેરે ગુરુ મહરાજને વાંદીને પૂછવા લાગ્યા કે, હે સ્વામી! આ નગરમાં ઉત્કૃષ્ટ પુણ્યવંતુ કોણ છે? ગુરુ મહરાજે કહ્યું કે, જીરણુ શેઠ. રાજાએ કહ્યું કે મહાવીરસ્વામીને પારણું અભિનવ શેઠે કરાવ્યું, કાંઈ જીરણુ શેઠે નથી કરાવ્યું, તો પણ તે ઉત્કૃષ્ટ પૂણ્યવંત શી રીતે? ગુરુ મહરાજાએ કહ્યું કે, દેખીતી રીતે પારણું તેણે કરાવ્યું અને તેનાથી તેને દ્રવ્યનો લાભ થયો. પરંતુ ખરી રીતે તો, પારણું કરાવવાની ભાવના

ભાવતાં ભાવતાં, જીરણ શેઠે બારમા દેવલોકમાં ઉત્પન્ન થવાનું પુણ્ય ઉપાર્જન કર્યું, જો બે ઘડી સુધી, તેને દેવ દુંદુભિનો અવાજ ન સાંભળ્યો હોત તો, આ જ ભવમાં તે મોક્ષે જાત. આ વાત સાંભળીને રાજાએ, જીરણ શેઠને સન્માન પૂર્વક નગરશેઠની પદવી આપી. સર્વ નગરજનોએ જીરણશેઠની પ્રશંસા કરી. પછી ચિરકાલ સુધી નિરતિચાર શ્રાવકપણું પાળી, સમાધિ પૂર્વક મરણ પામીને જીરણ શેઠ બારમા દેવલોકે ઉત્પન્ન થયો.

## ઇતિ જીરણ શેઠની કથા

## [૩૮] पच्चक्खाण सूत्र

પ્રભુ મહાવીરના શાસનમાં ઉત્કૃષ્ટ તપ છ માસી છે. પ્રભુ મહાવીરે છ માસી તપ કર્યો હતો. રે જીવ! તું છ માસી તપ કરી શકે. ના નાં ન કરી શકું. છ, સાત, આઠ, નવ, દશ, દિન ઓછો છ માસી તપ કરી શકે. ના, ન કરી શકું. અગિયાર, બાર; તેર, ચૌદ, પંદર દિવસ ઓછો છ માસી તપ કરી શકે. ના, ન કરી શકું. રે જીવ! સોલ, સત્તર, અઢાર, ઓગણીસ, વીસ, દિવસ ઓછો તપ કરી શકે. ના, ન કરી શકું. રે જીવ! એકવીસ, બાવીસ, ત્રેવીશ, ચોવીશ, પચીસ દિન ઓછો છ માસી તપ કરો શકે. ના, ન કરી શકું. છવીસ, સત્તાવીશ, અઠ્ઠાવીશ; ઓગણત્રીશ દિન ઓછો છ માસી તપ કરી શકે. ના, ન કરી શકું. રે જીવ! પાંચ મહિનાના ઉપવાસ કરો શકે. ના, ન કરી શકું. એક, બે, ત્રણ, ચાર, પાંચ દિવસ ઓછા કરી શકે. ના, ન કરી શકું. આ પ્રમાણે ચાર માસી, ત્રણ માસી, બે માસી, એક માસી તપ કરી શકે. ના, ન કરી શકું. એક, બે, ત્રણ દિવસ ઓછો એક માસનો તપ કરી શકે. ના, ન કરી શકું. યાવત્ છઠ્ઠ, અઠ્ઠમ, ચતુર્થ ભક્ત કરી શકે, ના, ન કરી શકું. પણ હમણા ભાવ નથી. આંબિલ કરી શકે હમણાં ભાવ નથી. એકાસણું, બેસણું કરી શકે, એ ભાવ છે. કાયાવત્ હમણાં વર્તમાનકાલે નવકારસીનો ભાવ છે. રાત્રી પ્રતિક્રમણમાં તપ ચિંતામણિનાં કાઉસગમાં આ પ્રમાણે ચિંતવન કરવું કે આજ આ પચ્ચકખાણ કરીશ. યથાશક્તિ ગુરૂ મહારાજ પાસે પચ્ચકખાણ લેવું જોઇએ.

## દિવસના પચ્ચક્ખાણ

### પહેલું નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅંનું પચ્ચકખાણ

उग्गए सूरे नमुक्कारसहिअं, मुट्ठिसहिअं पच्चक्खामि, चउव्विहंपि आहारं, असणं, पाणं, खाइमं, साइमं, अन्नत्थणाभोगेणं सहसागारेणं महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं वोसिरामि ।

સૂર્યનો ઉદય થયા પછી બે ઘડી વીતી ગયા પછી. નમસ્કાર મંત્ર ભણી મુઠી ઉઘાડું ત્યાંસુધી હું ચાર પ્રકારના આહારનો ત્યાગ કરું છું. તે ચાર પ્રકારનો આહાર આ પ્રમાણે છે—અશન-રોટલી, દાળ, ભાત વગેરે ભોજન પાન-દૂધ, પાણી, શરબત વગેરે પીવાની

વસ્તુ. खादिम-ફળ, સૂકો મેવો, વગેરે તથા स्वादिम-સોપારી, લવીંગ, વગેરે મુખવાસની વસ્તુ. ૪. આ પચ્ચક્ખાણમાં ચાર આગારો છે એટલે ચાર બાબતની છૂટ રાખવામાં આવે છે. તે આ પ્રમાણે-આ મારું પચ્ચકખાણ अनाभोग-અજાણપણા સિવાય છે, એટલે અજાણપણે કાંઈ વસ્તુ મારાથી મુખમાં નાંખી દેવાય તો તેની હું છૂટ રાખું છું. ૧ सहसाकार સિવાય આ પચ્ચકખાણ છે એટલે દહીં મથન કરતાં અથવા વરસાદ વરસતાં અકસ્માત મુખમાં બિંદુ પડી જાય તેની છૂટ રાખું છું. ૨ महत्तराकार સિવાય આ પચ્ચક્ખાણ છે એટલે મોટા નિર્જરાદિક લાભને માટે, ગુરુની આજ્ઞાથી મારે વહેલું પચ્ચક્ખાણ પારવાની છૂટ તે સિવાય નહીં ૩. તથા सर्वसमाधिप्रत्ययाकार સિવાય મારે આ પચ્ચકખાણ છે એટલે તીવ્ર રોગાદિકમાં મન અને શરીરની સમાધિને માટે ઔષધાદિક લેવાને કારણે મારે વહેલું પચ્ચકખાણ પારવાની છૂટ છે, તે સિવાય નહીં. ૪. આ રીતે આગાર, રાખવાનું કારણ એ છે જે આવા કારણથી પચ્ચકખાણ વહેલું પારવાથી પણ પચ્ચક્ખાણનો ભંગ થતો નથી, માત્ર આલોયણ લેવાથી જ શુદ્ધ થવાય છે

## બીજું પોરસી તથા સાઢ પોરસીનું પચ્ચક્ખાણ

**उग्गए सूरे नमुक्कारसहिअं पोरिसिं[1] साढपोरिसिं[2] मुट्ठिसहिअं पच्चक्खाइ,[3] उग्गए सूरे चउव्विहं पि आहारं असणं पाणं खाइमं साइमं अन्नत्थणाभोगेणं सहसागारेणं पच्छन्न कालेणं दिसामोहेणं साहुवयणेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ ॥**

સૂર્યોદય થયા પછી નમસ્કાર સહિત એક પહોર અથવા દોઢ પહોર સુધી મુઠી સહિત ચાર પ્રકારના આહારને હું તજું છું. આમાં સાત આગાર-છૂટ છે—અનાભોગ ૧, સહસાકાર ૨, પ્રચ્છન્ન કાળ એટલે મેઘ, ધૂળ, ગ્રહણ આદિકને લીધે સૂર્ય દેખાય નહીં તેથી પોરસી કે સાર્ધ પોરસીનો સમય થયો છે એમ ભ્રાંતિથી જાણી પચ્ચકખાણ પારે તો દોષ નથી ૩, દિશામોહ એટલે દિશાનો વિપરીત ભાસ થવાથી સમયની ભ્રાંતિ થાય એટલે અને તેથી કરીને સમય થયા પહેલાં પચ્ચક્ખાણ પારે તો દોષ નથી ૪, સાધુ વચન એટલે સાધુના મુખથી ઉઘાડા પોરસી એવું વચન સાંભળી સમય થયા પહેલાં પચ્ચક્ખાણ પારે તો દોષ નથી ૫, મહત્તરાકાર ૬, અને સર્વસમાધિ પ્રત્યાયાકાર ૭, એ અગાઉની માફક જાણી લેવા.

## ત્રીજું પુરિમુડ્ઢ અવડ્ઢનું પચ્ચકખાણ

**सूरे उग्गए पुरिमड्ढं अवड्ढं मुट्ठिसहिअं पच्चक्खाइ चउव्विहंपि आहारं**

---

૧-૨ આ બેમાંથી એક યથાસંભવ બોલવું.

૩ પોતે કરે તો પચ્ચકખામિ બોલે એમ સર્વત્ર જાણવું.

૪ પોતે કરે તો વોસિરામિ બોલે એમ સર્વત્ર જાણવું

असणं पाणं खाइमं साइमं अन्नत्थणाभोगेणं सहसागारेणं पच्छन्नकालेणं दिसामोहेणं साहुवयणेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ ॥

સૂર્યોદય થયા પછી પૂર્વાર્ધ એટલે કે બે પહોર સુધી અથવા અપરાર્ધ એટલે ત્રણ પહોર સુધી મુઠી સહિત અશનાદિક ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવાનો છે. તેના સાત આગાર પોરસીના પચ્ચક્ખાણમાં આપ્યા છે તે જ છે.

## ચોથું એકાસણું, બિયાસણું અને એકલઠાણનું પચ્ચક્ખાણ

उग्गए सूरे नमुक्कारसहिअं पोरिसिं साढपोरिसिं मुट्ठिसहिअं पच्चक्खाइ । उग्गए सूरे चउविहंपि आहारं असणं पाणं खाइमं साइमं अन्नत्थणाभोगेणं सहसागारेणं पच्छन्नकालेणं दिसामोहेणं साहुवयणेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं । विगइओ पच्चक्खाइ अन्नत्थणाभोगेणं सहसागारेणं लेवालेवेणं गिहत्थसंसट्ठेणं उक्खित्त विवेगेणं पडुच्च मक्खिएणं पारिट्ठावणि आगारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तिया-गारेणं एगासणं * पच्चक्खाइ तिविहंपि आहारं असणं खाइमं साइमं अन्नत्थणाभोगेणं सहसागारेणं सागारिआगारेणं आउंटण पसारणेणं गुरुअब्भुट्ठाणेणं पारिट्ठावणिया-गारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं पाणस्स लेवेण वा अलेवेण वा अच्छेण वा बहुलेवेण वा ससित्थेण वा असित्थेण वा वोसिरइ ॥

આ પચ્ચક્ખાણમાં નમસ્કાર સહિત પોરસી વગેરેનું પચ્ચક્ખાણ કરવામાં આવે છે. તેથી તેમાં પોરસીના સાતે આગારો લેવાના છે, એકાસના એટલે એકવખત ભોજન કરવું અને બિયાસન એટલે બે વખત ભોજન કરવું, આ બંને પચ્ચક્ખાણમાં વિગઇનો ત્યાગ કરનાર માટે વિગઇઓ પાઠ આપેલો છે. તેમાં નવ આગાર આ પ્રકારે—

अनाभोग ૧ सहसाकार, ૨, लेपालेप–સાધુને ઘી પ્રમુખ જે વિગઈનો ત્યાગ હોય તે વિગઇથી ખરડાયેલા હાથ કે કડછી પ્રમુખને લુંછીને તે વડે ગૃહસ્થ વહોરાવે તો દોષ નથી આ આગાર સાધુને માટે જ છે. ૩, ગૃહસ્થ સંસૃષ્ટ એટલે શાક પ્રમુખ વસ્તુને ગૃહસ્થે પોતાના માટે વિગઈથી વધારી સંસ્કાર કર્યા હોય અથવા રોટલી, રોટલા, માંડા વગેરેને ગોળ ઘી વગેરે વિગઈવડે જરા ચોપડયા હોય તેમ છતાં વિગઈ કે નીવીના પચ્ચક્ખાણ વાળા સાધુ વહોરે તો તેમાં દોષ નથી. ૪.

उत्क्षिप्तविवेक –રોટલી રોટલા વગેરે ઊપર ગોળ પ્રમુખ કઠણ વિગઈ મૂકેલી હોય તો તે લઇ લીધા પછી તેનાપર કાંઈક પણ અંશ રહી ગયો હોય અને તે મુનિના વહોરવામાં આવે તો પણ તેનો દોષ નથી. ૫

* બિયાસણાનું પચ્ચક્ખાણ લેવું હોય તો એગાસણના બદલે બિયાસણ બોલવું

**प्रतीत्यम्रक्षित**–રોટલી પ્રમુખને કુણી રાખવા માટે કરતી વખતે ઘી તેલની આંગળી લગાડવામાં આવી હોય એવી વસ્તુ સાધુ લે તો પણ પચ્ચક્ખાણનો ભંગ થતો નથી. ૬.

**पारिष्ठापनिकाकार**— જે આહાર વિધિપૂર્વક ગૃહસ્થના ઘરથી લીધો હોય, અને ઉચિત પ્રમાણે બીજા મુનિઓને વહેંચી આપ્યો હોય, તથા વિવેકથી વાપરવામાં આવ્યો હોય, છતાં વધી પડે અને પરઠવવાનો જ વખત આવે એમ જણાય તો પરઠવવાથી થતા દોષને અટકાવવા ખાતર ગુરુ મહારાજની આજ્ઞાથી તે વધેલો આહાર વાપરતા પચ્ચકખાણનો ભંગ થતો નથી. ૭. અહીં ચોવિહાર ઉપવાસમાં પાણી, તિવિહાર ઉપવાસમાં અન્ન અને પાણી તથા આંબિલના પચ્ચક્ખાણમાં વિગઈ, અન્ન અને પાણી વાપરી શકાય છે **महत्तराकार** ૮, અને **सर्वसमाधिप्रत्ययाकार** ૯.

બેસણામાં ચૌદ આગાર આ પ્રમાણે છે–**अनाभोग** ૧, **सहसाकार** ૨, **सागारिकाकार** સાગારિક એટલે ગૃહસ્થ, બંદીવાન વગેરે, તેને કારણે આ આગાર છે. એટલે કે મુનિને ગૃહસ્થ દેખતાં ખાવાની મનાઈ છે, તેથી કદાચ ગોચરી કરતાં કોઈ ગૃહસ્થ આવે, તે થોડી વારમાં જવાનો હોય તો તેટલો વખત આહાર કરે નહીં પણ તે જવાનો ન હોય તો સાધુ ઉઠી અન્ય સ્થળે જઈ આહાર કરે તેમાં તેના પચ્ચક્ખાણનો ભંગ થતો નથી, તથા ગૃહસ્થને જમતી વખત જેની દૃષ્ટિ પડતાં અન્ન પચે નહીં તેવો બંદીવાન વગેરે આવ્યો હોય, અથવા સર્પ, અગ્નિ વગેરેના ઉપદ્રવ થાય તો અન્ય સ્થળે જઈ જમતાં પચ્ચકખાણનો ભંગ થતો નથી. ૩. **आकुंचनप्रसारण**–જમવા બેઠા પછી ખાલી ચડી જવાના કે, એવા કોઈ બીજા કારણે હાથ પગ વગેરે અંગોપાંગ સંકોચતાં કે લાંબા કરતાં આસન કાંઈક ચલાયમાન થાય તેથી પચ્ચકખાણનો ભંગ થતો નથી. ૪. **गुर्वाभ्युत्थान**–જમતાં પોતાના ગુરુ કે બીજા પૂજ્ય મુનિ આવ્યા હોય તેમના વિનયયાદિક નિમિત્તે ઉઠવામાં પચ્ચકખાણનો ભંગ નથી. ૫ **पारिष्ठापनिकाकार** ૬, **महत्तराकार** ૭, **सर्वसमाधिप्रत्याकार** ૮, **पानलेप** અહીં પાણીના છ આગારો હવે કહેવાના છે. તેમાં લેપકૃત પાણી તે ઓસામણ, આંબલી અને દ્રાક્ષનું પાણી વાપરે તો દોષ નથી. ૯, અલેપકૃત પાણી, તે લેપ વગરનું કાંજી પ્રમુખનું ધોવાણ કે દાશની પરાછ વગેરે. ૧૦. **अच्छ**–સ્વચ્છ જલ તે ત્રણ વાર ઉભરો આવે તેમ ઉકાળેલું પાણી. ૧૧. **बहुलेप**-ચોખાદિકનું ધોવણ કે જેમાં અન્નનો ઘણો લેપ આવે તે. ૧૨. **असिक्थ**–આટાથી ખરડાયેલ હાથ કે વાસણનું ધોવણ, જેમાં આટાના રજકણ પણ આવતા હોય તે, ૧૩, **असिक्थ**–આટાથી ખરડાયેલ હાથ કે વાસણનું ધોવણ, જેમાં આટાના રજકણો આવે નહીં એવું ગાળેલું ધોવણનું પાણી. ૧૪.

એકલઠાણનું પચ્ચકખાણ કરવાનું હોય તો તેમાં **आउंटणपसारणेणं** એ એક જ આગારને છોડીને બીજા સર્વ આગાર એકાસણા પ્રમાણે લેવા. આ પચ્ચકખાણમાં જમતી વખત

જમણો હાથ અને મુખ સિવાય બીજાં સર્વ અંગોપાંગ સ્થિર રાખવાનાં છે, અને જમી રહ્યા પછી તે જ ઠેકાણે ચોવિહાર કરીને પછી ઉઠવાનું છે.

## પાંચમું આયંબિલનું પચ્ચકખાણ

उग्गए सूरे नमुक्कारसहिअं पोरिसिं साढपोरिसिं मुट्ठिसहिअं पच्चक्खाइ । उग्गए सूरे चउव्विहंपि आहारं पाणं खाइमं साइमं अन्नत्थणाभोगेणं सहसागारेणं पच्छन्न-कालेणं दिसामोहेणं साहूवयणेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं। आयंबिलं पच्चक्खाइ अन्नत्थणाभोगेणं सहसागारेणं लेवालेवेणं गिहत्थसंसट्ठेणं उक्खित्तविवेगेणं पारिट्ठावणियागारेणँ, महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं, एगासणं पच्चक्खाइ, तिविहंपि आहारं असणं खाइमं साइमं, अन्नत्थणाभोगेणं सहसागारेणं सागारियागारेणं आउंटण पसारणेणं गुरुअब्भुट्ठाणेणं पारिट्ठावणियागारेणं महत्तरागारेणं सव्वसमाहि वत्तियागारेणं पाणस्सलेवेण वा अलेवेण वा अच्छेण वा बहुलेवेण वा ससित्थेण वा असित्थेण वा वोसिरइ ॥

આંબિલ તપમાં પોરસી સાઢપોરસી સુધી સાત આગાર પૂર્વક ચારે આહારનો ત્યાગ કરવામાં આવે છે, તેથી પ્રથમ પોરસી સાઢપોરસીનું પચ્ચકખાણ આપ્યું. પછી આંબિલનું પચ્ચકખાણ આઠ આગાર સહિત આપ્યું છે. આંબિલમાં એક વખત ભોજન કરીને પછી પાણી સિવાય ત્રણ આહારનો ત્યાગ કરવાનો છે. તેથી તેમાં ચૌદ આગાર સહિત તિવિહાર એકાસણાનું પચ્ચકખાણ આપ્યું છે.

## છટ્ઠું તિવિહાર ઉપવાસનું પચ્ચકખાણ

सूरे उग्गए अब्भत्तट्ठं पच्चक्खाइ तिविहंपि आहारं असणं खाइमं साइमं अन्न-त्थणाभोगेणं सहसागारेणं पारिट्ठावणियागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं पाणहार पोरिसिं साढपोरिसिं मुट्ठिसहिअं पच्चक्खाइ, अन्नत्थणाभोगेणं सहसागारेणँ पच्छन्नकालेणं दिसामोहेणं साहुवयणेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं, पाणस्स लेवेण वा अलेवेण वा अच्छेण वा बहुलेवेण वा ससित्थेण वा असिन्थेण वा वोसिरइ ॥

સૂર્યોદયથી આરંભીને બીજા દિવસના સૂર્યોદય સુધી તિવિહાર ઉપવાસનું પચ્ચકખાણ કરાય છે. તેમાં પાંચ આગાર પૂર્વક પાણી સિવાય ત્રણ આહારનો ત્યાગ કરવાનો છે. પાણીનો પણ પોરસી કે સાઢપોરસી સુધી તેર આગાર પૂર્વક ત્યાગ કરવાનો છે. તેથી पाणहार પોરિસિ વગેરે પાઠ છે.

## સાતમું ચઉવિહાર ઉપવાસનું પચ્ચકખાણ

सूरे उग्गए अब्भत्तट्ठं पच्चक्खाइ चउव्विहं पि आहारं असणं पाणं खाइमं साइमं अन्नत्थणाभोगेणं सहसागारेणं पारिट्ठावणियागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ ॥

આ પચ્ચકખાણમાં સૂર્યોદયથી શરૂ કરીને બીજા દિવસના સૂર્યોદય સુધી પાંચ આગારો સહિત ચારે આહારનો ત્યાગ કરવાનો છે.

## સાંજના પચ્ચકખાણ

### પહેલું પાણહારનું પચ્ચકખાણ

पाणहार दिवसचरिमं पच्चक्खाइ, अन्नत्थणाभोगेणं सहसागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ ॥

એકાસણું, બેસણું, આંબિલ કે તિવિહાર ઉપવાસવાળાને આ પચ્ચકખાણ લેવાનું છે. दिवसचरिमं—દિવસનો બાકીનો ભાગ તથા આખી રાત્રિ પર્યંત પાણીનો ત્યાગ કરવાનો છે.

### બીજું ચઉવિહારનું પચ્ચકખાણ

दिवसचरिमं पच्चक्खाइ चउव्विहंपि आहारं असणं पाणं खाइमं साइमं अन्नत्थणाभोगेणं सहसागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ ॥

બાકી રહેલો દિવસ અને આખી રાત્રિ ચારે આહારનો ત્યાગ કરવા માટે આ પચ્ચકખાણ ચાર આગાર સહિત લેવામાં આવે છે.

### ત્રીજું તિવિહારનું પચ્ચકખાણ

दिवसचरिमं पच्चक्खाइ, तिविहं पि आहारं असणं खाइमं साइमं, अन्नत्थणाभोगेणं सहसागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ ॥

આ પચ્ચકખાણમાં બાકી રહેલો દિવસ અને આખી રાત્રિ પર્યંત પાણી સિવાયના ત્રણ આહારનો ત્યાગ કરવાનો છે. તેમાં ચાર આગારની છૂટ છે. જેણે એકાસણું બેસણું વગેરે કાંઈપણ વ્રત ના કર્યું હોય, તે જ આ પચ્ચકખાણ કરી શકે છે.

### ચોથું દુવિહારનું પચ્ચકખાણ

दिवसचरिमं पच्चक्खाइ, दुविहं पि आहारं असणं खाइमं, अन्नत्थणाभोगेणं सहसागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ ॥

આ પચ્ચકખાણમાં શેષ રહેલો દિવસ અને આખી રાત્રિ પર્યંત પાણી અને મુખવાસ સિવાયના બાકીના બે આહારનો ત્યાગ કરવાનો હોય છે. આ પચ્ચકખાણ પણ ચાર આગાર પૂર્વક તિવિહારની માફક કાંઈ પણ વ્રત ન કર્યું હોય તે લઈ શકે છે.

## પાંચમું દેશાવગાસિકનું પચ્ચકખાણ

**देसावगासियं उवभोगं परिभोगं पच्चक्खाइ, अन्नत्थणाभोगेणं सहसागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ ॥**

સર્વ વ્રતોનો દેશથી અવકાશ અથવા સાતમા ભોગોપભોગ નામના વ્રતમાં જેટલી ભોગોપભોગની છૂટ રાખી હોય તેનો દેશથી અવકાશ એટલે સંકોચ તે દેશાવકાશિક કહેવાય છે. કેવળ દિગ્વિરતિ નામના છઠ્ઠા વ્રતનો સંકોચ કરવો હોય તો 'उवभोगं परिभोगं' એટલો પાઠ બોલવો નહીં. અહીં ઉપભોગ એટલે આહાર, વિલેપન, પુષ્પમાળા વગેરે જે વસ્તુ એક જ વાર ભોગવાય છે તે ઉપભોગ કહેવાય છે, અને સ્ત્રી, આભરણ, વસ્ત્ર, ઘર, વાડી વગેરે વસ્તુ વારંવાર ભોગવી શકાય છે તે પરિભોગ કહેવાય છે. સવારમાં જે ચૌદ નિયમ ધાર્યા હોય તેનો અહીં સંક્ષેપ કરવાનો છે.

## [૩૯] अथ चउक्कसाय सूत्र

**चउक्कसायपडिमल्लुल्लूरणु, दुज्जयमयणबाणमुसुमूरणु ।**
**सरसपियंगुवण्णु गयगामिउ, जयउ पासु भुवणत्तयसामिउ ॥ १ ॥**

ચાર કષાયરૂપ શત્રુઓનો નાશ કરનાર, દુઃખે કરીને જીતી શકાય એવા કામદેવના બાણોને તોડી નાંખનાર, નવા પ્રિયંગુ (રાયણ) વૃક્ષની જેવા નીલ વર્ણવાળા, હસ્તી જેવી મંદ અને મનોહર ગતિવાળા તથા ત્રણ ભુવનના સ્વામી એવા શ્રીપાર્શ્વનાથ સ્વામી જય પામો. ૧

**जसु तणुकंतिकडप्प सिणिद्धउ, सोहइ फणिमणिकिरणालिद्धउ ।**
**नं नवजलहर तडिल्लयलंछिउ, सो जिणु पासु पयच्छउ वंछिउ ॥ २ ॥**

જે શ્રીપાર્શ્વનાથ પ્રભુના શરીરની કાંતિનો સમૂહ સ્નિગ્ધ એટલે ચકચકિત ચીકાશવાળો છે અને તેમાં સર્પની ફણા મણિના કિરણો વ્યાપ્ત થયા છે. તેથી ભગવાનનું શરીર જાણે વીજળી સહિત મેઘ હોય તેવું શોભે છે, તે શ્રીપાર્શ્વનાથ પ્રભુ વાંછિત આપો. પ્રભુનું શરીર મેઘની જેવું સ્નિગ્ધ અને નીલવર્ણ વાળું છે, તેમાં વીજળીની જેમ મણિના કિરણો રહેલા છે તેથી આ ઉત્પ્રેક્ષા કરી છે. ૨

## [૪૦] सामायिक पारवानुं सूत्र

**सामाइयवयजुत्तो, जावगणे होइ नियमसंजुत्तो ।**
**छिन्नइ असुहं कम्मं, सामाइअ जत्तिआवारा ॥ १ ॥**

सामाइअम्मि उ कए, समणो इव सावओ हवइ जम्हा।
एएण कारणेणं, बहुसो सामाइअं कुज्जा ॥ २ ॥

કોઈપણ પ્રાણી જ્યાં સુધી સામાયિક વ્રત ગ્રહણ કરી મનમાં નિયમ સહિત રહે ત્યાં સુધી, જેટલી વાર સામાયિક કરે તેટલી વાર અશુભ કર્મનો નાશ કરે છે. તેથી કરીને શ્રાવક સામાયિક વ્રત કરે ત્યારે સાધુ જેવો હોય છે, તે માટે ઘણીવાર સામાયિક કરવું યોગ્ય છે. ૧-૨.

सामायिक विधिए लीधुं, विधिए पार्युं, विधि करतां जे कोइ अविधि हुओ होय, ते सवि हुं मन वचन कायाए तस्स मिच्छामि दुक्कडं ॥

મેં સામાયિક વિધિથી લીધું છે, વિધિથી પાર્યું છે, તો પણ વિધિ કરતાં જે કોઈ અવિધિ થઈ ગઈ હોય એટલે કે મનના દશ, વચનના દશ, કાયાના બાર, એ બત્રીશ દોષમાંથી જે કોઈ દોષ લાગ્યો હોય, તે સર્વને હું મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડ દઉં છું—આપું છું.

## [४१] पोसह पारवानुं सूत्र

सागरचंदो कामो, चंदवडिंसो सुदंसणो धन्नो।
जेसिं पोसह पडिमा, अखंडिआ जीवि अंते वि ॥ १ ॥

તે સાગરચંદ્ર, કામદેવ, ચંદ્રાવતંસક રાજા તથા સુદર્શન શેઠ કે જેહને શૂળીનું સિંહાસન થઈ ગયું. એ ચારે મહાપુરુષોએ પોસહનો નિયમ લીધો અને શુભ પરિણામે નિશ્ચલ રહી, જીવનના અંતસુધી પાળ્યો, તેઓને ધન્ય છે.

સાગરચંદ્ર કુમારે સ્મશાન ભૂમિમાં પ્રતિમા અંગીકાર કરી, પોસહ લીધો. તે વખતે નભસેન કુમારે ઘડાનો કાંઠલો સાગરચંદ્રના માથા ઉપર મૂકી, પાસે પડેલી ચિતામાંથી ધગધગતા અંગારા ભરી મસ્તક ઉપર મૂકયા (જૂઓ ચિત્ર ૧૪૫). સાગરચંદ્રે જરા પણ ગુસ્સો ન કર્યો. સમાધિપૂર્વક મરણ પામીને દેવલોકે ગયો.

અઢાર કરોડ દ્રવ્યના માલિક એવા કામદેવ શ્રાવકની ઈંદ્રે ઈંદ્રસભામાં પ્રશંસા કરી. સભામાં બેઠેલા એક મિથ્યાત્વી દેવતાથી આ પ્રશંસા સહન ન થઈ. કામદેવ શ્રાવક પોતાના ઘરમાં પોસહ લઈને કાયોત્સર્ગ મુદ્રાએ ઊભો હતો, ત્યાં આવીને, તે દેવતાએ, સિંહ, હાથી, સર્પ, રાક્ષસ વગેરેનાં રૂપો કરીને, કામદેવ શ્રાવકને બીવડાવવા માટે ખૂબખૂબ પ્રયત્નો કર્યા, પરંતુ કામદેવ શ્રાવક વ્રતમાંથી જરાએ ચલાયમાન ના થયો. અંતે દેવ અપરાધની ક્ષમા માંગીને, દેવલોકમાં પાછો ચાલ્યો ગયો.

ચંદ્રાવતંસક રાજા, રાજમહેલમાં જ્યાં સુધી દીવો બળતો રહે ત્યાં સુધી, મારે

કાઉસગ્ગ પારવો નહીં. એવો નિયમ કરીને, કાઊસગ્ગધ્યાનમાં ઊભો રહ્યો. દીવાના અજવાળે કાઉસગ્ગમાં ઊભા રહેલા રાજાને જોઈને, દાસીએ વિચાર્યું કે, મારા રાજાને જો દીવો બુઝાઈને અંધારું થશે તો, કાઉસગ્ગમાં મુશ્કેલી પડશે. એટલે દરેક પહોરે પહોરે, દાસીએ દીવામાં તેલ પૂર્યા કર્યું (જૂઓ ચિત્ર ૧૪૬). અને આખી રાત દીવો ચાલુ રાખ્યો. પ્રભાતે દીવો બૂઝાયો ત્યારે, ચંદ્રાવતંસક રાજાએ કાઉસગ્ગ પાર્યો. રાજા સુકોમલ હોવાથી, શરીરની નસોમાં લોહી જામી ગયું, તેથી મરણ પામીને, દેવલોકમાં ઉત્પન્ન થયો.

રાઈ પ્રતિક્રમણની વિધિ પ્રતના પાના ૧૯૮ થી ૨૦૦ સુધી અને દેવસી પ્રતિક્રમણ-ની વિધિ પ્રતના પાના ૨૦૦ થી ૨૦૨ સુધી પાક્ષિક પ્રતિક્રમણની વિધિ (જૂઓ ચિત્ર ૧૪૭). પ્રતના પાના ૨૦૩ થી ૨૦૫ સુધી આપેલ છે, પરંતુ વિસ્તાર ભયથી અહીં આપેલ નથી. કાઉસગ્ગનાં ઓગણીશ દોષ પત્ર ૨૦૬ તથા ૨૦૭ સુધી, ૨૦૭ થી ૨૧૦ સુધી દિવસનાં પોસહની વિધિ તથા ૨૧૦ પર રાત્રી પોસહની વિધિ આપેલી છે. પરંતુ વિસ્તાર ભયથી અહીં આપી નથી.

## [૪૨] कल्लाणकंदं स्तुति

कल्लाणकंदं पढमं जिणंदं, संतिं तओ नेमिजिणं मुणिंदं ।
पासं पयासं सुगुणिक्कठाणं, भत्तीइ वंदे सिरिवद्धमाणं ॥ १ ॥

કલ્યાણની વૃદ્ધિના મૂળરૂપ પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવસ્વામીને, અને પછી સોળ-મા શ્રીશાંતિનાથ ભગવાનને, તથા બાવીશમાં શ્રીનેમિનાથ મુનીંદ્રને, તથા સમગ્ર પદાર્થને પ્રકાશ કરનાર અને ક્ષમા વગેરે સમગ્ર સદ્ગુણના અદ્વિતીય સ્થાનરૂપ ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુને તથા ચોવીશમા શ્રીવર્ધમાનસ્વામીને હું ભક્તિપૂર્વક વંદના કરું છું. ૧.

अपारसंसारसमुद्दपारं, पत्ता सिवं दिंतु सुइक्कसारं ।
सव्वे जिणंदा सुरविंद वंदा, कल्लाणवल्लीण विसालकंदा ॥ २ ॥

જેઓ અપાર એવા સંસારરૂપી સમુદ્રના પારને પામેલા છે, દેવોના સમૂહને પણ જેઓ વંદન કરવા યોગ્ય છે, તથા જેઓ કલ્યાણરૂપી લતાનું વિશાળ મૂળ કારણ છે એવા સર્વ તીર્થંકર ભગવંતો મને સર્વ પવિત્ર વસ્તુઓના સારરૂપ મોક્ષ આપો. ૨.

निव्वाणमग्गे वरजाणकप्पं, पणासियासेस कुवाइदप्पं ।
मयं जिणाणं सरणं बुहाणं, नमामि निच्चं तिजगप्पहाणं ॥ ३ ॥

જે જિનમત-જિનશાસન મોક્ષમાર્ગને વિષે પ્રધાન રથ સમાન છે, તથા સમગ્ર કુવાદીઓના અહંકારનો નાશ કરનાર છે. તથા તત્ત્વજ્ઞાનીઓને શરણ કરવા લાયક છે, તથા ત્રણ જગતને વિષે પ્રધાન છે એટલે ત્રણ જગતમાં વર્તતા સર્વ મતો કરતાં આ જિનમત સર્વોત્તમ છે, એવા આ જિનમતને હું નમસ્કાર કરું છું. ૩.

कुंदिंदुगोक्खीरतुसारवन्ना, सरोजहत्था कमले निसन्ना ।
वाएसिरी पुत्थयवग्गहत्था, सुहाय सा अम्हसयापसत्था ॥ ४ ॥

મચકુંદ—મોગરાનાં પુષ્પ, ચંદ્ર, ગાયનું દૂધ અને બરફ જેવી શ્વેત વર્ણવાળી, કમલ ઊપર બેઠેલી, એક હાથમાં કમલનું ફૂલ અને બીજા હાથમાં પુસ્તક ધારણ કરેલું છે એવી તે શ્રેષ્ઠ સરસ્વતી દેવી અમને નિરંતર સુખ આપનારી થાઓ. ૪

## [४३] अथ स्नातस्यानी स्तुति

स्नातस्याप्रतिमस्य मेरुशिखरे शच्या विभोः शैशवे
रूपालोकन विस्मयाहृतरसभ्रान्त्या भ्रमच्चक्षुषा ।
उन्मृष्टं नयनप्रभाधवलितं क्षीरोदकाशंकया
वक्त्रं यस्य पुनः पुनः स जयति श्रीवर्धमानो जिनः ॥ १ ॥

જેની ઉપમા જ નથી એવા શ્રીવર્ધમાન પ્રભુને બાલ્યાવસ્થામાં એટલે કે જન્મ્યા કે તરત જ મેરુ પર્વતના શિખરપર લઈ જઈ તેમનો જન્માભિષેક કર્યો, તે વખતે તેમનું આ દ્વિતીય સ્વરૂપ જોવાથી ઉત્પન્ન થએલા આશ્ચર્ય વડે પ્રાપ્ત થએલા ભક્તિ કે શૃંગાર રસથી જાણે ભ્રાંતિ ઉત્પન્ન થઈ હોય તેમ ચોતરફ જેનાં નેત્રો ફરતાં હતાં એવી ઇંદ્રાણીએ પોતાના (પ્રભુના) નેત્રની કાંતિથી ધોળા થએલા જે પ્રભુના મુખને "હજુ પ્રભુના મુખ પર ક્ષીર સાગરનું જળ રહી ગયું છે" એવી શંકાથી વારંવાર લુછ્યું હતું, તે શ્રીવર્ધમાન જિનેશ્વર જય પામે છે. ૧

हंसांसाहतपद्मरेणुकपिश क्षीरार्णवाम्भोभृतैः
कुम्भैरप्सरसां पयोधरभरप्रस्पर्धिभिः कांचनैः ।
येषां मन्दररत्नशैलशिखरे जन्माभिषेकः कृतः
सर्वैः सर्वसुरासुरगणैस्तेषां नतोऽहं क्रमान् ॥ २ ॥

ચારે નિકાયના સર્વ સુરેંદ્રોએ મેરુપર્વતના શિખર પર હંસની પાંખોથી ઉડાડેલી કમળની રજવડે પીળા થએલા ક્ષીરસાગરના જળથી ભરેલા અને અપ્સરાઓના સ્તન સમૂહની સ્પર્ધા કરનારા સુવર્ણ કલશો વડે જે જિનેશ્વરોના જન્માભિષેક કર્યા છે, તે સર્વ જિનેશ્વરોના ચરણ કમળને હું નમસ્કાર કરું છું. ૨

अर्हद्वक्त्रप्रसूतं गणधररचितं द्वादशांगं विशालं
चित्रं बह्वर्थयुक्तं मुनिगणवृषभैर्धारितं बुद्धिमद्भिः ।
मोक्षाग्रद्वारभूतं व्रतचरणफलं ज्ञेयभावप्रदीपं
भक्त्या नित्यं प्रपद्ये श्रुतमहमखिलं सर्वलोकैकसारं ॥ ३ ॥

સમગ્ર દ્વાદશાંગ શ્રુતને હું ભક્તિવડે નિરંતર અંગીકાર કરું છું. તે શ્રુત તીર્થંકરના મુખકમળથી અર્થરૂપે નીકળ્યું છે અને ગણધરોએ તેને સૂત્રરૂપે રચ્યું છે. વળી તે શ્રુત મોટા વિસ્તારવાળું ઘણા અર્થથી યુક્ત છે તેથી આશ્ચર્યકારક છે. મોક્ષનગરના મુખ્ય દ્વારરૂપ છે, તે જાણવાથી વ્રત-તપ અને ચારિત્રરૂપ ફળની પ્રાપ્તિ થાય છે, જાણવા લાયક પદાર્થોને પ્રગટ કરવામાં દીપક સમાન છે; તેથી તે સર્વલોકમાં અદ્વિતીય સારભૂત છે. ૩

निष्पंकव्योमनीलद्युतिमलसदृशं बालचंद्राभदंष्ट्रं[+]
मत्तं घंटारवेण प्रसृतमदजलं पूरयंतं समंतात्
आरूढो दिव्यनागं विचरति गगने कामदः कामरूपी
यक्षः सर्वानुभूतिर्दिशतु मम सदा सर्वकार्येषु सिद्धिं ॥ ४ ॥

તે સર્વાનુભૂતિ નામનો યક્ષ સદા સર્વકાર્યોને વિષે મને સિદ્ધિને આપો, તે યક્ષ ભક્તોના મનોરથોને પૂર્ણ કરનાર છે અને પોતાની ઈચ્છા પ્રમાણે રૂપને ધારણ કરનાર છે, તથા હાથી પર આરૂઢ થઇને આકાશમાં વિચરે છે. તે હાથી વાદળા રહિત નિર્મલ આકાશની જેવી નીલ કાંતિ વાળો છે, તેની દૃષ્ટિ મદને લીધે આળસુ એટલે મંદ છે, તેના દાંત બીજના ચંદ્ર જેવા વાંકા છે, તે ઘંટાના શબ્દ વડે મદોન્મત્ત થએલો છે, અને તે પ્રસરતા મદજળને ચોતરફથી વિસ્તારે છે.-૪

## [૪૪] संथारा पोरिसी सूत्र

निसीहि निसीहि निसीहि नमो खमासमणाणं गोयमाइणं महामुणीणं ॥

વારંવાર પાપ વ્યાપારનો નિષેધ કરીને ક્ષમાશ્રમણ એવા શ્રીગૌતમાદિક મહામુનિઓને નમસ્કાર થાઓ.

આ પાઠ બોલ્યા પછી નવકાર મંત્ર તથા 'કરેમિભંતે સૂત્ર'એ પ્રમાણે અનુક્રમે ત્રણ વાર બોલવાનું છે.

अणुजाणहजिट्ठिज्जा ! ॥
अणुजाणह परमगुरु, गुरुगुणरयणेहिं मंडियसरीरा ।
बहुपडिपुन्ना पोरिसि, राइयसंथारए ठामि ॥ १ ॥

હે વૃદ્ધ આર્યો-સાધુઓ! મને આજ્ઞા આપો. મોટા ગુણમણિ રત્નો વડે જેઓના

+ આ સ્તુતિ કાલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યના કૃતઘ્ન શિષ્ય બાલચંદ્રાચાર્યે બનાવેલી છે. પ્રથમ સંઘે આ સ્તુતિ માન્ય કરી નહોતી, પણ બાલચંદ્ર કાળ કરીને વ્યંતર થવાથી તેણે સંઘને ઉપદ્રવ કર્યો તેથી તથા અવિરૂદ્ધ વચન હોવાથી સંઘે માન્ય કરીને ચૌદશના પ્રતિક્રમણમાં દાખલ કરી એવો વૃદ્ધવાદ છે. તે બાલચંદ્રે પોતાનું નામ પણ આ સ્તુતિમાં દાખલ કર્યું છે.

શરીર શોભે છે એવા હે પરમ ગુરુ મહારાજ ! મને સૂઈ રહેવાની આજ્ઞા આપો. કેમકે રાત્રિની પહેલી પોરસી બરાબર સંપૂર્ણ થઈ છે. તેથી હું રાત્રિસંથારો કરવા ઇચ્છુ છું.૧

अणुजाणह संथारं, बाहुवहाणेण वामपासेणं ।
कुक्कुडिपायपसारणं, अंतरंत पमज्जए भूमिं ॥ २ ॥

संकोइअ संडासा, उव्वट्टंते अ कायपडिलेहा ।
दव्वाइउवओगं, ऊसासनिरुंभणालोए ॥ ३ ॥

શિષ્ય આજ્ઞા માગે કે–'મને સંથારો કરવાની આજ્ઞા આપો.' પછી ગુરુ આજ્ઞા આપે એટલે હાથનું ઓશીકું કરી ડાબા પડખે કુકડીની જેમ ઉંચા પગ રાખી સૂવું, તેવી શકિત ન હોય તો ભૂમિને પૂંજી પગ લાંબા કરવા. પરંતુ બનતાં સુધી ઢીંચણો સંકોચીને સૂવું. પડખું ફેરવવું હોય તો શરીરની પડિલેહણ કરી પછી પડખું ફેરવવું. વળી જાગવું હોય ત્યારે દ્રવ્યાદિકનો વિચાર કરવો. તેમ છતાં નિદ્રા દૂર ન થાય તો શ્વાસોશ્વાસ રુંધવો અને દ્વાર તરફ જતા આવતા લોકોને જોવા.–૨,૩.

जइ मे हुज्ज पमाओ, इमस्सदेहस्सिमाइ रयणीए ।
आहारमुवहिदेहं, सव्वं तिविहेण वोसिरिअं ॥ ४ ॥

જો કદાચ મારા શરીરનો આ જ રાત્રિમાં વિનાશરૂપ પ્રમાદ થાય તો અત્યારથી જ હું ચાર પ્રકારના આહાર, ઉપધિ અને આ શરીર વગેરે સર્વને મન, વચન અને કાયાએ કરીને વોસિરાવું છું–તજું છું–૪.

चत्तारि मंगलं–अरिहंता मंगलं, सिद्धा मंगलं ।
साहू मंगलं, केवलिपन्नत्तो धम्मो मंगलं ॥ ५ ॥

મારે ચારે મંગલરૂપ છે. અરિહંત મંગલ છે, સિદ્ધ મંગલ છે, સાધુ મંગલ છે અને કેવળીએ પ્રરૂપેલો ધર્મ મંગલ છે. ૫

चत्तारि लोगुत्तमा—
अरिहंता लोगुत्तमा, सिद्धा लोगुत्तमा ।
साहूलोगुत्तमा, केवलिपन्नत्तोधम्मो लोगुत्तमा ॥ ६ ॥

चत्तारि सरणं पवज्जामि––
अरिहंते सरणं पवज्जामि, सिद्धे सरणं पवज्जामि ।
साहूसरणं पवज्जामि, केवलिपन्नत्तोधम्मं पवज्जामि ॥ ७ ॥

ચાર લોકને વિષે ઉત્તમ છે, તે આ છે—

અરિહંતો લોકમાં ઉત્તમ છે. સિદ્ધો લોકમાં ઉત્તમ છે. સાધુઓ લોકમાં ઉત્તમ છે. તથા કેવલીએ પ્રરૂપેલો ધર્મ પણ લોકમાં ઉત્તમ છે.–૬

હું ચાર શરણો અંગીકાર કરું છું.

અરિહંતોનું શરણ અંગીકાર કરું છું. સિદ્ધોનું શરણ અંગીકાર કરું છું. સાધુઓનું શરણ અંગીકાર કરું છું. તથા કેવલીએ પ્રરૂપેલા ધર્મનું શરણ અંગીકાર કરું છું.–૭

पाणाइवायमलिअं, चोरिक्कं मेहुणं दविणमुच्छं ।
कोहं माणं मायं, लोहं पिज्जं तहा दोसं ॥ ८ ॥

कलहं अब्भक्खाणं, पेसुन्नं रइअरइसमाउत्तं ।
परपरिवायं माया–मोसं मिच्छत्तसल्लं च ॥ ९ ॥

वोसिरसु इमाइं मुक्खमग्गसंसग्गविग्घभूआइं ।
दुग्गई निबंधणाइं, अट्ठारस पावठाणाइं ॥ १० ॥

પ્રાણાતિપાત ૧, મૃષાવાદ ૨, અદત્તાદાન ૩, મૈથુન ૪, પરિગ્રહ ૫, ક્રોધ ૬ માન ૭, માયા ૮, લોભ ૯, રાગ ૧૦, દ્વેષ ૧૧, કલહ ૧૨, અભ્યાખ્યાન એટલે બીજાને આળ દેવું તે ૧૩, પૈશુન્ય ૧૪, રતિ અરતિ ૧૫, પરપરિવાદ ૧૬, માયામૃષાવાદ ૧૭, અને મિથ્યાત્વશલ્ય ૧૮, આ અઢાર પાપ સ્થાનો મોક્ષમાર્ગમાં ગમન કરતાં વિઘ્નભૂત તથા દુર્ગતિમાં લઈ જવામાં કારણરૂપ છે, તેથી તેનો ત્યાગ કરવાનો છે–૮,૯,૧૦.

एगो हं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्सइ ।
एवं अदीणमणसो, अप्पाणमणुसासइ ॥ ११ ॥

एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ ।
सेसा मे बाहिरा भावा, सव्वे संजोग लक्खणा ॥ १२ ॥

संजोगमूला जीवेण, पत्ता दुक्खपरंपरा ।
तम्हा संजोग संबंधं, सव्वंतिविहेण वोसिरिअं ॥ १३ ॥

હું એકલો છું, મારું કોઇ નથી અને હું બીજા કોઇનો નથી. એ પ્રમાણે મનની દીનતા રહિત મુનિ પોતાના આત્માને શિક્ષા આપે. જ્ઞાન અને દર્શનથી યુક્ત એવો એક મારો આત્મા જ શાશ્વતો છે, મારાથી બીજા સર્વે બાહ્ય પદાર્થો સંયોગથી ઉત્પન્ન થએલા છે. અર્થાત અનિત્ય છે. આ જીવે સંયોગના કારણથી દુઃખની પરંપરા પ્રાપ્ત કરી છે, તેથી સર્વ ઘર કુટુંબાદિક સંયોગનો સંબંધ મેં ત્રિવિધે એટલે મન, વચન અને કાયાવડે વોસરાવ્યો છે–તજ્યો છે–૧૧,૧૨,૧૩.

अरिहंतो ममदेवो, जावज्जीवं सुसाहुणो गुरुणो ।
जिणपन्नत्तं तत्तं, इअ सम्मत्तं मए गहिअं ॥ १४ ॥

મારે જીંદગી પર્યંત અરિહંત જ દેવ છે, ઉત્તમ ચારિત્રને પાળનાર સાધુઓ જ મારા ગુરુ છે. અને જિનેશ્વરોએ કહેલો ધર્મ જ તત્ત્વ-સત્ય છે એ પ્રમાણે મેં સમકિત ગ્રહણ કર્યું છે.૧૪

खमिअ खमाविअ मइ खमह सव्वह जीवनिकाय ।
सिद्धह साख आलोयणह मुज्झह वइर न भाव ॥ १५ ॥

હે સર્વ જીવ સમૂહ! તમે સર્વ મારા અપરાધની ક્ષમા કરો. હું સિદ્ધોની સાક્ષીએ આલોચના કરું છું કે મારે કોઈ પણ જીવની સાથે વેરભાવ નથી. ૧૫.

सव्वे जीवा कम्मवस, चउदहराज भमंत ।
ते मे सव्वखमाविआ, मुज्झ वि तेह खमंत ॥१६॥

સર્વ જીવો કર્મના વશથી આ ચૌદરાજ પ્રમાણ લોકને વિષે ભ્રમણ કરે છે, તે સર્વને મેં ખમાવ્યા છે, મારા અપરાધને પણ તેઓ ક્ષમા કરો. ૧૬.

जं जं मणेण बद्धं, जं जं वाएण भासिअं पावं ।
जं जं काएण कअं, मिच्छामि दुक्कडं तस्स ॥१७॥

મેં જે જે પાપ મન, વચન અને કાયાવડે કર્યું હોય તે સર્વ પાપ સંબંધી મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૭.

## ग्रंथकारनी प्रशस्ति

वर्षे चंद्र जनार्दन प्रियतमा पुत्रासुगर्षिक्षमाः
मे ये श्रीविजयादि मानवगणभृद्राज्ये प्रदीपोत्सवे ।
प्राज्ञ श्रीसुयशोन्वितस्यविजय स्याशु षडावश्यकार्थो
योग कृतवान् जिनादिविजयो ते वाचकसुस्त्यसुधी ॥१॥

सम्यक्त्वशुद्धव्रत धारिकायाः ।
रुपाभिधाया प्रचुराग्रहाच्च ॥
आद्यप्रतं दर्शननामधेय
शिष्योलिलेखार्कपुरे मुदेति ॥२॥

ચંદ્રમા એટલે એક, શ્રીકૃષ્ણની પ્રિયતમા એટલે પત્ની રૂક્મિણી, પુત્ર પ્રદ્યુમ્ન એટલે કામદેવનાં બાણ પાંચ અને ઋષિ એટલે સાત, અનેક્ષમા એટલે પૃથ્વી એક, એટલે

સંવત સત્તરસો એકાવન (સંવત ૧૭૫૧) ના વરસમાં, મેં હર્ષધરી આ બાલાવબોધ, અલ્પબુદ્ધિવાળાઓને સમજાવવા માટે, વિદ્યમાન આચાર્ય શ્રીવિજયસેનસૂરિજીના સમયમાં કારતક વદિ અમાવાસ્યા એટલે દિવાળીના દિવસે શ્રીજયવિજય નામના મુનિએ અર્થ કર્યો. જે પંડિત શ્રીજિનવિજયગણિ નામના શિષ્યે ષડાવશ્યકનો પ્રગટાર્થ કર્યો. આ ષડાવશ્યક બાલાવબોધની બારવ્રતધારી સુશ્રાવિકા રૂપબાઇનાં ખૂબ આગ્રહથી, પ્રથમ શિષ્ય દર્શનવિજય નામના સાધુએ આ પોથી સૂરત બંદરમાં આનંદપૂર્વક લખી છે.

ષડાવશ્યક બાલાવબોધ સંપૂર્ણ.

## આ હસ્તપ્રત લખાવનારની પ્રશસ્તિ

સંવત ૧૮૮૨ વર્ષે શ્રીબૃહત્ખરતરગચ્છે, શ્રીજિનકુશલસૂરિ શાખાના ક્ષેમકીર્તિ સંતાનીય મહોપાધ્યાય શ્રીરત્નશેખરગણિના શિષ્ય પંડિત શ્રીદીપકુંવરજી મુનિ તેના શિષ્ય વણારસજી શ્રીહસ્તરત્નજી, તેના શિષ્ય વણારસજી શ્રીયુક્તિસેનજીના શિષ્ય શ્રીજય-સારજીના શિષ્ય વણારસ અમરચંદ્રગણિએ, શિષ્ય રૂપચંદ સાથે મુંબઈમાં પાંચમું ચોમાસું કર્યું તે વખતે, મારા ગુરુભાઈ માનચંદના શિષ્ય આણંદરૂપ તથા રૂપચંદ સાથે હતા, ત્યારે મુંબઈના રહેવાસી ઓશવાલવંશીય શ્રેષ્ટિ સુંદરજીના પુત્ર શ્રેષ્ટિ પુરુષોત્તમે પોતાના ભાઈ શાહ ચાંપસી તથા કુંવર રૂપસીના પઠન માટે આ પ્રત લખાવી છે.

સારાભાઈ નવાબનાં બે નવાં કલાત્મક પ્રકાશનો

# બારસાસૂત્ર (કલ્પસૂત્ર)

જગતપ્રસિદ્ધ અમદાવાદમાં દેવશાનાપાડાના ભંડારમાં આવેલી સુવર્ણાક્ષરી કલ્પસૂત્રની હસ્તપ્રતમાં આપેલાં સંગીતશાસ્ત્રનાં ગ્રામ, સ્વર, શ્રુતિ, મૂર્છના અને તાનનાં જૂદાં જૂદાં રૂપોનાં ચિત્રો તથા ભારતીય નાટયશાસ્ત્રના નૃત્યહસ્તની જૂદી જૂદી મુદ્રાઓ તથા આકાશચારી, પાદચારી, ભોમચારી વગેરેની ચાલ બતાવતાં જૂદાં જૂદાં પ્રકારનાં સાડા ત્રણસો ઉપરાંત રૂપો, આ પ્રતનાં દરેકે દરેક પાનાની બંને બાજુએ પ્રથમ જ વખત પ્રસિદ્ધ કરવામાં આવેલાં છે.

વળી, આ પ્રતમાં અમદાવાદની શામળાની પોળના પાર્શ્વચંદ્રગચ્છના ભંડારની કલ્પસૂત્રની સુવર્ણાક્ષરી હસ્તપ્રતમાંથી પ્રભુ શ્રીમહાવીરના ૨૭ પૂર્વભવો, શ્રીપાર્શ્વનાથ પ્રભુના ૧૦ પૂર્વભવો, શ્રી નેમિનાથજીનાં આઠ પૂર્વભવો અને શ્રીઋષભદેવ પ્રભુના ૧૩ પૂર્વભવો અને ચારે તીર્થંકરોનાં મુખ્ય મુખ્ય જીવનપ્રસંગોને લગતાં ૧૬૮ ચિત્રો પ્રથમ જ વખત સોનેરી, રૂપેરી, ચાર રંગી, ત્રિરંગી, દ્વિરંગી શાહીમાં પ્રથમ વખત જ છપાએલ છે. આ પ્રતમાં કલ્પસૂત્રનું અક્ષરશઃ ગુજરાતી ભાષાંતર જ માત્ર છપાવેલ છે. માત્ર થોડી નકલો સિલકમાં છે અને એકથી વધુ નકલ નહીં મંગાવવા વિનંતિ છે.

ઉંચા આર્ટ પેપર ઉપર આખી પ્રત છપાવેલ છે. મૂલ્ય પ્રતાકારે એકસો પાંત્રીસ રૂપિયા અને પુસ્તકાકારે એકસો પીસતાલીસ રૂપિયા. માત્ર થોડી જ નકલો સિલકમાં છે.

૨. પ્રભુ મહાવીર (કલ્પસૂત્રના પ્રાચીન કલાત્મક ચિત્રોના આધારે ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં)

પ્રભુ શ્રીમહાવીર સ્વામીના જીવનને લગતાં પ્રાચીન કલ્પસૂત્રની હસ્તપ્રતોમાં આપેલાં જૂદા જૂદા ગ્રંથ ભંડારોની સેંકડો પ્રતોમાંથી ચૂંટી કાઢેલાં ચિત્રો અને સાથે સાથે પ્રભુનાં ૨૭ પૂર્વભવો, છપ્પન દિક્કુમારિકાઓનું આગમન તેને લગતાં ચિત્રો, આમલકીક્રીડા, નિશાલગણું, પાણિગ્રહણ, સંવત્સરીદાન, દીક્ષા કલ્યાણક, સંગમનો, કટપૂતના વ્યંતરીનો, કાનમાંખીલા ઠોકાવવા, કંબલસંબલના આગમનનો, ચમરેન્દ્ર ઉત્પાત, પરદેશી રાજાના વંદનનો, ચંડકૌશિક પ્રતિબોધ, દશાર્ણભદ્રરાજર્ષિનો પ્રસંગ, ૧૧ ગણધરોની ગણધર પદસ્થાપના, પ્રભુ મહાવીરનું સમવસરણ, પાવાપુરીમાં નિર્વાણ વગેરે પ્રસંગોને લગતું ચિત્રાત્મક અને સાહિત્યાત્મક વર્ણન. ઉંચા ટકાઉ કાગળો ઉપર અને રીયલ આર્ટપેપર ઉપર સોનેરી, ચાર રંગી, ત્રિરંગી અને એકરંગી શાહીમાં દીપક પ્રિન્ટરીમાં છાપેલ પુસ્તકની માત્ર એક હજાર નકલો અંગ્રેજી તથા ગુજરાતી ભાષામાં એકજ પુસ્તકમાં હજારો રૂપિયાના ખર્ચે છપાવેલ છે. મૂલ્ય એકસો પચીસ રૂપિયા. ચાલુ વરસની દિવાળી લગભગ પ્રસિદ્ધ થવાની સંભાવના છે.

* અમારાં બીજા પ્રકાશનો માટે સૂચિપત્ર મંગાવો *

**સારાભાઈ મણિલાલ નવાબ**

માંડવીની પોળ · છીપામાવજીની પોળ · અમદાવાદ–૩૮૦૦૦૧